(મહાકવિ કાલિદાસપ્રણીત)

મેઘદૂત

ભાષાન્તરકર્તા—

કિલાભાઈ ઘનશ્યામ

બાણકવિકૃત પાર્વતીપરિણય તથા વિક્રમોર્વશીયના ભાષાન્તરકર્તા.

वंशस्थवृत्तम्

कवीश्वराणां परिधौतवाग्धियाम् सरस्वतोचुंम्बितदंतवाससाम् ।
मुखात्स्रुताः काव्यरसामृतोर्मयो भवन्ति केषां विदुषां न तृप्तये ।

મુંબાઈ

સંવત. ૧૯૭૦ ઈ. સ. ૧૯૧૩

VISIT…

LANZAROTE Caliente.com



આ પુસ્તક મણિલાલ ઇચ્છારામ દેશાઇએ ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસમાં છાપી પ્રકટ કીધું.
સાસુન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ–મુંબઈ.

अर्पणपत्रिका.

પ્રિયસુહૃદ્ મણિભાઈ છબારામ.

वसंततिलकम्

आशैशवाद्ग्रथितमेककुले निवासा-
ज्ज्ञानाप्रसंगमधुरं तदभिन्नसख्यम् ।
स्मृत्वावयोश्च कविकाव्यरसानुरागम्
श्रीकालिदासकृतिरद्य समर्प्यते ते ।

લિ० ભાષાન્તરકર્ત્તા.

મેઘદૂત.

પ્રસ્તાવના.

પરિણામે અસાર અને દુઃખમય લાગતા આ સંસારમાં જો ક્યાંય પણ સુખની શીતળ છાયા હોય, તો તે શુદ્ધ પ્રેમ અને અભેદવૃત્તિવાળા દામ્પત્યમાં જ છે. સાંસારિક દૃષ્ટિથી જોતાં એ સુખની સીમા નથી, પરંતુ સર્વ સ્થળે તે સમાન જોવામાં આવતું નથી. એ સુખનો ખરો આધાર શુદ્ધપ્રેમ અને હૃદયની અન્યોન્યમાં તદાકાર વૃત્તિ ઉપર છે. જ્યાં એ નથી, ત્યાં ખરું દામ્પત્ય નથી અને જ્યાં ખરું દામ્પત્ય નથી, ત્યાં સુખ પણ નથી. કહ્યું છે કે–

न स्नेहो नार्जवं यत्र तन्मयत्वं न चेतसः।
सौकुमार्यं न वृत्तीनां दाम्पत्यं तत्र, कैतवम् ॥

જ્યાં સ્નેહ નથી, પરસ્પર પ્રત્યે સ્વભાવની સરળતા નથી, ચિત્તનું જ્યાં અન્યોન્યમાં તન્મયપણું નથી, અને પરસ્પર પ્રત્યે કોમળ વૃત્તિઓ નથી, તે દામ્પત્ય નથી પણ એક જાતનું ધૂર્તપણું છે.

પ્રાણિમાત્ર આ દંપતીભાવના સુકુમાર છતાં દૃઢ બંધનથી સજ્જડ બંધાએલાં જોવામાં આવે છે. એની સત્તા અનિયંત્રિત છે. સ્વચ્છંદપણે વિહાર કરતાં પ્રજ્ઞારહિત પશુ પંખીને, પોતપોતાના સ્થાનમાં આનંદ માણવાને માટે કોણ પ્રેરે છે? સારસ, શુક, સારિકા, ચક્રવાક વગેરે પક્ષીઓને સંયોગમાં સુખ અને વિયોગમાં દુઃખ કોણ કરાવે છે? જ્ઞાનવાળાં અથવા અજ્ઞાન મનુષ્યોનાં અંતઃકરણોને સેંકડો ગાઉના અંતરે રહ્યા છતાં, એકમેકના ભણી કોણ ખેંચે છે? આ બધા પ્રશ્નોનો ઉત્તર માત્ર એક જ મળશે કે, એ બધું કરનાર, ભૂત માત્ર ઉપર એક સરખી સત્તા ચલાવનાર દંપતીપ્રેમ જ છે. જ્યારે જ્ઞાનરહિત પશુ પક્ષી આદિના મન ઉપર એની આ'વી સત્તા જોવામાં આવે છે, ત્યારે મનુષ્ય જાતિ કે જેને બુદ્ધિ અને જ્ઞાન બંને છે, તેના ઉપર એની સત્તા વિશેષ હોય એમાં શી નવાઈ? પ્રાણિમાત્રને એ બંધનથી અર્થાત્ એ બંધનના પ્રેમથી, સંયોગમાં સુખ અને વિયોગમાં દુઃખ થયા વાંના રહેતું જ નથી. સારસ જેવાં પક્ષીઓ પણ પોતાનાં પ્રેમીના વિયોગનો ભોગ થઈ પ્રાણ અર્પે છે, તો પછી મનુષ્યને માટે કહેવું જ શું?

પ્રાણીમાત્રને સ્નેહરજ્જુથી બાંધી રાખનાર આ દામ્પત્ય સ્નેહનું રસમય, મનોહર, અને ઉન્નત ભાવનાઓવાળું ચિત્ર આપનાર જો કોઈ પણ કવિ હોય, તો તે માત્ર **ભવભૂતિ** અને **કાલિદાસ** છે. **ઉત્તરરામ ચરિતમાં રામ** અને **સીતા** જેવાં

પ્રૌઢ પાત્રોના પરિણત દામ્પત્યનું ગંભીર તથા મનોવેધક ચિત્ર આલેખી, **ભવભૂતિએ** કરૂણરસને મૂર્તિમાન્ કરી બતાવ્યો છે, ત્યારે **મેઘદૂતમાં કાલિદાસે**, યૌવનના ઉદ્યાનમાં રમતા યક્ષના જોડાને નાયક નાયિકા કલ્પી, વિપ્રલંભ શૃંગારથી ભરેલું દામ્પત્ય સ્નેહનું હૃદયંગમ ચિત્ર આલેખ્યું છે. બંને લેખ પોતપોતાના વિષયમાં અદ્વિતીય છે. **ભવભૂતિ** માત્ર નાટ્યકાર તરીકે પ્રસિદ્ધ છે, ત્યારે **કાલિદાસ** નાટ્યકાર અને કાવ્યકાર તરીકે પણ પોતાના યશઃશરીરની પ્રભાથી આજ સૂધી પ્રકાશે છે અને સર્વદા પ્રકાશશે, એટલો એમનામાં વિશેષ છે.

મેઘદૂતની યુરોપાદિક દેશમાં ખ્યાતિ.

આ રસસિદ્ધ કવીશ્વરની વાણીએ, માત્ર આ દેશના નહિ, પરંતુ યુરોપ આદિ દેશોના વિદ્વાનોને રસથી આકૃષ્ટ કરી આનંદના ઉદ્ગાર કઢાવ્યા છે. **મેઘદૂતની** કીર્ત્તિ હિન્દુસ્તાનમાં જ પ્રસરી છે એટલું જ નહીં, પરંતુ યુરોપ, **અમેરીકા** વગેરેમાં પણ તેનો ઉજ્જવળ યશ પ્રકાશી રહ્યો છે.

મેઘદૂતની કીર્ત્તિને યુરોપ ખંડમાં પ્રથમ પ્રસારવાનું માન, મી૦ એચ. એચ. વિલસનને ઘટે છે. એ પોતે **ઓનરેબલ ઇસ્ટ ઇન્ડીઆ** કંપનીના આસીસ્ટંટ સરજન અને **એશીઆટીક સોસાઇટીના** સેક્રેટરી હતા. તેમણે ઈ. સ. ૧૮૧૩ માં ઇંગ્રેજી ભાષાન્તર અને ટીકા સાથેની **મેઘદૂતની** એક આવૃત્તિ કલકત્તામાં છપાવી હતી. આ આવૃત્તિ ઉપરથી બીજે વર્ષે **લંડનમાં** તેની એક આવૃત્તિ નીકળી હતી. ત્યાર પછી મી૦ **ગીલ્ડમીસ્ટરે** (Gildemeister) **ડા. વિલસનની** પ્રત ઉપરથી તથા બે **પેરીસની** અને એક **કોપનહેગનની** હસ્ત લિખિત પ્રતો ઉપરથી, ઇ. સ. ૧૮૪૧ માં **બોનમાં મેઘદૂતની** લેટીન શબ્દકોષ સાથેની એક આવૃત્તિ કાઢી હતી. ત્યારપછી ઇ. સ. ૧૮૭૪માં **બ્રેસલો** ખાતે મી૦ **સ્ટેન્ઝલરે** જર્મન શબ્દકોષ અને પુષ્કળ ટીકા સાથેની એની એક આવૃત્તિ કાઢી. આ સિવાય **ડા. બેખે** (Beckh) **બર્લિન** ખાતે ઇ. સ. ૧૯૦૭ માં એની જર્મન ભાષાન્તર સાથે એક આવૃત્તિ છપાવી છે. હાલમાં ઇ. સ. ૧૯૧૧ માં મી૦ ઇ. હુલ્ઝની, **વલ્લભ** દેવની ટીકા સાથેની આવૃત્તિ લંડનમાં છપાયેલી છે. વળી ડો. **જોનસને** ઇગ્લાંડમાં આની આવૃત્તિ છપાવી છે અને પ્રો. **મેક્ષમ્યુલરે** પણ **કોનીગ્સબર્ગમાં** એક આવૃત્તિ ૧૮૪૭ માં કાઢી છે. મી૦ **જી. એ. જેકબનું** પણ ઇંગ્રેજીમાં ભાષાન્તર છે. મી૦ ટી, કલાર્કની લંડનમાં છાપેલી ૧૮૮૨ ની એક આવૃત્તિ છે. આ સિવાય Schatz શટ્ઝની ૧૮૫૯ ની અને Fritze ફ્રીટ્સની ૧૮૭૯ ની જર્મન આવૃત્તિઓ પણ છે. આ પ્રમાણે, આજથી બરાબર સો વર્ષ ઉપર **મેઘદૂતની** કીર્તિ યુરોપમાં પ્રસરી અને ત્યાર પછી આપણા હિન્દુસ્તાનમાં પણ એની આવૃત્તિઓ નીકળવા માંડી. આપણા સંસ્કૃત સાહિત્યનો જીર્ણોદ્ધાર કરવામાં યુરોપીયન વિદ્વાનોએ જે પરિશ્રમ લીધો છે, તેને માટે આપણે તેમના સર્વદાના આભારી છીએ.

રાજ્યોની ઉથલપાથલના કાળમાં, સંસ્કૃત સાહિત્ય અંધકારમાં પડી રહ્યું હતું એટલે બ્રિટિશ રાજ્ય પછી આપણા દેશમાં તેનો સારો પ્રસાર થવા પામ્યો, પરંતુ પૂર્વે પણ મેઘદૂત કાવ્યના ગુણોએ અનેક રસિકોનાં હૃદયને આકૃષ્ટ કર્યાં હતાં અને એના જ પરિણામે સંસ્કૃતમાં એના ઉપર લગભગ વીસ બાવીસ ટીકાઓ થઈ છે.

મેઘદૂતપર ટીકાઓ.

૧ વલ્લભ દેવ.	૧૧ કલ્યાણમલ્લ.
૨ મલ્લિનાથ.	૧૨ સારોદ્ધારિણી.
૩ મહિમસિહગણિ.	૧૩ મેઘલતા.
૪ સુમતિવિજય.	૧૪ દક્ષિણાવર્ત (?)
૫ લક્ષ્મીવિલાસ.	૧૫ નાથ (?)
૬ મેઘરાજ.	૧૬ સરસ્વતીતીર્થ.
૭ ભરત.	૧૭ પૂર્ણસરસ્વતી.
૮ સનાતન.	૧૮ બીજી અવચૂરીઓ.
૯ રામનાથ.	૧૯ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર.
૧૦ હરગોવિંદ.	

પૂર્વે એનો પ્રસાર છેક ટીબેટથી તે લંકા સૂધી હતો, અને બૌદ્ધ મતના સાધુઓ અને જૈનો પણ એને આદરપૂર્વક વાંચતા હતા. તાંન્જોરના ભંડારમાં એનું ટીબેટની ભાષામાં ભાષાન્તર થયેલું છે, જે ઉપરથી ડા૦ Beckh બેખે જર્મન ભાષામાં ભાષાન્તર કરી તેની એક આવૃત્તિ ઈ૦ સ૦ ૧૯૦૭ માં બર્લિનમાં છપાવેલી છે. શ્રી૦ ગુણતીલકે સિંહલી ભાષામાં એનું ભાષાન્તર શોધી કાઢયું હતું અને સંસ્કૃત મૂળની સાથે તેની એક આવૃત્તિ ૧૮૯૩ માં કોલમ્બોમાં છપાઈ હતી. આ પ્રમાણે મેઘદૂતના ગુણે આખા હિન્દુસ્તાનને આકર્ષ્યું હતું. કાશ્મીર, બંગાળ, મદ્રાસ ઇલાકો, મુંબઈ ઇલાકો વગેરે સ્થાનોમાંથી એની જે હસ્તલિખિત પ્રતો મળી આવી છે, તે દર્શાવી આપે છે કે, હિન્દુસ્તાનમાં ભાગ્યે જ કોઈ એવો રસિક વિદ્વાન્ હશે કે, જેણે એના રસનું પાન નહિ કર્યું હોય.

એ કાવ્યની પ્રશંસા.

મેઘદૂતે પોતાના સર્વોત્તમ ગુણોથી પાશ્ચાત્ય વિદ્વાનોને પણ આકર્ષી પ્રશંસાના ઉદ્દગાર કઢાવ્યા છે. મોન-ફ્યૂચે (Mon-Fuache) કહે છે કે-There is Nothing so perfect in the elegiac literature of Europe as the Meghduta of Kalidas. એક જર્મન વિદ્વાન્ લખે છે કેઃ-

There exist, for instance, in our European literature few pieces to be Compared with the Meghduta in sentiment and beauty.

આપણા પૂર્વના વિદ્વાનોએ અને કવિઓએ પણ કાલિદાસની વાણીના સર્વોત્તમપણ માટે પ્રશંસાના જે ઉદ્ગારો કાઢેલા છે, તે દર્શાવી આપે છે કે, એ સમર્થ કવિની વાણીમાં જે રસ છે તે આખા સંસ્કૃત સાહિત્યના ગ્રન્થોમાં મળી આવવો દુર્લભ છે.

माघे मेघे गतं वयः ।
निर्गतासु न वा कस्य कालिदासस्य सूक्तिषु ।
प्रीतिर्मधुरसार्द्रासु मंजरीष्विव जायते ॥ મહાકવિબાણ.
साकूतमधुरकोमलविलासिनीकंठकूजितप्राये ।
शिक्षासमयेपि मुदे रतलीला कालिदासोक्तिः ॥ ગોવર્ધનાચાર્ય.
पुराकवीनां गणनाप्रसंगे कनिष्ठिकाधिष्ठितकालिदासा ।
अद्यापि तत्तुल्यकवेरभावादनामिका सार्थवती बभूव ॥

મેઘદૂતનાં સંસ્કૃતમાં અનુકરણો. કાલિદાસ, સંદેશ કાવ્યનો માર્ગદર્શક કવિ છે. આ સંદેશકાવ્ય નાનું છતાં અપૂર્વ રસથી ભરેલું હોવાથી, તેનાં સંસ્કૃત ભાષામાં અનેક અનુકરણ થયાં છે. જૈન વિદ્વાનોએ એના ગુણથી આકૃષ્ટ થઈ એનું પ્રથમ અનુકરણ કરેલું જણાય છે.

૧	પાર્શ્વાભ્યુદય.	... ...	જીનસેનાચાર્યકૃત.
૨	નેમીદૂત.	... ...	વિક્રમ કૃત.
૩	પવનદૂત.	... ...	ધોઇક કૃત.
૪	પવનદૂત.	... ...	વાદિચંદ્ર કૃત.
૫	હંસસંદેશ.	... ...	વેદાન્તદેશીકવિકૃત.
૬	કોકિલસંદેશ.	... ...	ઉદંડશાસ્ત્રીકૃત.
૭	શુકસંદેશ.	... ...	લક્ષ્મીદાસકૃત.
૮	ઉદ્ધવદૂત.	... ...	માધવકવીંદ્રભટ્ટાચાર્ય.
૯	મનોદૂત.	... ...	તૈલંગ વ્રજનાથકૃત સન. ૧૭૫૮
૧૦	ઇન્દુદૂત.	... ...	વિનયવિજયગણિ કૃત.
૧૧	રથાંગદૂત.	... ...	નામ નથી.
૧૨	પદાંકદૂત.	... ...	કૃષ્ણસાર્વભૌમ કૃત. શક. ૧૬૪૫
૧૩	હંસદૂત.	... ...	રૂપગોસ્વામિ કૃત.
૧૪	ઉદ્ધવસંદેશ	... ...	નામ નથી.

આ બધાં અનુકરણોમાં પ્રથમ **પાર્શ્વાભ્યુદય** છે. જીનસેનાચાર્યે **મેઘદૂત**ના શ્લોકોનું દરેક ચરણ લઈ તેના ઉપર બીજાં ચરણો રચી **પાર્શ્વ**નાથનું ચરિત તેમાં ગુંથ્યું છે. **પાર્શ્વ**નાથના ચરિતના કેટલાએક પ્રસંગો **યક્ષ**ના વૃત્તાન્ત સાથે મળતા આવતા હોવાથી એમણે **મેઘ**દૂતના લગભગ બધા શ્લોકો લઈ પોતાના તીર્થંકરના ગુણ ગાયા છે અને **મેઘ**દૂતના મૂળને સાચવી રાખી બેવડો ઉપકાર કર્યો છે.

પાર્શ્વાભ્યુદય.

* **જીનસેને પ્રથમ જૈન**હરિવંશ શકે ૭૦૫ માં લખ્યો અને આઠમા સૈકાના ઉત્તરાર્ધમાં **પાર્શ્વાભ્યુદય** લખ્યું એમ માનવામાં આવે છે. પ્રોફેસર **કે.** બી. **પાઠકે** **મેઘ**દૂતની એક આવૃત્તિ કાઢેલી છે, તેમાં **જીનસેને પાર્શ્વાભ્યુદય**માં **મેઘ**દૂતના શ્લોકોનો જે ક્રમ યોજ્યો છે, તે જ કાયમ રાખ્યો છે અને એ જ ક્રમ વધારે વિશ્વાસપાત્ર ગણાય એમ એમનું માનવું છે. શકે ૭૩૫ માં રાષ્ટ્રકૂટનો પહેલો **અમોઘવર્ષ** રાજા ગાદીએ બેઠો ત્યારે **જીનસેન** એમના ગુરુ થયા હતા. આ અરસામાં એમણે પાર્શ્વાભ્યુદય લખ્યું હતું એટલે તે કાળમાં **કા**લિદાસના મેઘદૂતની જે પ્રત વિશ્વાસપાત્ર ગણાતી હશે, તે જ એમણે સ્વીકારી હશે, એમ, મિ. પાઠકનું માનવું છે. **પાર્શ્વાભ્યુદય**ની રચના કંઈક ક્લિષ્ટ અને બહુધા **જૈન** લેખકોના જેવા જ ગુણવાળી છે. એમણે કઈ પદ્ધતિ અંગીકાર કરી છે, તેનો વાચકોને કંઈક ખ્યાલ આપવાને માટે તેના થોડા શ્લોકો નીચે આપ્યા છે. **કા**લિદાસના મેઘદૂત કરતાં પણ, પોતાનું કાવ્ય કંઈક વધારે ગુણવાળું છે, એવું મિથ્યાભિમાન જીનસેનને હતું એમ જણાય છે. એ કાવ્યની વાણી કર્કશ અને રસ વિનાની છે. પદ્યરચના ક્લિષ્ટતાવાળી છે, અને એકંદર રીતે કાવ્યના ગુણોમાં પાછળથી થયેલા નેમિદૂત કરતાં તે ઉતરતું છે.

पार्श्वाभ्युदय.

श्रीमन्मूर्त्या मरकतमयस्तंभलक्ष्मीं वहन्त्या ।
योगैकाग्र्यस्तिमिततरया तस्थिवान्सान्निदध्यौ ॥
पार्श्वं दैत्यो नभसि विहरन् बद्धवैरेण दग्धः ।
कश्चित्कान्ताविरहगुरुणा स्वाधिकारात् प्रमत्तः ॥ १ ॥
तन्माहात्म्यात् स्थितवति सति स्वे विमाने समानः ।
प्रेक्षांचक्रे भ्रुकुटिविषमं लब्धसंज्ञो विभागात् ॥

* જુવો—**રો. એ. સોસાઇટી**નું જર્નલ વો. ૧૮
કે. બી. પાઠકનું મેઘદૂત. મી૦ **નંદારગીકર**નું મેઘદૂત.

ज्यायान् भ्रातुर्वियुतपतिना प्राक्कलत्रेण योभू-
च्छापेनास्तंगमितमहिमा वर्षभोग्येण भर्तुः ॥ २ ॥

यो निर्भर्त्सैः परमविषमैर्घाटितो भ्रातरि स्वे ।
वाञ्छा वैरं कपटमनसा हा तपस्वी तपस्याम् ॥
सिन्धोस्तीरे कलुषहरणे पुण्यपण्येषु लुब्धो ।
यक्षश्चक्रे जनकतनयास्नानपुण्योदकेषु ॥ ३ ॥

तस्यास्तीरे मुहुरुपलवानूर्ध्वशोषं प्रशुष्य-
न्नुद्बाहुः सन्परुषमननः पंचतापं तपो यः ।
कुर्वन्नस्य स्मरति जडधीस्तापसानां मनोज्ञाम्
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥ ४ ॥

* * * * *

तत्र व्यक्तं दृशादि चरणन्यासमर्धेन्दुमौले-
रर्च्यं भर्तुस्त्रिभुवनगुरोरर्हतः सत्सपर्यैः ॥
शश्वत्सिद्धैरुपचितबलिं भक्तिनम्रः परीयाः ।
पापापाये प्रथममुदितं कारणं भक्तिरेव ॥ ६५ ॥
यस्मिन्दृष्टे करणविगमादूर्ध्वमुद्धूतपापाः ।
सिद्धक्षेत्रं विदधति पदं भक्तिभाजस्तमेनम् ॥
दृष्ट्वा पूतस्त्वमपि भवताद्वै पुनर्दूरतोमुम् ।
कल्पिष्यन्ते स्थिरगणपदप्राप्तये श्रद्दधानाः ॥ ६६ ॥

* * * * *

इति विरचितमेतत्काव्यमाविष्ट्य मेघं ।
बहुगुणमतिदोषं कालिदासस्य काव्यम् ॥
मलिनितपरकाव्यं तिष्ठतादाशशांकम् ।
भुवनमवतु देवः सर्वदामोघवर्षः ॥

श्रीवीरसेनमुनिपादपयोजभृंगः ।
श्रीमानभूद्विनयसेनमुनिर्गरीयान् ॥
तच्चोदितेन जिनसेनमुनीश्वरेण ।
काव्यं व्यधायि परिवेष्टितमेघदूतम् ॥

इत्यमोघवर्षपरमेश्वरपरमगुरुश्रीजिनसेनाचार्यविरचितमेघदूतवेष्टिते
पार्श्वाभ्युदये भगवत्कैवल्यवर्णनं नाम चतुर्थस्सर्गः ॥

નેમિદૂત. **મેઘદૂતનું** બીજું અનુકરણ, **સાંગણના** પુત્ર **વિક્રમકવિવિરચિત નેમિદૂત** છે આ કવિએ **મેઘદૂતના** દરેક શ્લોકનું માત્ર ચોથું ચરણ લઈ, પોતે ત્રણ ચરણો બનાવી આખું મેઘદૂત એમાં ગુંથ્યું છે. **નેમિનાથને** ઉદ્દેશીને આ કાવ્ય લખેલું હોવાથી એને **નેમિદૂત** એવું નામ આપેલું છે. એ કાવ્ય ક્યારે લખાયું, તેનો નિર્ણય હજી થઈ શક્યો નથી. એની ભાષા, વિચાર અને પદ્યરચના વગેરે સારાં છે અને કાવ્યના ગુણોમાં **પાર્શ્વાભ્યુદય** કરતાં એ કંઈક ચઢિયાતું છે. એના પ્રારંભના અને અંતના બે શ્લોક વાંચનારની જિજ્ઞાસાને માટે નીચે આપીશું.

नेमिदूत.

प्राणित्राणप्रवणहृदयो बन्धुवर्गं समग्रम् ।
हित्वा भोगान् सहपरिजनैरुग्रसेनात्मजां च ॥
श्रीमान्नेमिर्विषयविमुखो मोक्षकामश्चकार ।
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥ १ ॥

सा तत्रोच्चैः शिखरिणि समासीनमेनं मुनीशम् ।
नासान्यस्तानिमिषनयनं ध्याननिर्धूतदोषम् ॥
योगासक्तं सजलजलदश्यामलं राजपुत्री ।
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श ॥ २ ॥

गत्वा शीघ्रं स्वपुरमतुलं प्राप्य राज्यं त्रिलोक्याः ।
कीर्तिं शुद्धां वितनु सुहृदां पूरयाशां च पित्रोः ॥
राजीमत्या सह नवघनस्येव वर्षासु भूयो ।
* * ***मा भूदेवं क्षणमपि च ते विद्युता विप्रयोगः** ॥ १२३ ॥

ज्यायान् भ्रातुर्वियुतपतिना प्राक्कलत्रेण योभू-
च्छापेनास्तंगमितमहिमा वर्षभोग्येण भर्तुः ॥ २ ॥

यो निर्भर्त्सैः परमविषमैर्घाटितो भ्रातरि स्वे ।
वाङ्का वैरं कपटमनसा हा तपस्वी तपस्याम् ॥
सिन्धोस्तीरे कलुषहरणे पुण्यपण्येषु लुब्धो ।
यक्षश्चक्रे जनकतनयास्नानपुण्योदकेषु ॥ ३ ॥

तस्यास्तीरे मुहुरुपलवानूर्ध्वशोषं प्रशुष्य-
न्नुद्बाहुः सन्परुषमननः पंचतापं तपो यः ।
कुर्वन्नस्य स्मरति जडधीस्तापसानां मनोज्ञाम्
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥ ४ ॥

* * * * *

तत्र व्यक्तं दृशदि चरणन्यासमर्धेन्दुमौले-
रर्च्यं भर्तुस्त्रिभुवनगुरोरर्हतः सत्सपर्यैः ॥
शश्वत्सिद्धैरुपचितबलिं भक्तिनम्रः परीयाः ।
पापापाये प्रथममुदितं कारणं भक्तिरेव ॥ ६५ ॥
यस्मिन्दृष्टे करणविगमादूर्ध्वमुद्धूतपापाः ।
सिद्धक्षेत्रं विदधति पदं भक्तिभाजस्तमेनम् ॥
दृष्ट्वा पूतस्त्वमपि भवताद्वै पुनर्दूरतोमुम् ।
कल्पिष्यन्ते स्थिरगणपदप्राप्तये श्रद्दधानाः ॥ ६६ ॥

* * * * *

इति विरचितमेतत्काव्यमाविष्ट्य मेघं ।
बहुगुणमतिदोषं कालिदासस्य काव्यम् ॥
मलिनितपरकाव्यं तिष्ठतादाशशांकम् ।
भुवनमवतु देवः सर्वदामोघवर्षः ॥

श्रीवीरसेनमुनिपादपयोजभृंगः ।
श्रीमानभूद्विनयसेनमुनिर्गरीयान् ॥
तच्चोदितेन जिनसेनमुनीश्वरेण ।
काव्यं व्यधायि परिवेष्टितमेघदूतम् ॥

इत्यमोघवर्षपरमेश्वरपरमगुरुश्रीजिनसेनाचार्यविरचितमेघदूतवेष्टिते
पार्श्वाभ्युदये भगवत्कैवल्यवर्णनं नाम चतुर्थस्सर्गः ॥

મેઘદૂતનું બીજું અનુકરણ, **સાંગણ**ના પુત્ર **વિક્રમકવિ**વિરચિત **નેમિદૂત** છે. આ કવિએ **મેઘદૂત**ના દરેક શ્લોકનું માત્ર ચોથું ચરણ લઈ, પોતે ત્રણ ચરણો બનાવી આખું મેઘદૂત એમાં ગુંથ્યું છે. **નેમિ**નાથને ઉદ્દેશીને આ કાવ્ય લખેલું હોવાથી એને **નેમિદૂત** એવું નામ આપેલું છે. એ કાવ્ય ક્યારે લખાયું, તેનો નિર્ણય હજી થઈ શક્યો નથી. એની ભાષા, વિચાર અને પદ્યરચના વગેરે સારાં છે અને કાવ્યના ગુણોમાં **પાર્શ્વાભ્યુદય** કરતાં એ કંઈક ચઢિયાતું છે. એના પ્રારંભના અને અંતના બે શ્લોક વાંચનારની જિજ્ઞાસાને માટે નીચે આપીશું.

નેમિદૂત.

नेमिदूत.

प्राणित्राणप्रवणहृदयो बन्धुवर्गं समग्रम् ।
हित्वा भोगान् सहपरिजनैरुग्रसेनात्मजां च ॥
श्रीमान्नेमिर्विषयविमुखो मोक्षकामश्चकार ।
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥ १ ॥

सा तत्रोच्चैः शिखरिणि समासीनमेनं मुनीशम् ।
नासान्यस्तानिमिषनयनं ध्याननिर्धूतदोषम् ॥
योगासक्तं सजलजलदश्यामलं राजपुत्री ।
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श ॥ २ ॥

गत्वा शीघ्रं स्वपुरमतुलं प्राप्य राज्यं त्रिलोक्याः ।
कीर्तिं शुद्धां वितनु सुहृदां पूरयाशां च पित्रोः ॥
राजीमत्या सह नवघनस्येव वर्षासु भूयो ।
* * ***मा भूदेवं क्षणमपि च ते विद्युता विप्रयोगः** ॥ १२३ ॥

* * * * *

तद्दुःखार्थं प्रवरकवितुः कालिदासस्य काव्या-
दन्त्यं पादं सुपदरचितान् मेघदूतादगृहीत्वा ।
श्रीमन्नेमेश्चरितविशदं सांगणस्यांगजन्मा ।
चक्रे काव्यं बुधजनमनःप्रीतये **विक्रमाख्यः** ॥ १२६ ॥
नेमिदूतं समाप्तम् ।

આ બંને દૂત કાવ્યો, **કાલિદાસ**ના **મેઘદૂત**ના શ્લોકોનો અનુક્રમ તપાસનારને ઘણાં ઉપયોગી છે. આ સિવાય **વેદાન્ત–દેશિકકવિકૃત હંસસંદેશ** ઘણું ઉત્તમ પ્રકારનું દૂત કાવ્ય છે અને અત્યંત રમણીય હોવાથી **કાલિદાસ**ના **મેઘદૂત** કરતાં પણ ચઢે તેવું છે, એમ **અભિનવભટ્ટબાણકૃષ્ણમાચાર્યે** **મેઘસંદેશ**ની પ્રસ્તાવનામાં લખે છે. આ કાવ્ય શોધ કરતાં પણ મને મળી આવ્યું નથી એટલે ઉપર કહ્યું તેમાં કેટલું સત્ય છે તે કહી શકાતું નથી, પરંતુ **મેઘદૂત**ના કરતાં એ કાવ્ય જો ચઢે એવું હોય, તો એની આજ સૂધીમાં ઘણી સારી પ્રસિદ્ધિ થવી જોઇએ. આ સિવાય બીજાં જે અનુકરણો છે તેમાંનાં કેટલાંએક સામાન્ય કાવ્ય તરીકે સારાં છે અને કેટલાંક માલ વગરનાં પણ છે. ગમે તેમ હો, પણ આ ઉપરથી એટલું તો સ્પષ્ટ જ છે કે, **કાલિદાસ**ના **મેઘદૂતે** ઘણા ઘણા કવિઓને અને રસિકોને એ માર્ગમાં પ્રેર્યા છે.

ગુજરાતી અનુકરણો અને ભાષાન્તરો. સંસ્કૃત અનુકરણોની પેઠે આ કાવ્યનાં ગુજરાતીમાં પણ ત્રણ સ્વતંત્ર અનુકરણો થયાં છે, જેમાંનાં **અનિલ**દૂત અને **શશાંક**દૂત રા. **મ**ણિલાલ **છબારામ**નાં લખેલાં છે અને **પત્ર**દૂત રા. **લલ્લુભાઈ નાનાભાઈ**નું લખેલું છે. **અનિલ**દૂત અને **પત્ર**દૂત મંદાક્રાન્તા વૃત્તમાં છે અને **શશાંક**દૂત **વૈતાલીય** વૃત્તમાં છે.

યુરોપના વિદ્વાનોએ અને આપણા પૂર્વના સંસ્કૃત વિદ્વાનોએ **કાલિદાસ**ના આ ખંડ કાવ્યનો રસ ચાખવા અને ચખાડવા જે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે, તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. આ મહાકવિની વાણીને સત્કાર આપવામાં આપણા ગુર્જર વિદ્વાનો પણ પછાત નથી, એમ કહેતાં મને અભિમાન સાથે સંતોષ થાય છે. **મ**રાઠી ભાષામાં, **મેઘદૂત**નાં ત્રણ ભાષાન્તર મારા જોવામાં આવ્યાં છે, ત્યારે આપણી ગુજરાતી ભાષામાં તેનાં છ સાત ભાષાન્તરો થયાં છે, જેમાંનાં નીચે આપેલાં મારા જોવામાં આવ્યાં છે અને એ સિવાય પણ એક બે બીજાં ભાષાન્તરો છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે.

૧ રા. રા. નવલરામનું- મેઘછંદમાં.
૨ રા. રા. ભીમરાવ ભોળાનાથનું- મંદાક્રાન્તામાં.
૩ રા. રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવનું- મંદાક્રાન્તામાં (પૂર્વમેઘનું).
૪ કવિ. શિવલાલ ધનેશ્વરનું— } પૂર્વમેઘનું પૃથ્વીછંદમાં. ઉત્તરમેઘનું સ્રગ્ધરાવૃત્તમાં.
૫ રા. રા. લલિતનું- મંદાક્રાન્તામાં.
૬ રા. રા. હરિકૃષ્ણ બળદેવ ભટ્ટનું- હરિગીતમાં.

થોડા વિસ્તારવાળી ગુજરાતી ભાષામાં **મે**ઘદૂતનાં છ સાત ભાષાન્તરો થાય, એ ખરેખર ઘણું સંતોષકારક છે. આમાંના દરેક વિદ્વાને કાલિદાસની વાણીનો રસ ચખાડવાને માટે યથાશક્તિ પ્રયાસ કરેલો જોવામાં આવે છે. ભિન્ન ભિન્ન લેખકોની વાણીમાં ભિન્ન ભિન્ન ખુબીઓ હોય છે, એટલે આવાં અખૂટ–રસના ભંડારરૂપ કાલિદાસનાં કાવ્યોનાં જેટલાં ભાષાન્તરો થાય તેટલાં થોડાં છે. મહા કવિની વાણીના ગુણાનુવાદ કરવામાં દરેક વિદ્વાન્ પોતાની વાણીની સફળતા માને એ સ્વાભાવિક છે. ઉપરના વિદ્વાનોની પેઠે મેં પણ એ હેતુ લક્ષમાં રાખી ગુર્જર વાચકોની સેવા બજાવવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે, તે જો એમને રુચશે તો મારો શ્રમ સફળ થયો માનીશ.

કાવ્યના ગુણો.

સંસ્કૃતખંડકાવ્યોમાં **મે**ઘદૂતનું સ્થાન પ્રથમ છે. એના વસ્તુની કલ્પના મનોહર છે. એનાં નાયક નાયિકાની પ્રેમભક્તિ ઘણી ઉચ્ચભાવનાવાળી છે. ઘણા કવિઓ અશ્લીલ શૃંગારથી પોતાનાં કાવ્યોને દૂષિત કરે છે, તેમ ન કરતાં **પ્રવાસવિપ્રલંભ શૃંગાર** પસંદ કરવામાં કવિએ અસાધારણ 'ચાતુર્ય વાપર્યું છે. શૃંગારને યોગ્ય, મંદ મધુર ગતિવાળા તથા રસને પુષ્ટિ આપે એવા **મં**દાક્રાન્તા વૃત્તની પસંદગીમાં કવિએ બરાબર ઔચિત્ય સાચવ્યું છે. ઉંચા પ્રકારના સંસ્કારવાળી, સર્વાંગ સુંદર, મર્યાદશીલ, તથા મનોહર પદન્યાસવાળી પ્રૌઢાના જેવી–સ્વભાવથી જ ધીરગંભીર, કૈંક વ્યક્ત અને કૈંક પટાન્તરે દેખાતા સૌન્દર્યવાળી, કોઈ સ્થળે સ્પષ્ટ તો કોઈ સ્થળે સંવૃત્ત ભાવવાળી, પ્રસન્ન અને ઉચ્ચ પ્રેમ ભાવનાથી ભરેલી એની વિશ્વમોહિની વાણી–રસિકનાં હૃદયોને વશ કરી પોતાની સાથે ખેંચતી મંદ મંદ ચાલી જાય છે. જેમ જેમ એનો વિશેષ પરિચય રાખવામાં આવે, તેમ તેમ એનામાં ક્ષણે ક્ષણે રસમાં, ભાવમાં, સૌન્દર્યમાં, અને સમગ્ર ગુણોમાં નૂતનતા જ દૃષ્ટિએ પડે છે. સંસારના સમગ્ર સુખનું નિધાન દામ્પત્ય કેવી ઉંચી પ્રેમભાવનાથી ભરેલું હોવું જોઇએ, એમાં પરસ્પર પ્રત્યે કેવી કોમળતા અને તન્મયતા જોઇએ, તેનું યથાર્થ દર્શન **મે**ઘદૂતમાં થાય છે.

ઉંચા પ્રકારનો શૃંગાર, એ કાલિદાસની વાણીનો મુખ્ય શણગાર છે. કેટલાએક એવા પણ હોય છે કે જે શૃંગારને નામે ભડકે છે, પરંતુ એનાથી ભડકવાનું કંઈ પ્રયોજન નથી. અમરુ આદિ કવિઓના કરતાં કાલિદાસનો શૃંગાર કંઈક જૂદા જ પ્રકારનો છે. બીજા કવિઓનો શૃંગાર જ્યારે સ્થૂલ ઇન્દ્રિયોની તૃપ્તિની વાસનાથી ભરેલો અને ઉઘાડો હોય છે, ત્યારે કાલિદાસનો શૃંગાર પ્રેમની ઉન્નતભાવનાઓથી ગંભીર અને પટાન્તરે પ્રકાશતો જોવામાં આવે છે.

શુદ્ધપ્રેમ અને વિષયવાસનાનો ભેદ.

यूनोः परस्परं प्रीतिः शृंगारो ह्यभिधीयते ।

પ્રેમ એ શૃંગારનું ઉત્પત્તિસ્થાન છે, અને પરસ્પર ઉપર અનન્ય ભક્તિ એ પ્રેમનું ઉત્પત્તિ સ્થાન છે. હૃદયના ખરા તાદાત્મ્ય સિવાય અને અન્યોન્યમાં દૃઢ ભક્તિ વિના પ્રેમનો સંભવ જ નથી. મનુષ્યમાં જ્યારથી પ્રેમની ભાવના ઉત્પન્ન થવા પામે છે, ત્યારથી જ તે તેના અધિષ્ઠાનને ભજતાં શીખે છે. મનની તમામ વૃત્તિઓ તેમાં સંક્રાન્ત થતાં શીખે છે અને પરિણતદશા પ્રાપ્ત થતાં બંને હૃદયો અભેદવૃત્તિને અનુભવે છે. સ્થૂલ ઇન્દ્રિયોની ભોગાદિક વાસનાઓ જ્યારે તૃપ્ત થાય છે, અથવા જ્ઞાનના બળે વિરામ પામે છે, ત્યારે એના એ જ પ્રેમની મર્યાદા ધીરે ધીરે વિશાળ થતાં, અંતે ઈશ્વરપ્રેમમાં પરિણામ પામે છે. આ પ્રમાણે પ્રેમ પણ મોક્ષરૂપ પરમ-પુરુષાર્થ સાધવામાં એક પગથીઆ રૂપ છે. **સત્વ, રજસ્** અને **તમસ્** એ ગુણોના મિશ્રણવાળી ત્રિગુણાત્મક સૃષ્ટિમાં **પ્રેમનું** અથવા **શૃંગારનું** સ્થાન વચ્ચેના **રજોગુણમાં** છે. એ રજો-ગુણમય પ્રેમભાવના જ્યારે નાના વર્તુલમાં સંક્રાન્ત થયેલી હોય છે, ત્યારે સંકોચને લીધે તેમાં રજોગુણ ઘણો પ્રબળ હોય છે, પરંતુ છેક પોતાના ઘરથી માંડીને આખા વિશ્વપર્યંત તેની મર્યાદા જેમ જેમ વિશાળ થતી જાય છે, તેમ તેમ હૃદયની શુદ્ધ ભાવનાઓને લીધે તેમાંથી **રજોગુણ** ઓછો થતો જાય છે અને સત્વગુણનું મિશ્રણ થાય છે. કાળક્રમે **સાત્વિક** અંશો વધતાં એની એ જ પ્રેમભાવના સત્વગુણ-મય **પરમાત્મભક્તિમાં** વિરામ પામે છે અને એ જ દશા મોક્ષને અનુકૂળ થઈ પડે છે. આ પ્રમાણે શુદ્ધ પ્રેમની પ્રવૃત્તિ જો **સત્વગુણ** તરફ માર્ગ લે છે, તો મોક્ષનો માર્ગ સધાય છે, પરંતુ સ્થૂલ ઇન્દ્રિયોની વાસનાઓ તૃપ્ત કરવા તરફ વળે છે, તો કાળે કરી તેમાં **તમોવૃત્તિનું** મિશ્રણ વધતાં, મનુષ્યનો અધઃપાત થાય છે અને ઉલટું જ પરિણામ આવે છે.

ઇંગ્રેજીમાં જેને આપણે **લવ** અને **લસ્ટ** એ નામથી ઓળખીએ છીએ, તે જ **શુદ્ધ પ્રેમ** અને **વિષયતૃષ્ણા** છે. સંસારમાં એનું સમતોલપણું રાખી એને ધીમે ધીમે જો પ્રભુભક્તિ તરફ વાળીએ, તો કલ્યાણની પ્રાપ્તિ છે અને વિરુદ્ધ માર્ગે ઉતારીએ તો વિનાશ છે, એ વાત સર્વત્ર સિદ્ધ અને સત્ય છે. મહાકવિ **મિલ્ટન** પણ લખે છે કે—

In loving thou doest well, in passion not,
Wherein true love consists not. Love refines
The thoughts and heart enlarges; has its seat,
In reason, and is judicious; is the scale,
By which to heavenly love thou mayst ascend.

MILTON.

જેવો આપણા કવિઓનો ઉપદેશ છે, તેવો જ પાશ્ચાત્ય કવિઓનો પણ છે; માટે સાંસારિક સ્થિતિમાં રહી પ્રેમભાવનાને શ્રેયના માર્ગમાં વાળવી, એ જ દરેક મનુષ્યનું કર્તવ્ય છે. પોતાના ગ્રંથોમાં પ્રેમના પાઠ પઢાવનારા કવિઓનો પણ એવો જ ઉદ્દેશ હોય છે અને હોવો જોઇએ.

મેઘદૂતમાં આવી જ ઉચ્ચભાવનાવાળો શૃંગાર કવિએ યોજ્યો છે. લગ્નની ગાંઠથી બંધાયેલાં નાયકનાયિકા, મન, વચન અને કર્મથી **અન્યોન્યને** ચહાય છે અને ભજે છે. **ના**યક આખા વિશ્વને **ના**યિકામય જુવે છે, તેમ નાયિકા પણ જગતને નાયકમય દેખે છે, એ જ એમની ઉંચી પ્રેમભાવના દર્શાવી આપે છે. આથી જ **મે**ઘદૂત, દંપતીના કેવળ શુદ્ધ પ્રેમના આદર્શરૂપે મનાય છે, માન પામે છે અને સર્વે શૃંગાર કાવ્યોમાં શ્રેષ્ઠ ગણાય છે.

મેઘદૂત અને રામાયણ.

કાલિદાસને આ **મે**ઘદૂતની કલ્પનાનું સૂચન **રા**માયણ ઉપરથી થયું હશે, એમ **મ**લ્લિનાથ પોતાની ટીકામાં એક સ્થળે લખી ગયા છે.

सीतां प्रति रामस्य हनुमत्संदेशं मनसि निधाय मेघसंदेशं कविः कृतवानित्याहुः બીજી એક વાત એમ પણ ચાલે છે કે, **કા**લિદાસને પોતાની પત્નીથી વિયોગ થતાં એમણે પોતાના નિવાસસ્થાન તરફ સંદેશ મોકલવાનું આ વિનોદ કાવ્ય લખ્યું હતું. આ વાતને માટે કંઈ આધાર નથી, પરંતુ કવિઓના મનની આવી સ્વાભાવિક પ્રવૃત્તિ હોય છે, એટલે વિનોદને અર્થે કદાપિ આ કાવ્ય લખાયું હોય તો તે અસંભવિત નથી. ગમે તેમ હો, પરંતુ એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે, **મે**ઘદૂત લખતાં **વા**લ્મીકિ **રા**માયણમાંનો હનુમાન્ સંદેશ કવિના લક્ષમાં તો હશે જ, કારણ કે એ સિવાય એ બંને સંદેશામાં અત્યંત મળતાપણું આવી શકે નહિ.

રામના સંદેશનો પ્રારંભ **ઋ**ષ્યમૂક પર્વત ઉપરથી થાય છે, ત્યારે **મે**ઘ સંદેશનો આરંભ **રા**મગિરિ ઉપરથી થાય છે. **રા**મનો દૂત ઉત્તરથી દક્ષિણે જાય છે ત્યારે **મે**ઘદૂત દક્ષિણથી ઉત્તરે જાય છે. હનુમાન્ જેમ અનેક પર્વતો અને સમુદ્રો આદિ અગમ્ય પ્રદેશોને ઓળંગી શકે એવા સામર્થ્યવાળો તથા જીતેન્દ્રિય છે, તેમ **મે**ઘ પણ તેવા

જ સામર્થ્ય અને ચરિતવાળો છે. હનુમાન્ ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલો અને વાયુનો પુત્ર છે, ત્યારે મેઘ પણ પુષ્કરાવર્તક નામના મહામેઘના કુળોમાં ઉત્પન્ન થયેલો અને વાયુનો મિત્ર છે. રામાયણની નાયિકાનો વાસ સુવેળ પર્વત ઉપર આવેલી લંકાનગરીમાં છે, ત્યારે મેઘદૂતની નાયિકાનું સ્થાન કૈલાસ ઉપર આવેલી અલકાનગરીમાં છે. બંને નાયિકાઓ યૌવનદશામાં વિયોગમાં પડેલી છે, બંનેની સ્વામિ ઉપર અનન્ય ભક્તિ છે અને બંને સાધુ ચરિતવાળી તથા પતિવ્રતા છે. હનુમાન્ જેમ રાત્રિએ નાનું રૂપ લઈ લંકામાં પ્રવેશ કરે છે, તેમ મેઘ પણ નાનું રૂપ લઈ યક્ષભવનમાં પ્રવેશ કરે છે; લંકામાં સીતાની જેવી કરુણાજનક દશા છે, તેવી અહીં મેઘદૂતની નાયિકાની પણ છે. આ પ્રમાણે વસ્તુમાં, પ્રસંગોમાં, વર્ણનોમાં, વિચારોમાં અને શબ્દોમાં પણ અત્યંત મળતાપણું જોવામાં આવે છે. પ્રારંભના શ્લોકમાં જ રામગિરિમાં યક્ષનો વાસ કલ્પ્યો છે અને

जनकतनयास्नानपुण्योदकेषु ।
रघुपतिपदैरंकितं मेखलासु ।
दशमुखभुजोच्छ्वासितप्रस्थसंधेः ।
इत्याख्याते पवनतनयं मैथिलीवोन्मुखी सा ।

ઇત્યાદિ પદોથી મહાત્મા રામની પવિત્ર કથાનું વારંવાર સ્મરણ કરેલું જોવામાં આવે છે. વાલ્મિકી રામાયણના કિષ્કિન્ધાકાંડના સર્ગો તપાસતાં આ બંનેમાં ઘણુંજ મળતાપણું જણાય છે.

१ प्रस्पन्दमानः पुनरूरुरस्या, रामं पुरस्तात् स्थितमाचचक्षे ।
२ प्रास्पंदतैकं नयनं सुकेश्याः मीनाहतं पद्मसिवाभिताम्रम् ।
३ हिमहतनलिनीव नष्टशोभा,
व्यसनपरंपरया निपीड्यमाना
सहचररहितेव चक्रवाकी
जनकसुता कृपणां दशां प्रपन्ना — રામાયણ.

१ यास्यत्यूरुः सरसकदलीगर्भगौरश्चलत्वम् ।
२ त्वय्यासन्ने नयनमुपरिस्पन्दि शंके मृगाक्ष्याः ।
मीनक्षोभाचलीकिसलयश्रीतुलामेष्यतीति ॥
३ जातां मन्ये शिशिरमथितां पद्मिनीवान्यरूपाम् ।
४ दूरीभूते मयि सहचरे चक्रवाकीमिवैकाम् ॥ — મેઘદૂત.

આ રીતે **રામાયણના** પ્રસંગ સાથે **મેઘદૂત**નું ઝીણી ઝીણી બાબતોમાં પણ ઘણું મળતાપણું છે. ઉપરના દૃષ્ટાન્તોથી એમ સમજવાનું નથી, કે **કાલિદાસે રામાયણ**માંથી ભાવો લઇને **મેઘદૂત** લખ્યું છે. **કાલિદાસ**ની ઉત્તમ પ્રકારની સર્ગ શક્તિને, એમની સ્વભાવસુંદર, મનોહર અને ગંભીર ભાવ તથા રસથી ભરેલી વાણીને અન્યના આધારની જરૂર પડે તેમ છેજ નહીં. કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે, **મેઘદૂત** લખતી વખતે **રામાયણ**નો આ પ્રસંગ કવિના લક્ષમાં હતો, અથવા તો એ પ્રસંગ ઉપરથી આ દૂત કાવ્ય લખવાનું એમને સૂઝયું હશે. વાણીના મળતાપણાને માટે તો માત્ર એટલું જ કહેવું બસ છે કે, **વ્યાસ** અને **વાલ્મીકિ** જેવા આદિકવિની ગંગાના પ્રવાહ જેવી સ્વચ્છ અને પવિત્ર વાણીના સંસર્ગથી, પોતાની વાણીની કૃતાર્થતા માની, આપણા સંસ્કૃત કવિઓ, એમના પ્રત્યે પોતાનો પૂજ્યભાવ બતાવતા આવ્યા છે, એ જ કારણ આમાં પણ પ્રધાન છે.

કવિની શક્તિ અને ભૂગોળજ્ઞાન

કાલિદાસનો શૃંગાર ઘણો ગંભીર, ઉંચા પ્રકારનો અને શુદ્ધ છે. એમની વાણી પ્રૌઢ, અર્થ ગૌરવવાળી, ક્લિષ્ટતાથી રહિત, માધુર્યથી ભરેલી અને મનોહર રચનાવાળી છે. એમની કલ્પનાશક્તિ અને મનુષ્યહૃદયોની ઉંડી ભાવનાઓ ચિતરવાની શક્તિ અદ્ભુત છે. **કાલિદાસ**ને હિન્દુસ્તાનની ભૂગોળનું ઘણું જ ઉત્તમ જ્ઞાન હતું, એવું **મેઘદૂત** તથા **રઘુવંશ**ના છઠ્ઠા, ચોથા તથા તેરમા સર્ગ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. **મેઘ**ના માર્ગનાં ઘણાં ખરાં સ્થાનો એમણે એવી સ્ફુટ રીતે તથા અનુક્રમ પ્રમાણે બતાવ્યાં છે કે, હજારો વર્ષ વીતી ગયા છતાં પણ, તેમાંનાં ઘણાં ખરાંને આપણે અત્યારે પણ ઓળખી શકીએ છીએ. આ એમના ભૂગોળના જ્ઞાને એમના કાળ નિર્ણયના સંબંધમાં ઘણી સારી મદદ આપી છે.

ઉજ્જયિની પ્રત્યે કવિનો પ્રેમ

પોતાના આશ્રયદાતાની રાજધાની અને પોતાના નિવાસસ્થાન **ઉજ્જયિની** ઉપર એમને ઘણો જ સદ્ભાવ હતો, એમ **મેઘદૂત**માંના એ પ્રદેશોના વર્ણન ઉપરથી જણાઈ આવે છે. **મેઘદૂત**માં **અલકા**થી ઉતરતું વર્ણન **ઉજ્જયિની**નું છે. માત્ર **ઉજ્જયિની** ઉપર એમનો સદ્ભાવ છે એટલું જ નહીં, પરંતુ જાણવા યોગ્ય અન્ય સ્થળોને વિસારી મૂકી, આખા અવન્તિ અને દશાર્ણ દેશ ઉપર પણ એમનો પ્રેમ વિસ્તરે છે. **મહાકાળ**, **ઉજ્જયિની**, **ગંધવતી**નો (કુંડ) વહેળો, **દશાર્ણ**, **વિદિશા** વગેરે સ્થળોના વર્ણનને સ્થાન આપવાને માટે; કવિએ **મેઘ**ને કહ્યું છે કે, **ઉજ્જયિની** જતાં તારે ખાસ વાંકે માર્ગે થઇને જવાનું છે, તેમ છતાં તું, લક્ષ્મીની લીલાલેહેરવાળી એ નગરીમાં જવા ચૂકીશ નહીં. આ એમનો એ નગર પ્રત્યેનો સંપૂર્ણ પ્રેમ અને મમત્વ

સૂચવે છે. એ પોતે ત્યાંના જ વતની હતા, એમ મારું માનવું નથી. કાશ્મીર તરફનો પ્રદેશ એમની જન્મભૂમિ હશે એમ માનવાનાં કેટલાંએક કારણો છે. એ દેવભૂમિનું, કુમાર, રઘુ, મેઘદૂત વગેરેમાં જ્યાં જ્યાં વર્ણન આવે છે, ત્યાં ત્યાં એમના સ્વભૂમિ પ્રત્યેના પ્રેમની ઉર્મિઓ ઉછળી આવ્યા વિના રહેતી નથી. એ પવિત્ર અને રમણીય ભૂમિના સૌંદર્યે, એમની પ્રથમ વિકાસ પામતી કાવ્યપ્રતિભા ઉપર એવી પ્રબળ છાપ પાડી છે કે, જે એમનાં સૃષ્ટિસૌન્દર્યનાં વર્ણનોમાં સહજ જોનારને પણ જણાઈ આવે છે. અલ્પ પરિચયવાળા પ્રવાસિની દૃષ્ટિથી નહીં, પરંતુ આર્યાવર્તની એ સ્વર્ગ-ભૂમિની મનોહર લીલાના ખોળામાં ઉછરેલા કવિની દૃષ્ટિથી એ તેનું વર્ણન કરે છે. એમનું કુમારસંભવકાવ્ય વાંચતાં આ વાત સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે. પોતાની પ્રથમ અવસ્થામાં જ, સરસ્વતીના નિવાસરૂપ એ દૈવી ભૂમિમાં રહીને એમણે એ કાવ્ય લખ્યું હશે અને પછીની અવસ્થામાં ઉજ્જયિની તરફ આવીને બાકીનાં કાવ્યો અને નાટકો લખ્યાં હશે. આ કેવળ તર્ક છે. એને મનની સાક્ષી સિવાય હાલમાં તો બીજો પૂરાવો નથી, પરંતુ આ દૃષ્ટિબિન્દુથી, મેઘદૂત, કુમાર વગેરે વાંચનારને આમાં કંઇક સત્ય હોય એવું ભાસ્યા વિના નહી રહે, એમ મારું માનવું છે.

કાલિદાસના જન્મ ચરિતવિષે મેં મારા **વિક્રમોર્વશીય**ના ભાષાંતરની પ્રસ્તા-વનામાં કંઈક વિસ્તારપૂર્વક લખેલું છે, એટલે અહિંઆં એ વિષે નવા સ્ફૂરેલા વિચારો સિવાય બીજું કંઈ લખવાની આવશ્યકતા નથી. એ ઇસવિસન પૂર્વે **પહેલા સૈકાસાં** થયા હતા, એ મતને હાલ ઘણા વિદ્વાનો સ્વીકારે છે, અને પરિણામે એ એમનો સમય હતો, એમ વધારે સબળ પૂરાવો મળતાં ઠરશે એવું ધારવામાં આવે છે. હાલમાં રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે, **વિક્રમોર્વશીય**ના ભાષાંતરની નવી આવૃત્તિ બહાર પાડી છે, તેમાં છંદની ગણનાથી એમણે પણ એમ પ્રતિપાદન કર્યું છે કે, **કાલિદાસ** ઇસવી-સન પૂર્વે **પહેલા સૈકાસાં** થયા હોવા જોઇએ. પ્રમાણની આ નવીન યોજના પણ કંઈ મહત્વવાળી અને વિચારવા યોગ્ય છે.

મહાકવિ ભાસ.

મહાકવિ ભાસનાં નાટકો

કાલિદાસની પૂર્વે થઈ ગયેલા **મહાકવિ ભાસનાં** નાટકો નાશ પામ્યાં છે એમ આજ સૂધી મનાતું હતું, પરંતુ સદ્‌ભાગ્યે હાલ તેમાંનાં કેટલાંએક જડી આવ્યાં છે, તેના ઉપરથી કાલિદાસના સમય ઉપર કંઈક પ્રકાશ પડવાનો સંભવ છે. હજી એ નાટકોનો બહુ પ્રસાર થયો નથી, એટલે સમર્થ વિદ્વાનોને હાથે એ સંબંધમાં કંઈ લખાયેલું નથી; પરંતુ થોડા કાળમાં એ સંબંધી ઉહાપોહ થતાં કંઈક વિશેષ પ્રકાશ પડશે એમ લાગે છે.

ભાસનાં નાટકો કેમ જડી આવ્યાં

આજ સૂધી, જૂના ગ્રંથોની શોધખોળ ચાલુ રહ્યા છતાં જે નાટકો કોઈ પણ ઠેકાણેથી હાથ લાગ્યાં નહીં, તે આમ એકાએક શી રીતે જડી આવ્યાં, તેના સંબંધમાં **ત્રિવેંદ્રમના** મહારાજાના વિદ્વાન, ગણપતિ શાસ્ત્રી, ભાસના **સ્વપ્નવાસવદત્તાની** પ્રસ્તાવનામાં લખે છે કે, "જૂનાં પૂસ્તકોની શોધ કરવાને માટે હું દક્ષિણ **ત્રાવણકોર** તરફ ગયો હતો, ત્યારે **પદ્મનાભપુર** પાસે **મણલીકર** મઠમાંથી મને તાડ-પત્ર ઉપર **પ્રાચીન કેરલી ભાષામાં** લખેલાં નાટકોનો સંગ્રહ જડી આવ્યો. તેને તપાસતાં નીચે દર્શાવેલાં દશ નાટકો માલમ પડ્યાં.

૧ **સ્વપ્નવાસવદત્તા.**	૬ **અવિમારક.**
૨ **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ.**	૭ **બાલચરિત.**
૩ **પંચરાત્રમ.**	૮ **મધ્યમવ્યાયોગ.**
૪ **ચારુદત્ત.**	૯ **કર્ણભાર.**
૫ **દૂતઘટોત્કચ.**	૧૦ **ઉરુભંગ.**

મારી બીજી વખતની મુસાફરીમાં કૈલાસપુરના **ગોવિંદ** પિશા રોટી નાગના જ્યોતિષિની પાસેથી—

(૧૧) **અભિષેક નાટક** અને (૧૨) **પ્રતિમા નાટક** એ નામનાં બીજાં બે નાટકો મળી આવ્યાં. પછી તપાસ કરતાં **રાજ**મહેલની **લાયબ્રેરી**માંથી આ છેલ્લાં બે નાટકોની હસ્તલિખિત પ્રતો પણ મળી આવી. ત્યાર પછી વધારે તપાસ કરતાં **મહિસૂરના** પંડિત **અનંતાચાર્યે**, કેરલમાંથી મેળવેલી **સ્વપ્નવાસવદત્તા** અને **પ્રતિજ્ઞા-યૌગન્ધરાયણની** બે હસ્તલિખિત પ્રતો મને મોકલાવી, જેમાંથી **સ્વપ્નનાટક** અને **પ્રતિજ્ઞાનાટકનાં, સ્વપ્નવાસવદત્તા** અને **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ** એવાં આખાં નામ પણ જડી આવ્યાં. ત્યાર પછી ત્રીજા પ્રવાસમાં હરિપાટ્ટપુરમાં મી૦ **સુબ્રહ્મણ્ય** પાસેથી **અવિમારકની** એક પ્રત જડી આવી. આ પ્રમાણે જ્યારે **સ્વપ્નવાસવદત્તા, પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ** અને **અવિમારક** એ ત્રણે નાટકો, અન્ય પ્રતોની મદદથી સંપૂર્ણ થયાં અને **સ્વપ્ન**વાસવદત્તા છપાવા માંડ્યું, ત્યારે **ચેકુન્નુરના** શ્રીમદ્ **અનન્તાચાર્ય** પાસેથી **પ્રતિજ્ઞા**યૌગન્ધરાયણ અને **અભિ-ષેક** નાટકની બીજી પ્રતો પણ મળી આવી."*

આ બધા ગ્રંથો કેવી રીતે ઉપલબ્ધ થયા, તેની સવિસ્તર હકીકત એમણે ઉપર પ્રમાણે આપેલી છે. અત્યાર સૂધી પ્રાચીન ગ્રંથોની શોધખોળને માટે, સરકારની મદદથી

---

* જુવો **સ્વપ્નવાસવદત્તાની** આવૃત્તિ (પ્રસ્તાવના.)

આખા **હિન્દુસ્તાનમાં** અને **સીલોનમાં** ઘણો પ્રશંસાપાત્ર શ્રમ કરવામાં આવેલો છે અને હજારો પુસ્તકો અનેક ભંડારોમાંથી મળી આવ્યાં છે, તેમ છતાં મહાકવિ **ભાસનાં** નાટકો હયાતિમાં છે એવું આપણે આજ સૂધી સાંભળ્યું પણ ન હતું, અને જ્યારે જડી આવ્યાં ત્યારે એક પછી એક, એમ એની વિવિધ પ્રતો જૂદે જૂદે ઠેકાણેથી અને ખાસ પેલેસ લાયબ્રેરીમાંથી પણ જડી આવી, એ આપણને આનંદ સાથે આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. જે કાળે જે વસ્તુનો ઉદય થવાનો હોય, તે કાળે તે સહજ પ્રયત્ને પણ ઉપલબ્ધ થાય છે, અને કોઈ વખતે, શોધ કરતાં પણ મળતી નથી, એવું આપણે ઘણીવાર બનતું જોઇએ છીએ. આ નાટકોના સંબંધમાં પણ એવું જ કંઈક બન્યું છે અને સદ્ભાગ્યે સંસ્કૃત સાહિત્યમાં અગત્યનો ઉમેરો કરવાનો યશ **ગણપતિ શાસ્ત્રીને** મળ્યો છે, એ મોટા આનંદની વાત છે.

એ નાટકનો કર્તા

રા. ગણપતિ શાસ્ત્રીએ **સ્વપ્નવાસવદત્તાની** વિદ્વત્તાભરી પ્રસ્તાવનામાં વિવિધ પ્રમાણો આપી એમ સિદ્ધ કરી આપ્યું છે કે, આ નાટકો કાલિદાસની પૂર્વે થઈ ગયેલા મહાકવિ **ભાસનાં** છે.* એ મહા કવિએ પોતાનાં નાટકોમાં પોતાનું નામ સરખું પણ લખ્યું નથી, તેમ છતાં એ બધાં નાટકોની ભાષા, રચના, પરસ્પર મળતાપણું અને પરસ્પરના શ્લોકોનું અવતરણ, ઇત્યાદિ આંતર પ્રમાણોથી એટલું તો બહુધા સિદ્ધ થાય છે કે, એ બધાં નાટકો કોઈ મહાકવિના એક જ હાથથી લખાયેલાં છે અને એ મહા કવિ ભાસજ હોવા જોઇએ. **રાજશેખરે** **સૂક્તિમુક્તાવલી** નામના ગ્રન્થમાં નીચે પ્રમાણે લખેલું છે કે,

भासनाटकचक्रेऽपि च्छेकैः क्षिप्ते परीक्षितुम् ।
स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥

ભાસના **સ્વપ્નવાસવદત્તા** નાટકને અગ્નિ પણ બાળી શક્યો નોહતો. આ પ્રમાણે જોતાં **સ્વપ્નવાસવદત્તા** નામનું નાટક **ભાસકવિનું** હતું, એમ પ્રાચીન ઉલ્લેખપરથી જણાય છે અને સ્વપ્નવાસવદત્તા તથા બીજાં બધાં મળી આવેલાં નાટકો એક જ કવિનાં લખેલાં છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે, એટલે એ બધાં મહાકવિ **ભાસનાં** જ નાટકો હોવાં જોઇએ. એ સિવાય, મહાકવિ બાણભટ્ટે પોતાના **હર્ષચરિતમાં**, **ભાસનાં** નાટકો સૂત્રધારથી આરંભાયેલાં છે એમ લખ્યું છે.

सूत्रधारकृतारंभैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव ॥

બાણભટ્ટે આપેલાં આ ખાસ લક્ષણો, હાલ જડી આવેલાં તમામ નાટકોમાં મળી આવે છે, એટલે એ બધાં એ જ મહાકવિનાં નાટકો છે, એમ માનવામાં શંકાનો અવકાશ જણાતો તો નથી.

* સવિસ્તર હકિકતને માટે જુવો **સ્વપ્નવાસવદત્તાની** પ્રસ્તાવના.

આ નાટકો ઘણાં ટુંકાં અને સાદાં તથા સરળ હોવાથી, કોઈ કદાપિ એમ શંકા કરે કે, **કાલિદાસને સ્પર્ધા** ઉત્પન્ન કરાવનારાં **ભાસનાં** નાટકો આવાં નાનાં નાનાં નહોય; પાછળના કોઈ કવિએ ખાસ રંગભૂમિને અનુકૂળ થઈ પડે તેમ ભાસનાં નાટકોને સંક્ષેપમાં લખ્યાં હશે, આવી શંકા થવાનું કારણ નથી. હાલમાં મળી આવેલાં નાટકોની ભાષા, પદ્યોની રચના વગેરે જોતાં, એ કોઈ સમર્થકવિની પ્રસાદવાળી, રસભરિત, અને પરિપકવ વાણીનું ફળ છે, એમ માન્યા વિના ચાલે તેમ નથી. એ કોઈ સાધારણ કવિની કલમથી લખાયેલાં નથી. કોઈ કોઈ સ્થળે તો એ **કાલિદાસને** પણ ટક્કર મારે તેવી ખૂબીવાળાં છે, એટલે આવી શંકા કરવામાં આવે તો તે ટકી શકે તેમ લાગતી નથી.

ભાસ સંબંધી લેખનો ઉદ્દેશ

જે મહાકવિના ગ્રન્થોને માટે પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનો અત્યંત આતુરતાથી આજ સૂધી શોધ કરતા આવ્યા છે. તેનાં સંખ્યાબંધ નાટકો આ પ્રમાણે એકાએક જડી આવતાં, દરેક સાહિત્યપ્રેમી માણસને એ મહાકવિના કાળના અને નાટકોના સંબંધમાં કંઈ કંઈ પણ જાણવાની અને જણાવવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક જ છે, કારણ કે મહાકવિ ભાસના સમયના નિર્ણયથી અને એમનાં નાટકોથી **મહાકવિ કાલિદાસના** કાળનિર્ણયના અંધારાવાળા માર્ગમાં કંઈક વધારે પ્રકાશ પડવાનો સંભવ છે. આ કામ, અસાધારણ વિદ્વત્તા, વિશાળ વાંચન, સંપૂર્ણ ધીરજ, અને એ બધાં નાટકોનું અનેક દૃષ્ટિબિન્દુથી સૂક્ષ્મ અવલોકન કરનાર સમર્થ વિદ્વાનો સિવાય બીજાથી થઈ શકે તેમ નથી, એટલે ઉપર પટકે વિચારો આપી, એ મહાકવિનો સમય અમુક જ હતો, એમ નિર્ણય આપવો એ તો પ્રાગલ્ભ્ય જ કહેવાય. આ જાતનું પ્રાગલ્ભ્ય કરવાનો આમાં મારો ઉદ્દેશ નથી. એમ છતાં કોઈપણ ગ્રંથ અથવા ગ્રંથો વાંચતાં પોતાને જે કંઈ વિચારો ઉત્પન્ન થાય, તે અન્ય વિદ્વાનોની આગળ નમ્રપણે દર્શાવવાનો હક તો સાહિત્યના ક્ષેત્રમાં દરેક માણસને હોવો જોઇએ, એમ મારું માનવું છે. આથી મહાકવિ ભાસનાં જે દશ નાટકો આજ સૂધીમાં છપાઈ બહાર પડ્યાં છે, તે વાંચતાં મારા મનમાં જે કંઈ વિચારો અને અનુમાનો સ્ફુર્યાં છે, તેને અત્રે નોંધી લઈ અન્ય વિદ્વાનોની સમક્ષ રજુ કરવાનો પ્રસંગ લેવાની મને વૃત્તિ થાય તો તે ક્ષન્તવ્ય ગણાશે. ભાસ કવિનાં નીચે દર્શાવેલાં આ ૧૦ નાટકો પ્રસિદ્ધ થયેલાં મારા જોવામાં આવ્યાં છે.

૧ સ્વપ્નવાસવદત્તા.
૨ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ.
૩ પંચરાત્ર.
૪ દૂતઘટોત્કચ.
૫ અવિમારક.
૬ બાલચરિત.
૭ મધ્યમવ્યાયોગ.
૮ કર્ણભાર.
૯ ઉરુભંગ.
૧૦ અભિષેક નાટક.

અનુમાનને પુષ્ટિ મળી શકતી નથી, તેમ **ભાસ** અને મહાકવિ **કાલિદાસ**ની ભાષા અને નાટકોની રચના જોતાં, એ બંને કવિઓ વચ્ચે લગભગ ૪૦૦–૫૦૦ વર્ષનું અંતર હોય, એમ પણ મન કબુલ કરી શકતું નથી.

જે ઉદયનને નાયક કલ્પી **ભાસ** કવિએ **સ્વપ્ન**વાસવદત્તા નાટક લખ્યું છે, તે ઉદયન કયો, તે સંબંધમાં ઇતિહાસ પુરાણમાંથી એમ જડી આવે છે કે–ચંદ્રવંશમાં **શતાનીક**નો પુત્ર એક **ઉદયન** રાજા થયેલો છે* અને **શિશુનાગ** વંશમાં **દર્ભક**નો પુત્ર ઉદયન છે. આમ બે જુદા જુદા ઉદયન થયેલા છે. **ભાસ** કવિએ પોતાના નાયક ઉદયનને બે ત્રણ રીતે ઓળખાવ્યો છે. **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ**માં ઉદયન કેદ પકડાયો ત્યારે તેના સંબંધમાં તપાસ કરી ખાતરી કરતાં **પ્રદ્યોત**રાજા પૂછે છે કેઃ †

कंचुकीयः–तत्रभवता अमात्येन गृहीतो वत्सराजः

राजा–उदयनः । शतानीकस्य पुत्रः सहस्रानीकस्य नप्ता ? कौशाम्बीशः ?

જનરલ કનિંગહામ લખે છે કે, **પુરુરવ**થી દસમી પેઢીએ થયેલા **કુસુંબ** રાજાએ કૌશામ્બી નગર વસાવ્યું હતું, પરંતુ એની ખરી પ્રસિદ્ધિ **અર્જુન**થી દસમી પેઢીએ થયેલા **ચક્ર** રાજાના વખતમાં થઈ હતી, કારણ કે જ્યારે હસ્તિનાપુર ગંગાની રેલથી તણાઈ ગયું, ત્યારે એણે પોતાની રાજધાની **કૌશામ્બી**માં કરી હતી. **કૌશામ્બી**નું નામ **રામાયણ**માં પણ આવે છે. આ નગર અલ્હાબાદથી આશરે ૩૧ માઇલ ઉપર આવેલા **કોસમ** ગામને ઠેકાણે યમુનાના તીર ઉપર હતું.‡

આ ઉપરથી એમ લાગે છે કે, ભાસે વર્ણવેલો ઉદયન કુરુવંશના **શતાનીક**નો પુત્ર હોવો જોઇએ. એના ખરા સમયનો પત્તો લાગતો નથી, પરંતુ મહાકવિ ભાસ લખે છે કે કથાનાયક ઉદયન, **મગધ**રાજ દર્શકની બહેન પદ્માવતીને પરણ્યો હતો અને તેની પ્રથમ રાણી **વાસવદત્તા** હતી. મગધ રાજાઓની વંશાવલિ જોતાં જણાય છે કે મગધમાં શિશુનાગ વંશના જે રાજાઓ થયા હતા તેમાં **અજાતશત્રુ**નો પુત્ર **દર્શક** રાજાઈ ઇ. સ. પૂર્વે ૪૭૫ માં ગાદીએ આવ્યો હતો. કવિએ ઉદયનના સાળા તરીકે ઓળ-

* જુવો **વિષ્ણુપુરાણ**માં. કૌરવ પાંડવોની વંશાવલિ તથા મગધદેશના રાજાઓ. **દત્સહીસ્ટરીઓફ** એન્શંટ ઇન્ડીયા. પાનું ૪૮૭. **કથાસરિત્સાગર** વત્સરાજની કથા.

† જુવો **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ** પાનું ૩૦–૩૧.

‡ કનિંગહામ્સ જ્યોગ્રોફી. **નંદારગીકર**નું મેઘદૂત.

§ મી૦ **વિનસેન્ટ સ્મીથ**સ હીસ્ટરી પાનું. ૩૫–૪૪. **મીદત્સ** હિસ્ટરી ઓફ ઇંડીયા. મૌર્ય ડીનેસ્ટી.

ખાવેલો **દર્શક** રાજા આ હોય એમ સંભવે છે. એટલે ઉદયનનો સમય પણ ઇ. સ. પૂર્વે ૪૭૫ માં માની શકાય તેમ છે.

આ પ્રમાણે માની લેતાં **ભાસ** કવિ ઇ.સ. પૂર્વે ૪૭૫થી તે ઇ.સ. પૂર્વે ૧૦૦ સુધીમાં થયા હોવા જોઇએ. **ભાસ** કવિ ઉદયનના સમકાલીન અને એના આશ્રિત હોય એમ સંભવતું નથી, કારણ કે ઉદયનને અને એના સમકાલીન એના સસરા ચંડમહાસેન અને મગધ રાજાઓને નાટકનાં પાત્રો કલ્પી સ્વપ્નવાસવદત્તા, પ્રતિજ્ઞા યૌગન્ધરાયણ વગેરે નાટકો એ લખે નહી, કારણ કે તેમાં કોઇની ઉન્નતિ, કોઇની અવનતિ વગેરે દર્શાવવાના પ્રસંગમાં સામાન્ય રીતે કોઇની પણ ઇતરાજી થવાનો સંભવ રહે. વળી જે મહાન્ પરચક્રનો ભય **ભાસ** કવિએ પોતાનાં નાટકોમાં સૂચવ્યો છે, તેવો ભય ઉદયન અથવા તેના સમકાલીન રાજાઓના વખતમાં હતો નહી. એટલે **ભાસ** કવિ એના સમયમાં થયા હોય એમ સંભવતું નથી.

આ નાટકો વાંચતાં કેટલાએક પ્રશ્નો સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે જે નિચે આપ્યા છે.

(૧) પરચક્રનો ભય

ભાસ કવિએ પોતાનાં ઘણાંખરાં નાટકોમાં મહાન્ પરચક્રનો ભય સૂચવતાં ભરતવાક્યો મૂક્યાં છે, તે બીજા બધા કરતાં વિશેષ ધ્યાન ખેંચે તેવાં છે. એમાંનાં કેટલાંએક પરચક્રનો ભય સૂચવતાં નથી, કેટલાંએક ભય આવી પડ્યો એવું સૂચન કરે છે, કેટલાંકએક રાજા એની સામે થયો એમ સૂચવે છે અને કેટલાંએક ભય શમી ગયો એવું ગૂઢ સૂચન કરી, આપણો રાજા રાજ્યલક્ષ્મીથી યુક્ત થઈ આટલા આટલા વિસ્તારવાળી પૃથ્વીનું પાલન કરો વગેરે આશીર્વાદ આપે છે. નાટકોમાંથી મળી આવતી ઝીણી ઝીણી બાબતો કરતાં આ પરચક્રના ભયનો ઉલ્લેખ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. કવિએ, परचक्र શબ્દને કંઈક ગંભીર સ્વરૂપમાં વાપરેલો હોય એમ લાગે છે. હિંદુસ્તાનના અન્ય રાજાઓના પરસ્પર વિગ્રહના સંબંધમાં परचक्रं प्रशाम्यतु એવો ઉલ્લેખ, નાટકના એક ગ્રંથમાં નહીં, પરંતુ અનેક ગ્રંથોમાં સામાન્ય રીતના વિગ્રહને માટે ભાગ્યે જ કરવામાં આવે. પરચક્ર શબ્દનો અર્થ Invasion by an enemy, one of the six ītis એવો ડીક્ષનરીમાં આપ્યો છે. અગ્નિમિત્રના પિતાના સમયમાં પણ ગ્રીક લોકોનો રાજા **મીનેન્ડર** હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યો હતો. તે સમયે આવા પ્રકારનો ઉપદ્રવ ભવિષ્યમાં શાંત થાવ, એ પ્રાર્થના કરતાં **કાલિદાસે** **અગ્નિમિત્રના** મુખમાં એવા જ [illegible]નું ભરતવાક્ય મૂક્યું છે, પરંતુ તેને મોટું સ્વરૂપ આપ્યું નથી.

आशास्यमीतिविगमप्रभृति प्रजानाम्
संपत्स्यते न खलु गोप्तरि नाग्निमित्रे

આ **ઇતિ** પણ પરચક્રનો ભય સૂચવે છે. શાકુન્તલ અને વિક્રમોર્વશીયનાં ભરત-વાક્યોમાં આવો કોઈ પણ જાતનો ભય સૂચવ્યો નથી.

આ ઉપરથી જણાઈ આવે છે કે દૈવકોપ-પ્રકૃતિકોપ-પરરાજ્યનો મહા ઉત્પાત, ઇત્યાદિ જે છ પ્રકારની ઇતિઓ અથવા ઉત્પાત ગણાય છે, તેવા ગંભીર અર્થમાં મહા-કવિ ભાસે પોતાનાં નાટકોના ભરતવાક્યમાં **પરચક્ર**નો ઉલ્લેખ કર્યો છે અને એકનો એક શ્લોક બધાં નાટકોમાં ન લખતાં, જેમ જેમ વસ્તુસ્થિતિ બદલાતી ગઈ, તેમ તેમ તેમાં કંઈ કંઈ ફેરફાર કરી નીચે પ્રમાણે લખ્યું છે.

પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ-અવિમારક-અને અભિષેક નાટકમાં પરચક્રની શાન્તિ થાવ ઇત્યાદિ પ્રાર્થનાવાળાં વચનો નીચે પ્રમાણે છે.

भवन्त्वरजसो गावः परचक्रं प्रशाम्यतु,
इमामपि महीं कृत्स्नां राजसिंहः प्रशास्तु नः।

ઉરુભંગમાં નીચે પ્રમાણે ભરતવાક્ય છે.

यातोद्य सौप्तिकवधोद्यतबाणपाणिः
गां पातु नो नरपतिः शमितारिपक्षः।

કર્ણભારમાં છેલ્લા બે શ્લોક નીચે પ્રમાણે છે.

शंखध्वनिः प्रलयसागरतुल्यघोषः
कृष्णस्य वा न तु भवेत् स तु फाल्गुनस्य.
नूनं युधिष्ठिरपराजयकोपितात्मा
पार्थः करिष्यति बलाबलमद्य युद्धम्। २४
सर्वत्र संपदः सन्तु नश्यन्तु विपदः सदा
राजा राजगुणोपेतः भूमिमेकः प्रशास्तु नः। २५

દૂતઘટોત્કચમાં નીચે પ્રમાણે છે:—

धर्मं समाचर कुरु स्वजनव्यपेक्षां
यत्कांक्षितं मनसि सर्वमिहानुतिष्ठ।
जात्योपदेश इव पाण्डवरूपधारी
सूर्यांशुभिः सममुपैष्यति नः कृतान्तः।

પછી જેમ પરચક્રની શાન્તિ થઈ હોય અને આખું રાજ્ય પ્રસન્ન થયું હોય, તેમ નીચે પ્રમાણે ભરતવાક્યો છે.

પંચરાત્રમ્

हन्त सर्वे प्रसन्नाः स्म प्रवृद्धकुलसंग्रहाः
इमामपि महीं कृत्स्नां राजसिंहः प्रशास्तु नः ।

મધ્યમવ્યાયોગમાં—

यथा नदीनां प्रभवः समुद्रो
यथाहुतीनां प्रभवो हुताशः ।
यथेन्द्रियाणां प्रभवं मनोपि
तथा प्रभुर्नो भगवानुपेन्द्रः ।

પ્રતિમાનાટકમાં—

यथा रामश्च जानक्या बन्धुभिश्च समागतः
तथा लक्ष्म्या समायुक्तो राजा भूमिं प्रशास्तु नः ।

વળી શાન્તિના સમયમાં વિસ્તાર પામેલા રાજ્યની સીમા દર્શાવી પોતાના રાજાની એકછત્ર નીચે વિશ્રામ પામતી ભૂમિનું વર્ણન કરી નીચેનાં આશીર્વચનો **સ્વપ્નવાસવદત્તા** અને **બાલચરિત** નાટકમાં આપેલાં છે.

इमां सागरपर्यन्तां हिमवद्विन्ध्यकुंडलाम्.
महीमेकातपत्रांकां राजसिंहः प्रशास्तु नः ।

એ મહાકવિએ આ પ્રમાણે પરચક્રના સંબંધમાં પોતાના રાજાને આશીર્વાદ આપતાં ભરતવાક્યો પોતાના નાટકોમાં મૂકેલાં છે, તે ઉપરથી એમ માની શકાય કે, જે સમયમાં ભાસ કવિ થયા હતા, તે સમયમાં તેમના આશ્રયદાતા રાજા ઉપર આવો પરચક્રનો ભય આવી ગયો હતો અને પરિણામે વિજય થતાં રાજ્યની સરહદ ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં વિન્ધ્ય અને પશ્ચિમ તથા પૂર્વમાં સાગર સુધી પહોંચી હશે અને એ રાજા એક છત્રે રાજ્ય ચલાવતો હશે. આ રાજા કયો, તે હવે પછી વિચારીશું.

(૨) કૃષ્ણભક્તિ

બીજી એક લક્ષ ખેંચે તેવી બીના એ છે કે, ભાસના વખતમાં **ભાગવતમાં** દર્શાવેલી કૃષ્ણની અવતારીપુરુષ તરીકેની ભક્તિ વધારે પ્રચલિત હશે અને વિષ્ણુની અવતારપૂજાનું કંઈક વિશેષ પ્રાધાન્ય હશે, એમ લાગે છે. એમનાં નાટકોમાં ઘણી ખરી નાંદીઓમાં વિષ્ણુની અને તેમના અવતારોની સ્તુતિ જોવામાં આવે છે. **ભાસ** કવિએ પોતાના बालचरित નાટકમાં, **ભાગવતમાં** વર્ણવેલી તમામ કૃષ્ણની બાળલીલાઓ જેવી કે–કંસવધ, પૂતનાવધ, ગોવર્ધનધારણ અને ગોપ ગોપીઓની લીલા

વગેરેનો ઉલ્લેખ સંપૂર્ણ રીતે કરેલો જણાય છે. **કાલિદાસ**નાં નાટકો અને કાવ્યોની પેઠે તેમાં **શંકર**ની સ્તુતિ કોઈ પણ સ્થળે કરેલી જોવામાં આવતી નથી. ભાસે પોતાના રાજાને કોઈ કોઈ ઠેકાણે નીચે પ્રમાણે નાન્દીમાં પણ આશીર્વચન કહેલાં છે.

संभुक्तां प्रीतिपूर्वं स्वभुजवशगतामेकचक्राभिगुप्तां
श्रीमान् नारायणस्ते प्रदिशतु वसुधामुच्छ्रितैकातपत्राम्

આવા પ્રકારની ભક્તિ કયારે વિશેષ પ્રચારમાં હતી?

(૩) બુદ્ધધર્મ

મહા કવિ **કાલિદાસ**નામાં બુદ્ધધર્મ સંબંધી એક શબ્દ સરખો પણ જણાતો નથી, ત્યારે ભાસકવિના સમયમાં બુદ્ધ ધર્મની આછી આછી છાયા જોવામાં આવે છે અને બ્રાહ્મધર્મનો એ ધર્મ પ્રત્યે કંઇક તિરસ્કાર પણ હતો એમ લાગે છે.

नाहं श्रमणकः । यदि वल्लभपनयामि श्रमणकी भवामि । अन्धश्रमणिका–ઇત્યાદિ શબ્દો **અ**વિમારક નાટકમાં જોવામાં આવે છે. વળી धर्मसंकरवर्जिता भूमिः । ઇત્યાદિ શબ્દો પણ **બ્રા**હ્મધર્મમાં થતું બુદ્ધ ધર્મનું મિશ્રણ સૂચવે છે અને મુંડક ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ પણ જોવામાં આવે છે જે આક્ષેપપૂર્વક છે.

(૪) મંત્ર તંત્રો.

ભાસ કવિના સમયમાં **મંત્ર** અને **તાં**ત્રિક વિદ્યાનો પ્રચાર હશે અને સામાન્ય લોકોની એકલાની નહીં, પરંતુ કેળવાયેલા વિદ્વાનોની પણ એ ઉપર શ્રદ્ધા હશે એવું સૂચન એમના **અ**વિમારક નાટક ઉપરથી જણાઈ આવે છે.

(૫) ભાષા વગેરે

ભાસ કવિની ભાષા, કાલિદાસના કરતાં કંઈક જૂની લાગે છે. તેની નાટકની રચના પણ નાટ્યકલાવિધાનના પ્રારંભના કાળમાં એ કવિ થયા હોય એમ સૂચવે છે અને એમના વ્યાકરણના પ્રયોગો ઉપરથી રા. ગણપતિ શાસ્ત્રી એમ જણાવે છે કે, એ વર્ષોપાધ્યાયના શિષ્ય પાણિની મુનિના પણ પહેલાં થયા હોવા જોઇએ.

(૬) ભામહ, ભાસ અને ચાણક્ય

ચંદ્ર ગુપ્તના સમયમાં થયેલા **ચા**ણક્ય અથવા વિષ્ણુગુપ્તે પોતાના **અર્થશાસ્ત્ર**માં नवंशरावं सलिलैः सुपूर्णं ઇત્યાદિ જે શ્લોક મૂકેલો છે, તે ભાસ કવિના **પ્ર**તિજ્ઞાયૌગન્ધરાયણમાં જોવામાં આવે છે. તે ઉપરથી ગણપતિ શાસ્ત્રી એમને **ચા**ણક્યની પૂર્વે મૂકે છે તે ખરું હશે કે કેમ?

આ મહા કવિ ભાસનાં નાટકો અત્યંત પ્રસિદ્ધિમાં ન આવતાં અંધકારમાં પડી
(૭) અપ્રસિદ્ધિ રહ્યાં હતાં, તેનું કારણ શું હશે?

(૮) ભાસ અને કાલિદાસનાં નાટકોની સમાનતા.

(૯) ભાસ અને કાલિદાસ.

(૧૦) કાલિદાસ અને અગ્નિમિત્ર.

આવા અનેક પ્રશ્નો ભાસના સમયના સંબંધમાં ઉપસ્થિત થાય છે. એ પ્રશ્નોનો સંપૂર્ણ ખાત્રી ભરેલો ખુલાસો તો હાલમાં થઈ શકે તેમ જ નથી, કારણ કે તેમનાં બધાં નાટકો હજી પ્રસિદ્ધિમાં આવ્યાં નથી, પરંતુ જે કંઈ પ્રસિદ્ધ થયાં છે તે ઉપરથી જોતાં તથા ઉપરના પ્રશ્નોને ઇતિહાસનાં પ્રમાણો સાથે ઘટાવતાં, એ કવિનો સમય કયો વધારે સંભવિત લાગે છે, તે સંબંધી આપણે અનુક્રમે વિચાર કરીએ.

ભાસનો સમય.

(૧) પરચક્રનો ભય—આગળ જણાવી ગયા પ્રમાણે

सवन्त्वरजसो गावः परचक्रं प्रशाम्यतु ।
इमामपि महीं कृत्स्नां राजसिंहः प्रशास्तु नः ॥

વગેરે વિવિધ **ભરતવાક્યોમાં પરચક્રનો** જે ભય બતાવ્યો છે, તે દેશને ખળભળાવી નાખનાર કોઈ મહા ઉત્પાતરૂપ **પરરાજાની** ચઢાઇને ઉદ્દેશીને લખેલો હોય એમ લાગે છે; દેશની અંદરના નાના અથવા મોટા રાજાના પરસ્પર વિગ્રહને ઉદ્દેશીને હોય એમ લાગતું નથી. વિવિધ સ્થિતિ દર્શાવનારાં ભરતવાક્યો ઉપરથી, એકંદર રીતે જોતાં આ **પરચક્રનો** ભય હિન્દુસ્તાનની બહારના વિદેશીય રાજાઓના ભયંકર હુમલાનો છે એમ માનવું પડે છે. વળી જે રાજાના ઉપર આવો મહાભય આવી પડ્યો હતો, તે કોઈ સામાન્ય રાજા નહીં પરંતુ **ભાસ** કવિ જેની–

राजसिंहः प्रशास्तु नः । राजा राजगुणोपेतः भूमिमेकः प्रशास्तु नः ।
यथा नदीनां प्रभवः समुद्रो । यथाहुतीनां प्रभवो हुताशः
यथेन्द्रियाणां प्रभवं मनोपि । तथा प्रभुर्नो भगवानुपेन्द्रः॥

રાજસિંહ, રાજગુણોપેત, ઉપેન્દ્ર ઇત્યાદિ મહત્તાસૂચક શબ્દોથી પ્રશંસા કરે છે, તે એમનો આશ્રયદાતા, કોઈ મહાચક્રવર્તિ રાજા હોવો જોઇએ, એમાં પણ શંકા કરવાનું કારણ જણાતું નથી.

ઉદયનની પછીના કાળમાં અને કાલિદાસની પૂર્વના કાળમાં, એટલે ઈ૦ સ૦ પૂર્વે ૪૭૫ થી ઇ. સ. પૂર્વે પહેલા શતક સુધીમાં, આવા ચાર જ મહાન્ રાજાઓ થયેલા છે. (૧) **નંદવંશનો રાજા મહાપદ્મનંદ** (૨) **મહારાજા ચન્દ્રગુપ્ત.** (૩) **મહાન્ અશોક** અને (૪) **પુષ્પમિત્ર.**

(૧) નંદરાજા

આમાંનો **મ**હાપદ્મનંદ રાજા ઘણો બળવાન્ હતો. તે ઇ. સ. પૂર્વે ૩૨૦ માં રાજગાદી ઉપર હતો. એનું રાજ્ય ઘણા વિસ્તારવાળું હતું, પરંતુ એ હજામનો પુત્ર હતો. નીચ કુળનો હોવાથી પ્રજાની તેના ઉપર અપ્રીતિ હતી. એ સ્વભાવે ઘણો ઉડાઉ અને લોભિષ્ઠ હતો. જે વખતે મહાન્ **સી**કંદરે **હિન્દુસ્તાન** ઉપર સ્વારી કરી, તે વખતે એ **મ**ગધ દેશની ગાદી ઉપર રાજ્ય કરતો હતો. **ચં**દ્રગુપ્ત આ વખતે નાની ઉમરનો હતો અને **નં**દરાજા સાથે વૈર થતાં દેશવટો ભોગવતો હતો. એવું કહેવામાં આવે છે કે, **ચં**દ્રગુપ્ત **સી**કંદરને મળ્યો હતો અને જણાવ્યું હતું કે જો તમે તમારી સ્વારી આગળ પૂર્વ તરફ લઈ ગયા હત તો, **મ**ગધ રાજ્યનો બધો ભાગ તમારા કબજામાં આવત, કારણ કે પ્રજાની એ રાજા ઉપર ઘણી ઇતરાજી છે. (૧) આ ઉપરથી જણાય છે કે, મહાન **સી**કંદરની સ્વારી તે સમયે **મ**ગધ રાજ્ય સુધી આવી ન હતી, એટલે એના ઉપર **પ**રચક્રનો ભય આવી પડ્યો ન હતો. **ભાસ** કવિ આ રાજાના વખતમાં થયા હોય એમ સંભવતું નથી, કારણ કે જેણે સમસ્ત પ્રજાનો તિરસ્કાર મેળવ્યો હતો, એવા એ અપ્રિય રાજાની, **ભાસ** જેવો મહાકવિ राजा राजगुणोपेतः । भगवानुपेन्द्रः વગેરે શબ્દોમાં પ્રશંસા કરે નહીં. આ રાજા એક છત્રે રાજ્ય કરતો હતો, એ વાત ઘણે અંશે ખરી છે, પરંતુ પ્રજાના તિરસ્કારને પાત્ર થયેલો હોવાથી તે કવિઓની પ્રશંસાને પાત્ર થાય, એ માનવામાં આવતું નથી. વળી એના રાજ્યનો વિસ્તાર **ભાસે** આપેલા રાજ્યના વિસ્તારની સાથે મળતો આવતો નથી, એટલે એના રાજ્યમાં **ભાસ** કવિ થયા હોય એમ માની શકાતું નથી. પ્રજાની પ્રીતિ સંપાદન કરનાર અને સદ્ગુણી રાજાઓ જ માત્ર કવિઓની પ્રશંસાને પાત્ર થઈ ચિરંજીવી થઈ રહે છે; તેવા એનામાં ગુણો હતા નહીં, એટલે **ભાસ**નો સમય આ રાજાના વખતમાં માની શકાતો નથી.

---

(૧) જુવો મી૦ **વિનસેન્ટ સ્મીથની** અર્લીહીસ્ટરી ઑફ **ઈન્ડીયા**–
પાનું–૩૭–૩૯–૧૧૫.
પ્લુટાર્ક–અલેકઝાન્ડર–ચેપ્ટર–૬૨
વિષ્ણુપુરાણ–નંદવંશની વંશાવલિ.

હિન્દુસ્તાન ઉપર સ્વારી કર્યા પછી જિતેલાં રાજ્યોનો બંદોબસ્ત કરી મહાન સીકંદર પાછો ગયો અને ઈ. સ. પૂર્વે ૩૨૩ ના જૂન

(૨) મહારાજા ચંદ્રગુપ્ત

માસમાં મરણ પામ્યો. સ્વારી કરી પાછા જતાં અલેક્ઝાન્ડરે પંજાબ વગેરે પ્રદેશોનો વહીવટ કરવાને માટે ફીલીપોઝ નામે ગવર્નર નીમી તેને મેસીડોનીયન અને હિન્દનું લશ્કર આપ્યું હતું. એ જ પ્રમાણે પોરસ રાજાને તથા તક્ષિલાના અંભિરાજાને પણ એ પ્રાન્તોની દેખરેખ સોંપી હતી. થોડો કાળ ગયા પછી દેશી લશ્કરે બળવો કરી ફીલીપોઝને મારી નાંખ્યો. અલેકઝાન્ડર જ્યારે કારમાનીયામાં હતો, ત્યારે એને આ વાતની ખબર પડી, તેથી તેણે યુડેમોસને મોકલાવ્યો. ઇ. સ. પૂર્વે ૩૨૩ ના જૂન માસમાં અલેકઝાન્ડર મરણ પામ્યો, અને ફરીથી પાછો આવવાનો તેનો ભય નિર્મૂળ થતાં બળવો બધે પ્રસરી રહ્યો. આ બળવાનું પરિણામ એ થયું કે, અલેકઝાન્ડરે હિન્દુસ્તાનમાં પ્રસારેલી ગ્રીક સત્તા લગભગ નાશ પામી.

આ બળવાખોરોનો નેતા લગભગ ૨૫ વર્ષની ઉમરનો ઉછરતો યુવાન્ ચંદ્રગુપ્ત હતો. જે નંદરાજા મગધની ગાદી ઉપર હતો, તેની સાથે એને વેર હતું, એ વાત આપણે આગળ જણાવી છે. આ પ્રસંગોનો લાભ લઈ ચંદ્રગુપ્તે મોટું લશ્કર જમા કરી પંજાબમાંથી તમામ ગ્રીક લોકોને હાંકી કાઢયા. ત્યાર પછી ચન્દ્રગુપ્તે પોતાના શત્રુરૂપ નંદરાજાને પદભ્રષ્ટ કરવાની પેરવી ચલાવી. એ રાજા પ્રજામાં ઘણો અણમાનીતો થઈ ગયો હતો, ઘણો લોભી અને દુર્ગુણી હતો, તેથી લોકોની લાગણી તેની વિરુદ્ધ હતી; એ પ્રસંગનો લાભ લઈ ચન્દ્રગુપ્તે તેને પદભ્રષ્ટ કરી મારી નાંખ્યો. આ પ્રમાણે નંદરાજાને પદભ્રષ્ટ કરી મગધની ગાદી હાથ કરવામાં અને તે રાજ્યની સર્વોપરિ સત્તા પ્રસારવામાં ચન્દ્રગુપ્તનો સલાહકાર અને મદદગાર ચાણાક્ય નામે બ્રાહ્મણ હતો. મગધરાજની ગાદી હાથમાં આવતાં ૩૦,૦૦૦ ઘોડેસ્વાર, ૯૦૦૦ હાથીઓ, ૬૦૦,૦૦૦ લાખ પાયદળ અને હજારો રથવાળા સૈન્યનો ચન્દ્રગુપ્ત સ્વામી થયો અને પોતાની સત્તા પ્રસારવા લાગ્યો. ચારે તરફ વિજય મેળવી ચંદ્રગુપ્તે પોતાનું રાજ્ય થાળે પાડ્યું. તે વખતે તેના રાજ્યની સરહદ **ઉત્તરે હિમાલયથી દક્ષિણે વિંધ્યાચળ** સુધી અને **પૂર્વે બંગાળના સમુદ્રથી તે પશ્ચિમે અરબી સમુદ્ર** સુધી હતી. એટલે કે ઇ. સ. પૂર્વે ૩૨૧ થી તે ઇ. પૂ. ૩૦૫ સુધીમાં બહારના ઉપદ્રવ શાન્ત થઈ જતાં એના રાજ્યની આ પ્રમાણે સ્થિતિ હતી. (૧)

(૧) વી. સ્મીથ્સ હીસ્ટરી. પાનું ૧૧૫. ૧૧૬. ૧૩૬.
એ. મેકડોનેલ્સ હીસ્ટરી ઓફ સંસ્કૃત લીટરેચર પાનું ૪૧૦.
Wheelers History of India.

દિવસે દિવસે **ચંદ્રગુપ્ત**ની સત્તા દ્રઢ થતી હતી, અને રાજ્યમાં સલાહ શાન્તિ પ્રસરતાં સઘળું રાજ્ય થાળે પડ્યું હતું. આ ગાળો લગભગ પંદરેક વર્ષનો હતો.

મહાકવિ **ભાસે સ્વપ્ન**વાસવદત્તા અને **બાલ**ચરિતમાં રાજ્યની ઉપદ્રવ રહિત સ્થિતિ બતાવતાં પોતાના રાજાના રાજ્યની સરહદ સૂચવી છે તે નીચે પ્રમાણે છે.

इमां सागरपर्यन्तां हिमवद्विन्ध्यकुंडलां
महीमेकातपत्रांकां राजसिंहः प्रशास्तु नः

આ બંને નાટકોમાં પરચક્રનો કોઈ પણ ભય બતાવેલો જણાતો નથી, પરંતુ ઉત્તરે **હિમાલય**, **દક્ષિણે વિન્ધ્ય** અને **પૂર્વ પશ્ચિમ સમુદ્ર**, એની વચ્ચે આવેલી પૃથ્વીનું રાજાઓમાં સિંહરૂપ આપણો રાજા એક છત્રે રાજ્ય કરો, એમ દર્શાવ્યું છે. આ સઘળી પરિસ્થિતિ **ચંદ્રગુપ્ત**ના રાજ્યના પ્રારંભના કાળને સર્વ અંશે મળતી આવે છે.

યુરોપિયન ઈતિહાસકારો જેને Chandragupta, the first historical paramount sovereign or Emperor of India કહે છે, તે રાજાને **ભાસ** કવિ, **રાજ**સિંહ, ભગવાન્ ઉપેન્દ્ર વગેરે નામથી ઓળખાવે, તો તેમાં આશ્ચર્ય જેવું નથી. **ભાસ**કવિએ બતાવેલી શાંતિની રાજ્યસ્થિતિ **ચંદ્રગુપ્ત**ના રાજ્યના પ્રારંભના ૧૫ વર્ષ સૂધી ચાલુ રહી હતી, એમ આપણને ઉપરનાં પ્રમાણોથી સ્પષ્ટ જણાઈ આવે છે; એટલે **ભાસ**કવિ એમના રાજ્યમાં થયા હશે અને स्वप्नवासवदत्ता, बालचरित्त એ બંને નાટકો એ શાન્તિના સમયમાં એમણે લખ્યાં હશે, એમ માનવાને કારણ મળે છે.

પરચક્ર

આ પ્રમાણે થોડો કાળ શાન્તિ ચાલ્યા પછી **હિન્દુસ્તાન**ની સરહદ બહારનું વાતાવરણ તોફાની થવા લાગ્યું. **એસીયા**માં સર્વોપરિ સત્તા મેળવવાને માટે **અલેકઝાન્ડરે** મૂકેલા સેનાધિપતિઓમાં પરસ્પર વિગ્રહ જાગવા માંડ્યો. **એન્ટીગોનસ** અને **સેલ્યુકસ** વચ્ચે પ્રથમ વિગ્રહ જાગ્યો. **અલેકઝાન્ડરે** વશ કરેલા **હિન્દુસ્તાન**ના રાજ્યને પાછું પચાવી પડવાનો બંને પ્રયત્ન કરવા લાગ્યા. પ્રથમ વિગ્રહમાં **એન્ટીગોનસ** ફાવી ગયો અને **સેલ્યુકસ**ને નસાડી મૂક્યો, પરંતુ ઇ. સ. પૂર્વે ૩૧૨ માં તેણે **બાબીલોન** જિતી લીધું અને પાંચ છ વર્ષના ગાળામાં તે પશ્ચિમ અને મધ્ય **એશિઆ**નો રાજા થઈ પડ્યો. એના રાજ્યની પૂર્વસરહદ છેક **હિન્દુસ્તાન**ની સરહદ ઉપર આવીને અટકી હતી. આથી **અલેકઝાન્ડર**ની પેઠે **હિન્દુસ્તાન** પાછું જિતી લેવાની ઘણા-વખતથી તેના મનમાં રહેલી આકાંક્ષાએ પ્રબળરૂપ ધારણ કર્યું. ઇ. સ. પૂર્વે ૩૦૫ માં તેણે **સિન્ધુનદી** ઓળંગી **અલેકઝાન્ડર**ની પેઠે **હિન્દુસ્તાન** ઉપર ધસારો કર્યો.

(૨) **મહારાજા ચંદ્રગુપ્ત**

હિન્દુસ્તાન ઉપર સ્વારી કર્યા પછી જિતેલાં રાજ્યોનો બંદોબસ્ત કરી મહાન **સીકંદર** પાછો ગયો અને ઈ. સ. પૂર્વે ૩૨૩ ના જૂન માસમાં મરણ પામ્યો. સ્વારી કરી પાછા જતાં **અલેક્ઝાન્ડરે** **પંજાબ** વગેરે પ્રદેશોનો વહીવટ કરવાને માટે **ફીલીપોઝ** નામે ગવર્નર નીમી તેને મેસીડોનીયન અને હિન્દનું લશ્કર આપ્યું હતું. એ જ પ્રમાણે **પોરસ** રાજાને તથા તક્ષિલાના **અંભિરાજાને** પણ એ પ્રાન્તોની દેખરેખ સોંપી હતી. થોડો કાળ ગયા પછી દેશી લશ્કરે બળવો કરી **ફીલીપોઝને** મારી નાંખ્યો. **અલેક્ઝાન્ડર** જ્યારે **કારમાનીયામાં** હતો, ત્યારે એને આ વાતની ખબર પડી, તેથી તેણે **યુડેમોસને** મોકલાવ્યો. ઇ. સ. પૂર્વે ૩૨૩ ના જૂન માસમાં **અલેક્ઝાન્ડર** મરણ પામ્યો, અને ફરીથી પાછો આવવાનો તેનો ભય નિર્મૂળ થતાં બળવો બધે **પ્રસરી** રહ્યો. આ બળવાનું પરિણામ એ થયું કે, **અલેક્ઝાન્ડરે** **હિન્દુસ્તાનમાં** પ્રસારેલી **ગ્રીક** સત્તા લગભગ નાશ પામી.

આ બળવાખોરોનો નેતા લગભગ ૨૫ વર્ષની ઉમરનો ઉછરતો યુવાન્ **ચંદ્રગુપ્ત** હતો. જે **નંદરાજા** મગધની ગાદી ઉપર હતો, તેની સાથે એને વેર હતું, એ વાત આપણે આગળ જણાવી છે. આ પ્રસંગોનો લાભ લઈ ચંદ્રગુપ્તે મોટું લશ્કર જમા કરી **પંજાબમાંથી** તમામ **ગ્રીક** લોકોને હાંકી કાઢયા. ત્યાર પછી **ચન્દ્રગુપ્તે** પોતાના શત્રુરૂપ **નંદરાજાને** પદભ્રષ્ટ કરવાની પેરવી ચલાવી. એ રાજા પ્રજામાં ઘણો અણમાનીતો થઈ ગયો હતો, ઘણો લોભી અને દુર્ગુણી હતો, તેથી લોકોની લાગણી તેની વિરુદ્ધ હતી; એ પ્રસંગનો લાભ લઈ **ચન્દ્રગુપ્તે** તેને પદભ્રષ્ટ કરી મારી નાંખ્યો. આ પ્રમાણે **નંદરાજાને** પદભ્રષ્ટ કરી **મગધની** ગાદી હાથ કરવામાં અને તે રાજ્યની સર્વોપરિ સત્તા પ્રસારવામાં **ચન્દ્રગુપ્તનો** સલાહકાર અને મદદગાર **ચાણાક્ય** નામે બ્રાહ્મણ હતો. **મગધરાજની** ગાદી હાથમાં આવતાં ૩૦,૦૦૦ ઘોડેસ્વાર, ૯૦૦૦ હાથીઓ, ૬૦૦,૦૦૦ લાખ પાયદળ અને હજારો રથવાળા સૈન્યનો **ચન્દ્રગુપ્ત** સ્વામી થયો અને પોતાની સત્તા પ્રસારવા લાગ્યો. ચારે તરફ વિજય મેળવી ચંદ્રગુપ્તે પોતાનું રાજ્ય થાળે પાડ્યું. તે વખતે તેના રાજ્યની સરહદ **ઉત્તરે હિમાલયથી દક્ષિણે વિંધ્યાચળ** સૂધી અને **પૂર્વે બંગાળના સમુદ્રથી** તે **પશ્ચિમે અરબી સમુદ્ર** સૂધી હતી. એટલે કે ઇ. સ. પૂર્વે ૩૨૧ થી તે ઇ. પૂ. ૩૦૫ સૂધીમાં બહારના ઉપદ્રવ શાન્ત થઈ જતાં એના રાજ્યની આ પ્રમાણે સ્થિતિ હતી. (૧)

---

(૧) **વી. સ્મીથ્સ** હીસ્ટરી. પાનું ૧૧૫. ૧૧૬. ૧૩૬.

એ. મેકડોનેલ્સ હીસ્ટરી ઓફ સંસ્કૃત લીટરેચર પાનું ૪૧૦.

Wheelers History of India.

ત્યારે પૂર્વના કરતાં પણ દેશમાં ભારે ત્રાસ અને ખળભળાટ ઉત્પન્ન થવા પામ્યા હશે. આ મહાભયને નિર્મૂળ કરવા **મગધરાજ ચંદ્રગુપ્ત** પોતાની ચતુરંગિણી સેના લઇને સેલ્યુકસની સામે ચઢ્યો અને પરિણામે વિજય પામ્યો.

મહાકવિ **ભાસે** પોતાનાં **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ, અવિમારક** અને **અભિષેક નાટકમાં** ત્રણે ઠેકાણેઃ—

भवन्त्वरजसो गावः परचक्रं प्रशाम्यतु ।
इमामपि महीं कृत्स्नां राजसिंहः प्रशास्तुनः ॥

વગેરે શબ્દોમાં પોતાના રાજા અને પ્રજા ઉપરની પરચક્રની આપત્તિની શાંતિ થવાને જે સ્તુતિ કરેલી છે, તે આ મહાભયને ઉદ્દેશીને જ હશે એમ માનવાનું કારણ મળે છે. વળી એ જ **અવિમારક** નાટકના પ્રારંભના મંગળ શ્લોકમાં પોતાના રાજાને ઉદ્દેશીને કવિએ નીચે પ્રમાણે આશીર્વાદ પણ આપેલો છે કે—

उत्क्षिप्तां सानुकंपं सलिलनिधिजलात् एकदंष्ट्राग्ररूढाम् ।
आक्रान्तामाजिमध्ये निहितदितिसुतामेकपादावधूताम् ॥
संमुक्तां प्रीतिपूर्वं स्वभुजवशगतामेकचक्राभिगुप्ताम् ।
श्रीमान्नारायणस्ते प्रदिशतु वसुधामुच्छ्रितैकातपत्राम् ॥

નાટકના પ્રારંભના મંગળ શ્લોકમાં, પોતાના રાજાને પ્રભુ પૃથ્વીનું એક છત્રે રાજ્ય આપો, એવો આશીર્વાદ બીજાં નાટકોમાં એમણે આપ્યો નથી. વળી **ઉરુભંગનાટકમાં, દૂતઘટોત્કચમાં** અને **કર્ણભારમાં**

यातोऽद्य सौप्तिकवधोद्यतबाणपाणिः ।
गां पातु नो नरपतिः शमितारिपक्षः ।
जात्योपदेश इव पांडवरूपधारी
सूर्यांशुभिः सममुपैष्यति नो कृतान्तः ।

शंखध्वनिः प्रलयसागरतुल्यघोषः
कृष्णस्य वा नतु भवेत् स तु फाल्गुनस्य, ।
नूनं युधिष्ठिरपराजयकोपितात्मा,
पार्थः करिष्यति बलाबलमद्य युद्धम् ।

ઇત્યાદિ અંતના શ્લોકો, જો કે વસ્તુને અનુસરીને અર્જુનના સંબંધમાં કહેલા છે, તોપણ જાણે આવી પડેલા ભયની સામે થતા પોતાના રાજાની પ્રશસ્તિને ઉદ્દેશીને ગર્ભિત રીતે કહેલા હોય, તેવું સૂચન થવા વિના રહેતું નથી. એટલું જ નહીં પણ,

એનાં લશ્કર આગળ વધતાં વધતાં **ગંગાના** પ્રદેશમાં ક્યાં સુધી આવી પહોંચ્યાં હતાં, તે નક્કી જણાયું નથી, પરંતુ જે લડાઈ થઈ, તેનું પરિણામ શું આવ્યું હતું, તે તો ચોક્કસ છે. **ચંદ્રગુપ્ત** અને **સેલ્યુકસ** વચ્ચે સંગ્રામ થયો, પરંતુ **ચંદ્રગુપ્તના** અસંખ્ય દળ આગળ **સેલ્યુકસનું** કંઈ ચાલ્યું નહીં, તેથી હારખાઈ આખરે નમતી આપી સલાહ કરવી પડી. **સેલ્યુકસે** તહનામાની રુહીએ, **પેરોપેનીસેડાઈ**, **એરીઆ**, અને **આરા કોશીયા** એટલે **કાબુલ**, **હેરાત** અને **કંદહાર** જેની રાજધાની' હતાં, તે પ્રદેશો અને **ગેડોશીયાનાં** રાજ્યો **ચંદ્રગુપ્તને** આપ્યાં અને **ચંદ્રગુપ્તે** તેને બદલામાં પાંચસો હાથી આપ્યા. **સેલ્યુકસે હિન્દુસ્તાન** ઉપર ફરીથી સ્વારી નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી અને પોતાની એક પુત્રી **હિન્દુસ્તાનના** મહારાજા **ચંદ્રગુપ્તને** પરણાવી કાયમનો સંબંધ બાંધ્યો.* આ બીના ઈ૦ સ૦ પૂર્વે ૩૦૩ માં બની હતી. આ પ્રમાણે સલાહ કરી **સેલ્યુકસ** પાછો વળ્યો અને ઈ૦ સ૦ પૂર્વે ૩૦૧ માં પોતાના શત્રુ **એન્ટીગોનસને** મારી નાંખ્યો. આવી રીતે વિજય થતાં **ગ્રીક** લોકો જેને **પેરોપનીસોસ** નામે ઓળખતા હતા તે **હિન્દુકુશ** પર્વત સુધી ઉત્તરમાં અને બેકટ્રીયા સુધી દક્ષિણમાં ચંદ્રગુપ્તના રાજ્યની સહરદ પ્રસરી રહી. આ પ્રમાણે ઈંગ્રેજ પ્રજા અથવા **મોગલના** મહાન શાહેનશાહો, હજારો પ્રયત્નો છતાં એક છત્રે પોતાનું રાજ્ય જ્યાં સુધી પ્રસારી શક્યા ન હતા, ત્યાં સુધી આ **હિન્દુસ્તાનના** મહારાજાએ આજથી આશરે ૨૩૦૦ વર્ષ ઉપર પોતાના વાવટા ઉડાવ્યા હતા. અરાઢેક વર્ષના સ્વલ્પ સમયમાં આખા ઉત્તર હિન્દુસ્તાનમાં અને **એશીયાના** મોટા ભાગમાં તેણે પોતાનું રાજ્ય એક છત્રે પ્રસાર્યું હતું, જેથી તે ઇતિહાસમાં આજ સુધી નહીં નોંધાયેલા મહા વિજયી **સાર્વભૌમ** મહારાજાની પદવીને સર્વથા યોગ્ય ગણાય છે.

આ પ્રમાણે મહાન્ **ચન્દ્રગુપ્તના** વખતનો સપ્રમાણ ઇતિહાસ મળી આવે છે. **ચન્દ્રગુપ્ત** ગાદીએ બેઠો તે પહેલાં, છેલ્લા **નંદવંશના** રાજાના સમયમાં **અલેકઝાન્ડર** ધી ગ્રેટની મહા ઉત્પાતકારક સ્વારીથી, એટલે એ **પરચક્રના** ઉત્પાતથી જાણીતી થયેલી ઉત્તર તરફની પ્રજા ત્રાસી રહી હશે. તેમાં મુખ્યત્વે કરીને બ્રાહ્મણો વધારે ત્રાસ પામી રહ્યા હશે, કારણ કે જ્યારે **સીકંદર** રાજા, સરહદ ઓળંગી આ તરફ આવતો હતો, ત્યારે બ્રાહ્મણોએ સરહદ ઉપરની પ્રજાને ઉશ્કેરી એને ઘણો ત્રાસ આપ્યો હતો. આથી તેણે દેશમાં પ્રવેશ કર્યા પછી, પોતાના માર્ગમાં જ્યાં જ્યાં બ્રાહ્મણો મળ્યા, ત્યાં ત્યાં તેમની કતલ ચલાવી હતી. † આ પ્રમાણે **પરચક્રના** મહાઉત્પાતથી ત્રાસી રહેલી પ્રજાપર ફરીથી સ્વારી કરી **સેલ્યુકસે ગંગાના** પ્રદેશો સુધી પોતાનાં લશ્કરો ઉતાર્યાં,

* **સી૦ વિ. સ્મીથ્સ હીસ્ટરી.** પાનું ૧૧૭

† વ્હીલર્સ હીસ્ટરી ઓફ ઇન્ડીયા.

રાજ્યલક્ષ્મીને પુનઃ પામ્યો હોય, એવા કંઈક અર્થનું ભાસકવિએ આમાં સૂચન કર્યું છે. સેલ્યુકસની પુત્રીની ભેટ અને મગધ રાજની લક્ષ્મીનું ભયમાં આવી પડેલું સ્વામિત્વ પામી, બંધુઓને પાછા આવી મળેલા ચંદ્રગુપ્તની જાણે વિજય મેળવ્યા પછીની સ્થિતિ કવિએ દર્શાવી હોય, એમ આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપર જણાવેલી ઐતિહાસિક હકીકતો, ભાસે પોતાનાં નાટકોમાં બતાવેલી રાજ્યની સ્થિતિની સાથે તથા તેના વિસ્તાર સાથે ઘણે જ અંશે મળતી આવે છે, એટલે એ કવિ મહારાજા ચંદ્રગુપ્તના સમયમાં થયા હશે એમ ધારી શકાય છે.

ચંદ્રગુપ્તની પછી બીજો મહાન્ રાજા તેનો પૌત્ર અશોક થયો હતો. આ રાજાએ ચંદ્રગુપ્તે મેળવેલા રાજ્યમાં ઘણો જ વધારો કર્યો હતો.

(૩) મહાન્ અશોક. ચંદ્રગુપ્તના વખતમાં મગધરાજ્યની સરહદ વિંધ્યપર્વત સુધી હતી, પરંતુ અશોકના વખતમાં તો લગભગ આખો દક્ષિણનો ભાગ પણ એના તાબામાં આવ્યો હતો, અને એશીયાખંડમાં પણ ઉત્તર પશ્ચિમ તરફ તેના રાજ્યની સરહદ હિન્દુકુશ પર્વત સૂધી હતી. કાબુલ-બલુચિસ્તાન અને સ્વાતવેલી વગેરે ઉપર પણ એનું સ્વામિત્વ હતું. કાશ્મીરનો સઘળો પ્રદેશ પણ એના કબજામાં હતો અને એણે જ કાશ્મીરની રાજધાની શ્રીનગર બંધાવ્યું હતું. ચંદ્રગુપ્તના રાજ્ય કરતાં એના રાજ્યની સરહદ આ પ્રમાણે ઘણી વધી હતી. તે ભાસ કવિએ બતાવેલી સીમાની સાથે મળતી આવે તેમ નથી.

વળી મહાન્ અશોકના રાજ્યમાં પરચક્રનો ભય પણ આવી પડેલો જાણવામાં નથી. એ રાજાનો રાજ્યકાળ માત્ર ધર્મની ઉથલપાથલથી જ ભરેલો છે. એણે પોતે બુદ્ધધર્મ સ્વીકાર્યો અને એને જ રાજ્યધર્મ કરી એનું બળ લગભગ આખા એશીઆખંડમાં પ્રસારી દીધું. એ આપણા બ્રાહ્મણધર્મનો દ્વેષી હતો અને લોકોની પાસે બુદ્ધધર્મ સ્વીકારાવવાને પ્રજા ઉપર જુલમ પણ કરતો હતો, એવું ઇતિહાસકારો માને છે. બુદ્ધધર્મને અને બ્રાહ્મણધર્મને મૂળથી જ પરસ્પર વિરોધ ચાલતો આવ્યો છે, એટલે ભાસકવિ એ રાજાની આટલી પ્રશંસા કરે એમ સંભવતું નથી; તેમ આસપાસની સ્થિતિ જોતાં અશોકનો સમય એ ભાસનો સમય ન હોય એમ લાગે છે. અશોકના મરણ પછી મૌર્યવંશના રાજાઓ નબળા થયા અને પરિણામે શૃંગવંશના પુષ્પમિત્રે મગધરાજ પોતાને તાબે કર્યું.

મૌર્યવંશના છેલ્લા બૃહદ્રથ રાજાને મારી નાખી તેનો સેનાપતિ પુષ્પમિત્ર મગધરાજની ગાદી પચાવી પડ્યો. અશોકના વંશજો નબળા પડી

(૪) પુષ્યમિત્ર. ગયેલા હોવાથી, એ વિશાળ રાજ્યમાંથી ઘણા દેશો સ્વતંત્ર થઈ ગયા હતા. પુષ્પમિત્ર ગાદીએ આવ્યો ત્યારે પંજાબનો મુલક એના તાબામાં ન હતો, પરંતુ બધા મધ્યના અને બંગાળ તરફના પ્રદેશ તેની

ઉરુભંગના ભરતવાક્યમાં, સૌપ્તિક વધને માટે ધનુષબાણ ચઢાવીને ગયેલો **અર્જુન** (અથવા આપણો રાજા) શત્રુઓના પક્ષનો વિનાશ કરી પૃથ્વીનું પાલન કરો, એમ અડધો અર્જુનને અને અડધો પોતાના રાજાને ઉદ્દેશીને લખેલો શ્લોક, ઉપરના સૂચનને સમ્પૂર્ણ રીતે સ્પષ્ટ કરી આપે છે. ઉઘાડા શબ્દોમાં પોતાના રાજાની પ્રશંસા ન કરતાં, આવા ઉભય પક્ષે લાગુ પડે એવા શ્લોકોથી, **ભાસ** કવિએ પોતાના રાજાની યુદ્ધ સમયમાં પ્રશંસા કરી હોય, એવું ઉઘાડી રીતે જણાઈ આવે છે. એ ઉપરથી સ્વાભાવિક અનુમાન એવું બંધાઈ શકે કે, આ બધાં નાટકો એ અરસામાં લખાયાં હશે. પાછળના શાન્તિના કાળમાં જો એ લખાયેલાં હોય, તો આવો યુદ્ધની પ્રવૃત્તિસૂચક દ્વિઅર્થી ઉલ્લેખ એમાં ન હોય. પાછળનાં બીજાં નાટકોનાં ભરતવાક્યોમાં કવિએ શાન્તિસૂચક આશીર્વચનો મૂકેલાં છે, તેવાં જ તેમાં પણ મૂક્યા વિના રહેત નહીં. પરરાજ્યોના ઉત્પાતનો આ કાળ લગભગ બે વર્ષ સૂધીનો હતો એમ લાગે છે. ત્યાર પછી દેશમાં સર્વત્ર શાન્તિ પ્રસરી રહી હતી અને પરદેશીઓના હુમલાનો ભય રાખવાનું કંઈ કારણ રહ્યું ન હતું. ચંદ્રગુપ્તના રાજ્યની આ શાન્તિના કાળનું જેમ સૂચન કરતા હોય, અને સંતુષ્ટ થયેલી પ્રજાની શાન્તિના ઉદ્ગાર બતાવતા હોય, તેમ **ભાસ** કવિ, પોતાના **કર્ણભાર**, **પંચરાત્ર**, **મધ્યમવ્યાયોગ** અને **પ્રતિમા નાટકનાં** ભરતવાક્યોમાં લખે છે કે,

सर्वत्र संपदः सन्तु नश्यंतु विपदः सदा
राजा राजगुणोपेतः भूमिमेकः प्रशास्तु नः ।

સર્વત્ર સંપત્તિઓનો વિસ્તાર થાઓ, સર્વદાને માટે વિપત્તિઓનો નાશ થાવ, અને રાજાના શુભ ગુણોવાળો આપણો રાજા એક છત્રે ભૂમિનું પાલન કરો–

हन्त सर्वे प्रसन्नास्मः प्रवृद्धकुलसंग्रहाः
इमामपि महीं कृत्स्नां राजसिंहः प्रशास्तु नः ।
यथा नदीनां प्रभवः समुद्रो यथाहुतीनां प्रभवो हुताशः
यथेन्द्रियाणां प्रभवं मनोपि तथा प्रभुर्नो भगवानुपेन्द्रः ।

મધ્યમવ્યાયોગ.

વળી **પ્રતિમાનાટકમાં** લખે છે કે–

यथा रामश्च जानक्या बन्धुभिश्च समागतः
तथा लक्ष्म्या समायुक्तो राजा भूमिं प्रशास्तु नः ।

જેમ **રામચંદ્ર** પોતાના બંધુઓને અને **જાનકીને** ફરીથી મળ્યા હતા, તેમ બંધુઓનો અને રાજલક્ષ્મીનો સમાગમ પામેલો આપણો રાજા ભૂમિનું પાલન કરો. આ છેલ્લા શ્લોકમાંથી તો સ્પષ્ટ જણાઈ આવે છે કે, જાણે પોતાનો રાજા યુદ્ધમાં વિજય મેળવી પાછો આવી પોતાનાં બંધુઓઓને મળ્યો હોય અને હાથમાંથી નાશી જવા તત્પર થયેલી

રાજ્યલક્ષ્મીને પુનઃ પામ્યો હોય, એવા કંઈક અર્થનું ભાસકવિએ આમાં સૂચન કર્યું છે. સેલ્યુકસની પુત્રીની ભેટ અને મગધ રાજ્યની લક્ષ્મીનું ભયમાં આવી પડેલું સ્વામિત્વ પામી, બંધુઓને પાછા આવી મળેલા ચંદ્રગુપ્તની જાણે વિજય મેળવ્યા પછીની સ્થિતિ કવિએ દર્શાવી હોય, એમ આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપર જણાવેલી ઐતિહાસિક હકીકતો, ભાસે પોતાનાં નાટકોમાં બતાવેલી રાજ્યની સ્થિતિની સાથે તથા તેના વિસ્તાર સાથે ઘણે જ અંશે મળતી આવે છે, એટલે એ કવિ મહારાજા ચંદ્રગુપ્તના સમયમાં થયા હશે એમ ધારી શકાય છે.

(૩) મહાન્ અશોક. ચંદ્રગુપ્તની પછી બીજો મહાન્ રાજા તેનો પૌત્ર અશોક થયો હતો. આ રાજાએ ચંદ્રગુપ્તે મેળવેલા રાજ્યમાં ઘણો જ વધારો કર્યો હતો. ચંદ્રગુપ્તના વખતમાં મગધરાજ્યની સરહદ વિંધ્યપર્વત સૂધી હતી, પરંતુ અશોકના વખતમાં તો લગભગ આખો દક્ષિણનો ભાગ પણ એના તાબામાં આવ્યો હતો, અને એશીયાખંડમાં પણ ઉત્તર પશ્ચિમ તરફ તેના રાજ્યની સરહદ હિન્દુકુશ પર્વત સૂધી હતી. કાબુલ–બલુચિસ્તાન અને સ્વાતવેલી વગેરે ઉપર પણ એનું સ્વામિત્વ હતું. કાશ્મીરનો સઘળો પ્રદેશ પણ એના કબજામાં હતો અને એણે જ કાશ્મીરની રાજધાની શ્રીનગર બંધાવ્યું હતું. ચંદ્રગુપ્તના રાજ્ય કરતાં એના રાજ્યની સરહદ આ પ્રમાણે ઘણી વધી હતી. તે ભાસ કવિએ બતાવેલી સીમાની સાથે મળતી આવે તેમ નથી.

વળી મહાન્ અશોકના રાજ્યમાં પરચક્રનો ભય પણ આવી પડેલો જાણવામાં નથી. એ રાજાનો રાજ્યકાળ માત્ર ધર્મની ઉથલપાથલથી જ ભરેલો છે. એણે પોતે બુદ્ધધર્મ સ્વીકાર્યો અને એને જ રાજ્યધર્મ કરી એનું બળ લગભગ આખા એશીઆખંડમાં પ્રસારી દીધું. એ આપણા બ્રાહ્મણધર્મનો દ્વેષી હતો અને લોકોની પાસે બુદ્ધધર્મ સ્વીકારાવવાને પ્રજા ઉપર જુલમ પણ કરતો હતો, એવું ઇતિહાસકારો માને છે. બુદ્ધધર્મને અને બ્રાહ્મણધર્મને મૂળથી જ પરસ્પર વિરોધ ચાલતો આવ્યો છે, એટલે ભાસકવિ એ રાજાની આટલી પ્રશંસા કરે એમ સંભવતું નથી; તેમ આસપાસની સ્થિતિ જોતાં અશોકનો સમય એ ભાસનો સમય ન હોય એમ લાગે છે. અશોકના મરણ પછી મૌર્યવંશના રાજાઓ નબળા થયા અને પરિણામે શૃંગવંશના પુષ્પમિત્રે મગધરાજ પોતાને તાબે કર્યું.

(૪) પુષ્પમિત્ર. મૌર્યવંશના છેલ્લા બૃહદ્રથ રાજાને મારી નાખી તેનો સેનાપતિ પુષ્પમિત્ર મગધરાજ્યની ગાદી પચાવી પડ્યો. અશોકના વંશજો નબળા પડી ગયેલા હોવાથી, એ વિશાળ રાજ્યમાંથી ઘણા દેશો સ્વતંત્ર થઈ ગયા હતા. પુષ્પમિત્ર ગાદીએ આવ્યો ત્યારે પંજાબનો મુલક એના તાબામાં ન હતો, પરંતુ બધા મધ્યના અને બંગાળ તરફના પ્રદેશ તેની

સરહદમાં હતા. તેના રાજ્યની સરહદ દક્ષિણમાં **નર્મદા** સૂધી હતી, એમ માનવામાં આવે છે. કારણ કે **અગ્નિમિત્રના** સાળા **વીરસેનને નર્મદા**ના કીનારા ઉપરના કિલ્લામાં સરહદ સંભાળવાને નીમ્યો હતો, એમ **કાલિદાસે માલવિકાગ્નિ** મિત્રમાં લખેલું છે.*

પુષ્પમિત્ર **ચન્દ્રગુપ્ત**ના જેવો તો નહીં, પરંતુ તેનાથી ઉતરતો પ્રતાપી રાજા હતો. એના રાજ્ય કાળમાં, પશ્ચિમમાંથી **કાબુલ** અને **પંજાબ**ના રાજા **મીનેન્ડરે** મોટું સૈન્ય લઈ મધ્ય હિન્દુસ્તાનમાં પ્રવેશ કર્યો હતો. સિન્ધુનો પ્રદેશ જિતી લઈ **સૌ**રાષ્ટ્ર-**કા**ઠીઆવાડ તાબે કર્યું હતું, **માધ્યમિકો** એટલે **રજપૂતાના**માં આવેલા **ચિતોડ**ની પાસે **નાગરિક**ના પ્રદેશને તથા **સાકેત**-દક્ષિણ **અયોધ્યા**ના પ્રદેશોને ઘેરો ઘાલ્યો હતો, તથા **પાટલીપુત્ર**ને પણ ભય ઉપજાવ્યો હતો. **મીનેન્ડર**ની સાથે યુદ્ધ કરી, પુષ્પમિત્રે તેને હરાવી પાછો કાઢયો, પરંતુ પશ્ચિમ હિન્દુસ્તાન ઉપર તેની સત્તા થોડાં વર્ષ સૂધી ચાલુ રહી હતી.

(૧) લગભગ આ અરસામાં અથવા તેની પહેલાં, **કલિંગ**ના રાજા **ખારવેલે મગધ** રાજ્ય ઉપર હુમલો કર્યો હતો, અને યુદ્ધમાં જે વિજય મેળવ્યો હતો તેની પ્રશસ્તિમાં એ રાજાએ **કટકથી** ૧૯ માઇલ દૂર **ઉદયગિરિમાં હાથિગુંફા**ની ગુફામાં એક લેખ કોતરાવ્યો હતો. તેમાં એણે **મગધરાજ** પુષ્પમિત્રને નમાવ્યો એમ લખેલું છે; (મૌર્ય સંવત ૧૬૪-૬૫). પરંતુ આ વિજય માત્ર થોડો જ વખત ટકવા પામ્યો હશે એમ લાગે છે. ત્યારપછી પુષ્પમિત્રના પુત્ર **અગ્નિમિત્રે વિદર્ભ** રાજાને હરાવી તેનું રાજ્ય જિતી લીધું હતું.

† આ પ્રમાણે વિજય થતાં પુષ્પમિત્રે રાજસૂય યજ્ઞ આરંભ્યો અને અગ્નિમિત્રના પુત્ર **વસુમિત્ર**ને પોતાના યજ્ઞતોખારની રક્ષા કરવા સૈન્ય આપીને મોકલાવ્યો. તેણે કેટલાએક યવનો સામા થયા તેમનો પરાજય કર્યો, જે યવનો **સીંધુ**ના કીનારા આગળ સ્થિર થઈ રહેલા **મીયેન્ડર**ના સેનાપતિઓ હશે, એમ માનવામાં આવે છે.

પુષ્પમિત્ર રાજાએ **બુદ્ધધર્મ**ને ઉચ્છિન્ન કરી, પાછો **બ્રાહ્મણધર્મ** પ્રવર્તાવ્યો હતો, એમ કેટલાએક બુદ્ધ ઇતિહાસ ઉપરથી માલમ પડે છે, (૨) તે સલાહ શાંતિથી નહીં

---

* જુવો **માલવિકાગ્નિમિત્ર** મી૦ પંડિતની આવૃત્તિ.

(૧) Vincent Smith's History p. 186-87.

† **માલવિકાગ્નિમિત્ર** અંક ૫ મો.

(૨) **વીનસેન્ટ સ્મીથ્સહીસ્ટરી.** પાનું ૧૯૦.

પરંતુ બુદ્ધધર્મના વિહારોને છેક પંજાબ સુધી બાળી નાંખી અને તે ધર્મના સાધુઓની કતલ કરીને એ ધર્મનો નાશ કર્યો હતો.

ભાષ્યકાર પતંજલિ, પોતાના ભાષ્યમાં अरुणद्यवनः साकेतम् । अरुणद्यवनः माध्यमिकान् । इहपुष्पमित्रं याजयामः । વગેરે ઉલ્લેખથી યવનોની સવારી જાણે થોડા વખતમાં થઈ ગઈ હોય તથા રાજસૂયયજ્ઞ પણ પોતે જોયો હોય તેમ લખે છે. આ બધાં કારણોથી ભાષ્યકાર **પતંજલિ, પુષ્પમિત્રના** દરબારમાં થયા હતા, એમ માનવામાં બહુ શંકા રહેતી નથી. ગર્ગાચાર્ય, અશોકની ચોથી પેઢીએ મગધમાં ઇ. સ. પૂર્વે ૨૦૦ માં ગાદીએ આવેલા શાલિશૂકનો ઉલ્લેખ કરી યવનો સાકેત, (અયોધ્યા) પાંચાલ અને મથુરા વગેરે જિતી કુસુમધ્વજ સુધી જઈ પહોંચશે એમ લખે છે. આ ઉપરથી એમ માની શકાય કે એ પણ પુષ્પમિત્રના દરબારમાં થયા હશે, અથવા તો તે પછી પણ થયા હોય, કારણ કે પુરાણોના જેવો ભવિષ્યકાળ વાપરી એમણે પોતાના ગ્રંથને જૂનો ગણાવવાનો પ્રયત્ન પણ કર્યો હોય! એમ છતાં એટલું તો કહી શકાય કે, ભાષ્યકાર પતંજલિ અને ગર્ગાચાર્યને ઘણું અંતર નહીં હોય. પતંજલિ પ્રથમ અને ગર્ગાચાર્ય પછી હશે.

પુષ્પમિત્રના રાજ્યનો ઇતિહાસ ટુંકામાં આ પ્રમાણે છે. હવે મહાકવિ ભાસ આ રાજાના દરબારમાં થયા હોય, એમ સંભવે છે કે નહીં, તે સંબંધી વિચાર કરીએ. પુષ્પમિત્રના વખતમાં રાજ્ય ઉપર પરચક્રની આપત્તિ આવી પડી હતી, એ વાત તો ઇતિહાસથી સિદ્ધ છે, અને એ આપત્તિમાંથી એ વિજયી થઈ મુક્ત પણ થયો હતો, પરંતુ એ આપત્તિ, ભાસે જેવા ગંભીર સ્વરૂપમાં દર્શાવી છે તેવી ભયંકર નહતી. આ આપત્તિમાંથી દૂર થતાં કલિંગના રાજા ખારવેલથી તેને હાર ખાવી પડી હતી અને પોતાના રાજ્યનો પૂર્વ ભાગ શત્રુના તાબામાં ગયો હતો. એણે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો અને ગ્રીકોને સિંધુની પેલી તરફ હરાવી કાઢયા હતા, ઇત્યાદિ એનાં પરાક્રમોથી એ મહાન્ રાજા ગણાય છે, એ વાત નિર્વિવાદ છે; પરંતુ જે ગૌરવથી ભાસે પોતાના રાજાનો મહિમા ગાયો છે, તે લક્ષમાં લેતાં, એ મહત્તા પુષ્પમિત્રના કરતાં ચન્દ્રગુપ્તને વધારે લાગુ પડે છે. ભાસ અને ભાષ્યકાર પતંજલિ સમકાલીન હોઈ પુષ્પમિત્રના દરબારમાં થયા હશે, એમ આપણે કદાપિ સ્વીકારીએ, તો એક જ રાજાના આશ્રય તળે રહેનાર આ મહાકવિ અને મહાવૈયાકરણ પતંજલિ, એકમેકથી અજાણ્યા હોય એમ સંભવતું નથી. ભાષ્યકારે પોતાના લેખમાં કંસવધ અને બલિબંધ નામે બે નાટકોનાં નામ જણાવ્યાં છે,* પરંતુ તેનો કર્તા કોણ, તે જણાવ્યું નથી.

* Mac Donells History of Sanskrit Literature. page 347

ગણપતિશાસ્ત્રી એવો પણ તર્ક કરે છે કે, આ નાટકો કદાપિ **ભાસ** કવિનાં હશે. જૂના સાહિત્યમાં પહેલ વહેલું નાટકનું નામ માત્ર આજ સ્થળે જોવામાં આવે છે. બાર પંદર નાટકોનો કર્ત્તા **ભાસ**, જો એ સમયમાં હોય તો, કર્તાના નામ વગરના આ નાટકોના ઉલ્લેખને ઠેકાણે, **ભાસ**ના કોઈ પણ નાટકનું નામ અથવા એ કવિના સંબંધમાં કંઈ પણ સૂચન જડી આવત. પરંતુ ખરું જોતાં **ભાષ્યકાર** **ભાસ**થી અથવા **ભાસ**નાં અનેક નાટકોથી અજાણ્યા હશે. ઉપરનાં બે નાટકો કદાપિ એમના કાળમાં મળી આવ્યાં હશે (અને વખતે તે ભાસનાં પણ હશે,) પરંતુ કર્ત્તાનું નામ તેમાં ન હોવાથી, નામમાત્રથી જ **ભાષ્યકારે** તેનો નિર્દેષ કર્યો હશે. **ભાસ**કવિએ **બાલચરિત** નામના નાટકમાં કૃષ્ણની બાલલીલા વર્ણવી છે, તે જ વિષયનાં ઉક્ત બે નાટકો છે; **અર્થાત્** બન્ને નાટકો **વિષ્ણુ**ની અવતારીપુરુષ તરીકેની લીલાના વિષયનાં છે. આજ સૂધી મળી આવેલાં નાટકોના સમુદાયમાં, આ જાતની ભક્તિનાં નાટક **ભાસ** કવિ વિના બીજાનાં જોવામાં આવતાં નથી, એટલે એ પણ ભાસનાં હશે એમ સંભવે છે અને કર્ત્તાનું નામ તેમાં ન હોવાથી, **પતંજલિએ** માત્ર નામ લખી સંતોષ માન્યો હશે. **ભાસ**કવિ **પતંજલિ**ની પૂર્વે થયા હશે એમ માનીએ તો, **ચંદ્રગુપ્ત**નો સમય એ જ એમનો સમય હશે, એમ માનવાનાં કારણો આપણે આગળ તપાસી ગયા છીએ, અને વખતે હશે પણ તેમ. **ચંદ્રગુપ્ત**ના કાળમાં સાહિત્યની જાણવાયોગ્ય અભિવૃદ્ધિ થયેલી જણાતી નથી, એટલે તે વખતમાં થયેલા આ મહાકવિનાં નાટકો, થોડો વખત પ્રકાશી, મહાન્ **અશોક**ના ધર્મના ઝઘડાના કાળમાં તદ્દન અંધકારમાં પડી રહ્યાં હશે; કારણ કે **ચંદ્રગુપ્ત** પછીથી છેક **પુષ્પમિત્ર** સૂધીના કાળમાં બુદ્ધધર્મના પ્રચારને લીધે બ્રાહ્મણોના સાહિત્યના ગ્રંથો તદ્દન અંધકારમાં પડી ગયા હશે અથવા વખતે નાશ પણ પામ્યા હશે. આથી એમ અનુમાન થઈ શકે કે, **ચંદ્રગુપ્ત**ના વખત પછી અને **પુષ્પમિત્ર**ના સમય સૂધી, **ભાસ**કવિનું તથા તેમનાં નાટકોનું નામ નિશાન પણ કોઈ જાણતું નહી હોય અને એવા જ કારણથી **ભાષ્યકાર** **પતંજલિ** પણ એ સંબંધમાં અજાણ્યા હોય, તો તે અસંભવિત નથી.

વળી **ભાષ્યકાર**ના સમયથી આરંભીને ભાષાને જે ઓપ ચઢયો છે, તે **ભાસ**ની ભાષામાં જોવામાં આવતો નથી અને ઈ૦ સ૦ પૂર્વે ૧૫૦ પછીની **કાલિદાસ** વગેરેની ભાષામાં અને **ભાસ**ની ભાષામાં કંઈક વિશેષ અંતર લાગે છે. **ભાષ્યકાર**ની પછી એટલે ઈ૦ સ૦ પૂર્વ ૧૫૦ પછીના **કાલિદાસાદિ** કવિઓના સમયની જે ભાષા છે, તે સંસ્કારશુદ્ધ છે, ત્યારે **ભાસ**ની ભાષા લોકવ્યવહારમાં બોલાતી છે, અને ભાષ્યકારના સમયથી એ બન્નેના વિભાગ પડતા હોય તેમ લાગે છે. આમ જોતાં પણ **ભાસ** **પુષ્પમિત્ર**ના સમયમાં થયા હોય, એમ માનવામાં આવતું નથી.

આ પ્રમાણે ઇ. સ. પૂર્વે ૪૭૫ થી તે ઇ. સ. પૂર્વે ૧૫૦ સૂધીમાં, **ઉદયન**થી

માંડીને પુષ્પમિત્ર સૂધીના ચારે મહારાજાઓનો ઇતિહાસ તપાસતાં અને ભાસે આપેલી પરચક્રની સ્થિતિ અને રાજ્યની મર્યાદા વગેરે સાથે તેની એકવાક્યતા કરી ઘટાવતાં, **મહારાજા ચન્દ્રગુપ્તના** વખતમાં **ભાસકવિ** થયા હોય, એમ વધારે સંભવિત લાગે છે.

(૨) વિષ્ણુની અવતારી અંશ તરીકે ભક્તિ.

મહાકવિ **ભાસના** સમયમાં વિષ્ણુની અવતારી પુરુષ તરીકેની ભક્તિ વિશેષ પ્રચલિત હશે અને એ પોતે શિવના નહિ પણ **વિષ્ણુના** ભક્ત હશે, એમ જણાય છે. એમણે પોતાનાં નાટકોમાં લગભગ બધે ઠેકાણે પ્રારંભમાં **વિષ્ણુની** સ્તુતિ કરી છે અને તે પણ ઘણે ભાગે અવતારોની સ્તુતિ છે. ઇ. સ. ત્રીજા અથવા ચોથા સૈકામાં ફરીથી લખાયેલાં **પુરાણોમાં** અને પાછળથી લખાયેલા **ભાગવતમાં શ્રીકૃષ્ણની** જેવા પ્રકારની ભક્તિ અને બાળલીલા જોવામાં આવે છે, તેવા જ પ્રકારની ભક્તિ **ભાસના** સમયમાં પ્રચલિત હશે, એમ એમના **બાલચરિત** નાટક ઉપરથી જણાઈ આવે છે. એમાં **નંદગોપ, વસુદેવ, ગોપાલ, દેવકી,** કૃષ્ણજન્મ, કલહપ્રિય **નારદનું** તેમનાં દર્શન અર્થે પધારવું, **વસુદેવ** યમુના ઉતરી કૃષ્ણને નંદને ત્યાં લઈ જવું, **યમુનાના** જળના વિભાગ થવા, દહીં માખણ ચોરી ખાવાં, પુતના વધ, **કંસવધ, ગોવર્ધન** ધારણ વગેરે લીલાઓનું એમાં વર્ણન છે. આ ઉપરથી અને નાન્દીઓ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, **ભાસના** વખતમાં કૃષ્ણની આવા પ્રકારની ભક્તિ પ્રચલિત હશે અને એ પોતે **વિષ્ણુભક્ત** હશે.

વિષ્ણુપુરાણ, અને ભાગવત આદિમાં આ જાતની ભક્તિ અને બાળલીલાઓનું વર્ણન આપેલું છે ખરું, પરંતુ **ભાસ** કવિના વસ્તુનો આધાર એ પુરાણો ઉપર હોય એમ સંભવતું નથી; કારણ કે તે બધાં ઈ. સ. ૩ અથવા ૪ સૈકા પછી લખાયેલાં છે. જે સ્વરૂપમાં હાલમાં પુરાણો મળી આવે છે તે સ્વરૂપમાં તો નહીં, પણ બીજા કોઈ સ્વરૂપમાં તેમનું અસ્તિત્વ તો ના પાડી શકાય તેમ નથી. **છાંદોગ્ય** ઉપનિષદમાં **નારદ** કહે છે કે, હું **યજુર્વેદ** જાણું છું, સામવેદ જાણું છું, ચોથો **અથર્વવેદ** પણ જાણું છું અને **પાંચમાં** ઇતિહાસ પુરાણ પણ જાણું છું. આ અને આવા બીજા ઉપનિષદાદિ ગ્રન્થોમાંથી મળી આવતાં વચનો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, પૂર્વના કાળમાં પણ ઇતિહાસના **સ્વરૂપમાં** રાજાઓની વંશાવળીઓ, તેમનાં ચરિત વગેરે, **પરંપરાથી** ચાલતાં હતાં અને તે ઇતિહાસ, પુરાણો એવા નામથી ઓળખાતાં હતાં.*

---

* **છાંદોગ્ય ઉપનિષદ** ૭-૧-૨. **દત્ત્સ એન્શંટ ઇન્ડીયા.** પા. ૪૮૧.

* આવાં પુરાણોનો મોટો ભાગ મગધરાજ્યમાં ઉંચી માગધી ભાષામાં લખાયેલો હતો, કારણ કે મગધરાજ તે વખતે સર્વોપરિ સત્તા ભોગવતું હતું.

પુરાણોએ ઇ૦ સ૦ ના ત્રીજા ચોથા સૈકા પછી જે સ્વરૂપ ધારણ કર્યું, તે સ્વરૂપમાં અલબત તે નહીં હોય. બ્રાહ્મણ આદિ ગ્રંથોમાં આ સંબંધી જે કંઈ સૂચનો મળી આવે છે, તે સિવાય ઇતિહાસ પુરાણાદિકરૂપે જે કંઈ સંગ્રહ હશે, તે નાશ પામવાથી તેનું નામનિશાન જડતું નથી.

ઇતિહાસ પુરાણની આવી જૂની પ્રચલિત કથાઓ ઉપરથી ભાસકવિએ આવી રીતની કૃષ્ણની ભક્તિ ગાઈ હોય એમ લાગે છે. આવા પ્રકારની ભક્તિનો ઉદ્ભવ ક્યારે થયો અને તે કયા સમયમાં પ્રચલિત હતી તે તપાસીએ. ઉપનિષદ્ અને મનુના સમયમાં આ જાતની ભક્તિ જણાતી નથી. કેટલાએક વિદ્વાનોનું એમ માનવું છે કે, †એ જાતની ભક્તિનો ઉદ્ભવ બુદ્ધના પછી થયો હોય એમ લાગે છે. પરંતુ વસિષ્ઠ સ્મૃતિમાં નીચે પ્રમાણે લખેલું છે કે-

चतुर्वेदी च यो विप्रो वासुदेवं न विंदति
वेदभारभयाक्रान्तः स वै ब्राह्मणगर्दभः।
तस्मादवैष्णवत्वेन ब्राह्मण्यादि विहीयते,
वैष्णवत्वेन संसिद्धिं लभते नात्र संशयः।

ઇત્યાદિ ઉપરથી આવા પ્રકારની ભક્તિ જૂની હોય એમ લાગે છે, કારણ કે વસિષ્ઠસ્મૃતિ ઈ૦ સ૦ પૂર્વે ઘણાં સૈકાં પહેલાની છે અને મનુસ્મૃતિ કરતાં પણ આગળની હશે એમ મનાય છે.‡

ઈ૦ સ૦ પૂર્વે ૩૧૧ થી ૩૦૨ સુધી મહાન્ ચંદ્રગુપ્તના દરબારમાં મેગેસ્થનીસ નામનો સેલ્યુકસનો એલચી થોડો કાળ આવી રહ્યો હતો, તેણે ઇન્ડીકા નામે તે સમયના ઇતિહાસની નોંધ લખેલી છે. તેમાં એણે તે વખતે પ્રચલિત ધર્મને માટે લખ્યું છે. તે ઉપરથી જણાઈ આવે છે કે, એ કાળમાં શૈવ અને વૈષ્ણવ એવા બે વિભાગો હતા. શિવની ભક્તિ પર્વતોમાં એટલે કદાચ હિમાલય તરફ ચાલતી હતી અને સૂરસેનો યમુનાના પ્રદેશમાં અને મથુરામાં હીરેકલીસને પૂજતા હતા. આ હીરેકલીસ વિષ્ણુ અથવા

* જુવો Pauranic text of dynesties of kali age. Page 27 Edition 1913.

† દત્સએન્શંટ ઇન્ડીયા-પા. ૬૫૪-૫૫.

‡ મેકડોનલ્ડ્સ સંસ્કૃત લીટરેચર-પાનું ૨૯૦-૨૯૧.

તેમના અવતારી પુરુષ કૃષ્ણ સિવાય બીજો કોઈ નહીં જ હોય.* આ ઉપરથી સપ્રમાણ અનુમાન એવું બાંધી શકાય છે કે, મેગેસ્થનીસ જેવા પરદેશીનું પણ લક્ષ ખેંચે તેવી રીતે કૃષ્ણની અવતારી અંશ તરીકે ભક્તિ તે સમયમાં પ્રચલિત હતી. વિષ્ણુના અવતારો વિષે લોકો સંપૂર્ણ જાણીતા થઈ ગયા હતા, અને ચાર યુગના વિભાગ પણ જાણતા હતા. આ અવતારોના સંબંધમાં કિંવા કૃષ્ણના સંબંધમાં બુદ્ધ જાતકોમાં, કંઇક ઉલ્લેખ જણાય છે અને બુદ્ધ ધર્મની મૂર્તિઓની સાથે લક્ષ્મી વગેરેની એટલી જ જૂની મૂર્તિઓ જોવામાં આવે છે.

ભાસ કવિએ પોતાનાં બીજાં નાટકોમાં પણ નીચે પ્રમાણે અવતારભક્તિ વર્ણવી છે

नारायणस्त्रिभुवनैकपरायणो वः
पायादुपायशतयुक्तिकरः सुराणां ।
लोकत्रयाविरतनाटकतंत्रवस्तु
प्रस्तावनप्रतिसमापनसूत्रधारः ॥ દૂતઘટોત્કચ.

उत्क्षिप्तां सानुकंपं सलिलनिधिजलादेकदंष्ट्राग्ररूढां.

* * * * * *

श्रीमान्नारायणस्ते प्रदिशतु वसुधामुच्छ्रितैकातपत्राम् । અવિમારક.

शंखक्षीरवपुः पुरा कृतयुगे नाम्ना तु नारायण-
स्त्रेतायां त्रिपदार्पितत्रिभुवनो विष्णुः सुवर्णप्रभः ।
दूर्वाश्यामनिभः स रावणवधे रामो युगे द्वापरे,
नित्यं योऽञ्जनसंनिभः कलियुगे वः पातु दामोदरः ।
पतत्यसौ पुष्पमयी च वृष्टि-
र्नदन्ति तूर्याणि च देवतानाम् ।
दृष्टुं हरिं वृष्णिकुले प्रसूत-
मभ्यागतो नारद एष तूर्णम् । બાલચરિત.

पायात् स वोऽसुरवधूहृदयावसादः
पादो हरेः कुवलयामलखंडनीलः । મધ્યમવ્યાયોગ.

---

* મેકડોનલ્ડ્સ સંસ્કૃત લિટરેચર-પાનું-૨૮૬-૪૧૧-૧૨.

शत्रूणां तरणेषु वः स भगवान् पातु प्लवः केशवः । **ઉરુભંગ.**

पादःपायादुपेन्द्रस्य सर्वलोकोत्सवः स वः
व्याविद्धो नमुचिर्येन तनुताम्रनखेन खे. । **બાલચરિતનું નાટક.**

दर्पोद्धतोवणकबन्धकपीन्द्रहन्ता,
पायात् स वो निशिचरेन्दुकुलाभिहन्ता. । **અભિષેકનાટક.**

सीतासुवः पातु सुमंत्रतुष्टः
सुग्रीवरामः सह लक्ष्मणश्च । **પ્રતિમાનાટક.**

ચારે યુગમાં વિષ્ણુનાં ચાર સ્વરૂપની—કૃષ્ણ, **રામ, નૃસિંહ,** વરાહ વગેરે અવતારોની સ્તુતિથી તથા **બાલચરિતમાં** કૃષ્ણભગવાનની બાળલીલા વર્ણવી, **ભાસે** જે ભક્તિ પ્રદર્શિત કરેલી છે, તે ભક્તિ **ચંદ્રગુપ્તના** કાળમાં સારી રીતે પ્રચલિત હશે એમ લાગે છે, અને એ વાતને **મેગેસ્થનીસની** તવારીખથી ટેકો મળે છે.

ચંદ્રગુપ્તના વખત પછી મહાન્ **અશોકના** કાળમાં બુદ્ધધર્મની મોટી ભરતી આવી અને તેમાં આવા પ્રકારની ભક્તિ તદ્દન નિર્મૂળ થઈ તણાઈ ગઈ. **અશોકના** વંશજો નબળા પડ્યા અને પુષ્પમિત્રે બુદ્ધધર્મનો તદ્દન નાશ કરી પાછો **બ્રાહ્મણધર્મ** પ્રચલિત કર્યો, ત્યાર પછી પણ એ ભક્તિ સજીવન થવા પામી નહિ હોય. ઈ૦ સ૦ પૂર્વે પહેલા શતકમાં **કાલિદાસના** સમયમાં આવા પ્રકારની ભક્તિનો કંઈ પણ ઉલ્લેખ જોવામાં આવતો નથી.

આ ઉપરથી મારું કહેવું એમ નથી કે, કાલિદાસ વિષ્ણુના અવતારોથી અજ્ઞાત હતા. **રઘુવંશના** તેરમા સર્ગના પ્રારભમાં એમણે વિષ્ણુના અવતારનું સૂચન કરેલું છે કે—

अथात्मनः शब्दगुणं गुणज्ञः पदं विमानेन विगाहमानः
रत्नाकरं वीक्ष्य मिथःस जायां रामाभिधानो हरिरित्युवाच. ।

માલવિકાગ્નિમિત્રમાં પણ परिवगुलभिर्दोर्भि शौरेः प्रसह्य च रुक्मिणीम् ।

એવું સૂચન છે. એટલે પરાપૂર્વથી કથાઓ રૂપે ચાલી આવતી અવતારની પરંપરા એમના જાણવામાં હતી, પરંતુ ઉપર કહ્યા તેવા પ્રકારની કૃષ્ણભક્તિ તે વખતમાં નહી હોય એમ લાગે છે.

કાલિદાસના કાળ પછી **ભાગવતાદિ** પુરાણોના સમયમાં, આ જાતની ભક્તિ પાછી સજીવન થઈ અને આજ સુધી અવિચ્છિન્ન રીતે ચાલી આવી છે.

ઉપર દર્શાવેલાં કારણોથી પણ **ભાસકવિ ચંદ્રગુપ્તના** સમયમાં થયા હશે અને

તે કાળે પ્રચલિત રહેલી કૃષ્ણની ભક્તિ, વ્યવધાનરૂપ થઈ પડેલા સાર્વત્રિક બુદ્ધધર્મના મહા ઉત્પાતને લીધે, નાશ પામેલી હોવાથી કાલિદાસના સમયમાં તેનું નામ નિશાન પણ જણાતું નહી હોય. પુષ્પમિત્રના દરબારમાં થયેલા **પતંજલિ**ના ભાષ્યમાં કૃષ્ણના સંબંધી કંઇક ઝાંખું સૂચન છે અને કૃષ્ણના ચરિતનું નાટકરૂપે નિબંધન તેમના સમયમાં હતું, એમ **કંસવધ** અને **બલિબંધ** નાટકોના નામના ઉલ્લેખપરથી જણાઈ આવે છે.* એ નાટકો વખતે ભાસનાં હશે એમ સંભવે છે. આ બધા ઉપરથી એમ જણાય છે કે, એ ભક્તિમાત્ર નામરૂપે જ તે વખતે જીવતી હશે. **ભાસ**કવિ પુષ્પમિત્રના દરબારમાં એટલે ઈ૦ સ૦ પૂર્વે ૧૮૪ માં થયા હોય એમ માનીએ તો તે સંભવતું નથી, કારણ કે આવા પ્રકારની કૃષ્ણભક્તિ તે સમયે જાણ્યામાં નથી. **કાલિદાસ**ના સમયમાં પણ તે અવિચ્છિન્ન ચાલુ રહેવી જોઇએ, કારણ કે તે વખતે આપણો બ્રાહ્મણધર્મ પ્રવર્તતો હતો અને એ ધર્મ વિરુદ્ધ કોઈ પણ જાતનું વ્યવધાન હતું જ નહીં. એટલે, જો તે ચાલુ હોય તો **કાલિદાસ**ના લેખોમાં એવા પ્રકારની છાયા કોઈ પણ સ્થળે આવવાનો સંભવ રહે છે. દરેક કાળના કવિઓ તે તે કાળના લોકાચાર અને લોકસ્થિતિના આદર્શરૂપ હોય છે અને અનાયાસે પણ તેમના લેખોમાં તે તે સ્થિતિઓનું ઝાંખું પણ પ્રતિબિંબ જણાયા વિના રહેતું નથી. આવા પ્રકારની ભક્તિનું ઝાંખું પ્રતિબિંબ **કાલિદાસ**ના સમયમાં કિંવા તેમની પછી થોડાં સૈકાં સુધીમાં થયેલા બીજા ગ્રન્થોમાં પણ જણાતું નથી. માત્ર ઈ૦ સ૦ ત્રીજા સૈકા પછી પુરાણોના સમયમાં તેનું પુનઃ દર્શન થાય છે. આનું કારણ એમ સંભવિત લાગે છે કે, અશોકના પહેલાં આવા પ્રકારના ધર્મની જે પ્રણાલિકા ચાલતી આવી હતી, તે બુદ્ધધર્મના મહા ઉત્પાતને લીધે અને રાજ્યના તથા બુદ્ધધર્મિઓના જુલમને લીધે નષ્ટપ્રાય થઈ ગઈ હશે. પુષ્પમિત્રના સમય પછી બુદ્ધધર્મ નાશ પામતાં, આ ધર્મના જે કંઈ અંકુરો સૂકાઇને ચિમળાઈ ગયા હશે, તે ધીરે ધીરે ધર્મની શાંતિના કાળમાં સજીવન થતાં પાછળના પૌરાણિક કાળમાં પાછા પલ્લવિત થવા પામ્યા હશે. આ કારણથી પણ **ભાસ**નો સમય **અશોક**ની પહેલાં હોવો જોઇએ, એમ માની શકાય છે અને મહાકવિ **કાલિદાસ**ના સમયમાં એ જાતની ભક્તિનું કંઈ પણ સૂચન નથી તેનો પણ ખુલાસો થઈ શકે છે.

વળી એમ પણ માનવામાં આવે છે કે, પુષ્પમિત્ર પરમ શિવભક્ત હતો. **બુદ્ધ ગયા**માંની બુદ્ધની મૂર્ત્તિ ખોદાવી તેણે ત્યાં શિવલિંગની સ્થાપના કરી હતી અને અનેક વિહારો પણ બાળી નાંખ્યા હતા. **ભાસે** જ્યારે પોતાના ગ્રન્થોમાં વિષ્ણુની સ્તુતિ કરી છે ત્યારે **કાલિદાસે** શિવની સ્તુતિ કરી છે. આગળ ઉપર **કાલિદાસ**, અગ્નિમિત્રના દરબારમાં થયા હતા એમ મેં અનુમાન કર્યું છે, તેને આ બાબત પુષ્ટિ આપે છે કે, એમણે

* મેકડોનલ્સ સંસ્કૃત લિટરેચર–પાનું. ૪૧૪.

પુષ્પમિત્રના રાજ્યધર્મને માન આપી સર્વત્ર શિવની જ સ્તુતિ કરી હશે અને એમ બનવા યોગ્ય પણ છે; કારણ કે રાજ્યાશ્રિત કવિઓ રાજધર્મને માન આપ્યા વિના રહેતા નથી, તેમ કવિ પોતે પણ વખતે શિવધર્મ માનતા હશે, એમ પણ માનવામાં બાધ નથી.

(૩) ભાસકવિનામાં બુદ્ધ-ધર્મની છાયા–

મહાકવિ **કાલિદાસનાં** કાવ્યોમાં **બુદ્ધધર્મના** સંબંધમાં એક શબ્દ સરખો પણ જોવામાં આવતો નથી. **બુદ્ધના** પ્રભાવની પ્રશંસામાં–એક સ્થળે એમ લખેલું જણાય છે કે, જે ઝાડતળે એ સુતા હતા તેની છાયા એમને મૂકીને જતી ન હતી. આવી જ જાતનો વિચાર **કાલિદાસે** प्रभावास्तमितच्छायामाश्रितः स वनस्पतिम् એમ રામના પ્રભાવનું વર્ણન કરતાં રઘુવંશમાં લખેલું છે. આ વિચારના સામ્ય સિવાય બીજો કોઈ શબ્દ સરખો પણ તેમનામાં જણાતો નથી. વિચારનું સામ્ય તો સર્વ કાળે સર્વ કવિઓમાં, અને એક દેશના નહિં પરંતુ વિદેશના કવિઓમાં પણ ઘણે સ્થળે જોવામાં આવે છે; એટલે ઉપરનો શ્લોક બુદ્ધ સંબંધી પ્રસંગનું સૂચન કરે છે, એમ માની શકાતું નથી. **કાલિદાસના** વખતમાં બુદ્ધધર્મ ઉચ્છિન્ન થઈ ગયો હતો એમ માની શકાય છે, કારણ કે **પુષ્પમિત્રે** તેના વૈરીનું સ્વરૂપ ધારણ કરી તેનો નાશ કરવા માંડ્યો હતો. આ પ્રમાણે **કાલિદાસનામાં** જ્યારે બુદ્ધધર્મ સંબંધી કંઈ પણ જોવામાં આવતું નથી ત્યારે **ભાસકવિ** તે ધર્મથી સારી રીતે જ્ઞાત હતા અને એના ઉપર કંઇક કટાક્ષથી જોતા, એવી ઝાંખી ઝાંખી છાયા પણ એમના ગ્રંથોમાં વાપરેલા શબ્દોના સ્વરૂપમાં જોવામાં આવે છે.

ભાસના અવિમારક નાટકમાં બીજા અંકમાં, **ચન્દ્રિકા** નામની ચેટી, બે ઘડી વિનોદ કરવાને માટે વિદૂષક પાસે આવી તેને લગાર ખીલાવે છે, ત્યાં તેને આવતી જોઈ વિદૂષક પૂછે છે કે;–

चंद्रिके ! किमेतत् ।

चंद्रिका–आर्य कंचिद् ब्राह्मणमन्वेषे. ।

विदूषकः–ब्राह्मणेन किं कार्यम्. ।

चं–किमन्यत् भोजनार्थं निमंत्रयितुम् ।

विदूषकः–भवति अहं कः **श्रमणकः** ?

चं–त्वं किल अवैदिकः । **અંક બીજો.**

विदूपकः–किं नु खलु जीवती नग्नान्यश्रमणिका.

नलिनिका-आ दृष्टपूर्वो नगरापणालिन्देऽयं ब्राह्मणः

विदूषकः-आम् भवति! यज्ञोपवीतेन ब्राह्मणः चीवरेण

रक्तपटः यदि वस्त्रं अपनयामि श्रमणको भवामि. અંક ચોથો.

આ પ્રમાણે વાપરેલા શબ્દો બતાવી આપે છે કે, તે સમયે શ્રમણ અને બ્રાહ્મણનો આવો પરસ્પર ભેદ હતો અને એકમેકના પ્રત્યે કંઈક સ્વાભાવિક અરુચિ પણ હતી. બ્રાહ્મણો શ્રમણકોને નિંદતા હશે અને શ્રમણકો બ્રાહ્મણને નિંદતા હશે, પરંતુ બંને ધર્મ ઉઘાડા વિગ્રહ સિવાય પોતપોતાના માર્ગમાં પ્રવર્તતા હશે. ભાસના સમયમાં બંને ધર્મની આવા કોઈ પ્રકારની સ્થિતિ ચાલુ હશે, એમ આપણે અનુમાન કરી શકીએ છીએ. આમાંનું કાલિદાસના સમયમાં તો કંઈ જોવામાં જ આવતું નથી ભાસકવિએ ઉપરનાં વાક્યોમાં જે શબ્દો વાપરેલા છે, તે ત્યાં આવશ્યક છે એમ તો ભાગ્યે જ કહી શકાય તેમ છે. માત્ર પ્રસંગ મળતાં શ્રમણો પ્રત્યે કવિએ આવું મૃદુ ઉપહાસ્ય કરેલું છે. કવિના પોતાના હૃદયમાં શ્રમણો પ્રત્યે જે કંઈ વિચારો દૃઢ થયેલા હશે, તેનું અહિં સ્વાભાવિક રીતે પ્રતિબિંબ પડી ગયું છે. ઉપરના પ્રસંગ ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે, તે વખતે બુદ્ધ ધર્મતું પ્રાબલ્ય તો હશે જ નહીં, પરંતુ ઉલટા તે ધર્મવાળાઓ બ્રાહ્મણોથી ઉપહાસ્ય પામતા હશે. વળી ભાસે પોતાના-**પ્રતિજ્ઞાયૌગંધરાયણ** નાટકમાં એક સ્થળે એમ લખ્યું છે કે-

परचक्रैरनाक्रान्ता धर्मसंकरवर्जिता.

આ ધર્મસંકર પણ બુદ્ધધર્મના બ્રાહ્મણધર્મ સાથે થતા મિશ્રણને ઉદ્દેશીને જ હશે. જ્યારે આવા મૃદુ સ્વરૂપમાં બુદ્ધધર્મ પ્રવર્તતો હતો ત્યારે ઘણા બ્રાહ્મણો પણ તે પંથમાં જાણે અજાણે ભળતા હતા.* બુદ્ધ પોતે બ્રાહ્મણો પાસે ઋગ્વેદ શીખ્યો હતો. એ ધર્મમાં બ્રાહ્મણો પ્રત્યે વૈર ભાવનું કોઈ પણ સ્થળે સૂચન જણાતું પણ નથી. બુદ્ધના નિર્વાણ પછી પણ બ્રાહ્મણો અને બૌદ્ધોમાં પરસ્પર ગંભીર વિરોધ ન હતો. હાલના મત મતાન્તરમાં અથવા હાલના જૈનધર્મમાં અને બ્રાહ્મણધર્મમાં જેમ મતભેદ શાંતિથી ચાલ્યો જાય છે અને માત્ર પ્રસંગ આવ્યે એક બીજાને હસી કાઢે છે, તેવી સ્થિતિ તે કાળે હતી એમ જણાય છે. બન્ને ધર્મો વચ્ચે વૈર અને ભારે વિગ્રહ માત્ર અશોકના સમયમાં જ ઉત્પન્ન થયો હતો. બુદ્ધધર્મ રાજધર્મ તરીકે સ્વીકારાયો તેને વધારવાને માટે સામ, દાન, ભેદ અને દંડ, એવા પ્રકારના ઉપાયો પણ લેવાયા હતા.

---

* **મેક્ષમ્યુલર્સ હીસ્ટરી ઓફ એન્શંટ સંસ્કૃત લિટરેચર**-પા. ૧૩૪.

અને કેટલાં એક પ્રમાણો ઉપરથી એમ પણ મનાય છે કે, એ ધર્મ પરાણે સ્વીકારાવવાને માટે પરસીક્યુશન—ધર્મવધ પણ થયા હતા. ૧

ભાસના વખતમાં બુદ્ધધર્મની ઉપર જણાવી તેવી મૃદુ પ્રવૃત્તિ હશે, એ સ્પષ્ટ જણાઈ આવે છે. આ સ્થિતિ છેક **ચંદ્રગુપ્ત**ના સમય સૂધી ચાલુ રહી હતી. **ચંદ્રગુપ્ત**ના દરબારમાં રહેલો **મેગેસ્થનિસ** પોતાના **ટાઇન્ડીકા** નામના ઇતિહાસમાં લખે છે કે–* "અહિં બે જાતના તત્ત્વવેત્તાઓ છે એક બ્રાહ્મણ અને બીજા શ્રમણ." આ જાતનો માત્ર બ્રાહ્મણ અને શ્રમણનો ભેદ દર્શાવવા સિવાય ભાસનામાં પણ બીજું તત્સંબંધે જણાતું નથી. આપણે આગળ જણાવી ગયા તેમ, ચંદ્રગુપ્તના વખતમાં આ બન્ને ધર્મો, પરસ્પરમાં સામાન્ય ભેદ હોવા છતાં પણ, શાન્તિથી પોત પોતાના માર્ગે પ્રવર્તતા હશે. એ સિવાય બુદ્ધ ધર્મનું નોધવા સરખું પ્રાબલ્ય તે સમયમાં નહીં હોય એમ લાગે છે. આ બીના પણ **ભાસ**કવિ ચંદ્રગુપ્તના સમયમાં થયા હશે, એમ અનુમાન કરવાને કારણ આપે છે.

(૪) મંત્ર તંત્રાદિકના વહેમો.

ભાસકવિના સમયમાં મંત્ર તંત્રાદિકની વિદ્યાનો પ્રચાર હશે અને સામાન્ય લોક સમૂહની એકલાની નહીં, પરંતુ કેળવાયેલા વિદ્વાનોની પણ એ ઉપર શ્રદ્ધા હશે, એવું એમના **અ**વિમારક નાટક ઉપરથી જણાઈ આવે છે.

નાટકનો નાયક **અ**વિમારક, કુન્તિભોજરાજાના રાજમહેલમાં, પોતાની પ્રિયા કુરંગીને મળવાને માટે મધ્યરાત્રે પ્રવેશ કરે છે, તે વખતે પ્રત્યવાયની શાંતિને અર્થે નીચે પ્રમાણે કહે છે કે–

अविमारक–इह स्थित्वा रज्जुं प्रक्षिपामि । नमः प्रजापतये । नमः सर्वसिद्धेभ्यः । प्रसीदन्तु बलीशंबरमहाकालाः। विजृंभतां रात्रिः। वर्धतां निद्रा । अनुमन्यतां पद्मा। लयं गताः सर्वविघ्ना भवन्तु । हताः परिपन्थिका भवन्तु । जयतु भगवती कात्यायनी ।

नलगिरिर्मन्त्रोषधिनियमसंभृतपुराणकर्मव्यामोहितः

પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ. પાનું ૪૯.

भगवत्या यक्षिण्याः स्थानं देवकार्यं कर्तुं गतासीत्

પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ. પાનું ૫૦.

ઉપર પ્રમાણે વિવિધ શક્તિઓનું સાહાય્ય માગ્યા પછી તે રાજભવનમાં પ્રવેશ કરે છે. આ વિચારો **અ**વિમારકના નહિં પણ કવિની પોતાની માન્યતાના ઉદ્‌ગારો છે,

(૧) મી૦ વિનસેન્ટ સ્મીથ્સ હીસ્ટરી. પા૦ ૧૯૦.

* **મેકડોનલ્ડ્સ સંસ્કૃત લિટરેચર**–પા. ૪૧૧

એ તો સ્પષ્ટ જ છે. આવી જાતના મંત્ર તંત્રાદિક સંબંધી વહેમો કાલિદાસનાં કાવ્યોમાં જોવામાં આવતા નથી, પરંતુ ભવભૂતિના માલતીમાધવમાં તે પુનઃ દેખાય છે. દરેક પ્રજામાં દરેક સમયે કોઈ કોઈ પ્રકારના વહેમ હોય છે તેની તો ના પાડી શકાય તેમ નથી. પરંતુ તે જ્યારે પ્રબળ સ્વરૂપમાં પ્રવર્તતા હોય ત્યારે જ કવિઓના અથવા શિષ્ટ ગ્રન્થકારોના લેખમાં સ્ફુરી આવે છે. કાલિદાસનો અને ભવભૂતિનો દાખલો લઇએ તો કાલિદાસનામાં જ્યારે આવા પ્રકારના વહેમ જોવામાં આવતા નથી, ત્યારે બુદ્ધધર્મ પુનઃ જાગૃત થયો હતો, તે વખતે થયેલા મહાકવિ ભવભૂતિના કાળમાં તે પુનઃ દર્શન દે છે. માલતીમાધવમાં માધવ સ્મશાનમાં માંસનું બલિદાન આપે છે, ઇત્યાદિ પ્રસંગો, ઉપર દર્શાવ્યા તેવા વહેમના દૃષ્ટાન્તરૂપ છે. આવા વિચારોને તાંત્રિક બુદ્ધ શાખાની સાથે કંઇક સંબંધ હોય એમ લાગે છે, અને એવી જાતના વિચારોની અસર ભાસકવિના સમયમાં વિશેષ હશે. ચન્દ્રગુપ્તના સમયમાં આવા વિચારો વધારે પ્રચલિત હતા એમ લાગે છે. ચાણાક્ય જેવા રાજનીતિજ્ઞ અને સમર્થ વિદ્વાને રાક્ષસ મંત્રિને મારવાને માટે અભિચાર મંત્રનો પ્રયોગ કર્યો હતો, એમ પણ કહેવાય છે.

ચાણ્યાક્યના અર્થશાસ્ત્ર પ્રત્યે દૃષ્ટિ કરતાં જણાઈ આવે છે કે, એમણે એમનાં છેલ્લાં પ્રકરણોમાં મારણ મંત્ર તંત્રાદિકના અનેક પ્રયોગો આપેલા છે. માણસોને ધારણ (ઉંઘ મૂકવાના) અંતર્હિત થવાના, વગેરે આવી જ જાતના ઉપાયોની છાયા ભાસના ઉપર દર્શાવેલા અવિમારક નાટકમાં સ્પષ્ટ જણાઈ આવે છે. આવા પ્રયોગો બુદ્ધ ધર્મના નાશની સાથે ઓછા થઈ ગયા હશે અને તેથી જ કાલિદાસાદિ કવિઓના અને તેમની પાછળ થયેલા કવિઓના શિષ્ટ લેખોમાંથી નિંદાને પાત્ર ગણવાથી બહિષ્કૃત થયા હશે. મહાકવિ બાણ પણ પોતાની કાદમ્બરીમાં ચાણાક્યના આવા પ્રયોગોની ઉઘાડી નિંદા કરે છે કે;

किंवा तेषां साम्प्रतं अतिनृशंसप्रायोपदेशनिर्घृणं कौटिल्यशास्त्रं प्रमाणं। अभिचारक्रियाक्रूरैकप्रकृतयः पुरोधसो गुरवः पराभिसंधानपरा मंत्रिणः * * * मारणात्मकेषु-शास्त्रेषु अभियोगः सहजप्रेमार्द्रहृदयानुरक्ता भ्रातर उच्छेद्याः (२)

ચન્દ્રગુપ્તના સમયમાં આવા વિચારો પ્રચલિત હોવાનું એક કારણ છે. ઘણાકાળથી આપણામાં એમ મનાતું આવ્યું છે કે કામરુ દેશમાં (કામરૂપ દેશ જે હાલનો આસામ છે) *મંત્ર તંત્રાદિક પ્રયોગો ઘણા જ ચાલે છે અને એ વાતની ઇતિહાસ પણ થોડી ઘણી

(૧) જુવો કૌટિલ્ય અર્થશાસ્ત્ર પાનું ૧૧૭.
(૨) જુવો કાદમ્બરી એજ્યુકેશન સોસાઇટીવાળી આવૃત્તિ પાનું ૧૦૯.
* Vincent Smith Page 342.

સાક્ષી આપે છે. ગુપ્તરાજાઓના રાજ્યમાં આસામનો (કામરૂપનો) પણ કેટલા એક કાળ સૂધી સમાવેશષ હતો. આ દેશમાં તાંત્રિક બુદ્ધમતનો પ્રસાર છે અને એ મતમાં આવી જાતના વિચારો ઘણું પ્રાધાન્ય ભોગવે છે. પાટલી પુત્રની પૂર્વ સરહદ ઉપર આવેલા આસામના આવા ધર્મ વિચારોની મગધ રાજ્યની પ્રજા ઉપર વધારે અસર થઈ હોય તો તે અસંભવિત નથી અને પ્રજાના હૃદય ઉપર પ્રબળ છાપ પાડી બેઠેલા આવા વિચારો કવિની વાણીમાં સ્ફુરી આવે એ પણ અસંભવિત નથી. **ભાસે અવિમારકમાં** દર્શાવેલા ઉપરના વિચારોનું આવું કંઈક કારણ હોય એમ સંભવે છે. **ભાસકવિનો** સમય આ હશે, એમ માનવાનાં કારણોને આ વિચારો પણ પુષ્ટિ આપે છે એમ કહેવામાં હરકત નથી. ઉપરના ઉદ્ગારો એક જાતના વહેમરૂપ છે એમાં તો શક નથી. **કાલિદાસના** રઘુવંશ કાવ્યમાં એક સ્થળે भोगीव मंत्रौषधिरुद्धः वीर्यः એવું લખેલું જોવામાં આવે છે, પરંતુ તે કંઈક **અથર્વવેદના** સર્પાદિકને વશ કરવાના મંત્રોના જેવા વિચારો દર્શાવે છે. (૧) જે વિચારો ઉપનિષદ્ આદિની તત્વવિદ્યાના બળે ધીરે ધીરે ઓછા થયા હશે અને પાછળથી બુદ્ધધર્મ શરૂ થતાં તેનું આવી જૂદી જૂદી શક્તિઓની પૂજારૂપે રૂપાંતર થઈ રહ્યું હશે.

(૫) ભાસનાં નાટકો અપ્રસિદ્ધ રહેવાનું કારણ.

આગળ આપણે દર્શાવી ગયા તેમ **ભાસકવિ ચન્દ્રગુપ્તના** સમયમાં થયા હશે એ અનુમાન જો ખરું માનીએ, તો **ભાસનાં** નાટકો આટલા દિવસ લોકપ્રચારમાં નહીં આવતાં અંધકારમાં પડી રહેવાનું કારણ જડી આવે છે. એમનાં નાટકો સંસ્કૃત સાહિત્યમાં પ્રથમ થયેલાં હોય એવું જણાય છે. **ચન્દ્રગુપ્તના** કાળમાં એ લખાયાં હશે, પરંતુ એ કાળ ઝાઝી સાહિત્યની અભિવૃદ્ધિનો ન હોવાથી, લોકની અભિરુચિ એ તરફ બહુ વળી નહીં હોય. **ચન્દ્રગુપ્તના** સમય પછી મહાન્ **અશોકના** કાળમાં બુદ્ધધર્મ અને બ્રાહ્મણધર્મ વચ્ચે મહાવિગ્રહ ઉત્પન્ન થયો. બુદ્ધધર્મ રાજ્યધર્મ તરીકે સ્વીકારાયો અને બ્રાહ્મણધર્મનો ઉચ્છેદ કરવા માટે બૌદ્ધો અને રાજા પોતે પણ પ્રયત્ન કરવા લાગ્યા. ધર્મવધ અથવા પરસીક્યુશન પણ થયાં હતાં એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. બૌદ્ધો બ્રાહ્મણોનો અને તેમના સાહિત્યનો દ્વેષ કરતા હશે. અશોકના કાળમાં ધર્મ ઝનુન સિવાય બીજી કંઈ પ્રવૃત્તિ જણાતી નથી. જે સાહિત્ય હશે તે ખૂણે પડી રહ્યું હશે, અથવા પોતાના સાહિત્યને આગળ પાડવાને માટે બૌદ્ધોએ બ્રાહ્મણોના હજારો ગ્રન્થોનો નાશ કર્યો હશે અને જે કંઈ ગ્રન્થો રહ્યા હશે તે લઈ બ્રાહ્મણો દક્ષિણ તરફ નાશી ગયા હશે. ભાસનાં નષ્ટ થયેલાં નાટકો, આટલો બધો શોધ ચાલુ છતાં હિન્દુસ્તાનના કોઈ પણ ભાગમાંથી નહીં મળી આવતાં દક્ષિણમાંથી મળી આવ્યાં, તેનું કારણ આપણે ઉપર દર્શાવ્યું તેવું હોય એમ સંભવે છે. વળી **સૌમિલ્લ, કવિપુત્ર,** આદિ **ભાસની**

---

(૧) Mac Donell's Sanskrit Literature P. 193-196.

પછી થયેલા કવિઓનો **કાલિદાસે** ઉલ્લેખ કરેલો છે, તેમના લેખોનો કંઇપણ પત્તો જડતો નથી, તેનું કારણ પણ આવું જ હશે. **અશોકના** વખતથી માંડીને પુષ્પમિત્ર ગાદીએ આવ્યો ત્યાં સુધીમાં સાહિત્યની કોઈ રીતની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી, એટલે એ વિષયની કોઇએ પણ દરકાર કરી નહીં હોય. ગ્રન્થો નાશ પામતાં અને માત્ર ધર્મની પ્રવૃત્તિ આગળ વધતાં, સાહિત્યના લેખકોનાં નામનિશાન પણ ભૂલી જવાયાં હશે. **પતંજલિએ કંસવધ** અને **બલિબંધ** એ બે નાટકોના કર્ત્તાનું નામ ન આપતાં માત્ર નામથી જ સૂચન કર્યું છે, તેનું પણ કારણ એવું જ સંભવે છે કે, એ દોઢસો વર્ષના ગાળામાં કોણે શું લખ્યું તે જાણવાનું કંઇપણ સાધન રહ્યું નહીં હોય.

આ સિવાય **રાજશેખરે સૂક્તિમુક્તાવલિમાં** નીચે પ્રમાણે શ્લોક આપી જણાવ્યું છે કે;

भासनाटकचक्रेपि छेकैः क्षिप्तेपरीक्षितुम्
स्वप्नवासवदत्तस्य दाहकोभून्न पावकः ।

ભાસનાં નાટકોને અગ્નિમાં નાખવામાં આવ્યાં હતાં, પણ **સ્વપ્નવાસવદત્તાને** અગ્નિ બાળી શકયો નહી. આવો કંઈક પ્રયોગ ભાસનાં નાટકો ઉપર કરવામાં આવ્યો હશે. તે બુદ્ધધર્મના જઘડાના સમયમાં હશે કિંવા પાછળથી સાહિત્યની અભિવૃદ્ધિ થવા માંડી ત્યારે કોઈ બ્રાહ્મણોએ ઇર્ષ્યાથી તેમ કર્યું હશે, અથવા તો હાલનું **મૃચ્છકટિક ભાસના** દરિદ્રચારુદત્ત નાટકમાં કેવળ સુધારો વધારો કરેલું નાટક છે, એમાંના આખા શ્લોકો અને વાક્યો મૃચ્છકટિકમાં જોવામાં આવે છે તેથી, વખતે પોતાના નાટકને પ્રાધાન્ય આપવાને માટે અથવા આવી સાહિત્યવિષયની ચોરી છુપાવવાને માટે શૂદ્રકે ભાસનાં નાટકોને ફરીથી દૃષ્ટિગોચર થવા ન પામે તેવી રીતે દબાવી રાખ્યાં હશે અથવા મળી તેટલી પ્રતોનો નાશ કર્યો હશે; આ અનુમાન પણ સંભવિત લાગે છે. **ભાસનું દરિદ્રચારુદત્ત** હજી સુધી પ્રસિદ્ધ થયું નથી, એટલે એમાંથી શાં વિશેષ પ્રમાણો મળી આવશે, તે કહી શકાતું નથી.

પુષ્પમિત્ર ઈ. સ. પૂર્વે ૧૮૪ માં ગાદીએ આવ્યો ત્યારે બુદ્ધધર્મને મારી હઠાવવા માંડ્યો અને બ્રાહ્મણોને પાછા ઉપદ્રવ રહિત કર્યા, તે કાળથી માંડીને સાહિત્યનું ચક્ર પાછું ફરીથી ગતિમાં આવ્યું. એ રાજાઓ નાટકોના ઘણા શોખીન હતા. **પતંજલિએ** દર્શાવેલાં બે નાટકો પુષ્પમિત્રના દરબારમાં, તેમના વિજયના પ્રસંગે ભજવાયેલાં નાટકો હશે, એમ પણ માની શકાય તેમ છે. રાજ્યાશ્રય મળવાથી નાટકના સાહિત્ય તરફ લોકોનું લક્ષ વળ્યું હશે, પ્રયોગો કરવા માટે શોધખોળ કરતાં ભાસનાં નાટકો મળી આવ્યાં હશે અને **અગ્નિમિત્ર** તથા તેનો પુત્ર વસુમિત્ર એ વિષયના અત્યંત શોખી હોવાથી ભાસનાં નાટકોના પ્રયોગોએ લોકને આકૃષ્ટ કર્યા હશે. **અગ્નિમિત્રના** પુત્ર **સુમિત્રનું** નાટકશાળામાં ખૂન થયું હતું; એવું **બાણભટ્ટે** પોતાના **હર્ષચ-**

રિતમાં જણાવેલું છે, એ ઉપરથી શૃંગ રાજાઓનો નાટચકળા પ્રત્યે ઘણો શોખ હશે એમ જણાઈ આવે છે. આવી પ્રવૃત્તિ ચાલવાથી ભાસનાં નાટકો, કાલિદાસે લોકવૃત્તિને પોતાની તરફ વાળી ત્યાં સુધી, રંગભૂમિપરથી ખસવા પામ્યાં નહિ હોય. એટલે આ અરસામાં અત્યંત પ્રસિદ્ધિમાં આવેલાં ભાસનાં થોડાં ઘણાં નાટકોએ કાલિદાસને સ્પર્ધા ઉત્પન્ન કરી હશે અને એજ કારણથી એ મહાકવિએ **માલવિકાગ્નિમિત્રમાં** સ્વાભિમાનપૂર્વક લખ્યું હશે કે, ભાસ, સૌમિલ્લ, વગેરેના પુરાણપ્રબન્ધ હયાત છતાં વર્તમાન કવિ **કાલિદાસ**ના નાટક પ્રત્યે સભાજનોનો આટલો બધો સદ્ભાવ કેમ છે? તેના જવાબમાં સૂત્રધાર કહે છે કે,—

पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् ।
संतः परीक्ष्यान्यतमं भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ।

એ વચનો સ્પષ્ટ દર્શાવી આપે છે કે, **કાલિદાસ**ના વખતમાં ભાસનાં નાટકો ઘણાં લોકપ્રિય હશે. લોકરુચિને પોતાનાં નાટકો તરફ વાળવા અને ભાસની ઉપર પોતાની શ્રેષ્ઠતા બતાવી આપવાને માટે, **કાલિદાસ**ને પોતાની અપૂર્વ શક્તિને માટે આટલું સ્વાભિમાન પૂર્વક લખવું પડ્યું હશે અને **અગ્નિમિત્ર**ના નામનો આશ્રય લઈ **મા**લવિકાગ્નિમિત્રથી એમણે પહેલેજ સપાટે પ્રજાને આંજી નાંખી, ભાસનાં નાટકોને રંગભૂમિપરથી હઠાવી કાઢચાં હશે.

(૬) ભાસ અને ચાણાક્ય.

ચંદ્રગુપ્તના સમયમાં થયેલા **ચાણાકય** અથવા **વિષ્ણુગુપ્તે** પોતાના **અર્થશાસ્ત્ર**માં નિચેનો શ્લોક આપેલો છે.

नवं शरावं सलिलस्य पूर्णं सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ।
तत्तस्य माभून्नरकं च गच्छेद्यो भर्तृपिंडस्य कृते न युध्येत् ॥
(**કૌટિલ્યઅર્થશાસ્ત્ર** અધિકરણ-૧૦-અ. ૩)

આ શ્લોક ભાસના **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં** જોવામાં આવે છે. તે ઉપરથી ગણપતિશાસ્ત્રી એમ પુરવાર કરે છે કે, એ શ્લોક **ચાણાકયે ભાસ**ના નાટકમાંથી લીધો છે અને તેથી **ભાસ ચાણાકય**ના પૂર્વે થયા હતા. એ અનુમાન ખરું હશે કે કેમ?

કૌટિલ્યઅર્થશાસ્ત્ર, **ચાણાકયે ચંદ્રગુપ્ત**ને રાજનીતિ વગેરેમાં નિપુણ કરવાને માટે લખ્યું હતું એમ-

सर्वशास्त्राण्युपक्रम्य प्रयोगानुपलभ्य च ।
कौटिल्येन नरेन्द्रार्थे शासनस्य विधिः कृतः ॥ (**અધ્યક્ષપ્રચાર** અ. ૧૦)

આ શ્લોકમાં વાપરેલા **નરેન્દ્ર** શબ્દથી જણાઈ આવે છે. **ચાણાકય**ના સમયનો

નરેન્દ્ર એ ચંદ્રગુપ્ત સિવાય બીજો નથી અને **ભાસ** પણ જેને भगवानुपेन्द्र કહે છે, તે પણ ચંદ્રગુપ્ત છે એમ લાગે છે.

ચાણક્યે પોતાના ગ્રંથમાં વિષયનો જે ક્રમ યોજેલો છે તે આ પ્રમાણે છેઃ- અમુક સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવાને માટે એમણે પૂર્વના લેખકોનાં જુદાં જુદાં વચનો નામ સાથે ટાંક્યાં છે. જેમ કે-

"मंत्रिपरिषदं द्वादशामात्यान् कुर्वीतेति" । **मानवाः** ।

"षोडशेति" **बार्हस्पत्याः** ॥

"विंशतिम्" **इत्यौशनसाः** ।

यथासामर्थ्यमिति । **कौटिल्यः** ॥

આ પ્રમાણે જ્યાં જ્યાં પૂર્વના આચાર્યોના મતથી એ પોતે જુદો જ સિદ્ધાન્ત બતાવે છે, ત્યાં इति कौटिल्यः એમ લખી, પછી નીચે તે તે વિષયનું પ્રતિપાદન કરી પોતાના શ્લોકો મુકે છે. બહુધા આવો ક્રમ એમણે સર્વત્ર યોજેલો લાગે છે. પ્રમાણભૂત મનાયેલાં વચનો સ્પષ્ટ રીતે અવતરણરૂપે આપી, તેના સામર્થનમાં પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરી બતાવે છે અને વખતે તેની પુરવણીમાં બીજું જે કંઈ મળી આવે તે લખે છે. સામાન્ય યોજના આવી છે. હવે આપણે ઉપર જણાવેલા વિવાદાત્મક શ્લોકનો પ્રસંગ વિચારીએ.

ચાણક્યે યુદ્ધના પ્રસંગમાં મંત્રી અને પુરોહિતોદ્વારા યોધાઓને લડવાને માટે કેમ ઉશ્કેરવા, તેના સંબંધમાં ઉપરનો શ્લોક આ પ્રમાણે મુકેલો છે.

संग्रामस्तु निर्दिष्टदेशकालो धर्मिष्टस्संहत्य दंडं ब्रूयात् "तुल्यवेतनोस्मि;
भवद्भिःसह भोग्यमिदं राज्यम्; मयाभिहितः परोभिहन्तव्यः" इति ।

वेदेषु अपि अनुश्रूयते "समाप्तदक्षिणानां यज्ञानामवभृथेषु सा ते गतिर्या शूराणाम्" इति;
अपीह श्लोकौ भवतः

यान्यज्ञसंघैस्तपसा च विप्राः ।
स्वर्गैषिणः पात्रचयश्च यान्ति ॥
क्षणेन तानप्यतियान्ति शूराः ।
प्राणान् सुयुद्धेषु परित्यजन्तः ॥

नवं शरावं सलिलस्य पूर्णं सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् ।
तत्तस्य माभून्नरकं च गच्छेद्यो भर्तृपिंडस्य कृते न युध्येत् ॥
इति मंत्रिपुरोहिताभ्यामुत्साहयेद्योधान्.

* * * * * * *

सूतमागधाः शूराणां स्वर्गमस्वर्गं भीरूणां जातिसंघकुलकर्मवृत्तस्तवं च योधानां वर्णयेयुः । सेनापतिरर्थमानाभ्यामभिसंस्कृतमनीकमाभाषेत । शतसाहस्रो राजवधः । पञ्चाशतसाहस्रः सेनापतिकुमारवधः । दशसाहस्रः प्रवीरमुख्यवधः ।

ઇત્યાદિ પાનું ૩૬૬.

ઉપર યોજેલા ક્રમ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, યુદ્ધમાં મરનારની સદ્‌ગતિ થાય છે, એ વચનો ઉપર યોધાઓનો વિશ્વાસ આણવા માટે ચાણાક્ય પ્રમાણભૂત મનાતાં શ્રુતિનાં વચનો પ્રથમ ટાંકે છે અને તેની પુરવણીમાં अपीह श्लोकौ भवतः એમ કહી બે શ્લોકો આપે છે, જેમાંનો नवं शरावं એ બીજો શ્લોક, ભાસના પ્રતિજ્ઞા યૌગંધરાયણમાં છે. આ બે શ્લોકો થઈ રહ્યા પછી इति मंत्रिपुरोहिताभ्यामुत्साहयेद्योधान् । એવું પોતાનું વચન લખે છે. આ બંને શ્લોકની આસપાસ અવતરણ ચિન્હ નથી એટલે એ ચાણાક્યના પોતાના છે, એમ માનવાનું કારણ જણાતું નથી. જો એ બંને શ્લોકો ચાણાક્યના પોતાના હોય તો अपीह श्लोकौ भवतः અહિં બીજા પણ બે શ્લોક છે, એમ લખવાનું કંઈ પણ કારણ સંભવતું નથી. એ બંને શ્લોકોની પછી इति मंत्रि-पुरोहिताभ्याम् આગળ જે ઇતિ છે, એનો અર્થ આ પ્રમાણે મંત્રિ અને પુરોહિતોથી યોધાઓને ઉશ્કેરવા, એમ ચાણાક્યના વચન તરીકે લેવો એજ યોગ્ય છે. ત્યાં એને અવતરણાર્થ લેવાનું કંઈ કારણ નથી. એ શ્લોકોને અવતરણરૂપે દર્શાવનારા अपीह श्लोकौ भवतः શબ્દો પૂરતા જ છે. પ્રથમ પ્રમાણભૂત શ્રુતિવચનો ટાંક્યા પછી તેની પુરવણીમાં મળી આવતા આ બે શ્લોકો આપી ચાણાક્યે ઉક્ત વિષયનું પોતાના શબ્દોમાં પ્રતિપાદન કરેલું છે. એ બંને શ્લોકમાંનો પહેલો કોઈ અન્ય ગ્રંથકારનો લાગે છે, અને બીજો મહાકવિ ભાસનો લાગે છે. પ્રથમ શ્લોકમાં यान्, तान्, ઇત્યાદિ શબ્દો પૂર્વના કોઈ અજ્ઞાત વિષયની સાથે સંબંધ રાખનારા છે, એટલે એ પહેલો શ્લોક તો કોઈ બીજા ગ્રંથમાંનો અમુક પ્રસંગમાં લખેલો અત્રે અવતરણરૂપે ઉતાર્યો હશે, એમાં તો શંકા જેવું નથી. જો શ્લોક ચાણાક્યનો પોતાનો હોય અને આ વિષયના પ્રતિપાદનમાં લખેલો હોય, તો આવા અપૂર્ણ સંબંધવાળો હોય નહી. જ્યારે આ પ્રથમ શ્લોક અવતરણરૂપે લીધેલો છે, તો પછી તેની સાથેનો ભાસવાળો શ્લોક ચાણાક્યનો હોય એ સંભવતું નથી, કારણ કે બંને શ્લોકોને એમણે અવતરણસૂચક

अपीह श्लोकौ भवतः એવા શબ્દોથી દાખલ કર્યા છે. પ્રથમ શ્રુતિનાં પ્રમાણભૂત વચનો ટાંકી, પ્રમાણરૂપ નહિં મનાયેલા આ બંને શ્લોકો **ચાણક્યે** એ વિષયના વધારાના પુરાવા તરીકે ઉતાર્યા હશે, એમાં શંકા કરવાનું કારણ જણાતું નથી. **વાત્સ્યાયન કામ-સૂત્રમાં** भवति चात्र श्लोकः । श्लोकावत्र भवतः । भवन्ति चात्र श्लोकाः । એવા પ્રયોગો ગ્રંથકારના પોતાના કરેલા શ્લોકોનો પ્રસ્તાવ કરે છે, એમ રા. **કેશવલાલ** ધ્રુવનું માનવું છે, પરંતુ તેમ માનવાનું એવું શું સબલ પ્રમાણ છે? એ શ્લોકો પણ અવતરણરૂપે કેમ ન હોય? વળી **વાત્સ્યાયનકામસૂત્ર ચાણક્યનું** જ છે, એમ સર્વાંશે હજી ક્યાં સિદ્ધ થયું છે, કે આપણે એમ માનીએ કે પોતાના શ્લોકો ટાંકતાં પણ આવી રીતે લખવાની ચાણક્યની પદ્ધતિ હતી.

ચાણક્યે પોતાના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરવાની જે પદ્ધતિ આખા ગ્રંથમાં સ્વીકારી છે, તે જોતાં આ બંને શ્લોકો અવતરણરૂપે લાગે છે. કોઈ ગ્રંથકર્તા પોતાના શ્લોકને **'અહિંયાં બીજા બે શ્લોક છે.'** એમ કહી લખે એ સામાન્ય રૂઢિથી વિરુદ્ધ હોવાથી માનવામાં આવતું નથી.

ચાણક્ય પોતાના સિદ્ધાન્તના સમર્થનમાં જેટલાં મળી આવે તેટલાં પ્રમાણો આપી પોતાના અભિપ્રાયથી તેને સિદ્ધ કરે છે, એટલે અવતરણ કરવાની આવશ્યકતા જેટલી **ચાણક્યને** છે, તેટલી **ભાસને** નથી. **ભાસ** કવિ તો સ્વાભાવિક રીતે નાટકના ચાલુ વિષયના પ્રસંગમાં યોધાઓ પ્રત્યે સમયને અનુસરતાં પ્રોત્સાહનનાં વચનો આ પ્રમાણે કહેવડાવે છે.

गात्रसेवकः एते ते सुहृदो निरोधमुक्ता इव कृष्णसर्पा इतस्ततः निर्धावन्ति । भोः भोः सुहृदः श्रृण्वन्तु भवन्तः

नवं शरावं सलिलैः सुपूर्णम्
सुसंस्कृतं दर्भकृतोत्तरीयम् । ઇત્યાદિ.

અહિં ઉપર દર્શાવેલા પ્રસંગોમાંથી નીચેનો શ્લોક સ્વાભાવિક રીતે ઉદ્ભવે છે અને અવતરણનું કંઈ પણ સૂચન કરવામાં આવ્યું નથી, તો પછી કંઈ પણ અવતરણના ચિહ્ન સિવાય, **ચાણક્યનો** શ્લોક પોતાનો હોય એમ લખી દેવાનો આરોપ ભાસને શામાટે આપવો જોઇએ? વળી નાટકોમાં આવી જાતનાં અવતરણો બહુધા જોવામાં આવતાં નથી, તેમ મહાકવિ **ભાસ** જેવો સમર્થ લેખક, એક શ્લોકને માટે **ચાણક્યનો** ઉતારો કરે એમ સંભવતું પણ નથી. ઉતારો કરવાની આવશ્યકતા ચાણક્યના વિષયના સંબંધમાં વધારે ઉત્પન્ન થાય છે, કારણ કે તે વિવિધ પ્રમાણોથી પોતાના વિષયનું પ્રતિપાદન કરે છે અને "અહીં બીજા બે શ્લોકો આ પ્રમાણે છે," એમ સ્પષ્ટ લખે છે, ત્યારે એમાંનો એક શ્લોક **ભાસનો** નથી એમ શંકા કરવી એ નિરર્થક છે.

બંનેમાં પરસ્પરને કેટલુંક મળતાપણું જણાય છે અને બંનેની ભાષા બહુધા એક કાળની હોય તેવી લાગે છે. **ભાસે અવિમારક**માં દર્શાવેલા મંત્રતંત્રાદિકના વહેમો, **ચાણાક્ય**ના **અર્થશાસ્ત્ર**ના વિવિધ પ્રયોગો સાથે મળતા આવે છે. અનેક શાસ્ત્રો અને ગ્રંથોમાંથી રાજનીતિના અને છળકપટના જે જે પ્રયોગો મળી આવ્યા, તેનું **ચાણાક્યે** એક ગ્રંથમાં નિબંધન કર્યું છે. રાજાને કેમ છળવો તે વિષયમાં એક સ્થળે ચાણાક્ય લખે છે કે-*

हस्तिकामं वा नागवनपालहस्तिना लक्षण्येन प्रलोभयेयुः ।
प्रतिपन्नं गहनमेकायनं वा अतिनीय घातयेयुः । बद्ध्वा वा अपहरेयुः ॥

હાથીના શિકારનો શોખીન ઉદય રાજા કેવી રીતે બંધન પામ્યો હતો, તેને માટે **ભાસે પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ**માં જે વૃત્તાંત આપ્યો છે, તેની સાથે ઉપરનો પ્રયોગ યથાસ્થિત રીતે મળતો આવે છે. માત્ર **ચાણાક્યે** એને નાના આકારમાં સૂત્રરૂપે ગોઠવ્યો છે એટલો જ એમાં ફેર છે. આ પ્રસંગમાં પણ **ભાસ** અને **ચાણાક્ય**માં પરસ્પરની છાયા જણાય છે અને અત્યંત સૂક્ષ્મદૃષ્ટિથી જોનારને આવી ઘણી બાબતો બંને ગ્રંથોમાંથી મળી આવવાનો સંભવ છે.

ભાસ અને **ચાણાક્ય** પરસ્પરને જાણતા હતા, એમ માનવામાં બાધ જણાતો નથી. જ્યારે **ભાસ**ની છાયા અને એક શ્લોક ચાણાક્યના ગ્રન્થમાં જોવામાં આવે છે ત્યારે અર્થશાસ્ત્રનું નામ ભાસનામાં પણ જોવામાં આવે છે.

अर्थशास्त्रगुणग्राही ज्येष्ठो गोपालकः सुतः **પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ**. પાનું ૩૫

વળી કેદ પકડાયેલા **વત્સરાજ**ના સંબંધમાં **ઉજ્જયિની**ના **ચંડમહાસેન**ના પ્રધાન **ભરતરોહક**ની અને **વત્સરાજ**ના મંત્રી **યૌગન્ધરાયણ**ની વચ્ચે વાત ચાલે છે ત્યાં ભરતરોહક પૂછે છે કે:—

* अपरोक्षराजव्यवहारो भवानिति ब्रवीति । समरावजितेषु शत्रुषु किमाह शास्त्रम् ।
यौगन्धरायण—वधः । कृतापराधस्य हि सत्कृतिर्वधः
પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ-અંક ૪-પાનું. ૭૧-૭૨

અહિં પણ **શાસ્ત્ર** શબ્દે **અર્થશાસ્ત્ર**નો નિર્દેશ કરેલો જણાય છે અને **યૌગન્ધરાયણ**ની યુદ્ધનીતિ, મંત્રપદ્ધતિ વગેરે પણ ચાણાક્યની નીતિને સૂચવે છે. બંને જણા સમકાલીન હોવાથી એકમેકનાં વચનોને પ્રમાણરૂપે દર્શાવતા નથી, કારણ કે તે વખતની પ્રજા તેને જુના પ્રમાણ રૂપ માની શકે નહીં; તેમ છતાં એ બંને અન્યોન્યના વિચા-

* **કૌટિલીય અર્થશાસ્ત્ર** પાનું. ૩૯૭

શેને માન આપતા હોય એમ જણાય છે. **નન્દરાજાની** સાથે દૃઢ વૈર બાંધનાર અને ચંદ્રગુપ્તને ૨૫ વર્ષની નાની વયમાં **મગધ**દેશની અને આખા ઉત્તર હિન્દુસ્તાનની ગાદી અપાવનાર **ચાણાક્ય** છેલ્લા નંદરાજાના વખતમાં પરિપક્વ વયનો હશે એમાં શંકા નહી, કારણ કે અનુભવ, પરિપક્વ વય અને રાજનીતિમાં સંપૂર્ણ કુશળતા પામ્યા સિવાય, નંદની ગાદીને ઉંધી વાળી **ચંદ્ર**ગુપ્તને રાજ્ય અપાવવાનું મોટું સાહસ માથે લઈ શકાય નહિ. **ચાણાક્ય** એ વખતે પુખ્ત ઉમ્મરે પહોંચેલો હશે અને તરુણ **ચંદ્ર**ગુપ્તને રાજનીતિમાં પ્રવીણ કરવાને માટે આ **અર્થ**શાસ્ત્ર લખ્યું હશે, તથા લગભગ આખા એશીયાખંડમાં પોતાની આણ વર્તાવનાર **ચંદ્ર**ગુપ્તનું પરાક્રમ એ નીતિના શિક્ષણને આભારી હશે. ૨૫ વર્ષના **ચંદ્ર**ગુપ્તને રાજ્ય અપાવનાર ચાણાક્ય કંઈ નહીં તો એનાથી બમણી ઉમ્મરનો પાકો અનુભવી અને સર્વ વિષયમાં પારંગત હશે. પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી નંદરાજાનું નિકંદન કરી થોડે કાળે તે મરણ પામ્યો હશે. ભાસ એ અરસામાં રાજ્યાશ્રય ભોગવતા એક પ્રતિષ્ઠિત કવિ તરીકે ઉદય પામેલો હશે, અથવા તો પામતો હશે. આથી વધારે અંતર એ બંનેમાં સંભવતું નથી.

(૭) ભાસ અને ભામહ.

ઉદયન અથવા **વત્સરાજ**ને હાથીના શિકારનો ઘણો શોખ હતો, તેથી ઉજ્જયિનીના **ચંડ**મહાસેન રાજાએ પોતાની પુત્રી **વા**સવદત્તાને એની સાથે પરણાવવાના હેતુથી, કૃત્રિમ હાથી બનાવી તેનો શિકાર કરવાને માટે એને લોભાવીને કેદ પકડી ઉજ્જયિનીમાં આણ્યો હતો. આ બધી બાબત **ભાસ** કવિએ પોતાના **પ્રતિજ્ઞાયૌગ**ન્ધરાયણમાં લખી છે. ઉદયન જેવો રાજા અને તેના મંત્રિઓ, આવા કૃત્રિમ હાથીને ન ઓળખી શક્યા, એ બાબત ઉપર **ન્યાયવિરોધ** બતાવતાં, **ભામહ** નામના કવિએ પોતાના **કાવ્યાલંકાર નામના** ગ્રન્થમાં નિચે પ્રમાણે લખેલું છે કે—

विजिगीषुमुपन्यस्य वत्सेशं वृद्धदर्शनम् ।
तस्यैव कृतिनः पश्चादभ्यधाच्चारशून्यताम् ॥ ४० ॥
अंतर्योधशताकीर्णं **सालंकायननेतृकम्** ।
तथाविधं गजच्छद्म नाज्ञासीत्स स्वभूगतम् ॥ ४१ ॥
यदि वोपेक्षितं तस्य **सचिवैः स्वार्थसिद्धये** ।
अहो नु मंदिमा तेषां भक्तिर्वा नास्ति भर्तरि ॥ ४२ ॥
शरा दृढधनुर्मुक्ता मन्युमद्भिररातिभिः ।
मर्माणि परिहृत्यास्य पतिष्यंतीति कानुमा ॥ ४३ ॥

ભામહે પોતાના **કાવ્યાલંકારમાં** ન્યાયવિરોધના સંબંધમાં ચર્ચા કરતાં જે કંઈ આક્ષેપપૂર્વક લખ્યું છે, તે માત્ર બે જ વ્યક્તિના સંબંધમાં સંભવે છે. એક **ભાસ** અને બીજો **બૃહત્કથાકાર ગુણાઢય** છે. **ભાસે પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં, વત્સરાજ** હાથીનાથી છેતરાઈ કેદ પકડાયો તે પ્રસંગ એવી સારી રીતે લખેલો છે કે, તેમાં આવી રીતનો ન્યાયવિરોધ બહુ આવે તેમ નથી. મંત્રી **યૌગન્ધરાયણને** ચારપુરુષો તરફથી **ચંડ-મહાસેનના** પ્રપંચની ખબર પડે છે અને **ઉદયનને** ચેતાવવાને માટે તે તૈયારી કરે છે, એટલામાં **ઉદયનનો** અનુયાયી **હંસક** આવીને નિવેદન કરે છે કે, **વત્સરાજ** કેદ પકડાયો. ત્યાં આગળ સઘળી હકીકત જાણવાને માટે, **યૌગન્ધરાયણ** પાસે અનેક પ્રશ્નો કરાવી કવિએ બધી પરિસ્થિતિ આ પ્રમાણે સ્પષ્ટ કરી બતાવી છે. **રુમણ્વાન્** પ્રધાન તથા બીજા સૈનિકો **વત્સરાજની** સાથે હતા, તે બધા દૂર કેમ રહ્યા? અને રાજા એકલો હસ્તિને પકડવા કેમ ગયો? **રુમણ્વાન્** ક્યાં ગયો હતો? શું એને શત્રુઓએ ફોડ્યો તો ન હતો? હસ્તિ ક્યાં હતો? રાજા કેવી રીતે પકડાયો? વગેરે પ્રશ્નોના ખુલાસા એવી સારી રીતે કરેલા છે કે, **ભામહે** દર્શાવેલા ન્યાયવિરોધનો એમાં ઘણો થોડો જ સંભવ રહે છે. આથી ભાસનામાં ન્યાય વિરોધનો દોષ આરોપવાનું કારણ ઘણે અંશે ઉત્પન્ન થતું નથી. **ભામહે** પોતાની ચર્ચામાં नयवेदिनः कवेरभिप्रायं। અને नमोस्तु तेभ्यः विद्वद्भ्यः। એમ બે જુદાં જુદાં પદો વાપરી કવિ શબ્દે **ભાસને** સૂચવ્યો છે અને **विद्वद्भ्यः** શબ્દે **બૃહત્કથાકાર ગુણાઢયને** સૂચવ્યો છે. नमोस्तु तेभ्यः विद्वद्भ्यो એ શબ્દે જે આક્ષેપ છે, તે **ગુણાઢય** ઉપર છે, જેને **ભામહ** માત્ર વિદ્વાન્ એ સંજ્ઞાથી ઓળખાવે છે અને नयवेदि कवि તરીકે જેની પ્રશંસા કરે છે તે મહાકવિ **ભાસ** છે. વળી कवेरभिप्रायं। शास्त्रलोकावपास्यैव। ઇત્યાદિ શબ્દોથી, ન્યાયવિરુદ્ધ તથા લોકકથા ન લક્ષમાં લેતાં ભાસના લખાણથી વિરુદ્ધ અભિપ્રાયવાળું **બૃહત્કથામાં** જે કંઈ લખાણ જોવામાં આવ્યું હશે, તેને ઉદ્દેશીને **ભામહે** આ શ્લોકોમાં વિદ્વાન્ એ શબ્દથી ઉદ્દેશીને, કવિથી કોઈ ઇતર ગ્રન્થકાર ઉપર આક્ષેપ કર્યો હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે અને તે **ગુણાઢય** છે; એટલે **ભામહ ભાસની** પછી થયેલા એટલું જ નહીં, પરંતુ **બૃહત્કથાકાર ગુણાઢયની** પછી થયેલા હોવા જોઇએ, એમ માનવાને આપણને પૂરતું કારણ મળે છે.

ભામહે મેઘદૂતના સંબંધમાં આક્ષેપપૂર્વક લખ્યું છે કે, મેઘ આદિ નિર્જીવ અને વાચા વગરના દૂતોને યોજવા એ અયુકિતક છે. આના સંબંધમાં ગણપતિ શાસ્ત્રીનું એમ માનવું છે કે "ભામહે, આવા આવા દૂતો કવિઓ કલ્પે, તે યુક્તિપુરઃસર નથી, એમ માત્ર અનુમાનથી જ લખેલું છે. **કાલિદાસનું મેઘદૂત** એમના વખતમાં હતું નહીં, કારણ કે **કાલિદાસ** એમની પછી થયા હતા." એ વિદ્વાન્ શાસ્ત્રીના મતને બહુમાન સાથે વિચારવા છતાં પણ એ વાત ગળે ઉતરતી નથી. **કાલિદાસ** જેવા **સૂક્ષ્મ** દૃષ્ટિવાળા કવિને આ વસ્તુ અયુકિતક છે, એમ લાગ્યા વિના રહ્યું નથી અને તેથી જ એમણે પોતે

इत्यौत्सुक्यादपरिगणयन् गुह्यकस्तं ययाचे ।
कामार्ता हि प्रकृतिकृपणाश्चेतनाचेतनेषु ॥

એમ કહી, એ જાતના દોષનો પ્રથમથી જ પરિહાર કરી લીધો છે. આ પરિહારમાં મોટા અક્ષરે છાપેલા **औत्सुक्यात्**। **कामार्ता**। શબ્દો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. **ભામહ**, મેઘદૂતને અયુક્તિક ગણી છેલ્લા શ્લોકમાં લખે છે કે;—

यदि **चोत्कंठया** तत **तदुन्मत्त इव** भाषते ।
तथा भवतु भूम्नेदं सुमेधोभिःप्रयुज्यते ॥

અત્યંત **ઉત્કંઠાથી ઉન્મતની** પેઠે કદાપિ કોઈ સંદેશ કહાવનાર એમ બોલે તો ભલે. આવી યોજના બુદ્ધિમાન્ પુરુષો કરતા હશે, આમ કહી જે શબ્દોમાં **કાલિદાસે** એ વિરોધનો પરિહાર કરેલો છે, તે જ શબ્દો અને તે જ વિચારો **ભામહે** પોતાના છેલ્લા શ્લોકમાં એ દોષને ભલે કહી જતો કરતાં દર્શાવ્યા છે. આ સ્પષ્ટ બતાવી આપે છે કે, નિર્જીવ મેઘ ક્યાં અને પ્રાણીથી લૈ જવાય તેવા સંદેશા ક્યાં? એ વિરોધનો અત્યંત ઉત્કંઠાને લીધે તથા કામાર્ત થયેલા (અર્થાત્ ઉન્માદની દશાને પામેલા) યક્ષે વિચાર નહીં કરતાં મેઘને દૂત કલ્પ્યો, એ શ્લોક ભામહના વાંચવામાં આવેલો હોવો જ જોઇએ. **કાલિદાસનો** ખુલાસો એને થોડો ઘણો વ્યાજબી લાગેલો હોવો જોઇએ, અને તેથી જ તેણે એ મહાકવિ ઉપર સખત આક્ષેપ ન કરતાં सुमेधोभिःप्रयुज्यते એમ મૃદુ શબ્દોમાં સઘળું પતાવી દીધું છે. જો એમ ન હોય તો **ઉત્કંઠા, ઉત્મત્ત** દશા આદિ જે કારણો **કાલિદાસે યક્ષની** આવી પ્રવૃત્તિને માટે બતાવેલાં છે, તે ભામહના શ્લોકમાં કેમ આવે? ન્યાયવિરોધના સંબંધમાં આપણે તપાસી ગયા કે, એમાં જે આક્ષેપ છે તે કવિ ઉપર નથી, પરંતુ **વિદ્વાન્ બૃહત્કથાકાર** ઉપર છે—અને એ જ આ અનુમાનને ટેકો આપે છે. **બૃહત્કથાકાર શાલિવાહન** શકકર્તાનો સમકાલીન હતો એમ ગણપતિશાસ્ત્રી કહે છે અને ઘણે ભાગે **બૃહત્કથા** ઈ૦ સ૦* પહેલા અથવા બીજા સૈકામાં લખાયેલી છે, એટલે જો આપણે પહેલું અનુમાન ખરું માનીએ તો બીજું પણ ખરું માનવું જ પડે તેમ છે. ન્યાયવિરોધમાં કવિ ઉપર આક્ષેપ નથી પણ विद्वद्भ्यो नमः એ પદ **બૃહત્કથાકાર** ઉપર છે, એમાં શંકાનો અવકાશ લાગતો નથી તેમ **કાલીદાસે મેઘદૂતના** અયુક્તિકપણાને માટે જે ખુલાસો આપ્યો છે, તે જ ભામહે પોતાના શ્લોકમાં જુદા શબ્દોમાં નોંધી, **કાલિદાસ** જેવા પ્રસિદ્ધ કવિ ઉપર બીજું આક્ષેપરૂપ ન લખતાં એ વાત પડતી મુકી છે, એમાં પણ શંકા રાખવાનું કારણ જણાતું નથી.

---

* જુઓ **સ્વપ્નવાસવદત્તાની** પ્રસ્તાવના પા. ૨૭.

મેકડોનેલ્સ સંસ્કૃત લિટરેચર પા. ૩૭૬.

મહાકવિ ભાસે પોતાના બાળચરિત નાટકમાં **રામ** અને **રાવણ**ના સંવાદમા રાવણના મુખે કહેવડાવ્યું છે કે–भोः काश्यपगोत्रोस्मि। सांगोपांगं वेदमधीये। मानवीयं धर्मशास्त्रम्। माहेश्वरं योगशास्त्रम्। बार्हस्पत्यमर्थशास्त्रम्। **मेधातिथे**–न्यायशास्त्रम्। प्राचेतसं श्राद्धकल्पं च। અહિં **ગણપતિશાસ્ત્રી** લખે છે કે "**મે**ધાતિથિ કોઈ જુના મહર્ષિનું નામ હોવું જોઇએ. **મા**નવધર્મશાસ્ત્રના ઉપર ટીકા કરનાર **મે**ધાતિથીનું નામ આપ્યું છે, માટે **ભાસ**, એ મેધાતિથિ પછી થયા હશે એમ માનવાનું કારણ નથી." આ મેધાતિથિ ઈ૦ સ૦ ૯૦૦* માં થયો હતો એમ માનવામાં આવે છે. **ભાસ**ના સંબંધમાં એવી શંકા થવાનું અહીં કંઈજ કારણ નથી. જો એવી શંકા કરીએ તો ભાસને આધુનિક **રામરક્ષા**ના કર્તા **પછી** મુકવો પડે કારણ કે मनोजवं मारुततुल्यवेगम् એ **રામરક્ષા**નું પદ ભાસના **બાલ**ચરિતમાં જોવામાં આવે છે. (જુઓ પાનું ૩૩). **રામરાવણ**ના સંવાદમાં **રા**વણના અભ્યાસને માટે જુના મહર્ષિઓનાં શાસ્ત્રોનો જ ઉલ્લેખ યોગ્ય ગણાય. ત્યાં આગળ पातंजलं योगशास्त्रम् અથવા कौटिलीयं अर्थशास्त्रम् એમ લખે જ નહીં. કારણ કે સમયવિરોધને (એનેક્રોનીઝમને) લીધે એ એમના સમકાલીન ગ્રન્થકારોના ઉપહાસ્યને પાત્ર થયા વિના રહે જ નહીં. આવો સમયવિરોધ સાચવવામાં ભાસ કુશળ છે, તે આપણે ભગવદ્ગીતાના શ્લોકના સંબંધમાં આગળ દર્શાવી ગયા છીએ. જ્યાં ભગવાન્ કૃષ્ણનાં યુદ્ધ વખતે અર્જુનને ઉપદેશ આપતાં વચનો ઉતારી, કર્ણના મુખમાં ન મુકતાં, પોતાનાં વચનો મુકયાં છે. આથી **મા**નવધર્મશાસ્ત્રના ટીકાકાર **મે**ધાતિથિની પૂર્વે ભાસ થયા હતા એમ માનવામાં કંઈ પણ બાધ આવતો નથી. કેટલાએક વિદ્વાનો ભામહને ઈ૦ સ૦ ૮૦૦ માં મુકે છે, પરંતુ ભામહ એટલો અર્વાચીન હોય એમ લાગતું નથી, તેમ **ગ**ણપતિશાસ્ત્રી એને ઘણો જુનો માને છે, તેટલો એ જુનો પણ નથી. એ પાણિનિની પછી થયો હતો એ તો નિર્વિવાદ છે. કારણ કે નિચેના શ્લોકમાં એ પાણિનિનો મત સ્વીકારવો એ ઉત્તમ છે, એમ લખે છે.

श्रद्धेयं जगति मतं हि पाणिनीयं। मध्यस्थाद्भवाति न कस्यचित् प्रमाणम्। **પરિ**૦–૬–૬૩.

ભામહ ચાણાક્યની પછી થયા હતા, તે નિચેના એમના શ્લોક ઉપરથી જણાઈ આવે છે.

चाणाक्यो नक्तमुपयान्नंदक्रीडागृहं यथा–**પરિચ્છેદ**–૩–૧૩.

અને ભાસની પણ પછીનો એ અલંકારિક છે, કારણ કે कवि શબ્દથી ભાસનો ઉલ્લેખ કરી ન્યાયવિરોધ દર્શાવતાં એણે ભાસનું પ્રતિપાદન કરેલું છે.

---

* જુઓ **મે**કડોનેલ્સ **સંસ્કૃત લિટરેચર** પાનું ૪૨૯.

એ કાલિદાસની પછી થયા હતા એમ આપણે એમના, મેઘસંદેશ અયુક્તિક છે, એવી ચર્ચાના વિષયમાં જણાવ્યું છે. એ પ્રમાણ કદાપિ કોઇના ધ્યાનમાં ન આવે તો નિચેનાં બીજાં પ્રમાણો પણ ભામહને કાલિદાસની પછી મુકવાનું કારણ આપે છે.

કાલિદાસના કેટલાકએક વિચારોની સંપૂર્ણ છાયા **ભામહ**ના કાવ્યાલંકારમાં જોવામાં આવે છે. જુઓ.

अयं मंदद्युतिर्भास्वानस्तं प्रतियियास्यति ।

उदयः पतनायेति श्रीमतो वोधयन्नरान्–**પરિચ્છેદ-૩ શ્લોક.-૩૩.**

આ શ્લોકમાં **ભામહે**, **શાકુન્તલ**માંના નીચે લખેલા શ્લોકનો ભાવ, અનુષ્ટુપ્ વૃત્તમાં સંક્ષિપ્ત કરીને મુકેલો છે.

यात्येकतोस्तशिखरं पतिरोषधीनाम् ।
आविष्कृतोरुणपुरःसर एकतोर्कः ।
तेजोद्वयस्य युगपद्व्यसनोदयाभ्याम् ।
लोको नियम्यत इवात्मदशान्तरेषु ॥ **શાકુન્તલ. અંક. ૪-૨ શ્લોક.**

વળી નીચેના શ્લોકમાં લખ્યું છે કે—

सार्जन्त्यधररागं ते पतंतो वाष्पविन्दवः પરિચ્છેદ ૬-૫૧

આ ભાવ **વિક્રમોર્વશીય**ના ચોથા અંકમાંના નીચેના શ્લોકનો છે.

हृतोष्ठरागैर्नयनोदविन्दुभिः **અંક ચોથો.**

વળી-जानुदघ्नं **सरिन्नारीनितंबद्वयसं पयः** (**પરિચ્છેદ-૬-૫૫**) એ પદ **नारीनितंबद्वयसं बभूव** એમ કાલિદાસના રઘુવંશના શ્લોકમાં પણ છે.

આ ઉપરથી ભામહ કાલિદાસની પછી થયા હતા એમ માનવામાં શક રહેતો નથી. એટલું જ નહીં પણ એ બૃહત્કથાકાર ગુણાઢ્યની પછી હતા એમ માનવાનાં સબળ પ્રમાણ મળે છે, કારણ કે **ભામહે** ન્યાયવિરોધમાં नमोस्तु तेभ्यो विद्वद्भ्यो येऽभिप्रायं कवेरिमम् । એ શબ્દે **બૃહત્કથાકારને** ઉદ્દેશીને આક્ષેપ કર્યો છે. વળી એ જ પ્રકરણમાં नरवाहनदत्तના સંબંધમાં નીચે પ્રમાણે ચર્ચા છે.

नरवाहनदत्तेन वेश्यावासान्निशि पीडितः **પરિચ્છેદ-૬-૬૩.**

તે તો ભાસના લેખને ઉદ્દેશીને હોય જ નહીં, કારણ કે ભાસે નરવાહનદત્ત સંબંધે કંઈ લખ્યું નથી, તેથી એ પણ બૃહત્કથાકાર ગુણાઢ્યના સંબંધમાં જ છે. એટલે

બૃહત્કથાકારની પછી એ થયા હતા એમ માનવામાં લગાર પણ બાધ નથી. કેટલાએક વિદ્વાનો **ભામહ**ને ૮ માં ૯ મા શતકમાં મુકે છે પરંતુ એ એટલો અર્વાચીન નથી. આઠમા નવમા શતકમાં પાણિનીયના વ્યાકરણના સિદ્ધાન્તો સાર્વત્રિક થઈ પ્રમાણરૂપે સ્વીકારાયેલા હતા. ભામહના પાણિનીસંબંધી ઉલ્લેખ ઉપરથી જણાય છે કે, તેમના વખતમાં એ સિદ્ધાન્તો સાર્વત્રિક ન હતા, માટે એમણે **પાણિનિ**ના મતને માનવો એમ લખ્યું છે. આ કાળ ઇ. સ. પહેલા શતક સુધીનો ગણી શકાય. વળી ભામહ-નામાં બુદ્ધ ધર્મ સંબંધી કંઈ પણ જણાતું નથી, એટલે બુદ્ધધર્મની અસર નાશ પામી ગયા પછીના સમયમાં અર્થાત્ કાલિદાસની પછી થોડાં વર્ષના અરસામાં એ થયા હશે, એમ માની શકાય.

૮ ભાસની ભાષા વગેરે.

ભાસનાં નાટક વાંચનાર કોઈ પણ માણસને એટલું તો સ્પષ્ટ જણાયા વિના રહેશે જ નહિં કે, એમની ભાષા **અશ્વઘોષ**, **કાલિદાસ** અને તેમની પછી થયેલા કવિઓના કરતાં કંઇક જુની અને લોક વ્યવહારમાં તે વખતે બોલાતી હોય તેવી છે. **ગણપતિશાસ્ત્રી** એમના કેટલાએક વ્યાકરણના પ્રયોગો બતાવી એમ પુરવાર કરે છે કે "**ભાસ** કવિ ભગવાન્ **પાણિનિ**ના કરતાં પણ પહેલા થયા હતા." **ભગવાન્** પાણિનિ ઇ. સ. પૂર્વે ૪ થા સૈકાની આખરમાં થયા હતા એમ માનવામાં આવે છે. જો આપણે ભાસને ઇ. સ. પૂર્વે પાંચમા શતકમાં એટલે પાણિનિની પૂર્વે માનીએ, તો આગળ ચર્ચવામાં આવેલી અનેક બાબતો સાથે બાહ્ય અને આંતર પ્રમાણોની એકવાકયતા થઈ શકતી નથી. **ભાસ**ના કેટલાએક વ્યાકરણના પ્રયોગો પાણિનિના નિયમોને અનુસરતા નથી એ વાત ખરી છે, પરંતુ તે ઉપરથી એ પાણિનિના સમય પહેલાં થયા હતા એમ કહેવાને માટે સબળ પ્રમાણ નથી. એટલું તો નિર્વિવાદ છે કે, **ભાસે** જે ભાષા લખી છે તે, તે વખતે લોકોમાં બોલાતી ભાષા છે. આર્યાવર્તમાં, સંસ્કૃત ભાષા ઇ. સ. પૂર્વે બીજા શતકમાં બોલાતી હતી. બ્રાહ્મણો રાજાઓ અને ઉચ્ચ વર્ણના લોકો સંસ્કૃત બોલતા. સ્ત્રીઓ અને સામાન્ય વર્ણના લોક પ્રાકૃત બોલતા. **ભાસ**ના નાટકોમાં વાપ-રેલી ભાષા આવા જ પ્રકારની *જણાય છે. **ભાષ્યકાર** પતંજલિના સમય પછી સંસ્કૃત ભાષાને જે ઓપ ચઢયો છે અને તે અરસામાં થયેલા **કાલિદાસ** આદિ કવિ-ઓની ભાષામાં જે સંસ્કાર અને સુઘટિતપણું જોવામાં આવે છે, તે **ભાસ**ની ભાષામાં નથી. એ ભાષા સાદી, સુંદર, કોઈ પણ જાતના ઓપ વગરની અને લોકપ્રચલિત જેવી છે. એ જ પ્રમાણે પાણિનિના વ્યાકરણશાસ્ત્રના નિયમોને એ બરાબર અનુસરતી નથી, એ ઉપરથી આપણને આ અનુમાન સ્વાભાવિક લાગે છે કે, **ભાસે** વાપરેલી ભાષા,

---

* જુઓ **મેકડોનલ્ડસ સંસ્કૃત લીટરેચર** પાનું ૨૩-૩૪૯.

પતંજલિના સમયની પૂર્વના અને ઇ. સ. પૂર્વે ૪૦૦ એટલે પાણિનીના સમયની પછીના કાળના ૩૦૦ વર્ષના ગાળામાં લોકમાં વપરાતી ભાષા હોવી જોઇએ. આ મધ્યના ગાળામાં, અશોકના સમયમાં તો પ્રાકૃતનો પ્રચાર ઘણો વધી ગયો હતો. ઘણા ઘણા ગ્રન્થો અને લેખો વગેરે સામાન્ય લોક સમજી શકે એટલા માટે પ્રાકૃતમાં લખાતા હતા અને એકંદર રીતે જોઇએ તો રાજ્યશાસનથી એ ભાષા ઉપર જેટલું લક્ષ અપાતું હતું તેટલું સંસ્કૃત ઉપર અપાતું નહતું, એટલે ચંદ્રગુપ્તથી માંડીને પતંજલિના સમય સુધીમાં જે ભાષા વપરાતી હશે, તે જ જાતની ભાસની જુની ભાષા છે.

ભાસને આપણે ઇ. સ. પૂર્વે ૩૨૫ સુધીમાં, એટલે ચંદ્રગુપ્તના સમયમાં મુકીએ છીએ, એટલે આ અનુમાન વધારે બંધબેસતું આવે છે. વળી પાણિનીના નિયમોને ભાસ સર્વથા અનુસરતા નથી, તેનો પણ ખુલાસો થઈ શકે છે; કારણ કે પાણિની ઈ. પૂર્વે ૪ થા શતકમાં અને ભાસ ઇ. સ. પૂર્વે ૩૨૫ માં થયા એમ માનીએ છીએ, એટલે આટલા થોડા અંતરમાં પાણિનીના વ્યાકરણના નિયમો વિદ્વાનોને અને પ્રચલિતભાષાને બંધનરૂપ મનાય એવી રીતે સ્વીકારાયા નહીં હોય. તે કાળે વિદ્યાનો પ્રસાર અત્યારના જેટલો ઝપાટાબંધ થઈ શકતો નહીં હોય અને અમુક શાસ્ત્રના સિદ્ધાન્તો સર્વમાન્ય થતાં ઘણો કાળ નિકળી જતો હશે. આવા કારણથી થોડાં વર્ષો પૂર્વે થયેલા પાણિનીના નિયમોને બધી રીતે અનુસરવા કરતાં, લોકરૂઢિથી ચાલતા આવેલા પ્રયોગોને પણ ભાસે પોતાની ભાષામાં ચાલુ રાખ્યા હશે અને ભાષાનું એકંદર સ્વરૂપ જોતાં એવું જ અનુમાન થાય છે. એ ભાષા સામાન્ય વ્યવહારમાં વપરાતી અને ભાષાનાં રૂઢ વાક્યોથી ભરપૂર છે, તથા સરળ છતાં કોઈ કોઈ પ્રસંગે સમજવામાં અઘરી છે. એનું સ્વરૂપ જ દર્શાવી આપે છે કે, એ કાલિદાસની (કલાસીકલ) સંસ્કારશુદ્ધ ભાષા કરતાં કંઈ નહિ તો ૧૦૦-૧૫૦ વર્ષ જેટલી જુની છે. સામાન્ય દૃષ્ટાન્ત તરીકે આપણી ગુજરાતી ભાષા લઇએ. દલપતરામ અને તેમની પહેલાંના કવિઓની અને અત્યારે વપરાતી ભાષામાં લગભગ આ ૫૦ વર્ષમાં જેટલું અંતર જણાય છે, તેટલું અંતર કાલિદાસની અને ભાસની ભાષામાં જોવામાં આવે છે. સાહિત્યની સપાટાબંધ ચાલતી અભિવૃદ્ધિના હાલના સમયમાં, ૫૦ વર્ષમાં ગુજરાતી ભાષા ઉપર જેટલા સંસ્કારો થવા પામ્યા છે, તેટલા સંસ્કારો થવાને એ પૂર્વના કાળમાં ઓછામાં ઓછાં ૧૦૦-૧૫૦ વર્ષ જોઇએ. વળી એટલું પણ સ્પષ્ટ જણાય છે કે, સાહિત્યની અભિવૃદ્ધિનો યુગ આરંભાયો. તેના પહેલાંની આ ભાષા છે અને પાણિનીનો તથા કાલિદાસનો સમય એની પૂર્વ પશ્ચિમ મર્યાદા છે. ઈ. સ. પૂ. ૬૦૦ થી ઈ. સ. પૂ. ૨૦૦ સુધીમાં ચાલતા આવેલા ભાષાના અવિચ્છિન્ન પ્રવાહમાં, અશોકનો બુદ્ધધર્મનો કાળ વ્યવધાનરૂપ થઈ પડ્યો હતો, પૂર્વની પ્રચલિત ભાષા ગૌણ સ્વરૂપ પામી હતી અને પ્રાકૃતનો કંઈક વિશેષ પ્રચાર થવા લાગ્યો હતો. પૂર્વનું સમૃદ્ધ સાહિત્ય અંધારામાં પડી ગયું અને હજારો ગ્રન્થોનો નાશ થઈ

જતાં સાહિત્ય તદ્દન આછું થઈ ગયું. આથી જ્યારે પુષ્પમિત્રની પછી બુદ્ધધર્મ નષ્ટપ્રાય થયો, ત્યાર પછીના કાળમાં બ્રાહ્મણોએ પુનઃ ભાષાની અને ગ્રન્થોની અભિવૃદ્ધિ કરવાનો પ્રયત્ન ચાલુ કર્યો અને પૂર્વના સાહિત્યમાંથી જે કંઈ હાથ લાગ્યું તે ઉપરથી તથા બીજરૂપ જે કંઈ મળી આવ્યું તેનો ઉપયોગ કરી અનેક ગ્રન્થો લખી સંસ્કૃત સાહિત્યને પાછું સમૃદ્ધ કરી દીધું. આ સાહિત્યના પુનરુજ્જીવનના સમયમાં ભાષાને જે સંસ્કારો મળ્યા, તેનાથી તે સંસ્કૃતરૂપે થઈ રહી. પૂર્વના કાળમાં એનું સામાન્ય રીતે, ભાષા એવું નામ પ્રચલિત હતું. ભાસે પોતાનાં નાટકોમાં જેનો ઉપયોગ કર્યો છે, તે આવી બોલાતી લોકભાષા છે, ત્યારે કાલિદાસ વગેરેની છેલ્લામાં છેલ્લા સંસ્કારવાળી છે. આટલો એમાં ભેદ જણાય છે. ઈ૦ સ૦ પૂર્વે બીજા અથવા ત્રીજા શતકમાં સંસ્કૃત લોકભાષા હતી, એવું યુરોપિયન વિદ્વાનો પણ માને છે, એટલે ભાસનાં નાટકોમાં લખેલી લોકપ્રચિલત ભાષા પણ એમને ઈ. પૂ. ત્રીજા શતકના અંતમાં એટલે ચંદ્રગુપ્તના સમયમાં મુકવાને આપણને પ્રેરે છે.

કલકત્તાના **મોડર્નરિવ્યુ**ના ઈ૦ સ૦ ૧૯૧૩ ના અકટોબરના અંકમાં, "**ભાસનો સમય**," એ નામનો મી૦ પી. **ચોધરી. એમ. એ. બેરીસ્ટર એટલૉ**ના હાથથી લખાયેલો એક લેખ પ્રસિદ્ધ થયો છે અને એજ વિષયમાં બીજો એક લેખ મી૦ કે. પી. **જયસ્વાલ**ના હાથથી લખાયેલો આગળ ઉપર પ્રસિદ્ધ થયો છે. આ બાબતમાં એમનો એવો અભિપ્રાય છે કે, મહાકવિ ભાસ ઈ૦ સ૦ પૂર્વે ૭૩ માં આરંભાયેલા **કણ્વવંશ**ના ત્રીજા રાજા **નારાયણ**ના રાજકવિ હતા. એટલે ઈ૦ સ૦ પૂર્વે પહેલા શતકના ઉત્તરાર્ધમાં એ થઈ ગયા હતા. એમણે આ મતના પુરાવામાં કેટલાંએક પ્રમાણો આપેલાં છે, તે વિષે આપણે સંક્ષેપમાં વિચાર કરીશું. એ વિવાદના મુખ્ય મુદ્દાઓ નિચે પ્રમાણે છે.

(૧) "ચાણાકયઅર્થશાસ્ત્રનો, नवं शरावं सलिलस्य पूर्णं। એ શ્લોક **ભાસના પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ**માં જોવામાં આવે છે. એ શ્લોક બંનેએ એક જુના સુભાષિત તરીકે ઉતારી લીધો હશે, અથવા આપણે એમ માનીએ કે **ચાણાકયે** એ શ્લોક ભાસમાંથી લીધો હશે, તોપણ **ચાણાકય**નું અર્થશાસ્ત્ર જેટલું જુનું કહેવાય છે તેટલું જુનું હું માનતો નથી. તેમ એની ઈબારત ઉપરથી એ ચાણાકયે લખ્યું હશે એમ પણ મને શંકા છે. આથી એ શ્લોકના પ્રમાણ ઉપરથી **ભાસ** ચાણાકય પહેલાં થયા હતા એમ પુરવાર કરવું એ સપ્રમાણ નથી.

(૨) **પાટલીપુત્ર**ના **મૌર્યવંશ**ના છેલ્લા રાજા **બૃહદ્રથ**ને તેના સેનાપતિ **પુષ્પમિત્રે** મારી નાંખી ઈ૦ સ૦ પૂર્વે ૧૮૪ માં **શૃંગવંશ**ની સ્થાપના કરી હતી. આ શૃંગવંશના છેલ્લા રાજા **દેવભૂમિ**ને તેના બ્રાહ્મણ પ્રધાન વસુદેવે મારી નંખાવી **કણ્વવંશ** સ્થાપ્યો. (ઈ૦ સ૦ પૂર્વે ૭૩) આ વંશમાં માત્ર ચાર રાજાઓ થયા હતા. **વસુદેવ, ભૂમિમિત્ર, નારાયણ**, અને **સુશર્મન્**. આ સુશર્મનને (ઈ૦ સ૦ પૂર્વે ૨૩ માં)

શાતવાહને (શાલિવાહને) મારી રાજ્ય લઈ લીધું. આ કણ્વવંશમાં થયેલા ત્રીજા રાજા નારાયણના ભાસ રાજકવિ હતા. આ કણ્વવંશના રાજાઓને પુરાણોમાં શૃંગભૃત્ય એ નામે ઓળખાવેલા છે. તેઓ ખરું જોતાં ગાદી ઉપર રાજા તરીકે બેસતા નહતા, પણ પેશ્વાઓની પેઠે રાજસત્તા પોતાના હાથમાં રાખી અમલ ચલાવતા હતા. ભાસનાં નાટકોમાં આ બાબતનો ઘણો પુરાવો મળે છે. ભાસે બાલ ચરિતાદિમાં નારાયણની પ્રશંસા કરતાં તેને **પ્રભુ** શબ્દથી સંબોધ્યો છે, નરપતિ અથવા રાજા તરીકે સંબોધ્યો નથી. અમારી દલીલ એમ છે કે વસુદેવને, ભૂમિમિત્ર અને નારાયણ એવા બે પુત્ર હતા. ભૂમિમિત્ર મોટો અને નારાયણ નાનો હતો. આ વસુદેવના પુત્રોએ પોતાના રાજા દેવભૂમિને મારી નાંખ્યો હતો. આ રાજ્યપ્રપંચને ભાસે '**બાલચરિતનાટકમાં** ઉતાર્યો છે. એમાં વસુદેવના બળરામ અને નારાયણ (કૃષ્ણ) એ બે પુત્રો કંસ રાજાને મારી નાંખે છે. ભાસે ખરું જોતાં વસુદેવના પુત્રનું નામ કૃષ્ણ તરીકે લખવું જોઇએ, તેમ છતાં એમનું નામ સર્વ ઠેકાણે નારાયણ એમ લખ્યું છે; નાયકનું નામ કૃષ્ણ એવું કોઈ ઠેકાણે લખ્યું નથી. આથી નારાયણ નામથી જે નાયકને ભાસે ઉદ્દેશ્યો છે, તે પોતાનો આશ્રયદાતા **નારાયણ** છે. નાટકનો ખરો નાયક આ નારાયણ છે અને આખું આ રાજતંત્ર, કૃષ્ણે કરેલા કંસવધના સ્વરૂપમાં નાટકરૂપે ગોઠવ્યું છે, કારણ કે તે, નારાયણે કરેલો પોતાના રાજાનો વધ, કૃષ્ણે કરેલા કંસવધની પેઠે ધર્મ્ય છે, એવું લોકોને બતાવી આપવા માટે છે. નાટકમાં પણ ઘણે ઠેકાણે લખવામાં આવ્યું છે કે, ગોબ્રાહ્મણના રક્ષણ માટે નારાયણ દુષ્ટ રાજાનો વધ કરશે. બાલચરિતમાં વસુદેવના મોટા પુત્ર બળરામને બધી જગાએ સંકર્ષણ કહેલો છે, બળરામ કહ્યો નથી. મારું માનવું એમ છે કે, વસુદેવ કણ્વના મોટા પુત્રનું નામ પણ સંકર્ષણ હશે અને ભૂમિમિત્ર એ એનું ઉપનામ અથવા ડીસ્ક્રીપ્ટીવ નામ હશે, જેનો અર્થ એમ હશે કે દેવભૂમિ રાજાનો મિત્ર. સંસ્કૃત સાહિત્યમાં મુખ્ય પ્રધાનના પુત્રને યુવરાજનો મિત્ર કલ્પવામાં આવે છે, એવો કંઇક સંપ્રદાય છે. દેવભૂમિ પોતે યુવરાજ હતો તેણે વૃદ્ધ રાજાને કેદમાં નાંખી તેના હાથમાંથી ગાદી છીનવી લીધી હતી. આ પ્રમાણે અમારા દૃષ્ટિ બિન્દુથી જોતાં બાલચરિતનો છેલ્લો અંક ઘણો અર્થસૂચક છે. નારાયણે જ્યારે કંસને માર્યો ત્યારે યોદ્ધાઓ અને તેના સગાસાગવા વસુદેવ અને તેના પુત્ર નારાયણ વગેરે ઉપર વેર લેવા તતપર થયા. એટલામાં વસુદેવે વૃદ્ધ રાજાને કેદમાંથી બોલાવી મંગાવી તેને ગાદી ઉપર બેસાડ્યો અને યોધાઓને કહ્યું કે,

भो भो मथुरावासिनः शृण्वन्तु भवन्तः । अस्य खलु दैत्येन्द्रपुरार्गलोत्पाटनपटोः सर्वक्षत्रपराङ्मुखावलोकिनो वसुदेवभवस्य वासुदेवस्य प्रसादात् पुनरधिगतराज्यस्य उग्रसेनस्य शासनमिदानीम् अवबुध्यते ।

सर्वं प्रतिष्ठितमिदानीं वृष्णिराज्यम् ।

અહીં सर्वक्षत्रपराङ्मुख એ વાક્યનો અર્થ એટલો જ થઈ શકે કે, નારાયણ ક્ષત્રિય નહતો (બ્રાહ્મણ હતો) તેણે જોયું કે ક્ષત્રિયો ધર્મથી પરાંગ્મુખ થયા છે, તેથી તેણે રાજસત્તા ખુંચાવી લેનાર દેવભૂમિને મારી નાંખ્યો અને વૃદ્ધ રાજાને ગાદીએ બેસાડ્યો. આ વૃદ્ધ રાજા, તે માર્યા ગયેલા દેવભૂમિનો પિતા ભાગવત હતો એમ માનીએ તો, પુરાણોમાં ભાગવતે ઘણાં વર્ષ રાજ્ય કર્યું હતું એમ લખ્યું છે, તેનો ખુલાસો થઈ શકે છે. ઉપરની બીના એમ પણ સિદ્ધ કરી આપે છે કે, કણ્વવંશના પ્રધાનો ગાદીપર બેસતા ન હતા, પણ રાજ્યસત્તા હાથમાં રાખી અમલ ચલાવતા હતા. ભાસે દૂતવાક્ય નામના નાટકમાં પણ દૂર્યોધનને મુખે કહેવડાવ્યું છે કેઃ—

श्यालं तव गुरोर्भूपं कंसंप्राति न ते दया ।

આમાં કંસને નારાયણના પિતા વસુદેવનો રાજા કહ્યો છે, જે કણ્વનારાયણના પિતા વસુદેવનો દેવભૂમિ સાથે રાજા તરીકેનો સંબંધ બરાબર બતાવી આપે છે. આ નાટકમાં નારાયણ દુર્યોધનને ત્યાં દૂત તરીકે જાય છે, એ કથાનું વસ્તુ લેવામાં આવ્યું છે. જ્યારે કંચુકી દુર્યોધનને જાહેર કરે છે કે, નારાયણ અથવા પુરુષોત્તમ તમને મળવા આવે છે, ત્યારે દુર્યોધન કહે છે કે—

किं किं कंसभृत्यो दामोदरस्तव पुरुषोत्तमः ?

बार्हद्रथापहृतविषयकीर्त्तिभोगस्तव पुरुषोत्तमः ?

આ વચનોમાં कंसभृत्य એ શબ્દથી કણ્વનારાયણને શૃંગભૃત્ય કહ્યો હોય એમ સ્પષ્ટ સૂચવાય છે. તેમ જ બાર્હદ્રથના હાથમાંથી રાજ્યસત્તા છિનવી લેનાર, એ શબ્દે મૌર્ય વંશના છેલ્લા રાજા બૃહદ્રથના હાથમાંથી સત્તા છીનવી લેનાર, શૃંગવંશના પ્રથમ રાજા પુષ્પમિત્રને સૂચવ્યો છે. આ પ્રમાણથી લગાર પણ શક રહેતો નથી કે બાલચરિત એક રાજપ્રપંચનું નાટક છે અને ભાસે પોતાના આશ્રયદાતા નારાયણ કણ્વને ઉદ્દેશીને તે લખ્યું છે. આથી ભાસ ઇ. સ. પૂર્વે પહેલા શતકના ઉત્તરાર્ધમાં (ઇ. સ. પૂર્વે ૭૩ માં) થયા હતા એવો મત મી૦ ચોધરી આપે છે.

(૩) બુદ્ધ ધર્મનો નાશ થતાં પુષ્પમિત્રના કાળ પછી જે (રીવાઇવલ ઓફ લીટરેચર) સાહિત્યનું પુનરુજ્જીવન થયું હતું, તે સમય ભાસનો છે એવું એમની ભાષા, નાટકોમાં વર્ણવેલી લોકસ્થિતિ અને વિચારો વગેરે ઉપરથી જણાઈ આવે છે.

મી૦ ચોધરીના વિષયમાં આ ત્રણ મુદ્દા જરા વિચાર કરવા જેવા છે આપણે ક્રમવાર તેનું અવલોકન કરીશું.

(૧)

એમના પ્રથમ પ્રશ્નમાં બે ત્રણ બાબત વિચારવા જેવી છે. ચાણક્યે ભાસનો શ્લોક લીધો છે, કે બંનેએ પૂર્વનો કોઈ પ્રચલિત શ્લોક લીધો છે, તેના ખુલાસા માટે

આ પુસ્તકની પ્રસ્તાવનામાં ભાસ અને ચાણાકય એ વિષય જોતાં વસ્તુસ્થિતિ સ્પષ્ટ સમજાશે કે, ચાણાકયે नवं शरावं એ શ્લોક ભાસમાંથી લીધો છે. ચાણાકયના સમય વિષે તો શંકાનો અવકાશ નથી, કારણ કે ઐતિહાસિક પ્રમાણથી સિદ્ધ છે કે તે ચંદ્રગુપ્તને રાજ્ય અપાવનાર હતો. આથી ભાસ એની પહેલાંનો અથવા તો એનો સમકાલીન હોવો જોઇએ.

ચાણાકયનું અર્થશાસ્ત્ર કહેવાય છે તેટલું જૂનું નથી, એમ બીજી શંકા એમણે ઉઠાવી છે, પરંતુ એની ભાષા, તે સમયની જનસ્થિતિ તથા વિચારો અને વહેમો જોતાં તે ચંદ્રગુપ્તના સમયની સ્થિતિનું સૂચન કરે છે. કાલિદાસે પોતાના માલવિકાગ્નિમિત્રમાં રાજનીતિની ચર્ચા કરતાં લખ્યું છે કે–

राजा–तेन हि अवितथं तंत्रकारवचनम्–(ટીકા–तंत्रकारवचनं अर्थशास्त्रकारवचनं अवितथं हि तथ्यमेव) शास्त्रदृष्टं आह देवः

અહિં તંત્રકારવચનથી કાલિદાસે ચાણાકયઅર્થશાસ્ત્રને સૂચવ્યું છે, એટલે એ અર્થશાસ્ત્ર કાલિદાસના વખતમાં હતું એમ માની શકાય. વળી મહાકવિ ભાસે પણ अर्थशास्त्रगुणग्राही એ પદે કૌટિલ્યઅર્થશાસ્ત્રનું સૂચન કર્યું છે. જો આ ચાણાકયનું અર્થશાસ્ત્ર ન હોય તો ભાસ એના કરતાં પણ જુનો છે એમ માનવું પડે, જે બીજાં અનેક કારણો જોતાં માનવામાં આવે તેમ નથી.

ચાણાકય, અર્થશાસ્ત્રનો કર્તા છે એમ એ સ્વીકારતા નથી, પરંતુ એ વિષે શંકાનો અવકાશ નથી. એ ગ્રન્થમાં ચાણાકયે પોતાને બે નામથી એટલે કૌટિલ્ય અને વિષ્ણુગુપ્ત, એ બે નામથી ઓળખાવ્યો છે અને આખા ગ્રન્થમાં સ્થળે સ્થળે પોતાનો અભિપ્રાય इति कौटिल्यः એમ જણાવ્યો છે.

सर्वशास्त्राण्यनुक्रम्य प्रयोगानुपलभ्य च ।
कौटिल्येन नरेन्द्रार्थे शासनस्य विधिः कृतः ॥

એ શ્લોક સ્પષ્ટ બતાવી આપે છે કે, કૌટિલ્યે રાજાને (ચંદ્રગુપ્તને) માટે અર્થશાસ્ત્ર કર્યું છે. વળી એ જ ગ્રન્થના અંત ભાગમાં પણ નીચે પ્રમાણે લખ્યું છે કે–

दृष्ट्वा विप्रतिपत्तिं वहुधा शास्त्रेषु भाष्यकाराणाम् ।
स्वयमेव विष्णुगुप्तश्चकार सूत्रं च भाष्यं च ॥

આમાં પણ વિષ્ણુગુપ્તે સૂત્ર અને ભાષ્ય રચ્યું એવું સ્પષ્ટ છે. વિષ્ણુગુપ્ત ચાણાકય, કૌટિલ્ય ઇત્યાદિ નામો ચાણાકયનાં છે એમ કોષમાંથી મળી આવે છે, તો પછી આથી વધારે શું પ્રમાણ જોઇએ. મી૦ વિનસેન્ટસ્મીથનું પણ એમ માનવું છે કે,

ચાણાક્યે દર્શાવેલી રાજનીતિ વગેરે મૌર્ય રાજાઓના સમયનાં છે. તેમ જ ભાસે પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં બતાવેલી યુદ્ધ અને મંત્રાદિકની પદ્ધતિ પણ મૌર્ય સમયને સૂચવે છે. અર્થશાસ્ત્રના કર્તૃત્વને માટે આ પ્રમાણે અશ્રદ્ધાથી શંકા કરવાનું બીજું શું સબળ કારણ છે તે એમણે જણાવ્યું નથી. મને તો એમ જ લાગે છે કે, આ બાબત ગ્રન્થના અંગભૂત શ્લોકથી સિદ્ધ છે, તો એને બીજા પુરાવાની અપેક્ષા રહેતી નથી.

(૨)

ભાસના **બાલ**ચરિત નાટકને મી૦ ચોધરી એક (પોલીટીકલ નાટક એટલે) રાજપ્રપંચનું નાટક માને છે અને માત્ર કેટલાંક નામો અને યોગાનુયોગોના યુક્તિથી ગોઠવેલા મળતાપણા ઉપરથી, ભાસ નારાયણકણ્વનો રાજકવિ હતો એમ સિદ્ધ થયું માને છે. પરંતુ આમ માનવું સપ્રમાણ નથી. બાલચરિત નાટકમાં કણ્વવંશની હકીકત સાથે શું શું મળતું આવે છે તે આપણે તપાસીએ. એમાં માત્ર બે નામ જ મળતાં આવે છે. એક વસુદેવ અને તેનો પુત્ર નારાયણ (જેમને એ વસુદેવ કૃષ્ણના પિતા અને નારાયણને કૃષ્ણ માને છે.) નારાયણનો બીજો ભાઈ ભૂમિમિત્ર છે તેનું નામ કૃષ્ણના મોટાભાઈ બળરામની સાથે એટલે સંકર્ષણની સાથે મળતું નથી, એટલા માટે ભૂમિમિત્રનું નામ સંકર્ષણ હશે એમ અનુમાનથી માની લેવું પડે છે. જે દેવભૂમિ રાજાને નારાયણકણ્વે માર્યો હતો, તેનું નામ કંસની સાથે મળતું નથી, પરંતુ તે કલ્પવું પડે છે. બૃહદ્રથનું નામ બંને પ્રસંગોમાં મળતું નથી, કારણ કે મૌર્ય વંશનો રાજા બૃહદ્રથ છે અને બાળચરિતમાં બાર્હદ્રથ એટલે બૃહદ્રથનો પુત્ર અર્થાત્ જરાસંધ એમ છે. આ પ્રમાણે નામના મળતાપણામાં માત્ર બે જ નામ છે, જે ઉભયપક્ષે સામાન્ય છે. હવે આપણે નાટકના પ્રસંગો તપાસીએ. ભાસે બાલચરિતમાં જે જે વિવિધ પ્રસંગો લીધા છે, તેમાં કંસનો વધ ભૂમિમિત્રના વધ સાથે મળે છે. વસુદેવને કેદમાં નાંખ્યા હતા તે પ્રસંગ વૃદ્ધરાજા ભાગવતને બંધનમાં નાંખ્યો હતો તેની સાથે મળે છે. આ સિવાય આખા નાટકનો કોઈ પણ પ્રસંગ કણ્વોની હકીકત સાથે મળતો નથી. જો ભાસે ખાસ રાજપ્રકરણનું વસ્તુ લઈ આ નાટક લખ્યું હોત, તો એવા દરેક પ્રસંગની રચના એ એવી રીતે ગોઠવત કે કણ્વોની હકીકત સાથે તે સર્વાંશે મળતું આવત. પરંતુ આમાં તો આરંભથી અંત સુધી, કૃષ્ણની વિવિધ બાળલીલાઓનું પુરાણકથાઓમાં ચાલતું આવેલું આખ્યાન મૂક્યું છે, જેમાં માત્ર બે ત્રણ નામ અને બે ત્રણ પ્રસંગ કણ્વ રાજાઓની હકીકતને મળે છે. આ ઉપરથી એમ અનુમાન કરવું કે, કણ્વનારાયણને ઉદ્દેશીને ભાસે આ નાટક લખ્યું છે, એ સપ્રમાણ ગણાય નહીં. આ અનુમાનની સામે આ પ્રસ્તાવનામાં દર્શાવેલા બીજા પુરાવાઓ સરખાવતાં એકંદર પ્રમાણો તેની વિરુદ્ધ જાય છે.

મી૦ ચોધરી કહે છે કે "ભાસે પોતાના આશ્રયદાતા નારાયણને કોઈ સ્થળે રાજા કિંવ

નરપતિ એવું પદ લગાડ્યું નથી, પરંતુ **પ્રભુ** શબ્દથી તેને ઓળખાવ્યો છે.” નરપતિ કરતાં પ્રભુ શબ્દ વધારે પ્રતાપશીલ અને મહત્વવાળો છે. તેમ છતાં ભાસે ઘણે ઠેકાણે गां पातु नो नरपतिः शमितारिपक्षः। राजसिंहः प्रशास्तु नः। राजा राजगुणोपेतः भूमिमेकः प्रशास्तु नः। તથા लक्ष्म्या समायुक्तो राजा भूमिं प्रशास्तु नः। એમ પોતાના આશ્રયદાતાને રાજા શબ્દે ઘણાં નાટકોમાં સંબોધ્યો છે. એટલે નારાયણ મંત્રિપુત્ર હતો માટે એને ભાસે રાજા કે નરપતિ કહ્યો નથી એ દલીલ ચાલે તેમ નથી.

મી૦ ચોધરી કહે છે કે, ભાસે બાલચરિત નાટકના નાયકને નારાયણ એ નામથી ઓળખાવ્યો છે, ખાસ કૃષ્ણ એવું કોઈ સ્થળે લખ્યું નથી, તેથી નારાયણ શબ્દે પોતાને આશ્રયદાતા સૂચવ્યો છે. આ વાત પણ ખરી નથી. ભાસે **બાલચરિતમાં** નારાયણને બે ઠેકાણે કૃષ્ણ તરીકે ઓળખાવ્યા છે. (જુવો–અંક–૧–૨૨ અને અંક–૪–૩) તેમ જ કૃષ્ણના ભાઇને પણ બળરામ તરીકે ઓળખાવ્યા છે. પૂર્વના કાળમાં એટલે મહાભારતની પછીના અને પુરાણો અને ભાગવત રચાયાં તે પહેલાંના કાળમાં કૃષ્ણ એ નામનો પ્રયોગ ઘણો થોડો જ જોવામાં આવે છે. કૃષ્ણને માટે પૂર્વે વાસુદેવ, શૌરિ ઇત્યાદિ શબ્દો મળી આવે છે. ભાસના ગ્રન્થોમાં એ શબ્દ બહુ નથી તેમ કાલિદાસનામાં પણ એમ જ છે. ભાસે કૃષ્ણ શબ્દથી નાયકને ન ઓળખાવતાં નારાયણ, એવું વધારે મહત્વ અને પ્રભાવસૂચક નામ વાપર્યું હશે એમ લાગે છે.

મી૦ ચોધરી લખે છે કે “કંસ–વાસુદેવ–નારાયણ ઇત્યાદિની સગાઈ પણ કણ્વ વંશના વસુદેવ–નારાયણ અને ભૂમિમિત્ર–જેને એ કંસ કલ્પે છે, તેની સગાઈ સાથે મળતી આવે છે.” પરંતુ ખરું જોતાં વસુદેવ અને નારાયણ જેમ પિતા પુત્ર હતા તેમ વસુદેવ અને નારાયણ (કૃષ્ણ) પિતા પુત્ર હતા, એ સિવાય બીજી સગાઈ મળતી નથી. કંસ નારાયણ (કૃષ્ણનો) મામો થતો હતો અને વસુદેવનો સાળો થતો હતો. તે સગાઈ ભૂમિમિત્ર, જેને એ કંસ કલ્પે છે, તેની સગાઈ સાથે મળતી નથી. એ ક્ષત્રિય હતો અને વસુદેવ તથા નારાયણ બ્રાહ્મણ હતા. આ પ્રમાણે એ સંબંધ પણ બંધ બેસતો નથી અને એમણે **દૂતવાકય નાટકમાંથી** ટાંકેલા स्यालं तव गुरोर्भूपं कंसंप्रति न ते दया। એ વાક્યમાં વસુદેવનો અને કંસનો બનેવી અને સાળા તરીકેનો સંબંધ કવિએ સ્પષ્ટ બતાવી આપ્યો છે, જે સંબંધ ભૂમિમિત્રનો અને વસુદેવનો ન હતો. તેમ જ

किं कंसभृत्यो दामोदरः पुरुषोत्तमः।

किं बार्हद्रथापहृतकीर्तिभोगस्तव पुरुषोत्तमः॥

એ વાકયોમાં પણ મી૦ ચોધરી દર્શાવે છે તેવું મહત્વ નથી. એ વચનો માત્ર કૃષ્ણની અવનતિ દર્શાવવા દુર્યોધનના મુખમાં કવિએ મૂકેલાં છે અને તે પણ

નાટ્યકળાનું અનુકરણ **ગ્રીક** નાટકો ઉપરથી થવા પામ્યું હતું. ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં **હિન્દુસ્તાનને ગ્રીસ**ની સાથે ઘણો સારો વ્યવહાર હતો. **સેલ્યુકસે** પોતાની પુત્રી **ચંદ્રગુપ્ત**ને આપી હતી, અને એણે તથા **ટોલેમી**-બીજાએ પાટલીપુત્રની રાજગાદી સાથે સારો સંબંધ રાખ્યો હતો. એકમેકના એલચીઓ પણ એકમેકના રાજ્યમાં જતા આવતા અને રહેતા હતા. **અલેક્ઝાન્ડર**ના રાજ્યનો **ભરુચ** સાથે **નર્મદા** માર્ગે અને સ્થળ માર્ગે ઉજ્જયિની તરફથી વ્યાપારનો સારો સંબંધ હતો. આ પ્રમાણે ગ્રીસનો હિન્દુસ્તાન સાથે સારો સંબંધ હતો તે વાતની ના પાડી શકાતી નથી. બ્રાહ્મણો **ગ્રીક** સાહિત્યને સારું માન આપતા હતા એમ પણ ગ્રીક તવારીખો ઉપરથી *જણાય છે. જૂના શિલાલેખોમાં **યવન** અથવા **ગ્રીક**નાં નામ આવે છે અને **કાલિદાસ** પણ લખે છે કે, યવનીઓ આપણા રાજાઓના દરબારમાં રાણીઓની તેહેનાતમાં રહેતી હતી.

આવાં અનેક કારણોથી પ્રો-**વેબર** વગેરેનું એમ માનવું છે કે, "**ગ્રીક** રાજાઓના અમલમાં **બાક્ટ્રીઆ, પંજાબ, ગુજરાત** વગેરે ઠેકાણે **ગ્રીક** નાટકોના જે કોઈ પ્રયોગ થયા હશે તે ઉપરથી આપણા કવિઓએ અનુકરણ કર્યું હશે અને નાટકોમાંનો **જવનિકા** શબ્દ પણ એવું સૂચન કરે છે." મી૦ **મેકડોનલ**નો અભિપ્રાય એથી જૂદો પડે છે. એમનું માનવું એમ છે કે, આ જાતનું સાહિત્ય હિન્દુસ્તાનમાં સ્વતંત્ર રીતે ઉદ્ભવ્યું હશે અને કાળે કરી તેની અભિવૃદ્ધિ થઈ હશે. આ એમનું માનવું સત્ય છે. આપણા દેશમાં આ કળા સ્વાભાવિક રીતે જ ઉદ્ભવેલી હોય એમ જણાય છે. **કાલિદાસ**ના **વિક્રમોર્વશીય**માં પણ લખ્યું છે કે, **ભરત** મુનિએ **ઇન્દ્ર**ની સભામાં **લક્ષ્મીસ્વયંવરનો** પ્રયોગ કરી બતાવ્યો હતો. આધુનિક દૃષ્ટિથી જોતાં આપણે આ વાત ખરી માનતાં અચકાઇએ એમ છે, તેમ છતાં એટલું તો સિદ્ધજ છે કે, **ભરત** જેવા નાટ્યાચાર્યો આવા **ગ્રીક**સાહિત્ય કરતાં જૂના છે અને એમના ગ્રન્થો આજે પણ હયાત હોઈ પ્રમાણભૂત મનાતા આવ્યા છે, એટલે નાટ્યસાહિત્ય, ગ્રીક ઉપરથી થયું હોય એમ આપણી બુદ્ધિ કબુલ કરી શકતી નથી. વળી **ભામહ** જેવા જૂના આચાર્યના લેખમાં પણ આગળના કવિઓ અને કાવ્યોનો ઉલ્લેખ જોવામાં આવે છે. એટલે ઉપરની વાત માન્યામાં આવતી નથી. એ કલાનો ઉદ્ભવ અને વિકાસ સ્વતંત્ર રીતે આપણા દેશમાં જ થયો હોવો જોઇએ.

ભાસનાં નાટકોની ભાષા સાદી છે. અલંકારો ઘણા જ ઓછા છે. નાટ્યકલાવિધાન ઘણું સરળ છે. એમનાં નાટકોમાં નાટ્યકલાનો પ્રારંભ જણાય છે, ત્યારે **કાલિદાસ**નામાં તેની સંપૂર્ણતા જોવામાં આવે છે. **કાલિદાસ**ના જેવા સમર્થ કવિને જે નાટકોએ સ્પર્ધા ઉત્પન્ન કરી એ જ **ભાસ** કવિનો કીર્તિસ્તંભ છે. એ નાટકોની ભાષા,

---

* જુવો **મેકડોનલ્સ સંસ્કૃત લીટરેચર**. પાનું ૪૧૪–૪૧૫.

રસ, માધુર્ય, સાદી પણ સુંદર રચના, ચમત્કારિક કલ્પના શક્તિ, અને અર્થનું ગાંભીર્ય આદિ ગુણો **ભાસ**ને મહાકવિપદની સંપૂર્ણ યોગ્યતાએ પહોંચાડનારાં છે. પ્રારંભમાં જે કવિએ આવાં સાદાં, સુંદર અને રસભરિત નાટકો લખ્યાં, તેની શક્તિની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે. તોપણ પાછળથી થયેલા મહાકવિ **ભવ**ભૂતિના ઉત્તર-રામચરિતના સંબંધમાં એમ કહેવું પડે છે કે उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते। તે જ પ્રમાણે **ભાસ** અને **કાલિદાસ**નાં નાટકો જોતાં, **ભાસ** કરતાં **કાલિદાસ** ચઢે છે, એમ કહ્યા વિના ચાલતું નથી. ભાષામાં, નાટ્યકલાવિધાનમાં, કલ્પનાશક્તિમાં, પ્રસંગોની પસંદગીમાં, રસનિષ્પત્તિમાં, મનુષ્યજાતિના ગૂઢ અંતર્ભાવ ચિતરવામાં, વચનચાતુર્યમાં અને ટુંકામાં કહીએ તો કાવ્યકળાનાં સર્વ અંગોમાં, **કાલિદાસે ભાસ**ના કરતાં પોતાની શ્રેષ્ઠતા બતાવી આપી છે. **કાલિદાસ**નો પ્રધાન રસ શૃંગાર છે. એમણે **માલવિકાગ્નિમિત્ર**, **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલ** નામનાં જે ત્રણ નાટકો લખ્યાં છે તેમાં પ્રધાન રસ શૃંગાર છે. **કાલિદાસ**ની **ભાસ**ની સાથે તુલના કરવામાં ભાસનાં **સ્વપ્નવાસવદત્તા** અને **અવિમારક** એ બે નાટકો વધારે કામમાં આવે તેવાં છે, કારણ કે તેમનો અને **કાલિદાસ**નાં ત્રણે નાટકનો રસ શૃંગાર છે. ઈ. સ. પૂર્વે ૧૫૦ પછીના સમયમાં **ભાસ**નાં નાટકોએ લોકનાં હૃદયોને વશ કરી **કાલિદાસ** જેવા કવિને સ્પર્ધા ઉત્પન્ન કરી હતી અને તેને જ પરિણામે ઉદય પામતા નવા કવિ **કાલિદાસ**ને પોતાના **માલવિકાગ્નિમિત્ર**માં સ્વાભિમાનપૂર્વક ઉલ્લેખ કરવો પડ્યો હતો. આ એમનું સ્વાભિમાન સાર્થક છે, તેમ કાલિદાસ જેવાના મુખમાંથી પ્રશંસાનાં વચનો કઢાવનાર **ભાસ** કવિનો નાટકો લખવાનો શ્રમ પણ સફળ છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી. બંને કવિઓનાં નાટકોમાં, ભાષામાં, વિચારમાં, પ્રસંગોની રચનામાં અને મોટે ભાગે શબ્દોની રચનામાં પણ ઘણું મળતાપણું દેખાય છે.

સ્વપ્નવાસવદત્તાના પ્રથમ અંકમાં યૌગન્ધરાયણ વાસવદત્તાને લઈ તપોવનમાં આવે છે ત્યાં તપોવનવર્ણન વગેરેની **શાકુન્તલ**માં સંપૂર્ણ છાયા જોવામાં આવે છે.

યૌગન્ધરાયણ **વા**સવદત્તાને **પદ્મા**વતીને સોંપે છે. પછી **પદ્મા**વતીનું રાજાની સાથે લગ્ન થાય છે. રાજા **વા**સવદત્તાના વિવાહનું ચિત્રદર્શન કરે છે. મહારાણી **પદ્મા**વતી રાજાને કહે છે કે, **વા**સવદત્તાના જેવી કોઈ બ્રાહ્મણકન્યા આપણા અંતઃપુરમાં છે. આ પ્રમાણે **વા**સવદત્તા ઉઘાડી પડે છે, રાજાનો તેની સાથે મેળાપ થાય છે. આ પ્રસંગ કંઈક જૂદા અને વધારે સુંદર સ્વરૂપમાં **કા**લિદાસે **મા**લવિકાગ્નિમિત્રમાં આલેખી બતાવ્યો છે. **સ્વ**પ્નવાસવદત્તાના વસ્તુના કલેવરને જાણે ઉલટાવી **કા**લિદાસે, વધારે રસ-પ્રદરીતે **મા**લવિકાગ્નિમિત્રમાં ગોઠવી બતાવ્યું હોય એમ લાગે છે. **મા**લવિકાગ્નિ-મિત્રમાં **મા**લવિકાને પટરાણીને સોંપવામાં આવી છે, ત્યારે **સ્વ**પ્નવાસવદત્તામાં વાસ-વદત્તાને પદ્માવતીને સોંપવામાં આવી છે. માલવિકા સંગીત શીખે છે ત્યારે વાસવદત્તા

વીણા શીખે છે. **માલવિકાને** ચિત્રમાં આલેખેલી તથા નૃત્ય કરતી જોઈ રાજાને અનુરાગ થાય છે, જ્યારે **વાસવદત્તાને** પણ રાજા ચિત્રમાં આલેખેલી જુવે છે. બંને નાયિકાઓ રાણીના અંત:પુરમાં રહે છે.

સ્વપ્નવાસવદત્તામાં મહારાણી પદ્માવતી શિરોવેદનાથી પીડાય છે ત્યારે પરિજનો તેને અનેક ઉપચાર કરે છે. **પદ્માવતી** પલ્લવશયન રચાવી ત્યાં સુવે છે અને રાજા ત્યાં આવે છે ત્યારે **વાસવદત્તાનો સમાગમ** પામે છે, એ કંઇક આછા રસનો પ્રસંગ, **શાકુન્તલમાં** શકુન્તલાની કામવેદના, સખીઓના ઉપચાર, રાજાનું ત્યાં આવવું, શકુન્તલાનું પુષ્પશયન, તેનું વર્ણન, બંનેનો સમાગમ વગેરે પ્રસંગની સાથે મળતો આવે છે એટલું જ નહીં, પરંતુ શાકુન્તલનો પ્રસંગ કંઇક અપૂર્વ રસથી ભરેલો લાગે છે.

સ્વપ્નવાસવદત્તામાં જેવું તપોવનવર્ણન છે, તેવું જ શાન્ત પવિત્ર અને હરિણાદિ પાળેલાં વિશ્રબ્ધ પ્રાણીઓવાળું તપોવન શાકુન્તલમાં ચીતર્યું છે. સ્વપ્નવાસવદત્તામાં વાસવદત્તાનો વિયોગ થતાં ઉદયનની જેવી વિરહદશા વર્ણવી છે, તેવી જ દશા શકુન્તલાના વિયોગથી દુષ્યન્તની વર્ણવી છે. સ્વપ્નવાસવદત્તામાં ચોથા અંકમાં રાજા, પદ્માવતી, વાસવદત્તા, ચેટી, વિદૂષક વગેરે **પ્રમદવનમાં મળે** છે, ત્યાં રાજા વાસવદત્તાના વિરહદુ:ખનું વિદૂષકને નિવેદન કરે છે, તેવો જ પ્રસંગ વિક્રમોર્વશીયમાં અને માલવિકાગ્નિમિત્રમાં પ્રમદવનમાં ચીતર્યો છે અને બંનેમાં ચેટી વિદૂષકને શોધતી શોધતી આવે છે. **બંનેમાં** વસંતક વિદૂષકનું પાત્ર એક જ સરખું **અને સરખા** સ્વભાવવાળું છે. **સ્વપ્ન**વાસવદત્તામાં ભ્રમર વિદૂષકને પીડે છે ત્યારે **શાકુન્તલમાં** શકુન્તલાને પીડે છે. અહીં રાજા વાસવદત્તા સંબંધી વિષાદ, આંખમાં પુષ્પરજના નિમિત્તથી પટરાણી પદ્માવતીથી છુપાવે છે, ત્યારે વિક્રમોર્વશીયમાં અને માલવિકાગ્નિમિત્રમાં પણ રાજા નાયિકા પ્રત્યેનો પ્રેમ છુપાવે છે. **સ્વપ્નવાસવદત્તામાં** પદ્માવતી રાજાને વાસવદત્તા પુન: અર્પે છે, ત્યારે વિક્રમોર્વશીયમાં **કાશીરાજપુત્રી** ઉર્વશી અર્પે છે. સંક્ષેપમાં કહીએ તો રાજા, નાયિકા, ઉપનાયિકા, વિદૂષક અને ચેટી એટલાં પાત્રોથી સ્વપ્નવાસવદત્તામાં ભાસ કવિ જે રસ જમાવી શકયા નથી, તે રસ કાલિદાસે એટલાં જ પાત્રોથી **માલવિકાગ્નિમિત્ર** અને **વિક્રમોર્વશીયમાં** જમાવી બતાવ્યો છે.

અવિમારક.

અવિમારકમાં રાજા કુન્તિભોજની પુત્રી કુરંગીને ઉદ્યાનમાં ઉન્મત્તહાથીનાથી બચાવે છે અને તે વખતથી નાયકનાયિકા વચ્ચે ઉદ્યાનમાં–પ્રીતિની ગાંઠ બંધાય છે, ત્યારે **વિક્રમોર્વશીયમાં** રાજા ઉર્વશીને કેશી દાનવના ત્રાસથી બચાવે છે **અને શાકુન્તલમાં** રાજા શકુન્તલાને ભ્રમરના ઉપદ્રવથી બચાવે છે, તે વખતે બન્ને નાયક અને નાયિકાઓ વચ્ચે પરસ્પર પ્રીતિ બંધાય છે.

સ્વપ્નવાસવદત્તામાં ઉદયન અને વાસવદત્તા વચ્ચે વીણા શીખવતાં પ્રેમની ગાંઠ બંધાય છે, ત્યારે માલવિકાગ્નિમિત્રમાં માલવિકાનું નૃત્યકૌશલ જોતાં નાયક નાયિકાનો પ્રેમ બંધાય છે.

આ પ્રમાણે પ્રીતિનું બીજ રોપાવાના પ્રસંગો આ ત્રણે નાટકોમાં સરખા જોવામાં આવે છે. **અવિમારકમાં** પ્રેમ થયા પછી રાજા કુરંગીને મધ્યરાત્રે રાજમહેલમાં મળે છે, ત્યારે **વિક્રમોર્વશીયમાં** પ્રીતિ થયા પછી નાયિકા નાયકને તેના રાજમહેલમાં મળે છે અને **શાકુન્તલમાં** નાયક નાયિકાના આશ્રમમાં મળે છે. **અવિમારકમાં** ઋષિ શાપને લીધે નાયક અધોગતિ પામી નાયિકાના નગરમાં આવી રહે છે, ત્યારે **વિક્રમોર્વશીયમાં** નાયિકા ભરતમુનિના શાપથી અધોગતિ પામી મર્ત્યલોકમાં આવી રાજાની સાથે પ્રેમબંધનથી જોડાય છે અને શાકુન્તલમાં શકુન્તલા પણ દુર્વાસાના શાપથી દુઃખિત થાય છે; તેમ માલવિકા પણ સિદ્ધના વચનથી એક વર્ષ અજ્ઞાત ચર્યામાં રહે છે. **અવિમારકમાં** રાજમંદિરનું જેવું ભવ્ય વર્ણન છે, તેવું **વિક્રમોર્વશીયમાં** પણ રાજમહેલનું અને રાજવૈભવનું વર્ણન છે. **અવિમારકમાં** નાયકનાં જાતિ કુલાદિકનો નિર્ણય કરવો પડે છે, ત્યારે શાકુન્તલમાં શકુન્તલાનાં જાતિ કુલાદિકનો નિર્ણય કરવો પડે છે. તે જ પ્રમાણે માલવિકામાં પણ છે. **અવિમારકમાં** પુત્રીના વિવાહ સંબંધી ચિંતાનો અને તેને વરાવવાનો વ્યાવહારિક પ્રસંગ મુક્યો છે, તેવા જ પ્રકારનો સાંસારિક પ્રસંગ **શાકુન્તલમાં** છે. અવિમારકમાં બીજા અંકમાં, વિદૂષક અને ચેટીના પ્રસંગમાં ચેટી વિદૂષકને છેતરે છે, તે જ પ્રસંગની સંપૂર્ણ છાયા, બીજા અંકમાં વિક્રમોર્વશીયમાં વિદૂષક અને ચેટીના પ્રસંગમાં તથા માલવિકાગ્નિમિત્રમાં પણ જોવામાં આવે છે. ત્યાં પણ ચેટી વિદૂષકને છેતરી જાય છે. **અવિમારકના** ત્રીજા અંકમાં પ્રેમવશ થયેલો રાજા પોતાની વિરહાવસ્થા દર્શાવે છે, ત્યાં **ધાત્રી** અને **નલિનિકા** આવે છે અને કુરંગીની સમાન વિરહાવસ્થા દર્શાવે છે, અને રાજ્યકન્યાને કેવી રીતે મળવું તત્સંબંધે રાજા વિદૂષક સાથે વિચાર કરે છે, તેવી જ રીતે વિક્રમોર્વશીયમાં બીજા અંકમાં રાજા, વિદૂષક, ઉર્વશી, ચિત્રલેખા વગેરે ઉદ્યાનમાં આવે છે અને **ઉર્વશીની** સમાન પ્રીતિ અને વિરહાવસ્થાનું પત્રદ્વારા રાજાને સૂચન કરવામાં આવે છે. એવી જ રીતનો પ્રસંગ શાકુન્તલના ત્રીજા અંકમાં અને માલવિકાગ્નિમિત્રમાં પણ લીધેલો છે. **અવિમારકમાં** ત્રીજા અંકમાં રાજા ગુપ્ત વેષે રાજકન્યાને મળે છે અને નલિનિકા બન્નેનો સમાગમ કરાવે છે, તેવી જ રીતે વિક્રમોર્વશીયના ત્રીજા અંકમાં ઉર્વશી ગુપ્તવેષે રાજાને રાજભવનમાં મળે છે અને ચિત્રલેખા યુક્તિથી બન્નેને ભેગાં કરે છે. અવિમારકમાં ચોથા અંકમાં રાજાનો અને નાયિકાનો પુનઃ વિયોગ થાય છે, વિરહ દુઃખથી ગાંડા જેવો બની ગયેલો રાજા વનમાં ભટકે છે અને પ્રાણ ત્યાગ કરવા તત્પર થાય છે, તેવામાં એક વિદ્યાધર તેને પુનઃ સંયોગ કરાવનારી વીંટી આપે છે, જેથી તે અદૃશ્ય

થઈ શકે છે અને પુનઃ નાયિકાને મળે છે. તે જ પ્રમાણે વિક્રમોર્વશીયના ચોથા અંકમાં ઉર્વશી અદૃશ્ય થઈ જવાથી વિયોગમાં ઉન્મત્ત જેવો રાજા વનમાં ભટકે છે અને આકાશવાણીથી મળેલો પાર્વતીનો ચરણરાગમણિ બન્નેનો પુનઃ સમાગમ કરાવે છે. શાકુન્તલમાં અને માલવિકાગ્નિમિત્રમાં પણ નાયક અને નાયિકાનો પુનઃ સમાગમ કરાવનાર વીંટી જ છે. અવિમારકમાં (તિરસ્કરિણી) ગુપ્ત રહેવાની વિદ્યાનું જે સામર્થ્ય નાયક નાયિકાના મેળાપમાં સહાયભૂત થાય છે, તેવું જ વિક્રમોર્વશીયમાં પણ છે. આકાશ માર્ગમાંથી નીચે દેખાતી પૃથ્વીના સૃષ્ટિસૌન્દર્યનું જેવું વર્ણન અવિમારકના ચોથા અંકમાં કરવામાં આવ્યું છે, તેવું જ વર્ણન કાલિદાસે શાકુન્તલના સાતમા અંકમાં તથા રઘુવંશના તેરમા સર્ગમાં આપેલું છે.

અવિમારકના પાંચમા અંકમાં–અવિમારક વિરહદશામાં કરુણાવસ્થા અનુભવતી કુરંગીને જોઈ જે વર્ણન કરે છે, તે છઠ્ઠા અંકમાં વિયોગિણીની દશામાં રહેલી શકુન્તલાના દુષ્યન્તે કરેલા વર્ણનને અને પ્રસંગને સર્વથા મળતું છે.

છઠ્ઠા અંકમાં–સૌવીરરાજ પોતાનો પુત્ર આટલા દિવસ ક્યાં અદૃશ્ય હતો તેનું વૃત્તાન્ત સાંભળે છે અને તેને પુનઃ મળે છે. નારદ, કુંતિભોજને ત્યાં આવે છે અને વિવાહ મંગળ તથા આશીર્વાદ સાથે નાટકનો અંત આવે છે. તે જ પ્રમાણે વિક્રમોર્વશીયમાં પણ આયુનો રાજાનો અને ઉર્વશીનો મેળાપ થાય છે, આયુનો વૃત્તાન્ત નિવેદિત થાય છે, નારદ ત્યાં આવે છે અને આશીર્વચન, તથા આયુના અભિષેકની સાથે વિક્રમોર્વશીય પણ સમાપ્ત થાય છે.

આ પ્રમાણે મહાકવિ ભાસનાં અને મહાકવિ કાલિદાસનાં નાટકોમાં મળતા આવતા મુખ્ય મુખ્ય પ્રસંગો મેં તારવી કાઢ્યા છે, પરંતુ એ સિવાય ઝીણા ઝીણા ઘણા પ્રસંગો પણ છુટા છવાયા જોવામાં આવે છે, જે વિસ્તાર ભયથી આપી શકાયા નથી.

આ બંને કવિનાં નાટકોના પ્રસંગોમાં જેટલું મળતાપણું છે, તેટલું જ મળતાપણું તેમની ભાષામાં અને વિચારોમાં પણ જણાય છે અને પ્રસંગોના કરતાં પણ વધારે લક્ષ ખેંચે તેવું છે, માટે તેના થોડા દાખલાઓ નીચે આપીશું.

નાટકનો પ્રારંભ કરવાની ભાસ અને કાલિદાસની પદ્ધતિ બહુધા સરખી છે. ભાસ પોતાનાં લગભગ બધાં નાટકોનો આરંભ નીચે પ્રમાણે કરે છે.

सूत्रधारः–एवमार्यमिश्रान् विज्ञापयामि–अये किंनु खलु मद्विज्ञापना
व्यग्रे शब्द इव श्रूयते । भवतु विज्ञातम्–**स्वप्नवासवदत्ता**–

सूत्रधारः–यावदिनीम् आर्यमिश्रान् विज्ञापयामि * * * *
अये किंनु खलु मद्विज्ञापनानंतरं कुररीणामिव आकाशे
शब्दः श्रूयते * * भवतु ज्ञातम्—**વિક્રમોર્વશીય.**

પ્રતિમા નાટક.

सूत्रधारः-(नेपथ्याभिमुखमवलोक्य) आर्ये इतस्तावत् ।

नटी-आर्य इयमस्मि ।

सूत्रधारः-इममेव इदानीं शरत्कालमधिकृत्य गीयतां तावत् ।

नटी-आर्य तथा (गायति) ।

सूत्रधारः-अस्मिन् हि काले ।

चरतिपुलिनेषु हंसी काशांशुकवासिनी सुसंहृष्टा ।
मुदिता नरेन्द्रभवने त्वरिता प्रतिहाररक्षीव ।

શાકુન્તલ.

सूत्रधारः-(नेपथ्याभिमुखमवलोकय) आर्ये यदि नेपथ्यविधानं अवसितम् इतस्तावदागम्यताम्

नटी-आर्यपुत्र इयमस्मि ।

* * * * * *

सूत्रधारः-* * * तदिसमेव तावदचिरप्रवृत्तमुपभोगक्षमं ग्रीष्मसमयमधिकृत्य गीयतां । संप्रति हि ।

सुभगसलिलावगाहाः पाटलसंसर्गसुरभिवनवाताः । ઇત્યાદિ.

नटी-तथा (इति गायति) ।

सूत्रधारः-* * * .

तवास्मि गीतरागेण हारिणा प्रसभं हृतः ।
एप राजेव दुष्यन्तः सारंगेणातिरंहसा ॥

कालक्रमेण जगतः परिवर्तमाना ।
चक्रारपंक्तिरिव गच्छति भाग्यपंक्तिः સ્વપ્નવાસવદત્તા.

कस्यात्यंतं सुखमुपनतं दुःखमेकान्ततो वा ।
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण—મેઘદૂત.

विस्रब्धं हरिणाश्चरन्त्यचकिता देशागतप्रत्ययाः ।
તપોવનવર્ણન. સ્વપ્નવાસવદત્તા–અંક ૧.

विश्वासोपगमादभिन्नगतयः शब्दं सहंते मृगाः **શાકુન્તલ.**

सकाम इदानीमार्ययौगन्धरायणो भवतु । **સ્વપ્નવાસવદત્તા–પા૦ ૧૨**

काम इदानीं सकामो भवतु—**શાકુન્તલ.**

गच्छतु भवान् पुनर्दर्शनाय । **સ્વપ્નવાસવદત્તા. ૧૬**

गम्यतां पुनर्दर्शनाय ।—**વિક્રમોર્વશીય.**

विदूषकः–कस्यापि नाख्यास्यामि एषा संदष्टा मे जिव्हा–**સ્વપ્નવાસવદત્તા–૪૦**

विदूषकः–एवं मया नियंत्रिता जिह्वा, यद्भवतोपि सहसा प्रतिवचनं न ददामि
વિક્રમોર્વશીય અંક ૨

राजा–पद्मावती बहुमता मम यद्यपि रूपशीलमाधुर्यैः ।
वासवदत्ताबद्धं न तु तावन्मे मनो हरति—**સ્વપ્નવાસવદત્તા. પા૦ ૪૧**

राजा–उर्वशीगतमनसोपि मे स एव देव्यां बहुमानः । **વિક્રમોર્વશીય અંક ૨**

આ પ્રમાણે વિચારોનું અને વાક્યોનું મળતાપણું એટલું બધું છે કે, તેનો અત્રે ઉતારો આપતાં ઘણી જગા રોકાય તેમ છે, માટે માત્ર થોડા દાખલા અહીં આપ્યા છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે આ બંને મહાકવિઓનાં નાટકોમાં **ભાષાની, વિચારોની, પ્રસંગોની,** અને ઘણે સ્થળે **શબ્દ રચનાની** પણ સમાનતા જોવામાં આવે છે. **સ્વપ્નવાસવદત્તામાં** અને **અવિમારકમાં, ભાસ** કવિએ જે જે પ્રસંગો લીધા છે, તેમાંના ઘણાખરા પ્રસંગોને **કાલિદાસે** પોતાનાં ત્રણે નાટકોમાં વહેંચી નાંખી, પોતાની કળાની શ્રેષ્ઠતા બતાવી આપી છે. આ ઉપરથી એમ માનવાનું કારણ નથી કે, **કાલિદાસને** ભાષાની, વિચારોની, પ્રસંગોની અને કલાવિધાનની પોતાનામાં ન્યૂનતા લાગી હશે તેથી ,તેમણે ભાસની કાવ્યસામગ્રી લઈ પોતાનાં નાટકોની રચના કરી હશે. એમ માનવું એ **કાલિદાસ** જેવા કવિની સર્વગ્રાહી બુદ્ધિને અન્યાય કરવા જેવું કહેવાય. જેમ એક ચિત્રકાર, અમુક પ્રસંગનું એક સુંદર ચિત્ર ચીતરી લોક રુચિને આકર્ષતો હોય, તેના ઉપર પોતાની કળાની શ્રેષ્ઠતા બતાવવાને માટે બીજો વધારે કુશળતાવાળો ચિત્રકાર, એ જ પ્રસંગ લઈ એવું જ ચિત્ર આલેખી વધારે વિજયી થવાનો પ્રયત્ન કરે, તેવો જ પ્રયત્ન **કાલિદાસનો** જોવામાં આવે છે. ભાસની સાથે સ્પર્દ્ધામાં ઉતરી, એમનાં શૃંગાર પ્રધાન નાટકો ઉપર વિજય મેળવવાને માટે, **કાલિદાસે** જુદે જુદે સ્થળે લગભગ એવા જ પ્રસંગો લઈ વાણીની, કલાવિધાનની અને રસની સંપૂર્ણતા કેવી હોય તે બતાવી આપ્યું છે, અને એ બન્ને કવિઓનાં નાટકો ધ્યાનપૂર્વક વાંચતાં આપણને એમ લાગે છે કે, ભાષામાં, મનોહર પદરચનામાં, કલાવિધાનમાં,

કલ્પનાશક્તિમાં, હૃદયોના ઉંડા મર્મ સમજવામાં અને સમજાવવામાં, મૃદુમૃદુ પરિહાસમાં, વચન ચાતુર્યમાં, અને એકંદર રીતે કહીએ તો કાવ્યના સમગ્ર ગુણોમાં કાલિદાસ ભાસના કરતાં ચઢે છે. ભાસનું સુવર્ણ છે, ત્યારે કાલિદાસનું કુન્દન છે, અને બંને કવિના સમયમાં જેટલું અંતર છે, તે લક્ષમાં લેતાં આટલો ભેદ હોય એમ પણ સંભવિત લાગે છે. આમ છતાં પણ ભાસનામાં એક વિશેષ છે. સંસ્કૃતસાહિત્યમાં શૃંગાર-રસને ખીલવવામાં કાલિદાસનું સ્થાન પ્રથમ છે, અને કરુણારસને મૂર્તિમાન્ કરવામાં ભવભૂતિ અદ્વિતીય છે; તે જ પ્રમાણે વીરરસ જમાવવામાં ભાસકવિ સર્વોત્તમ છે. કાવ્યના રસોમાંથી શૃંગાર, વીર અને કરુણા એ ત્રણે રસ, જેમ આ ત્રણ મહા કવિ-ઓએ પોતાના ખાસ વિષય તરીકે વહેંચી લીધા હોય તેમ છે. સંસ્કૃત સાહિત્ય તરફ દૃષ્ટિ કરતાં ભાસ, કાલિદાસ, ભવભૂતિ અને બાણનાં સ્થાન ખાલી લાગે છે. આ ત્રણે કવિઓએ એકેક રસ સિદ્ધ કરી લીધો છે, ત્યારે બાણે સર્વ રસોમાં પોતાની મધ્યમતા બતાવી છે; આ ઉપરથી જો આપણે એમ કહીએ કે-

कालिदासस्तु शृंगारे भासो वीरे विशिष्यते ।
करुणे भवभूतिश्च बाणः सर्वेषु मध्यमः ॥

તો એમાં અતિશયોક્તિ અથવા અન્યાય જેવું લાગે તેમ નથી. કાલિદાસે સર્વે રસો કેળવવા છતાં શૃંગારમાં પોતાની શ્રેષ્ઠતા બતાવી છે. ભવભૂતિએ શૃંગાર, વીર અને કરુણા રસ કેળવ્યા છે, તેમ છતાં કરુણારસમાં એ અદ્વિતીય છે; તેમ ભાસ વીર રસમાં શ્રેષ્ઠ છે એમ કહેવું પડે છે. ભવભૂતિ, મહાવીરચરિતમાં જે વીરરસ કેળવી શક્યા નથી, તે રસ ભાસે પોતાનાં, દૂતઘટોત્કચ, દૂતવાક્ય, કર્ણભાર વગેરે નાટકોમાં સંપૂર્ણ રીતે કેળવી બતાવ્યો છે. પાત્રોની યોગ્યતા સંપૂર્ણ રીતે સાચવીને ભાસે એ નાટકોમાં વીરરસ એવી રીતે પૂર્યો છે કે, વાંચનારની આસપાસ એ રસનું વાતાવરણ સહજવારમાં ઉપસ્થિત થાય છે. આ પ્રમાણે શૃંગાર અને કરુણારસને કેળવનાર કાલિ-દાસ અને ભવભૂતિની વચ્ચે વીરરસને કેળવનાર કવિનું સ્થાન ખાલી લાગતું હતું, તે ભાસે ક્યારનુંએ પૂર્યું હતું એમ જણાઈ આવે છે.

આગળ જે જે વિષયોની ચર્ચા કરી છે, તે ઉપરથી તથા ભાસ કવિનાં નાટકોનું એકંદર અવલોકન કરતાં અને તેમાંથી મળી આવતાં આછાં આછાં આંતર પ્રમાણોની ઇતિહાસની સાથે એકવાક્યતા કરતાં, **મહાકવિ ભાસ, ચન્દ્રગુપ્તના સમયમાં એટલે ઈ. સ. પૂર્વે ત્રીજા શતકના અંત સુધીમાં થયા હોવા જોઇએ એ અનુમાન વધારે સકારણ લાગે છે, અને એમની તથા કાલિદા-સની વચ્ચે ઘણું ઘણું તો ૧૦૦ થી ૧૫૦ વર્ષનું અંતર હશે એમ કલ્પી શકાય છે.**

કલ્પનાશક્તિમાં, હૃદયોના ઉંડા મર્મ સમજવામાં અને સમજાવવામાં, મૃદુમૃદુ પરિહાસમાં, વચન ચાતુર્યમાં, અને એકંદર રીતે કહીએ તો કાવ્યના સમગ્ર ગુણોમાં **કાલિદાસ** **ભાસ**ના કરતાં ચઢે છે. **ભાસ**નું સુવર્ણ છે, ત્યારે કાલિદાસનું કુન્દન છે, અને બંને કવિના સમયમાં જેટલું અંતર છે, તે લક્ષમાં લેતાં આટલો ભેદ હોય એમ પણ સંભવિત લાગે છે. આમ છતાં પણ **ભાસ**નામાં એક વિશેષ છે. સંસ્કૃતસાહિત્યમાં **શૃંગાર**રસને ખીલવવામાં **કાલિદાસ**નું સ્થાન પ્રથમ છે, અને **કરુણા**રસને મૂર્તિમાન્ કરવામાં **ભવભૂતિ** અદ્વિતીય છે; તે જ પ્રમાણે **વીરરસ** જમાવવામાં **ભાસકવિ** સર્વોત્તમ છે. કાવ્યના રસોમાંથી **શૃંગાર**, **વીર** અને **કરુણા** એ ત્રણે રસ, જેમ આ ત્રણ મહા કવિઓએ પોતાના ખાસ વિષય તરીકે વહેંચી લીધા હોય તેમ છે. **સંસ્કૃત** સાહિત્ય તરફ દૃષ્ટિ કરતાં **ભાસ**, **કાલિદાસ**, **ભવભૂતિ** અને **બાણ**નાં સ્થાન ખાલી લાગે છે. આ ત્રણે કવિઓએ અકેક રસ સિદ્ધ કરી લીધો છે, ત્યારે **બાણે** સર્વ રસોમાં પોતાની મધ્યમતા બતાવી છે; આ ઉપરથી જો આપણે એમ કહીએ કે–

कालिदासस्तु शृंगारे भासो वीरे विशिष्यते ।
करुणे भवभूतिश्च बाणः सर्वेषु मध्यमः ॥

તો એમાં અતિશયોક્તિ અથવા અન્યાય જેવું લાગે તેમ નથી. **કાલિદાસે** સર્વ રસો કેળવવા છતાં **શૃંગાર**માં પોતાની શ્રેષ્ઠતા બતાવી છે. **ભવભૂતિએ** શૃંગાર, વીર અને કરુણા રસ કેળવ્યા છે, તેમ છતાં કરુણારસમાં એ અદ્વિતીય છે; તેમ **ભાસ વીર** રસમાં શ્રેષ્ઠ છે એમ કહેવું પડે છે. **ભવભૂતિ**, **મહાવીરચરિત**માં જે **વીરરસ** કેળવી શક્યા નથી, તે રસ ભાસે પોતાનાં, દૂતઘટોત્કચ, દૂતવાક્ય, કર્ણભાર વગેરે નાટકોમાં સંપૂર્ણ રીતે કેળવી બતાવ્યો છે. પાત્રોની યોગ્યતા સંપૂર્ણ રીતે સાચવીને **ભાસે** એ નાટકોમાં વીરરસ એવી રીતે પૂર્યો છે કે, વાંચનારની આસપાસ એ રસનું વાતાવરણ સહજવારમાં ઉપસ્થિત થાય છે. આ પ્રમાણે **શૃંગાર** અને **કરુણા**રસને કેળવનાર કાલિદાસ અને ભવભૂતિની વચ્ચે **વીરરસ**ને કેળવનાર કવિનું સ્થાન ખાલી લાગતું હતું, તે ભાસે ક્યારનુંએ પૂર્યું હતું એમ જણાઈ આવે છે.

આગળ જે જે વિષયોની ચર્ચા કરી છે, તે ઉપરથી તથા **ભાસ** કવિનાં નાટકોનું એકંદર અવલોકન કરતાં અને તેમાંથી મળી આવતાં આછાં આછાં આંતર પ્રમાણોની ઇતિહાસની સાથે એકવાક્યતા કરતાં, **મહાકવિ ભાસ, ચન્દ્રગુપ્તના સમયમાં એટલે ઈ. સ. પૂર્વે ત્રીજા શતકના અંત સુધીમાં થયા હોવા જોઇએ એ અનુમાન વધારે સકારણ લાગે છે, અને એમની તથા કાલિદાસની વચ્ચે ઘણું ઘણું તો ૧૦૦ થી ૧૫૦ વર્ષનું અંતર હશે એમ કલ્પી શકાય છે.**

विस्रब्धं हरिणाश्चरन्त्यचकिता देशागतप्रत्ययाः ।

તપોવનવર્ણન. સ્વપ્નવાસવદત્તા–અંક ૧.

विश्वासोपगमादभिन्नगतयः शब्दं सहंते मृगाः શાકુન્તલ.

सकाम इदानीमार्ययौगन्धरायणो भवतु । સ્વપ્નવાસવદત્તા–પા૦ ૧૨.

काम इदानीं सकामो भवतु—શાકુન્તલ.

गच्छतु भवान् पुनर्दर्शनाय । સ્વપ્નવાસવદત્તા. ૧૬

गम्यतां पुनर्दर्शनाय ।—વિક્રમોર્વશીય.

विदूषकः–कस्यापि नाख्यास्यामि एषा संदष्टा मे जिव्हा–સ્વપ્નવાસવદત્તા–૪૦

विदूषकः–एवं मया नियंत्रिता जिह्वा, यद्भवतोपि सहसा प्रतिवचनं न ददामि

વિક્રમોર્વશીય અંક ૨

राजा–पद्मावती बहुमता मम यद्यपि रूपशीलमाधुर्यैः ।

वासवदत्ताबद्धं न तु तावन्मे मनो हरति—સ્વપ્નવાસવદત્તા. પા૦ ૪૧

राजा–उर्वशीगतमनसोपि मे स एव देव्यां बहुमानः । વિક્રમોર્વશીય અંક ૨

આ પ્રમાણે વિચારોનું અને વાક્યોનું મળતાપણું એટલું બધું છે કે, તેનો અત્રે ઉતારો આપતાં ઘણી જગા રોકાય તેમ છે, માટે માત્ર થોડા દાખલા અહીં આપ્યા છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે આ બંને મહાકવિઓનાં નાટકોમાં **ભાષાની, વિચારોની, પ્રસંગોની,** અને ઘણે સ્થળે **શબ્દ રચનાની** પણ સમાનતા જોવામાં આવે છે. **સ્વપ્નવાસવદત્તામાં** અને **અવિમારકમાં, ભાસ** કવિએ જે જે પ્રસંગો લીધા છે, તેમાંના ઘણાખરા પ્રસંગોને **કાલિદાસે** પોતાનાં ત્રણે નાટકોમાં વહેંચી નાંખી, પોતાની કળાની શ્રેષ્ઠતા બતાવી આપી છે. આ ઉપરથી એમ માનવાનું કારણ નથી કે, **કાલિદાસને** ભાષાની, વિચારોની, પ્રસંગોની અને કલાવિધાનની પોતાનામાં ન્યૂનતા લાગી હશે તેથી તેમણે ભાસની કાવ્યસામગ્રી લઈ પોતાનાં નાટકોની રચના કરી હશે. એમ માનવું એ **કાલિદાસ** જેવા કવિની સર્વગ્રાહી બુદ્ધિને અન્યાય કરવા જેવું કહેવાય. જેમ એક ચિત્રકાર, અમુક પ્રસંગનું એક સુંદર ચિત્ર ચીતરી લોક રૂચિને આકર્ષતો હોય, તેના ઉપર પોતાની કળાની શ્રેષ્ઠતા બતાવવાને માટે બીજો વધારે કુશળતાવાળો ચિત્રકાર, એ જ પ્રસંગ લઈ એવું જ ચિત્ર આલેખી વધારે વિજયી થવાનો પ્રયત્ન કરે, તેવોજ પ્રયત્ન **કાલિદાસનો** જોવામાં આવે છે. ભાસની સાથે સ્પર્દ્ધામાં ઉતરી, એમનાં શૃંગાર પ્રધાન નાટકો ઉપર વિજય મેળવવાને માટે, **કાલિદાસે** જુદે જુદે સ્થળે લગભગ એવા જ પ્રસંગો લઈ વાણીની, કલાવિધાનની અને રસની સંપૂર્ણતા કેવી હોય તે બતાવી આપ્યું છે, અને એ બન્ને કવિઓનાં નાટકો ધ્યાનપૂર્વક વાંચતાં આપણને એમ લાગે છે કે, ભાષામાં, મનોહર પદરચનામાં, કલાવિધાનમાં,

કલ્પનાશક્તિમાં, હૃદયોના ઉંડા મર્મે સમજવામાં અને સમજાવવામાં, મૃદુમૃદુ પરિહાસમાં, વચન ચાતુર્યમાં, અને એકંદર રીતે કહીએ તો કાવ્યના સમગ્ર ગુણોમાં કાલિદાસ **ભાસ**ના કરતાં ચઢે છે. **ભાસ**નું સુવર્ણ છે, ત્યારે કાલિદાસનું કુન્દન છે, અને બંને કવિના સમયમાં જેટલું અંતર છે, તે લક્ષમાં લેતાં આટલો ભેદ હોય એમ પણ સંભવિત લાગે છે. આમ છતાં પણ **ભાસ**નામાં એક વિશેષ છે. સંસ્કૃતસાહિત્યમાં **શૃંગાર**રસને ખીલવવામાં **કાલિદાસ**નું સ્થાન પ્રથમ છે, અને **કરૂણારસ**ને મૂર્તિમાન્ કરવામાં **ભવભૂતિ** અદ્વિતીય છે; તે જ પ્રમાણે **વીરરસ** જમાવવામાં **ભાસકવિ** સર્વોત્તમ છે. કાવ્યના રસોમાંથી **શૃંગાર**, **વીર** અને **કરૂણા** એ ત્રણે રસ, જેમ આ ત્રણ મહા કવિએએ પોતાના ખાસ વિષય તરીકે વહેંચી લીધા હોય તેમ છે. સંસ્કૃત સાહિત્ય તરફ દૃષ્ટિ કરતાં **ભાસ**, **કાલિદાસ**, **ભવભૂતિ** અને **બાણ**નાં સ્થાન ખાલી લાગે છે. આ ત્રણે કવિઓએ એકેક રસ સિદ્ધ કરી લીધો છે, ત્યારે **બાણે** સર્વ રસોમાં પોતાની મધ્યમતા બતાવી છે; આ ઉપરથી જો આપણે એમ કહીએ કે-

कालिदासस्तु शृंगारे भासो वीरे विशिष्यते ।
करुणे भवभूतिश्च बाणः सर्वेषु मध्यमः ॥

તો એમાં અતિશયોક્તિ અથવા અન્યાય જેવું લાગે તેમ નથી. કાલિદાસે સર્વ રસો કેળવવા છતાં **શૃંગાર**માં પોતાની શ્રેષ્ઠતા બતાવી છે. **ભવભૂતિ**એ શૃંગાર, વીર અને કરૂણા રસ કેળવ્યા છે, તેમ છતાં કરૂણારસમાં એ અદ્વિતીય છે; તેમ **ભાસ** વીર રસમાં શ્રેષ્ઠ છે એમ કહેવું પડે છે. **ભવભૂતિ**, **મહાવીરચરિત**માં જે **વીરરસ** કેળવી શક્યા નથી, તે રસ ભાસે પોતાનાં, દૂતઘટોત્કચ, દૂતવાક્ય, કર્ણભાર વગેરે નાટકોમાં સંપૂર્ણ રીતે કેળવી બતાવ્યો છે. પાત્રોની યોગ્યતા સંપૂર્ણ રીતે સાચવીને ભાસે એ નાટકોમાં વીરરસ એવી રીતે પૂર્યો છે કે, વાંચનારની આસપાસ એ રસનું વાતાવરણ સહજવારમાં ઉપસ્થિત થાય છે. આ પ્રમાણે **શૃંગાર** અને **કરૂણારસ**ને કેળવનાર કાલિદાસ અને ભવભૂતિની વચ્ચે **વીરરસ**ને કેળવનાર કવિનું સ્થાન ખાલી લાગતું હતું. તે ભાસે ક્યારનુંએ પૂર્યું હતું એમ જણાઈ આવે છે.

આગળ જે જે વિષયોની ચર્ચા કરી છે, તે ઉપરથી તથા **ભાસ** કવિનાં નાટકોનું એકંદર અવલોકન કરતાં અને તેમાંથી મળી આવતાં આછાં આછાં આંતર પ્રમાણોનો ઇતિહાસની સાથે એકવાક્યતા કરતાં, **મહાકવિ ભાસ, ચન્દ્રગુપ્તના સમયમાં એટલે ઈ. સ. પૂર્વે ત્રીજા શતકના અંત સુધીમાં થયા હોવા જોઇએ એ અનુમાન વધારે સકારણ લાગે છે, અને એમની તથા કાલિદાસની વચ્ચે ઘણું ઘણું તો ૧૦૦ થી ૧૫૦ વર્ષનું અંતર હશે એમ કલ્પી શકાય છે.**

જો આ અનુમાન ખરું માનીએ તો કાલિદાસનો સમય ઇ. સ. પૂર્વે ૧૭૦ નો એટલે પુષ્પમિત્રના રાજ્ય સમયનો કલ્પી શકાય. કાલિદાસ ઇ. પૂર્વે પહેલા શતકમાં થયા હતા, એમ હાલ કેટલાએક વિદ્વાનોનું માનવું છે, એટલે ઈ. સ. પૂર્વે પહેલું શતક અને ઈ. સ. પૂર્વે ૧૭૦ માં ઝાઝો ફરક રહેતો નથી. ભાસ અને કાલિદાસ વચ્ચે લગભગ ૧૦૦–૧૫૦ વર્ષનું અંતર હશે એમ માનીએ તો સૌમિલ્લાદિ જે કવિઓનાં નામ કાલિદાસે આપ્યાં છે, તે એ ગાળામાં થઇ પ્રસિદ્ધિ પામ્યા હશે. એમના કોઈ પણ ગ્રંથ હયાતીમાં નથી આવ્યા, એટલે એમના સંબંધમાં માત્ર આવું અનુમાન જ બાંધી શકાય તેમ છે.

૧૦ કાલિદાસ અને અગ્નિમિત્ર. ઈ.સ. પૂર્વે ૧૭૦.

આપણા સંસ્કૃત કવિઓનો બહુધા એવો કંઈક સંપ્રદાય છે કે, તેઓ પોતાના આશ્રયદાતાના સંબંધમાં કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ કરે છે, અથવા તો તેની કોઈ કોઈ વખતે સારી પ્રશંસા પણ કરે છે. મહાકવિ ભાસે પણ પોતાના આશ્રયદાતા રાજાનો નામથી નિર્દેશ ન કરતાં, તેને ભરત વાક્યો વગેરેમાં અનેક પ્રકારનાં આશીર્વચનો અને પ્રશંસાનાં વચનો કહ્યાં છે. આવી જ પદ્ધતિ બાણ આદિ રાજ્યાશ્રિત કવિઓની જોવામાં આવે છે. કાલિદાસ પણ રાજ્યાશ્રિત કવિ હતા, એમ પરંપરાથી મનાતું આવ્યું છે, તો એમણે પોતાના આશ્રયદાતા રાજાના સંબંધમાં કંઈ પણ ન લખતાં કેવળ મૌન શા માટે ધાર્યું હશે? કાલિદાસ, પોતાના આશ્રયદાતા પ્રત્યે આટલી બધી અગુણજ્ઞતા બતાવે, એ સહજ પણ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેમ છે.

કાલિદાસ, ઇ. સ. પૂર્વે **પહેલા શતકમાં** વિક્રમના દરબારમાં થયા હતા, એમ હાલમાં માનવામાં આવે છે, અને પૂર્વે પણ એમ જ મનાતું હતું, એવું આપણે જાણીએ છીએ; પરંતુ એમ માનવાનાં આપણી પાસે થોડાં સાધન છે. કાલિદાસે વિક્રમોર્વશીયમાં પુરૂરવને બદલે વિક્રમ એવો બે અર્થવાળો શબ્દ વાપર્યો છે અને નાટકમાં એકાદ ઠેકાણે પરાક્રમ શબ્દ ન વાપરતાં વિક્રમ (પરાક્રમ) શબ્દ વાપર્યો છે. આ સિવાય એ કવિનો વિક્રમ સાથે કંઈ બીજો સંબંધ જણાતો નથી. એટલે એ વિક્રમના આશ્રિત કવિ હતા એમ માનતાં લગાર અટકવું પડે છે! વળી ઇતિહાસ પ્રત્યે દૃષ્ટિ કરતાં ઇ. સ. પૂર્વે ૫૬માં વિક્રમ નામે કોઈ રાજા થયો નથી, એમ જણાય છે; આથી કાં તો એમ માનવું પડે કે, કાલિદાસ ઇ.સ. પૂર્વે પહેલા શતકમાં થયા હશે, પણ એમને વિક્રમની સાથે કંઈ સંબંધ નહીં હોય; અથવા તો એમ માનીએ કે, એ વિક્રમના આશ્રિત હતા, તો ઇ.સ. પૂર્વે પહેલા શતકમાં નહી થયા, હોય પણ કદાપિ ગુપ્તવંશના વિક્રમાદિત્યના સમયમાં થયા હશે. ગુપ્ત વિક્રમાદિત્યના સમયમાં એ થયા હતા, એમ હાલ જે કંઈ નિર્ણય થયો છ તે ઉપરથી માની શકાતું નથી, તેમ ભાસની અને કાલિદાસની વચ્ચે લગભગ ૫૦૦–૬૦૦ વર્ષ જેટલું અંતર પણ સંભવતું નથી.

નાહાપાણ શક રાજાને હરાવી કહાડનાર ગૌતમીપુત્ર **શાલવાહન** આ વિક્રમાદિત્ય હશે, એમ માનતાં પણ કાલિદાસનો અને એનો સંબંધ ઘટાવી શકતો નથી, તેમ એ બંનેના સમયમાં પણ ઘણું અંતર પડે છે; આથી અવશેષ માત્ર એટલું જ રહે છે કે, કાલિદાસ ઇ.સ. પૂર્વે પેહેલા શતકમાં થયા હતા, પણ **વિક્રમ**ના દરબાર સાથે એમને કંઈ સંબંધ નહીં હોય, કારણ કે તે વખતે **વિક્રમ** નામે રાજા થયો ન હતો.

धन्वंतरिक्षपणकामरसिंहशंकुः ।

એ શ્લોક **કાલિદાસ** અને **વિક્રમનો સંબંધ** બતાવે છે, પરંતુ તે કોઈ પાછળથી થયેલા **કાલિદાસને** માટે હોય એમ લાગે છે, **ભાસ**ની જેને સ્પર્દ્ધા થઈ હતી, તે **રઘુ, શાકુન્તલ** આદિના કર્તા **કાલિદાસને** માટે નહીં. આ પ્રમાણે જોતાં **કાલિદાસ** અને **વિક્રમનો** સંબંધ કંઇક સંદિગ્ધ થઈ પડે છે. પરંતુ એટલું તો માની શકાય છે કે, **કાલિદાસ** જેવો મહાકવિ અનાશ્રિત તો નહીજ હોય અને જ્યારે પરંપરાથી એમ મનાતું આવ્યું છે કે એ રાજ્યાશ્રિત કવિ હતા, ત્યારે **કાલિદાસને** આશ્રય આપનાર કોણ? એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે. આ આશ્રયદાતા **માલવિકાગ્નિમિત્ર**નો નાયક **અગ્નિમિત્ર** હશે એમ મને લાગે છે.

કાલિદાસ ઈ૦ સ૦ ત્રીજાથી છઠ્ઠા સૈકામાં નહીં પરંતુ, **ઈ૦ સ૦ પૂર્વે પહેલા સૈકામાં** થઈ ગયા હતા એ બહુમાન્ય મત, મેં મારા **વિક્રમોર્વશીય**માં સ્વીકારી તેનું પ્રતિપાદન કરેલું છે, પરંતુ એમનો વિક્રમ સાથેનો જે સંબંધ મને એ વખતે સંભવિત લાગતો હતો, તે અત્યારે નવા વિચારની શ્રેણીથી જોતાં કંઈક સંદિગ્ધ જેવો લાગે છે. આથી એ પ્રશ્નની બંને બાજુના વિચારો વિદ્વાનોની આગળ મૂકવાથી એ બાબતનો વધારે સારો નિર્ણય થવાનો સંભવ છે. ઈ૦ સ૦ પૂર્વે પહેલા શતકમાં થયેલા **કાલિદાસ**ના વખતમાં **વિક્રમ** નામે કોઈ રાજા થયાની ઇતિહાસ ના પાડે છે, એટલે ઇતિહાસના બલવત્તર પ્રમાણ આગળ લોકકથાના પ્રમાણથી એ બંનેનો સંબંધ સ્વીકારતાં સહજ અટકવું પડે છે. **વિક્રમોર્વશીય** નાટકના નામપરથી લગાર તાણીતોશીને બંધબેસતો કરવો પડે એવો એ બંનેનો **સંબંધ** કંઈક ઓછા મહત્વવાળો લાગે છે, કારણ કે કાલિદાસ જેવા ગુણજ્ઞ કવિએ, જ્યારે પોતાના નિવાસસ્થાન **ઉજ્જયિની, વિદિશા, માલવા, દશાર્ણ**, વગેરે ઉપરનો પોતાનો પ્રેમ સ્થળે સ્થળે પ્રદર્શિત કર્યો છે, ત્યારે પોતાના આશ્રયદાતા પ્રત્યેની ઉપકાર બુદ્ધિ તે આવી સંદિગ્ધ રચનામાં–અને તે પણ આટલા સંક્ષેપમાં–સૂચવે, એ માનવામાં આવતું નથી. જો **વિક્રમોર્વશીય**માં વિક્રમની પ્રશસ્તિનો ઉદ્દેશ હોય, તો તેને કોઈ વધારે સારા અને સ્ફુટ સ્વરૂપમાં એ મૂક્યા વિના રહે નહી. જ્યારે **વિક્રમની** પ્રશંસામાં **કાલિદાસે** આમ એક શબ્દ પણ લખ્યો નથી, ત્યારે **અગ્નિમિત્ર**ની એમણે જોઇએ તેટલી પ્રશંસા કરી છે, જે **માલવિકાગ્નિમિત્ર** જોતાં, સ્પષ્ટ જણાઈ આવે છે. આ પ્રમાણે **કાલિદાસ** અને **વિક્રમના** સંબંધ કરતાં,

જો આ અનુમાન ખરું માનીએ તો કાલિદાસનો સમય ઇ. સ. પૂર્વે ૧૭૦ નો એટલે પુષ્પમિત્રના રાજ્ય સમયનો કલ્પી શકાય. કાલિદાસ ઇ. પૂર્વે પહેલા શતકમાં થયા હતા, એમ હાલ કેટલાએક વિદ્વાનોનું માનવું છે, એટલે ઈ. સ. પૂર્વે પહેલું શતક અને ઈ. સ. પૂર્વે ૧૭૦ માં ઝાઝો ફરક રહેતો નથી. ભાસ અને કાલિદાસ વચ્ચે લગભગ ૧૦૦–૧૫૦ વર્ષનું અંતર હશે એમ માનીએ તો સૌમિલ્લાદિ જે કવિઓનાં નામ કાલિદાસે આપ્યાં છે, તે એ ગાળામાં થઇ પ્રસિદ્ધિ પામ્યા હશે. એમના કોઈ પણ ગ્રંથ હયાતીમાં નથી આવ્યા, એટલે એમના સંબંધમાં માત્ર આવું અનુમાન જ બાંધી શકાય તેમ છે.

૧૦ કાલિદાસ અને અગ્નિમિત્ર. ઈ.સ. પૂર્વે ૧૭૦.

આપણા સંસ્કૃત કવિઓનો બહુધા એવો કંઈક સંપ્રદાય છે કે, તેઓ પોતાના આશ્રયદાતાના સંબંધમાં કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ કરે છે, અથવા તો તેની કોઈ કોઈ વખતે સારી પ્રશંસા પણ કરે છે. મહાકવિ ભાસે પણ પોતાના આશ્રયદાતા રાજાનો નામથી નિર્દેશ ન કરતાં, તેને ભરત વાક્યો વગેરેમાં અનેક પ્રકારનાં આશીર્વચનો અને પ્રશંસાનાં વચનો કહ્યાં છે. આવી જ પદ્ધતિ બાણ આદિ રાજ્યાશ્રિત કવિઓની જોવામાં આવે છે. કાલિદાસ પણ રાજ્યાશ્રિત કવિ હતા, એમ પરંપરાથી મનાતું આવ્યું છે, તો એમણે પોતાના આશ્રયદાતા રાજાના સંબંધમાં કંઈ પણ ન લખતાં કેવળ મૌન શા માટે ધાર્યું હશે? કાલિદાસ, પોતાના આશ્રયદાતા પ્રત્યે આટલી બધી અગુણજ્ઞતા બતાવે, એ સહજ પણ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેમ છે.

કાલિદાસ, ઇ. સ. પૂર્વે **પહેલા શતકમાં વિક્રમના** દરબારમાં થયા હતા, એમ હાલમાં માનવામાં આવે છે, અને પૂર્વે પણ એમ જ મનાતું હતું, એવું આપણે જાણીએ છીએ; પરંતુ એમ માનવાનાં આપણી પાસે થોડાં સાધન છે. કાલિદાસે વિક્રમોર્વશીયમાં પુરૂરવને બદલે વિક્રમ એવો બે અર્થવાળો શબ્દ વાપર્યો છે અને નાટકમાં એકાદ ઠેકાણે પરાક્રમ શબ્દ ન વાપરતાં વિક્રમ (પરાક્રમ) શબ્દ વાપર્યો છે. આ સિવાય એ કવિનો વિક્રમ સાથે કંઈ બીજો સંબંધ જણાતો નથી. એટલે એ વિક્રમના આશ્રિત કવિ હતા એમ માનતાં લગાર અટકવું પડે છે! વળી ઇતિહાસ પ્રત્યે દૃષ્ટિ કરતાં ઇ. સ. પૂર્વે ૫૬માં વિક્રમ નામે કોઈ રાજા થયો નથી, એમ જણાય છે; આથી કાં તો એમ માનવું પડે કે, કાલિદાસ ઇ.સ. પૂર્વે પહેલા શતકમાં થયા હશે, પણ એમને વિક્રમની સાથે કંઈ સંબંધ નહીં હોય; અથવા તો એમ માનીએ કે, એ વિક્રમના આશ્રિત હતા, તો ઇ.સ. પૂર્વે પહેલા શતકમાં નહી થયા, હોય પણ કદાપિ ગુપ્તવંશના વિક્રમાદિત્યના સમયમાં થયા હશે. ગુપ્ત વિક્રમાદિત્યના સમયમાં એ થયા હતા, એમ હાલ જે કંઈ નિર્ણય થયો છે તે ઉપરથી માની શકાતું નથી, તેમ ભાસની અને કાલિદાસની વચ્ચે લગભગ ૫૦૦–૬૦૦ વર્ષ જેટલું અંતર પણ સંભવતું નથી.

નાહાપાણ શક રાજાને હરાવી કહાડનાર ગૌતમીપુત્ર **શાતવાહન** આ વિક્રમાદિત્ય હશે, એમ માનતાં પણ કાલિદાસનો અને એનો સંબંધ ઘટાવી શકતો નથી, તેમ એ બંનેના સમયમાં પણ ઘણું અંતર પડે છે; આથી અવશેષ માત્ર એટલું જ રહે છે કે, **કાલિ**-**દાસ** ઇ.સ. પૂર્વે પેહેલા શતકમાં થયા હતા, પણ **વિક્રમ**ના દરબાર સાથે એમને કંઈ સંબંધ નહીં હોય, કારણ કે તે વખતે **વિક્રમ** નામે રાજા થયો ન હતો.

धन्वंतरिक्षपणकामरसिंहशंकुः ।

એ શ્લોક **કાલિદાસ** અને **વિક્રમ**નો સંબંધ બતાવે છે, પરંતુ તે કોઈ પાછળથી થયેલા **કાલિદાસ**ને માટે હોય એમ લાગે છે, **ભાસ**ની જેને સ્પર્દ્ધા થઈ હતી, તે **રઘુ**, **શાકુન્તલ** આદિના કર્તા **કાલિદાસ**ને માટે નહીં. આ પ્રમાણે જોતાં **કાલિદાસ** અને **વિક્રમ**નો સંબંધ કંઇક સંદિગ્ધ થઈ પડે છે. પરંતુ એટલું તો માની શકાય છે કે, **કાલિદાસ** જેવો મહાકવિ અનાશ્રિત તો નહી જ હોય અને જ્યારે પરંપરાથી એમ મનાતું આવ્યું છે કે એ રાજ્યાશ્રિત કવિ હતા, ત્યારે **કાલિદાસ**ને આશ્રય આપનાર કોણ ? એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે. આ આશ્રયદાતા **માલવિકાગ્નિમિત્ર**નો નાયક **અગ્નિમિત્ર** હશે એમ મને લાગે છે.

કાલિદાસ ઈ૦ સ૦ ત્રીજાથી છઠ્ઠા સૈકામાં નહીં પરંતુ, **ઈ૦ સ૦ પૂર્વે પહેલા સૈકામાં** થઈ ગયા હતા એ બહુમાન્ય મત, મેં મારા **વિક્રમોર્વશીય**માં સ્વીકારી તેનું પ્રતિપાદન કરેલું છે, પરંતુ એમનો વિક્રમ સાથેનો જે સંબંધ મને એ વખતે સંભવિત લાગતો હતો, તે અત્યારે નવા વિચારની શ્રેણીથી જોતાં કંઈક સંદિગ્ધ જેવો લાગે છે. આથી એ પ્રશ્નની બંને બાજુના વિચારો વિદ્વાનોની આગળ મૂકવાથી એ બાબતનો વધારે સારો નિર્ણય થવાનો સંભવ છે. ઈ૦ સ૦ પૂર્વે પહેલા શતકમાં થયેલા **કાલિદાસ**ના વખતમાં **વિક્રમ** નામે કોઈ રાજા થયાની ઇતિહાસ ના પાડે છે, એટલે ઇતિહાસના બલવત્તર પ્રમાણ આગળ લોકકથાના પ્રમાણથી એ બંનેનો સંબંધ સ્વીકારતાં સહજ અટકવું પડે છે. **વિક્રમોર્વશીય** નાટકના નામપરથી લગાર તાણીતોશીને બંધબેસતો કરવો પડે એવો એ બંનેનો સંબંધ કંઈક ઓછા મહત્વવાળો લાગે છે, કારણ કે કાલિદાસ જેવા ગુણજ્ઞ કવિએ, જ્યારે પોતાના નિવાસસ્થાન **ઉજ્જયિની**, **વિદિશા**, **માલવા**, **દશાર્ણ**, વગેરે ઉપરનો પોતાનો પ્રેમ સ્થળે સ્થળે પ્રદર્શિત કર્યો છે, ત્યારે પોતાના આશ્રયદાતા પ્રત્યેની ઉપકાર બુદ્ધિ તે આવી સંદિગ્ધ રચનામાં—અને તે પણ આટલા સંક્ષેપમાં—સૂચવે, એ માનવામાં આવતું નથી. જો **વિક્રમોર્વશીય**માં વિક્રમની પ્રશસ્તિનો ઉદ્દેશ હોય, તો તેને કોઈ વધારે સારા અને સ્ફુટ સ્વરૂપમાં એ મૂકયા વિના રહે નહી. જ્યારે **વિક્રમ**ની પ્રશંસામાં **કાલિદાસે** આમ એક શબ્દ પણ લખ્યો નથી, ત્યારે **અગ્નિમિત્ર**ની એમણે જોઇએ તેટલી પ્રશંસા કરી છે, જે **માલવિકાગ્નિમિત્ર** જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે. આ પ્રમાણે **કાલિદાસ** અને **વિક્રમ**ના સંબંધ કરતાં,

કાલિદાસ અને અગ્નિમિત્રનો સંબંધ વધારે સ્પષ્ટ જણાવાથી માનવા જેવો લાગે છે, અને તેને નીચે દર્શાવેલાં કેટલાંએક કારણો પુષ્ટિ પણ આપે છે.

(૧) કાલિદાસે જ્યારે કવિ તરીકે પોતાના જીવનનો આરંભ કર્યો, ત્યારે મહાકવિ **ભાસ**નાં નાટકોએ લોકવૃત્તિને પોતાની તરફ ખેંચી ઘણી સારી પ્રતિષ્ઠા મેળવી હતી, એમાં તો શંકા રાખવાનું પ્રયોજન નથી, કારણ કે કાલિદાસે પોતાના પ્રથમ નાટક **માલવિકાગ્નિમિત્ર**માં એવા જ અર્થને સૂચવતો ઉલ્લેખ કરેલો છે. **ભાસ**ના લેખ તરફ વળેલી લોકવૃત્તિને પોતાની તરફ પાછી વાળી, પોતાની પ્રતિષ્ઠાને સ્થાપિત કરવાનું કાર્ય કાલિદાસને ઘણું વિષમ લાગ્યું હશે, એમ પણ આપણે એમનાં વચનો ઉપરથી અનુમાન કરી શકીએ તેમ છે. **શૃંગવંશ**ના રાજાઓ નાટકોના ઘણા શોખીન હતા, એમ આપણે ઇતિહાસ ઉપરથી જાણી શકીએ છીએ, એટલે ભાસનાં નાટકોના પુષ્પમિત્રના વખતમાં પ્રયોગ થતા હશે અને તે વખતે બીજું નાટયસાહિત્ય અસ્તિત્વમાં ન હોવાથી, લોકવૃત્તિ માત્ર **ભાસ**નાં નાટકોની તરફ જ વળી હશે. આ લોકરુચિને પોતાની તરફ વાળવાને માટે કાલિદાસે **અગ્નિમિત્ર**ને નાયક કલ્પી લખેલું પોતાનું પ્રથમ નાટક **માલવિકાગ્નિમિત્ર** રંગભૂમિપર આણ્યું હતું એમ માનવામાં તો શંકા કરવાનું કારણ નથી.

नाटकं ख्यातवृत्तं स्यात् એવા કંઈ નિયમને અનુસરીને આપણા કવિઓનો બહુધા એવો સંપ્રદાય જણાય છે કે, તેઓ પોતાનાં નાટકોના નાયકોને સુપ્રસિદ્ધ પુરાણકથાઓમાંથી પસંદ કરે છે. આ નિયમનું ક્વચિત્ જ કોઈ કવિઓ ઉલ્લંઘન કરતા જોવામાં આવે છે. **ભાસે** પણ પોતાનાં નાટકોમાં પુરાણ પ્રસિદ્ધ નાયકોની યોજના કરેલી જણાય છે અને એ જ જાતની પ્રવૃત્તિ પાછળના કવિઓની પણ જોવામાં આવે છે. **ભાસ** જેવા કવિનાં નાટકોની સ્પર્દ્ધા કરી પોતાની પ્રતિષ્ઠા બેસાડવાના પ્રથમ પ્રયત્નમાં, સુપ્રસિદ્ધ પુરાણ નાયક ન લેતાં, **અગ્નિમિત્ર** જેવા ઇતિહાસમાં લેશપણ મહત્વ અને ખ્યાતિ નહીં પામેલા માત્ર યુવરાજને પોતાના પહેલા નાટકના નાયક તરીકે કાલિદાસે શા માટે પસંદ કર્યો હશે, એ વિચારવા જેવો પ્રશ્ન છે. **અગ્નિમિત્ર** પુરાણાદિકમાં લગાર પણ પ્રસિદ્ધ નથી. એના પિતા પુષ્પમિત્રના સંબંધમાં ઐતિહાસિક વૃત્તાન્ત એટલો જ મળી આવે છે કે, એણે **બૃહદ્રથ** નામે મૌર્યવંશના છેલ્લા રાજાને સારી **પાટલીપુત્ર**નું રાજ્ય પોતાને તાબે કર્યું હતું, ગ્રીક લોકોના હુમલાને પાછો વાળી **વિદર્ભ** તથા **ખરવેલ**ને હરાવ્યા હતા તથા રાજસૂય યજ્ઞ કર્યો હતો. આ સિવાય **શૃંગવંશ**ના રાજાઓની વધારે હકીકત ઇતિહાસમાં જણાતી નથી. જે વખતે પુષ્પમિત્ર ગાદી ઉપર હતો, તે વખતે **અગ્નિમિત્ર** યુવરાજ હતો અને **દશાર્ણ** તથા **માલવા** વગેરે પ્રદેશો ઉપર રાજ્યપ્રતિનિધિ (ગવર્નર) તરીકે રાજ્ય કરતો હતો. એની રાજધાની **વિદિશા**માં હતી પરંતુ આખું રાજ્ય પુષ્પમિત્રના હાથમાં હતું.

કાલિદાસે, આ યુવરાજ અગ્નિમિત્રને પોતાના પ્રથમ નાટકનો નાયક કલ્પી માલવિકાગ્નિમિત્ર **વિદિશામાં** ભજવાવ્યું હતું એમ દર્શાવ્યું છે. ભાસની સાથે સ્પર્ધા કરવામાં, કોઈ મહાન્ નાયકને ન યોજતાં કવિએ આ કુમારને નાયક કલ્પ્યો અને નાટકનો પ્રથમ પ્રયોગ એની રાજધાની **વિદિશામાં** કરાવ્યો, એ સ્પષ્ટ બતાવી આપે છે કે, એ કવિને પ્રથમ આશ્રય એ યુવરાજ તરફથી મળ્યો હશે અને **ભાસની** સ્પર્ધામાં ઉતરવાને માટે એમણે નાટકનો પહેલો પ્રયોગ **વિદિશામાં** કરી પોતાની કીર્ત્તિ સ્થાપવાનો આરંભ કર્યો હશે. જો આમ ન હોય તો અગ્નિમિત્રના ચરિતમાં એવું શું અલૌકિક છે, કે જે **ભાસની** તરફ વળેલી લોકવૃત્તિને **કાલિદાસ** તરફ ખેંચવાનું પ્રબળ સાધન થાય? **કાલિદાસે** આ માર્ગ લીધો તેનું કારણ એમ જણાય છે કે, એમના વખતમાં **અગ્નિમિત્ર** વિદિશામાં રાજ્ય કરતો હશે અને **ભાસનાં** નાટકો રાજ્યાશ્રય નીચે ભજવાતાં હશે, તે એમની તીવ્ર બુદ્ધિથી સાંખી શકાયું નહીં હોય, માટે **અગ્નિમિત્ર** જેવા અલ્પશ્રુત રાજાને પોતાનો નાયક સ્વીકારી **માલવિકાગ્નિમિત્ર** લખ્યું હશે અને રાજ્યાશ્રય મેળવી રાજાના માનને લીધે અને પોતાના ગુણોને લીધે લોકવૃત્તિને પોતાની તરફ વાળી હશે.

(૨) પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી પ્રતિષ્ઠા સ્થાપવાનો આવી યુક્તિથી પ્રસંગ સાધ્યા પછી, **કાલિદાસે** **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલ** નામનાં બે નાટકો લખ્યાં હતાં. તેમાં **પુરૂરવ** અને દુષ્યન્ત નામના બે પુરાણપ્રસિદ્ધ નાયકો એમણે લીધા છે. આમાં એ પરાપૂર્વના કવિ-સંપ્રદાયને અનુસર્યા છે, પરંતુ **માલવિકાગ્નિમિત્રમાં** એ સંપ્રદાયને કોરે મૂકવાનું કારણ એટલું જ હશે કે, **અગ્નિમિત્રના** નામથી લખાયેલું નાટક એ રાજા પોતે પણ સદ્ભાવ-પૂર્વક જુવે, બનતો આશ્રય આપે અને પ્રજા પણ રાજાના માનની ખાતર તેને માન આપે અને ધીરે ધીરે લોક અભિપ્રાય પોતાની તરફ વાળતાં, ભાસનાં નાટકો રંગભૂમિ ઉપરથી ખસવા પામે.

અગ્નિમિત્રને નાયક તરીકે પસંદ કરવામાં રહેલો કવિનો આ ગૂઢ આશય, વિક્રમોર્વશીયના પ્રારંભમાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. જ્યાં સૂત્રધારના મુખે કવિ કહેવડાવે છે કે,

प्रणयिषु वादाक्षिण्यात् अथवा सद्वस्तुपुरुषबहुमानात् ।
शृणुतमनोभिरवहितैः क्रियामिमां कालिदासस्य, ।

અહીં **સદ્વસ્તુપુરુષ** શબ્દ કવિએ ખાસ વાપરેલો લાગે છે; તે જો કે પુરૂરવના અર્થમાં લઈ શકાય તેમ છે, તોપણ પટાન્તરે એમ સૂચવે છે કે, આ સદ્વસ્તુને આશ્રય આપનાર મહાપુરુષ અગ્નિમિત્રના માનની ખાતર પણ તમે આ કાલિદાસનો પ્રયોગ જુવો. **સદ્વસ્તુપુરુષ** એ પદમાં રહેલો કવિનો આ આશય તે વખતના પ્રેક્ષકો સારી રીતે સમજી શકતા હશે. કવિનો જો આ આશય ન હોય તો રાજાનું નામ વચ્ચે લાવવાનું કારણ જણાતું નથી.

કાલિદાસ અને અગ્નિમિત્રનો સંબંધ વધારે સ્પષ્ટ જણાવાથી માનવા જેવો લાગે છે, અને તેને નીચે દર્શાવેલાં કેટલાંએક કારણો પુષ્ટિ પણ આપે છે.

(૧) કાલિદાસે જ્યારે કવિ તરીકે પોતાના જીવનનો આરંભ કર્યો, ત્યારે મહાકવિ **ભાસનાં** નાટકોએ લોકવૃત્તિને પોતાની તરફ ખેંચી ઘણી સારી પ્રતિષ્ઠા મેળવી હતી, એમાં તો શંકા રાખવાનું પ્રયોજન નથી, કારણ કે કાલિદાસે પોતાના પ્રથમ નાટક **માલવિકાગ્નિમિત્રમાં** એવા જ અર્થને સૂચવતો ઉલ્લેખ કરેલો છે. **ભાસના** લેખ તરફ વળેલી લોકવૃત્તિને પોતાની તરફ પાછી વાળી, પોતાની પ્રતિષ્ઠાને સ્થાપિત કરવાનું કાર્ય કાલિદાસને ઘણું વિષમ લાગ્યું હશે, એમ પણ આપણે એમનાં વચનો ઉપરથી અનુમાન કરી શકીએ તેમ છે. **શૃંગવંશના** રાજાઓ નાટકોના ઘણા શોખીન હતા, એમ આપણે ઇતિહાસ ઉપરથી જાણી શકીએ છીએ, એટલે ભાસનાં નાટકોના પુષ્પમિત્રના વખતમાં પ્રયોગ થતા હશે અને તે વખતે બીજું નાટ્યસાહિત્ય અસ્તિત્વમાં ન હોવાથી, લોકવૃત્તિ માત્ર **ભાસનાં** નાટકોની તરફ જ વળી હશે. આ લોકરુચિને પોતાની તરફ વાળવાને માટે કાલિદાસે **અગ્નિમિત્રને** નાયક કલ્પી લખેલું પોતાનું પ્રથમ નાટક **માલવિકાગ્નિમિત્ર** રંગભૂમિપર આણ્યું હતું એમ માનવામાં તો શંકા કરવાનું કારણ નથી.

नाटकं ख्यातवृत्तं स्यात् એવા કંઈ નિયમને અનુસરીને આપણા કવિઓનો બહુધા એવો સંપ્રદાય જણાય છે કે, તેઓ પોતાનાં નાટકોના નાયકોને સુપ્રસિદ્ધ પુરાણકથાઓમાંથી પસંદ કરે છે. આ નિયમનું ક્વચિત્ જ કોઈ કવિઓ ઉલ્લંઘન કરતા જોવામાં આવે છે. **ભાસે** પણ પોતાનાં નાટકોમાં પુરાણ પ્રસિદ્ધ નાયકોની યોજના કરેલી જણાય છે અને એ જ જાતની પ્રવૃત્તિ પાછળના કવિઓની પણ જોવામાં આવે છે. **ભાસ** જેવા કવિનાં નાટકોની સ્પર્દ્ધા કરી પોતાની પ્રતિષ્ઠા બેસાડવાના પ્રથમ પ્રયત્નમાં, સુપ્રસિદ્ધ પુરાણ નાયક ન લેતાં, **અગ્નિમિત્ર** જેવા ઇતિહાસમાં લેશપણ મહત્વ અને ખ્યાતિ નહીં પામેલા માત્ર યુવરાજને પોતાના પહેલા નાટકના નાયક તરીકે કાલિદાસે શા માટે પસંદ કર્યો હશે, એ વિચારવા જેવો પ્રશ્ન છે. **અગ્નિમિત્ર** પુરાણાદિકમાં લગાર પણ પ્રસિદ્ધ નથી. એના પિતા પુષ્પમિત્રના સંબંધમાં ઐતિહાસિક વૃત્તાન્ત એટલો જ મળી આવે છે કે, એણે **બૃહદ્રથ** નામે મૌર્યવંશના છેલ્લા રાજાને મારી **પાટલીપુત્રનું** રાજ્ય પોતાને તાબે કર્યું હતું, ગ્રીક લોકોના હુમલાને પાછો વાળી **વિદર્ભ** તથા **ખરવેલને** હરાવ્યા હતા તથા રાજસૂય યજ્ઞ કર્યો હતો. આ સિવાય **શૃંગવંશના** રાજાઓની વધારે હકીકત ઇતિહાસમાં જણાતી નથી. જે વખતે પુષ્પમિત્ર ગાદી ઉપર હતો, તે વખતે **અગ્નિમિત્ર** યુવરાજ હતો અને દશાર્ણ તથા **માલવા** વગેરે પ્રદેશો ઉપર રાજ્યપ્રતિનિધિ (ગવર્નર) તરીકે રાજ્ય કરતો હતો. એની રાજધાની **વિદિશામાં** હતી પરંતુ આખું રાજ્ય પુષ્પમિત્રના હાથમાં હતું.

કાલિદાસે, આ યુવરાજ અગ્નિમિત્રને પોતાના પ્રથમ નાટકનો નાયક કલ્પી માલવિકાગ્નિમિત્ર **વિદિશામાં** ભજવાવ્યું હતું એમ દર્શાવ્યું છે. ભાસની સાથે સ્પર્ધા કરવામાં, કોઈ મહાન્ નાયકને ન યોજતાં કવિએ આ કુમારને નાયક કલ્પ્યો અને નાટકનો પ્રથમ પ્રયોગ એની રાજધાની **વિદિશામાં** કરાવ્યો, એ સ્પષ્ટ બતાવી આપે છે કે, એ કવિને પ્રથમ આશ્રય એ યુવરાજ તરફથી મળ્યો હશે અને **ભાસ**ની સ્પર્ધામાં ઉતરવાને માટે એમણે નાટકનો પહેલો પ્રયોગ **વિદિશામાં** કરી પોતાની કીર્ત્તિ સ્થાપવાનો આરંભ કર્યો હશે. જો આમ ન હોય તો અગ્નિમિત્રના ચરિતમાં એવું શું અલૌકિક છે, કે જે **ભાસ**ની તરફ વળેલી લોકવૃત્તિને **કાલિદાસ** તરફ ખેંચવાનું પ્રબળ સાધન થાય? **કાલિદાસે** આ માર્ગ લીધો તેનું કારણ એમ જણાય છે કે, એમના વખતમાં **અગ્નિમિત્ર** વિદિશામાં રાજ્ય કરતો હશે અને **ભાસનાં** નાટકો રાજ્યાશ્રય નીચે ભજવાતાં હશે, તે એમની તીવ્ર બુદ્ધિથી સાંખી શકાયું નહીં હોય, માટે **અગ્નિમિત્ર** જેવા અલ્પશ્રુત રાજાને પોતાનો નાયક સ્વીકારી **માલ**વિકાગ્નિમિત્ર લખ્યું હશે અને રાજ્યાશ્રય મેળવી રાજાના માનને લીધે અને પોતાના ગુણોને લીધે લોકવૃત્તિને પોતાની તરફ વાળી હશે.

(૨) પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી પ્રતિષ્ઠા સ્થાપવાનો આવી યુક્તિથી પ્રસંગ સાધ્યા પછી, **કાલિદાસે** **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલ** નામનાં બે નાટકો લખ્યાં હતાં. તેમાં **પુરૂરવ** અને દુષ્યન્ત નામના બે પુરાણપ્રસિદ્ધ નાયકો એમણે લીધા છે. આમાં એ પરાપૂર્વના કવિસંપ્રદાયને અનુસર્યા છે, પરંતુ **માલ**વિકાગ્નિમિત્રમાં એ સંપ્રદાયને કોરે મૂકવાનું કારણ એટલું જ હશે કે, **અગ્નિમિત્ર**ના નામથી લખાયેલું નાટક એ રાજા પોતે પણ સદ્ભાવપૂર્વક જુવે, બનતો આશ્રય આપે અને પ્રજા પણ રાજાના માનની ખાતર તેને માન આપે અને ધીરે ધીરે લોક અભિપ્રાય પોતાની તરફ વાળતાં, ભાસનાં નાટકો રંગભૂમિ ઉપરથી ખસવા પામે.

અગ્નિમિત્રને નાયક તરીકે પસંદ કરવામાં રહેલો કવિનો આ ગૂઢ આશય, વિક્રમોર્વશીયના પ્રારંભમાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. જ્યાં સૂત્રધારના મુખે કવિ કહેવડાવે છે કે,

प्रणयिषु वादाक्षिण्यात् अथवा **सद्वस्तुपुरुषबहुमानात्** ।
शृणुतमनोभिरवहितैः क्रियामिमां कालिदासस्य, ।

અહીં **સદ્વસ્તુપુરુષ** શબ્દ કવિએ ખાસ વાપરેલો લાગે છે; તે જો કે પુરુરવના અર્થમાં લઈ શકાય તેમ છે, તોપણ પટાન્તરે એમ સૂચવે છે કે, આ સદ્વસ્તુને આશ્રય આપનાર મહાપુરુષ અગ્નિમિત્રના માનની ખાતર પણ તમે આ કાલિદાસનો પ્રયોગ જુવો. **સદ્વસ્તુપુરુષ** એ પદમાં રહેલો કવિનો આ આશય તે વખતના પ્રેક્ષકો સારી રીતે સમજી શકતા હશે. કવિનો જો આ આશય ન હોય તો રાજાનું નામ વચ્ચે લાવવાનું કારણ જણાતું નથી.

અગ્નિમિત્રના નામથી પ્રારંભેલા નાટકથી લોકોમાં પહેલે સપાટે વિજય મેળવી શકાશે એમ કવિને ખાત્રી હશે, પરંતુ તેની સાથે–સ્વાભાવિક રીતે જે કંઈ ભય અને સંદેહ એમના મનમાં ઉત્પન્ન થયેલો માલવિકાગ્નિમિત્રમાં જોવામાં આવે છે, તે વિક્રમોર્વશીય વખતે કંઇક ઓછો થઈ ગયો છે' અને શાકુન્તલામાં તો તદ્દન ઓછો થઈ ગયો છે.

(૩) કાલિદાસે **શાકુન્તલ** અને **વિક્રમોર્વશીય**ના નાયકોને જૂના પુરાણ નાયકો તરીકે વર્ણવી તેમનામાં આકાશગમન આદિની દૈવી શક્તિ આરોપી છે, અર્થાત્ તેમને અર્ધદિવ્ય પાત્રો તરીકે વર્ણવ્યા છે, પરંતુ **અગ્નિમિત્ર**ના સંબંધમાં તેવું કંઈ જ કર્યું નથી, તેનું કારણ શું? જો કવિએ એને પૂર્વે થઈ ગયેલા ઐતિહાસિક નાયક તરીકે સ્વીકાર્યો હોત તો, તેનામાં પણ આવું અલૌકિક સામર્થ્ય આરોપી એની મહત્તા વધાર્યા વિના રહેત નહી, પરંતુ તેમ નહીં કરવાનું કારણ સ્પષ્ટ સમજાય તેવું છે. **અગ્નિમિત્ર** કાલિદાસના વખતમાં યુવરાજ પદે હશે અને એને ઉદ્દેશીને લખેલા નાટકમાં એવી અલૌકિકતા આરોપવાનો અવકાશ ન હોવાથી, એને માત્ર મનુષ્યપાત્ર તરીકે જેવો એ હશે તેવો જ વર્ણવવો પડ્યો હશે. આ વાત **માલવિકાગ્નિમિત્ર** જોતાં સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે. **કાલિદાસે** એ નાટકમાં **અગ્નિમિત્રને** એક પ્રત્યક્ષ રાજા તરીકે વર્ણવ્યો છે એટલું જ નહી, પરંતુ કેટલાએક પ્રસંગો એવી રીતે મૂક્યા છે કે, જાણે કવિએ તે જાતે અનુભવ્યા હોય. **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલ** વાંચતાં આપણને એમ ભાસ થાય છે કે, કવિ કોઈ પુરાતન રાજાનું એમાં ચરિત વર્ણવે છે. આવો ભાસ **માલવિકાગ્નિમિત્ર** વાંચતાં થતો નથી, અર્થાત્ આખું નાટક જેમ કવિના સમયના પ્રત્યક્ષ વૃત્તાન્તનું હોય તેવું લાગે છે એટલું જ નહીં, પરંતુ કોઈ કોઈ સ્થળે કવિ જાણે રાજાને સમક્ષ સંબોધીને પટાન્તરે વચનો કહેતા હોય તેવું લાગે છે. પ્રારંભના નાન્દીના શ્લોકનું ચોથું ચરણ નીચે પ્રમાણે છે.

सन्मार्गालोकनाय व्यपनयतु स नस्तामसीवृत्तिमीशः । **માલવિકાગ્નિમિત્ર.**

આ ચરણમાં બેવડા અર્થવાળા શબ્દો યોજી, કવિ જાણે, અંધકારથી આવૃત્ત થયેલી લોકોની વૃત્તિને દૂર કરવાને અને ઉત્તમ નાટક કર્યું છે, તે શોધી કાઢવાને તથા જોવાને માટે રાજાની મદદની પ્રાર્થના કરતા હોય એમ સ્પષ્ટ જણાય છે. અહિં **સન્માર્ગ**ના બે અર્થ છે. શુભ માર્ગ અને ઉત્તમ નૃત્ય, સંગીત અને અભિનયવાળો પ્રયોગ. વળી ઈશ શબ્દ પણ રાજા અને ઈશ્વર એમ બેવડા અર્થવાળો છે.

જુવો કાટયવેમની ટીકા—

सन्मार्गालोकनाय इत्यत्र कश्चिन्मार्गाभिनयः प्रतिपाद्यते इति सूच्यते ।
मार्गो नाम नाट्यविशेषः । तदुक्तम् ।
मार्गो देशीति तद्द्वेधा कथितं नाट्यवेदिभिः
तत्र मार्गो भवेन्नाट्यं नाट्यवेदोक्तलक्षणम् ।

આ નાન્દીમાં સ્પષ્ટાર્થે આશીર્વાદ આપેલો છે અને ગૂઢાર્થથી, ઈશ-રાજા, તમારી અંધકારવાળી દૃષ્ટિને દૂર કરી ઉંચા પ્રકારના અભિનય, નૃત્ય અને સંગીતવાળું આ નાટક તમને જોવા પ્રેરો, એવી પ્રાર્થના છે. જો અગ્નિમિત્ર પૂર્વે થઈ ગયેલો નાયક હોય, તો કવિ આવો સ્પષ્ટ ભાવ મુકે નહી. વળી ભાસની સાથેની સ્પર્ધાનાં જે વચનો કાલિદાસે માલવિકાગ્નિમિત્રના પ્રારંભમાં લખેલાં છે તે આ અર્થને પુષ્ટિ આપે છે.

उपदेशं विदुः शुद्धं संतस्तमुपदेशिनः ।
श्यामायते न युष्मासु यः कांचनमिवाग्निषु ॥

એ શ્લોક કવિએ નાટ્યાચાર્યના મુખે કહેવડાવી રાજાની પરીક્ષણશક્તિની જાણે પ્રત્યક્ષ પ્રશંસા કરી હોય, કે અગ્નિમાં જેમ ખરું કાંચન કાળું પડતું નથી, તેમ આપ અગ્નિમિત્ર આગળ પણ ખરું હોય તે ઝાંખુ પડતું નથી. કવિએ અગ્નિ શબ્દે આવી જ ઝીણી અને ગૂઢ અર્થવાળી અગ્નિમિત્રની પ્રશંસા કરી હોય એમ લાગે છે. જુઓ રઘુવંશમાં પણ हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा સર્ગ ૧.

વળી આગળ પાંચમા અંકમાં વૈતાલિકોને મુખે રાજાની સ્તુતિ કરાવી છે કે:-

परभृतकलव्याहारेषु त्वमात्तरतिर्मधुम् ।
नयसि विदिशातीरोद्यानेष्वनंग इवांगवान् ॥
विजयकरिणामालानांकैत्पोढवलस्यते ।
वरद वरदारोधो वृक्षैः सहावनतो रिपुः ॥
विरचितपदं वीरप्रीत्या सुरोपम सूरिभि-
श्चरितमुभयोर्मध्ये कृत्वा स्थितं क्रथकैशिकान् ॥
तव हुतवतो दण्डानीकैर्विदर्भपतेः श्रियम् ।
परिघगुरुभिर्दोर्भिः शौरेः प्रसह्य च रुक्मिणीम् ॥

પુરાણો હાલના સ્વરૂપમાં લખાયાં હતાં એમ માનવામાં આવે છે. આ પુરાણોમાં પુષ્પમિત્રે બૃહદ્રથ પાસેથી રાજ્ય છીનાવી લીધું હતું એવી ટુંકી હકીકત આપેલી છે અને ભાષ્યકારે યવનોએ સ્વારી કરી હતી અને પુષ્પમિત્રે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો એટલી હકીકત આપી છે. આ સિવાય શૃંગવંશની વધારે હકીકત કોઈપણ ગ્રંથોમાં મળી આવતી નથી. પુષ્પમિત્રને માટે આટલી હકીકત છે, પરંતુ અગ્નિમિત્રને માટે તો માત્ર એ પોતાના પિતાની ગાદીએ આવ્યો, એટલું જ જોવામાં આવે છે. ત્યારે કાલિદાસે અગ્નિમિત્રના સંબંધી જે સવિસ્તર હકીકત માલવિકાગ્નિમિત્રમાં આપી છે તે શા ઉપરથી આપી હશે? પ્રોફેસર વિલ્સન લખે છે કે "જ્યારે શૃંગવંશની ઐતિહાસિક બીના કોઈ પણ સ્થળે મળતી નથી, ત્યારે કાલિદાસે આપેલી અગ્નિમિત્રની હકીકત, એ નાટક કયા અરસામાં લખાયું હશે તેનો નિર્ણય કરવાને માટે ઘણી અગત્યની છે. કદાપિ એમ માનીએ કે આ હકીકત લોકકથા ઉપરથી કાલિદાસે લખી હશે, તો તેમ માનવાનાં સાધન પણ નથી, એટલે જે કાળમાં અગ્નિમિત્રના રાજ્યની હકીકત લોકના ધ્યાનમાં તાજી હશે, તે સમયે આ નાટક લખાયું હશે એવું સ્વાભાવિક અનુમાન કરી શકાય." આ એમનું કહેવું યથાર્થ છે. પૂર્વથી જો આ રાજાની હકીકત લોકકથા તરીકે ચાલી આવી હોત, તો તો તેનો નાશ ન થતાં, પાછળનાં પુરાણોમાં તેનો ઉલ્લેખ થયા વિના રહેત નહી. પરંતુ તેવું કંઈ જોવામાં આવતું નથી. જે કંઈ હકીકત લખેલી જોવામાં આવે છે, તે માત્ર કાલિદાસે લખેલી છે અને તે, મી૦ પંડિત પોતાની પ્રસ્તાવનામાં લખે છે તેમ કેવળ શંકારહિત છે.(૧) ખરું જોતાં કાલિદાસે અગ્નિમિત્રના સમયના ઇતિહાસકારનું કામ કરીને એ સર્વ હકીકત સાચવી રાખી છે. એ એમણે અન્ય સાધનો ઉપરથી નહીં પરંતુ પ્રત્યક્ષ અનુભવ ઉપરથી મેળવી હશે અને વિદર્ભ રાજા ઉપર રાજાએ વિજય મેળવ્યો તે વખતે વસંતોત્સવનો પ્રસંગ લઈ, પોતાનું પ્રથમ નાટક અગ્નિમિત્રના દરબારમાં એની પ્રશસ્તિરૂપે ભજવી બતાવ્યું હશે. કવિએ આખા માલવિકાગ્નિમિત્રની રચના એવી ચતુરાઇથી કરેલી છે કે, જો એ અગ્નિમિત્રની સમક્ષ ભજવી બતાવવામાં આવ્યું હોય, તોપણ કોઈ જાતનો બાધ આવે તેમ નથી. આ પણ ઉપરના વિચારને પુષ્ટિ આપે તેમ છે.

(૫) પોતાના આશ્રયદાત રાજાની પોતાના ગ્રંથોમાં ઉંચા શબ્દોમાં પ્રશંસા કરવાનો સંપ્રદાય આપણા કવિઓમાં બહુધા અવિચ્છિન્ન રીતે ચાલતો આવેલો જોવામાં આવે છે. જો કાલિદાસને વિક્રમાદિત્યે આશ્રય આપ્યો હોય, તો કાલિદાસ વિક્રમને માટે કંઈ પણ લખે નહીં, એટલી બધી અગુણજ્ઞતાનો આરોપ એમના ઉપર કેમ મૂકી શકાય?

---

(૧) જુવો **મી૦ વિલ્સનનું વિષ્ણુપુરાણ-ભાગવત સ્કંધ ૧૧. માલવિકાગ્નિમિત્રની પ્રસ્તાવના** (મી૦ પંડિત).

માત્ર **વિક્રમોર્વશીય**માં એકાદ બે ઠેકાણે વિક્રમ શબ્દ પરાક્રમના અર્થમાં વાપરવા સિવાય એમણે બીજું કંઈ પણ લખ્યું નથી અને તે પણ એમનો વિક્રમ સાથેનો સંબંધ સ્પષ્ટ રીતે દર્શાવી આપતું નથી. ઉપરનો સંપ્રદાય **કાલિદાસે અગ્નિમિત્ર**ના સંબંધમાં જેટલો જાળવ્યો છે તેટલો તો નહીં, પરંતુ તેનાથી સો અંશે પણ **વિક્રમ**ના સંબંધમાં જાળવ્યો નથી. અર્થાત્ કાલિદાસે અગ્નિમિત્રની જેટલી પ્રશંસા કરી છે તેનાથી સો અંશે પણ **વિક્રમ**ની પ્રશંસા કરી નથી. વળી **વિદિશા** માળવા વગેરે ઉપરનો પોતાનો પ્રેમ, પ્રસંગ આવતાં દર્શાવવાને માટે જે કવિ ચુકતો નથી, તે જો **વિક્રમાદિત્ય** પોતાનો આશ્રયદાતા હોય તો તેનો અને પોતાનો સંબંધ સરખો દર્શાવવાનું ભુલે, એ વાત માન્યામાં આવતી નથી. આ બીના સ્પષ્ટ બતાવી આપે છે કે, **વિક્રમાદિત્ય કાલિદાસ**નો આશ્રયદાતા નહીં હોય, પરંતુ યુવરાજ **અગ્નિમિત્ર** હશે, જેના આશ્રયના ઉપકાર સ્મરણમાં **કાલિદાસે** એના નામને પોતાના નાટકમાં અમર કર્યું હશે.

મારું માનવું એમ છે કે, જ્યારે **અગ્નિમિત્ર** યુવરાજ હતો અને દશાર્ણ, **માળવા** વગેરેના ગવર્નર તરીકે **વિદિશા**માં અમલ ચલાવતો હતો, ત્યારે **કાલિદાસ**ને તેણે પોતાના દરબારમાં આશ્રય આપીને ઘણાં વર્ષ સુધી રાખ્યા હશે, કારણ કે તે પણ નાટ્યકળાનો શોખીન હતો. **કાલિદાસ**નો **માલવા, ઉજ્જયિની, વિદિશા, દશાર્ણ** વગેરે ઉપર જે અસાધારણ પ્રેમ જોવામાં આવે છે, અને જે પ્રસંગ આવતાં સ્વાભાવિક રીતે સ્ફુરી આવે છે, તેનું કારણ પણ ઉપરના સંબંધને લીધે સ્પષ્ટ રીતે સમજવામાં આવે છે. વળી કાલિદાસને (*Court life*નો એટલે) રાજદરબારના અભ્યંતરનો સારો પરિચય હતો એવું ઘણા વિદ્વાનોનું મત છે, તેનું પ્રતિપાદન પણ, વિક્રમની સાથેના સ્પષ્ટ નહીં જણાયેલા સંબંધ કરતાં, **માલવિકાગ્નિમિત્ર** વગેરેથી જણાઈ આવતા યુવરાજ **અગ્નિમિત્ર**ની સાથેના સંબંધથી વધારે સારી રીતે થઈ શકે છે. **માલવિકાગ્નિમિત્ર**નો છેલ્લો અંક ઘણો સૂચક છે. જ્યારે પુષ્પમિત્રે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો ત્યારે અગ્નિમિત્ર વિદિશામાં હતો. તેને પુષ્પમિત્રે નીચે પ્રમાણે પત્ર લખી યજ્ઞ જોવાને માટે સહકુટુંબ બોલાવ્યો હતો.

स्वस्ति । यज्ञशरणात् सेनापतिः पुष्पमित्रो वैदिशस्थं पुत्रम् आयुष्मंतं अग्निमित्रं स्नेहात् परिष्वज्य अनुदर्शयति । विदितमस्तु । योऽसौ राजसूययज्ञे दीक्षितेन मया राजपुत्रशतपरिवृतं वसुमित्रं गोप्तारं आदिश्य संवत्सरोपावर्तनीयो निरर्गलस्तुरगो विसृष्टः स सिन्धोर्दक्षिणरोधसि चरन्नश्वानीकेन यवनानां प्रार्थितः । तत उभयोः सेनयोः आसीन्महान् विमर्दः ॥

ततः परान् पराजित्य वसुमित्रेण धन्विना ।
प्रसह्य ह्रियमाणो मे वाजिराजो निवर्तितः ॥

सोहमिदानीं अंशुमतेव सगरः पौत्रेण प्रत्याहृताश्वो यक्ष्ये । तदिदानीं कालहीनं विगतरोषचेतसा भवता वधूजनेन सह यज्ञसंदर्शनाय आगन्तव्यमिति ॥

આ ઉપરથી જણાય છે કે, પુષ્પમિત્રે યજ્ઞના અશ્વની રક્ષા કરવાને માટે અગ્નિમિત્રના યુવાન કુમાર વસુમિત્રને સૈન્ય આપી મોકલ્યો હતો અને જ્યારે તે વિજય કરી પાછો આવ્યો અને યજ્ઞનો આરંભ થયો, ત્યારે અગ્નિમિત્ર વિદિશામાં ગવર્નર તરીકે રાજ્ય કરતો હતો. નાની ઉમરના કુમારને આવા સંકટના કાર્યમાં પુષ્પમિત્રે યોજેલો હોવાથી તે વાત અગ્નિમિત્રની રાણી ધારિણીને નહીં ગમી હોય, તેથી અગ્નિમિત્ર અને પુષ્પમિત્રની વચ્ચે કંઈ ઉંચાં મન જેવું થયું હશે, કારણ કે જ્યારે પુષ્પમિત્રનો આ પત્ર આવ્યો ત્યારે ધારિણી રાણી કહે છે કે—

ततोमुखं मे हृदयं । श्रोष्यामि तावद्गुरुजनस्य कुशलानन्तरं वसुमित्रस्य वृत्तान्तम् । अतिभारे खलु पुत्रकः सेनापतिना नियुक्तः ।

આ વચનો બતાવી આપે છે કે, રાણીને એ ગમતી વાત નહીં હોય અને કંઇક માઠું લાગ્યા જેવો પ્રસંગ ઉત્પન્ન થયો હશે, જેને ઉદ્દેશીને પુષ્પમિત્ર પોતાના પત્રમાં લખે છે કે—

भवता विगतरोषचेतसा वधूजनेन सह आगन्तव्यम् ।

જો આવો કંઈ પ્રસંગ ન આવ્યો હોય, તો પિતા પુત્રને "રોષ છોડી દઈ આવવું" એમ લખે નહીં. કાલિદાસ, અગ્નિમિત્રના સંબંધની આવી સાંસારિક ઝીણી હકીકત પણ નોંધવાને ચુક્યા નથી, એ દર્શાવી આપે છે કે, એ અગ્નિમિત્રના દરબારમાં એમની સાથે રહેતા હશે અને એમના દરેક સાંસારિક પ્રસંગોથી જાણીતા હશે. માલવિકાગ્નિમિત્રના તમામ પ્રસંગો અગ્નિમિત્રના દરબારની અંદરના જ છે. કાલિદાસે ખરું જોતાં એ રાજાના અંતઃપુરમાં બનેલા બનાવોનો જ આ નાટકમાં ચિતાર આપેલો છે. બીજાં નાટકોની પેઠે બહારનો એક પણ પ્રસંગ એમાં વર્ણવ્યો નથી. જે થાય છે તે રાજાના દરબારની હદમાં જ થાય છે. જો કાલિદાસ અને અગ્નિમિત્રનો આવો સંબંધ ન હોય, તો આવી ઝીણી હકીકત પાછળના કાળમાં થઈ ગયેલો કવિ લખી શકે નહીં. આવી હકીકત કોઈ પણ ઠેકાણે જોવામાં આવતી નથી, એટલે કાલિદાસ એમના દરબારમાં થયા હશે અને જે કંઈ લખ્યું હશે તે પોતાના અનુભવનું હશે, એમ માનવાને કારણ મળે છે. આ તો એક નાનો પ્રસંગ છે પરંતુ એવા બીજા ઘણા પ્રસંગો એ નાટકમાં છે, જે કલ્પનારૂપે નહીં પણ પ્રત્યક્ષ અનુભવથી લખ્યા હોય એમ ભાસે છે.

(૬) મહાકવિ ભાસનાં નાટકોમાં, બુદ્ધધર્મ શાન્તિથી ચાલતો હશે અને તેને બ્રાહ્મણધર્મ સાથે ઉઘાડું વૈર નહીં હોય, પરંતુ બંને ધર્મવાળાઓ પ્રસંગ આવ્યે એકમેકનું ઉપહાસ્ય કરતા હશે, એવું સૂચન કરનારાં વચનો જોવામાં આવે છે. આવા

પ્રકારે એ બંને ધર્મો **ચંદ્ર**ગુપ્તના વખતમાં પ્રવર્તતા હશે એવું આપણે આગળ કહી ગયા છીએ. **ભાસ**ની પછી થયેલા **કાલિદાસ**નામાં બુદ્ધધર્મની આવી ઝાંખી પણ છાયા જોવામાં આવતી નથી. જો **કાલિદાસ** ઇ. સ. ત્રીજાથી છઠ્ઠા સૈકામાં થયા હોય, તો તેમનામાં આવી કંઈક છાયા જોવામાં આવે. પરંતુ એ ઇ. સ. પૂર્વે ૧૭૦ માં એટલે પુષ્પમિત્રના અને **અગ્નિમિત્ર**ના સમયમાં થયા હશે, તેથી જ એમનામાં આ વિષે સૂચન સરખું પણ જણાતું નથી. અશોકની પછી પુષ્પમિત્રે બુદ્ધધર્મનો લગભગ નાશ કરી નાંખ્યો હતો અને બ્રાહ્મણધર્મ પ્રવર્તાવ્યો હતો, એમ ઇતિહાસથી પુરવાર થાય છે અને એવું પણ માનવામાં આવે છે કે, જ્યાં સલાહ શાન્તિથી કામ ન થયું, ત્યાં ધર્મ વધથી પણ એ ધર્મને દાબી દેવાનો એ રાજાએ સફળ પ્રયત્ન કર્યો હતો. આ બિના પણ ઉપરના વિચારને પુરવાર કરી આપવાનું સાધન થઈ પડે છે કે, બુદ્ધ-ધર્મના કટ્ટા વૈરી પુષ્પમિત્રના સમયમાં કાલિદાસ થયા હશે અને પોતાના રાજાની આવી ઉગ્ર ધર્મવૃત્તિ વિરુદ્ધ એમણે પોતાના ગ્રન્થોમાં બુદ્ધધર્મનું નામ સરખું પણ ન આવે એવી સાવધાનતા રાખી હશે.

માલવિકાગ્નિમિત્રમાં **પરિવ્રાજિકા** નામનું એક પાત્ર છે અને અગ્નિમિત્ર એ પાત્રને ઘણું માન આપે છે, એ ઉપરથી મી૦ પંડિત એમ માને છે કે "આ પાત્ર બુદ્ધધર્મનું હશે અને જે વખતે બુદ્ધધર્મ આ પ્રમાણે માનને યોગ્ય ગણાતો હશે તે વખતે **માલ**વિકાગ્નિમિત્ર લખાયું હશે." આ અનુમાન બહુ તાણીતોશીને બેસાડેલું લાગે છે. **પરિવ્રાજિકા** એટલે બુદ્ધધર્મની આરજા, એમ જ અર્થ લેવાનું શું કારણ! સંસારનો ત્યાગ કરી એક સ્થાનમાં નિવાસ ન કરતાં સર્વત્ર ફરનાર સંન્યાસી અથવા સંન્યાસીની એવો એનો સામાન્ય અર્થ અહીં શા માટે ન લેવો? ખરું જોતાં આ બુદ્ધધર્મની આરજા નથી. **માલ**વિકાગ્નિમિત્રના પાંચમા અંકમાં, એ પોતાનો વૃત્તાંત નિવેદન કરતાં **અગ્નિમિત્ર**ને કહે છે કે, મેં મારા વૈધવ્ય દુ:ખને લીધે અને ખાસકરીને મારા ભાઈના મરણને લીધે **આપના રાજ્યમાં આવીને કાષાય વસ્ત્ર** ધારણ કર્યાં અને આ **મા**લવિકાને એક સિદ્ધનું વરદાન હતું કે તે એક વર્ષ સુધી અજ્ઞાત રહી રાણી પદ પામશે, તેથી હું આટલો વખત સકારણ ગુપ્ત રહી. હવે **મા**લવિકા રાણી પદ પામી, એટલે આ આનંદના સમાચાર હું **વિદર્ભ**માં જઈ **માધવસેન**ને જણાવવા ઇચ્છું છું. આના જવાબમાં રાજા **અગ્નિ**મિત્ર કહે છે કે, હું મારા પત્રમાં આ હકીકત એમને જણાવીશ; એટલે **પ**રિવ્રાજિકા કહે છે કે ભલે આપના આટલા સ્નેહને લીધે હું પર-વશ છું. આ બધું સ્પષ્ટ બતાવી આપે છે કે, આ પરિવ્રાજિકા બુદ્ધધર્મની આરજા નથી, પરંતુ વૈધવ્ય અને દુ:ખને લીધે સંસારથી કંટાળેલી સંન્યાસીની છે. જો એ બૌદ્ધધર્મની હોય, તો **બુદ્ધ**ધર્મના કટ્ટા વૈરી અગ્નિમિત્રના રાજ્યમાં આવીને શા માટે કાષાય વસ્ત્ર ધારણ કરે? હાલ પણ આપણે ઘણી પવિત્ર વિધવાઓને સગાં સંબંધિને,

सोऽहमिदानीं अंशुमतेव सगरः पौत्रेण प्रत्याहृताश्वो यक्ष्ये । तदिदानीं कालहीनं विगतरोषचेतसा भवता वधूजनेन सह यज्ञसंदर्शनाय आगन्तव्यमिति ॥

આ ઉપરથી જણાય છે કે, પુષ્પમિત્રે યજ્ઞના અશ્વની રક્ષા કરવાને માટે અગ્નિમિત્રના યુવાન કુમાર વસુમિત્રને સૈન્ય આપી મોકલ્યો હતો અને જ્યારે તે વિજય કરી પાછો આવ્યો અને યજ્ઞનો આરંભ થયો, ત્યારે અગ્નિમિત્ર વિદિશામાં ગવર્નર તરીકે રાજ્ય કરતો હતો. નાની ઉમરના કુમારને આવા સંકટના કાર્યમાં પુષ્પમિત્રે યોજેલો હોવાથી તે વાત અગ્નિમિત્રની રાણી ધારિણીને નહીં ગમી હોય, તેથી અગ્નિમિત્ર અને પુષ્પમિત્રની વચ્ચે કંઈ ઉંચાં મન જેવું થયું હશે, કારણ કે જ્યારે પુષ્પમિત્રનો આ પત્ર આવ્યો ત્યારે ધારિણી રાણી કહે છે કે—

ततोमुखं मे हृदयं । श्रोष्यामि तावद्गुरुजनस्य कुशलानन्तरं वसुमित्रस्य वृत्तान्तम् । अतिभारे खलु पुत्रकः सेनापतिना नियुक्तः ।

આ વચનો બતાવી આપે છે કે, રાણીને એ ગમતી વાત નહીં હોય અને કંઇક માઠું લાગ્યા જેવો પ્રસંગ ઉત્પન્ન થયો હશે, જેને ઉદ્દેશીને પુષ્પમિત્ર પોતાના પત્રમાં લખે છે કે—

भवता विगतरोषचेतसा वधूजनेन सह आगन्तव्यम् ।

જો આવો કંઈ પ્રસંગ ન આવ્યો હોય, તો પિતા પુત્રને "રોષ છોડી દઈ આવવું" એમ લખે નહીં. કાલિદાસ, અગ્નિમિત્રના સંબંધની આવી સાંસારિક ઝીણી હકીકત પણ નોંધવાને ચુકયા નથી, એ દર્શાવી આપે છે કે, એ અગ્નિમિત્રના દરબારમાં એમની સાથે રહેતા હશે અને એમના દરેક સાંસારિક પ્રસંગોથી જાણીતા હશે. માલવિકાગ્નિમિત્રના તમામ પ્રસંગો અગ્નિમિત્રના દરબારની અંદરના જ છે. કાલિદાસે ખરું જોતાં એ રાજાના અંતઃપુરમાં બનેલા બનાવોનો જ આ નાટકમાં ચિતાર આપેલો છે. બીજાં નાટકોની પેઠે બહારનો એક પણ પ્રસંગ એમાં વર્ણવ્યો નથી. જે થાય છે તે રાજાના દરબારની હદમાં જ થાય છે. જો કાલિદાસ અને અગ્નિમિત્રનો આવો સંબંધ ન હોય, તો આવી ઝીણી હકીકત પાછળના કાળમાં થઈ ગયેલો કવિ લખી શકે નહીં. આવી હકીકત કોઈ પણ ઠેકાણે જોવામાં આવતી નથી, એટલે કાલિદાસ એમના દરબારમાં થયા હશે અને જે કંઈ લખ્યું હશે તે પોતાના અનુભવનું હશે, એમ માનવાને કારણ મળે છે. આ તો એક નાનો પ્રસંગ છે પરંતુ એવા બીજા ઘણા પ્રસંગો એ નાટકમાં છે, જે કલ્પનારૂપે નહીં પણ પ્રત્યક્ષ અનુભવથી લખ્યા હોય એમ ભાસે છે.

(૬) મહાકવિ ભાસનાં નાટકોમાં, બુદ્ધધર્મ શાન્તિથી ચાલતો હશે અને તેને બ્રાહ્મણધર્મ સાથે ઉઘાડું વેર નહીં હોય, પરંતુ બંને ધર્મવાળાઓ પ્રસંગ આવ્યે એકમેકનું ઉપહાસ્ય કરતા હશે, એવું સૂચન કરનારાં વચનો જોવામાં આવે છે. આવા

નામ આપ્યું હશે અને પહેલે જ સપાટે પ્રતિષ્ઠા સંપાદન કરી હશે. પાછળનાં બે નાટકોમાં કાલિદાસે નામ આપવાની પદ્ધતિ બદલી નાંખી છે, તેનું કારણ એમ હોય કે, આ પ્રમાણે નામ આપવાની પદ્ધતિ રૂઢિથી કંઇક પ્રતિકૂળ અને વધારે પ્રશંસા ભરેલી લાગે છે, એમ તેમને પાછળથી સમજાયું હશે અને તેથી જ એમણે પોતાનાં બીજાં બે નાટકોને **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલ** એવાં નામ આપ્યાં હશે.

(૧૦) ભાસે પોતાનાં નાટકોમાં પરચક્રનો ભય દર્શાવ્યો છે, તે જ પ્રમાણે કાલિદાસે પણ **માલવિકાગ્નિમિત્રના** ભરતવાક્યમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરેલો છે.

आशास्यमीतिविगमप्रभृति प्रजानां ।
संपत्स्यते न खलु गोप्तरि नाग्निमित्रे ॥

આમાં **ઇતિનો** સામાન્ય અર્થ રાજક દૈવક અર્થાત્ રાજ તરફની અથવા દૈવ તરફની આફત એવો છે. અગ્નિમિત્રના સમયમાં કોઈ દૈવકોપ જાણ્યામાં નથી તેથી ગ્રીક લોકોના પરરાજ્યના હુમલાની જે આપત્તિ તાજી જ આવી ગઈ હતી તેને ઉદ્દેશીને કવિએ **ભાસના** જેવું ભરતવાક્ય માલવિકાગ્નિમિત્રમાં ઘણી કુશળ ભાષામાં સુપ્રસર મુકેલું છે. કારણ કે એ અગ્નિમિત્રના રાજ્યની અગત્યની બીના છે. ચંદ્રગુપ્તના વખતનો પર રાજ્યનો હુમલો ભયંકર હતો તેથી ભાસે એને મોટું સ્વરૂપ આપ્યું છે અને કાલિદાસે તેને મૃદુ સ્વરૂપમાં દર્શાવ્યો છે, કારણ કે તે એટલો બધો ભયંકર ન હતો. પાછળનાં **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલનાં** ભરતવાક્યોમાં આવા પ્રકારનું કંઈ પણ સૂચન નથી એ સ્પષ્ટ બતાવે છે કે જ્યારે એ લખાયાં ત્યારે આવા પ્રકારના ભયનો લેશ પણ સંભવ નહીં હોય, પરંતુ માલવિકાગ્નિમિત્ર લખ્યું ત્યારે એવો ભય તાજો જ આવી ગયેલો કવિએ જોયો હશે અને તેથી જ નાટકના અંતમાં તેનું એક સત્ય અને પ્રત્યક્ષ જોયેલા વૃત્તાન્ત તરીકે નાના સ્વરૂપમાં સૂચન કર્યું હશે.

(૧૧) કાલિદાસે પોતાના પ્રથમ નાટક માલવિકાગ્નિમિત્રમાં બે નાટ્યાચાર્યોની પરસ્પર સાથે સ્પર્ધાનો જે પ્રસંગ મૂક્યો છે, તે પણ ઘણો માર્મિક છે. એમાં એક આચાર્ય જુનો છે, બીજો નવો છે અને બંનેજણા પોતાની કળાની પરીક્ષા કરાવવાને માટે રાજાની પ્રાર્થના કરે છે. એ પ્રસંગને કવિએ નાટકના વસ્તુની સાથે બહુ ચતુરાઇથી ગુંથ્યો છે, એટલે જાણે એ નાટકનું એક અગત્યનું અંગ હોય તેવો લાગે છે, કારણ કે એ સ્પર્ધાને ઉદ્દેશીને કવિએ **માલવિકાના** નૃત્યાભિનયના પ્રસંગમાં, નાયક નાયિકા વચ્ચે પ્રેમનું બીજ રોપ્યું છે. જો એ પ્રસંગે એક જુના અને એક નવા એમ બે આચાર્યો વચ્ચે સ્પર્ધા ન કરાવતાં, એક જ આચાર્યની કળા દર્શાવતાં **માલવિકાને** રાજાની સમક્ષ અભિનયપ્રયોગમાં મૂકી હોત, તો પણ નાયક અને નાયિકા વચ્ચે પ્રેમનું બીજ રોપવાનો પ્રસંગ એટલી જ સ્વાભાવિક રીતે દર્શાવી શકાત. પરંતુ તેમ ન કરવામાં કવિનો ઉદ્દેશ કંઇક, જુદો જ જણાય છે. ખરું જોતાં કાલિદાસે જુના ભાસ

સર્વથા ત્યાગ ન કરતાં, સ્વાધ્વી તરીકે જીવન ગાળતી જોઇએ છીએ અને તેવા જ પ્રકારની આ સાધ્વી અથવા સંન્યાસિની છે, બુદ્ધધર્મની આરજા નથી.

(૭) કાલિદાસ બહુધા ભરત નાટ્યશાસ્ત્રને અનુસર્યા હોય એમ જણાય છે અને **માલવિકાગ્નિમિત્રમાં** નૃત્ય, સંગીત, આદિની ચર્ચા ઉપરથી પણ એવું જણાઈ આવે છે. **ભામહ** જૂનો અલંકારિક છે. તે ઘણે અંશે ગુણાઢયની પછી ઇ.સ. પહેલા અથવા બીજા સૈકા પછી થયો હોય એમ લાગે છે. તેણે **મેઘદૂતના** અયુક્તિકપણા વિષે ચર્ચા કરેલી છે એથી પણ એમ માની શકાય કે **કાલિદાસ** ઇ. સ. પહેલા બીજા સૈકમાં અથવા ગુપ્ત **વિક્રમાદિત્યના સમયમાં** નહિ થયા હોય પરંતુ **અગ્નિમિત્રના** સમયમાં એટલે ઇ. સ. પૂર્વે ૧૦૦–૧૫૦ માં થયા હશે.

(૮) જો કાલિદાસ પુષ્પમિત્રના એટલે અગ્નિમિત્રના સમયમાં થયા હોય, તો એ કાળમાં થયેલા ભાષ્યકાર **પતંજલિએ કંસવધ** અને **બલિબંધ**, એ બે નાટકોના નામ આપ્યાં છે (જે કદાપિ ભાસનાં નાટકો હશે એમ મનાય છે) પરંતુ કાલિદાસને માટે કંઈ સૂચન સરખું પણ કર્યું નથી તેનું કારણ શું? એવો પ્રશ્ન કોઈ કરે, તો તેનો સ્વાભાવિક ખુલાસો એમ થઈ શકે કે, જે વખતે પુષ્પમિત્રે રાજસૂય યજ્ઞ કર્યો તે વખતે **ભાષ્યકાર** વૃદ્ધ વયે પહોંચ્યા હશે, **કાલિદાસ અગ્નિમિત્રની** સાથે **વિદિશામાં** રહેતા હશે અને ભાષ્યકારના અવસાન સુધીમાં કવિ તરીકે પ્રસિદ્ધમાં આવ્યા નહીં હોય. આ પ્રમાણે ભાષ્યકારને એમના સંબંધી કંઈ પણ ઉલ્લેખ કરવા જેટલી માહિતી નહીં હોય એ માનવા યોગ્ય છે.

(૯) **કાલિદાસે** પોતાના પ્રથમ નાટકની સાથે અગ્નિમિત્રનું નામ જોડી તેને **માલવિકાગ્નિમિત્ર** એ નામ આપ્યું છે, પરંતુ પાછળથી લખેલાં **વિક્રમોર્વશીય** અને શાકુન્તલને પરાણે અર્થ નિકળે એવા સમાસવાળાં નામ આપી નાયકનાં નામ તેની સાથે જોડ્યાં નથી, તેનું કારણ શું હશે? જો **કાલિદાસને** આ પ્રમાણે પોતાનાં નાટકોને નામ આપવાની પદ્ધતિ પસંદ હોય તો, **વિક્રમોર્વશીય** અને **શાકુન્તલમાં** પણ નાયક નાયિકાનાં નામ જોડી આવા પ્રકારનાં નામ આપત. પરંતુ આમાં કંઈક કારણ સમાયેલું હોય એમ લાગે છે. **ભાસે** પોતાના એકે નાટકને, **માલવિકાગ્નિમિત્રની** પેઠે નાયક નાયિકાના નામથી ઓળખાવ્યું નથી, તેમ **ભાસની** પછી અને **કાલિદાસની** પહેલાં થયેલા કોઈ કવિનું આવા નામવાળું નાટક હજી સુધી જોવામાં આવ્યું નથી. આથી એમ અનુમાન થઈ શકે છે કે આવા પ્રકારનાં નામ આપવાનો તે વખતનો કવિ સંપ્રદાય નહીં હોય. પરંતુ **કાલિદાસને** ભાસની સાથે સ્પર્ધા કરી પોતાની કીર્તિ સ્થાપવાને માટે રાજાની કૃપા સંપાદન કરવાનો મુખ્ય ઉદ્દેશ લક્ષમાં હશે, તેથી **અગ્નિમિત્રની** પ્રશંસા કરવાને અને રાજાના નામના ગૌરવને લીધે લોકમતને પોતાની તરફ વાળવાને માટે, એમણે પોતાના પ્રથમ નાટકને આવું

लब्धास्पदोस्मीति विवादभीरोः ।
तितीक्षमाणस्य परेण निन्दाम् ॥
यस्यागमः केवलजीविकेव ।
तं ज्ञानपण्यं वणिजं वदन्ति ॥

માલવિકાગ્નિમિત્રના પ્રારંભમાં ભાસને માટે કહેલાં વચનો લક્ષમાં રાખી આપણે ઉપરનાં વાક્યો વાંચીએ, તો કાલિદાસનો આમાં શો હેતુ છે તે જણાઈ આવ્યા વિના રહેતું નથી. એ પ્રસંગમાં ફેર માત્ર એટલો જ કર્યો છે કે, બંને આચાર્યો વિદ્યમાન છે અને એક જ રાજાના આશ્રિત છે. જો આટલો ફેરફાર ન કરવામાં આવ્યો હોય, તો તો એ પ્રસંગ તદ્દન ખુલ્લો થઈ જાય અને કેવળ આત્મપ્રશંસારૂપ લાગે. આવા પ્રસંગને વ્યંગ્યરૂપે મૂકવામાં જ કવિની ચતુરાઈ છે અને તે ચતુરાઈ કાલિદાસે આમાં ઘણી સારી રીતે દર્શાવી છે.

(૧૨) ઉપર દર્શાવેલા પ્રસંગ ઉપરથી કોઈ એમ અનુમાન કરે કે ભાસ અને કાલિદાસ સમકાલીન હોય અને અગ્નિમિત્રના આશ્રિત હોય એમ કેમ ન બને? પ્રથમ દૃષ્ટિએ આ કદાપિ સંભવિત લાગે, પરંતુ એ પ્રશ્નની અનેક બાજુઓ તપાસતાં એ અનુમાનને આધાર મળતો નથી.

વિવાદની ખાતર આપણે સ્વીકારીએ કે **ભાસ**, પુષ્પમિત્રના દરબારમાં થયા હશે અને બધાં ભરતવાક્યો મિનેન્ડરના હુમલાને ઉદ્દેશીને લખ્યાં હશે, **કાલિદાસને** અગ્નિમિત્રનો આશ્રય હશે, ભાસ કવિ વૃદ્ધ હશે, **કાલિદાસ** નવો હશે, બંને કવિઓને એ જ વખતમાં આવી રીતની સ્પર્ધા થઈ હશે અને ધારિણી રાણી એકના પક્ષમાં હશે તથા રાજા બીજાના પક્ષમાં હશે. આમ માનીએ તો સ્પર્ધાનો પ્રસંગ કંઈક બંધબેસતો લાગે છે, પરંતુ નાટકના પ્રારંભમાં **કાલિદાસે** પોતાને वर्तमान कवि તરીકે ઓળખાવ્યો છે અને **ભાસ** સૌમિલ્લ આદિનાં નાટકોને पुराण (જુનાં) શબ્દથી ઓળખાવ્યાં છે. અહીં વર્તમાનનો અર્થ નવો અથવા સમકાલીન એમ લઇએ અને પુરાણનો અર્થ આગળ ઉપર લખેલાં અથવા ઘણા વખતથી હયાત એવો લઇએ તોઃ—

लब्धास्पदोस्मीति विवादभीरोः ।
तितीक्षमाणस्य परेण निन्दाम् ॥
यस्यागमः केवलजीविकेव ।
तं ज्ञानपण्यं वणिजं वदन्ति ॥

એ શ્લોક ભાસને ઉદ્દેશીને **કાલિદાસે** લખ્યો હોય એમ સંભવિત લાગે, પરંતુ આ પ્રશ્નને બીજી રીતથી તપાસતાં એ અનુમાન સ્વીકારી શકાતું નથી.

કવિની અને પોતાની વચ્ચેની સ્પર્ધાના પ્રસંગને, લોકોની અને રાજાની ઉત્સુકતા અને રસવૃત્તિ જાગૃત કરવા માટે આવા સ્વરૂપમાં જાણી જોઇને મૂકયો છે. એમાં કોઈ કોઈ સ્થળે ગર્વનાં કોઈ સ્થળે મર્મનાં જે જે વચનો કવિએ યોજ્યાં છે, તે સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે, એમ કરવામાં કવિનો આવો બેવડો હેતુ હશે અને તેથી એમણે એને આવા ગૂઢ સ્વરૂપે રાજાની આગળ રજુ કર્યો હશે. નાટકના પ્રારંભમાં જ પારિપાર્શ્વકને મુખે–मा तावत्। प्रथितयशसां भाससौमिल्लकविपुत्रादीनां प्रबन्धान् अतिक्रम्य वर्तमानकवेः कालिदासस्य क्रियायां कथं परिषदो बहुमानः એમ ભાસ આદિ કવિઓને વિવેક ભર્યો ધન્યવાદ આવી પાછળથી સૂત્રધારને મુખે કહેવડાવ્યું છે કે—

सूत्रधार–अयि विवेकविश्रान्तमभिहितम् । पश्य.

पुराणमित्येव न साधु सर्वम्
न चापि काव्यं नवमित्यवद्यम्।
संतः परीक्ष्यान्यतरद् भजन्ते
मूढः परप्रत्ययनेयबुद्धिः ॥

આ શ્લોકમાં કવિએ, પારકાના અભિપ્રાય ઉપર આધાર રાખી, પોતે પરીક્ષા ન કરતાં, એક વસ્તુ સારી કહેવાઈ તેને સારી કહ્યા કરનાર પ્રેક્ષકોને મૂઢ કહી સખત ચાબકો માર્યો છે. આ, નમ્રતાથી નવો પ્રારંભ કરનાર કવિનાં નહીં, પરંતુ રાજ્યાશ્રયના બળ ઉપર અને પોતાની પ્રતિભાના સામર્થ્ય ઉપર સંપૂર્ણ વિશ્વાસવાળા કવિનાં વચનો છે, અને તે ભાસને અને અંધશ્રદ્ધા રાખનાર પ્રેક્ષકવર્ગને ઉદ્દેશીને છે. નાટકમાં ઘણે ઘણે ઠેકાણે કાલિદાસે એવા ઉદ્દગારો કાઢ્યા છે કે, જે વાંચતાં આપણને એમ જણાઈ આવ્યાવિના રહેતું નથી કે એ પ્રસંગ, પટાન્તરે કાલિદાસ અને ભાસની સ્પર્ધાને ઉદ્દેશીને છે. એમાંનાં કેટલાં એક વચનો વાંચનારની જીજ્ઞાસાને માટે નીચે આપીશું.

ગણદાસઃ–कामं खलु सर्वस्य कुलविद्या बहुमता।
न पुनरस्माकं तु नाट्यं प्रति मिथ्या गौरवम्।
उभौ अभिनयाचार्यौ परस्परजयोद्यतौ ।
त्वां द्रष्टुमिच्छतः साक्षाद्भावाविव शरीरिणौ।

ગણદાસઃ–सोऽहममुना हरदत्तेन नायं पादरजसा तुल्य इति अधिक्षिप्तः।
प्रयोगप्रधानं नाट्यशास्त्रम् । किमत्र वाग्व्यवहारेण ।
शिष्टा क्रिया कस्यचिदात्मसंस्था ।
संक्रान्तिरन्यस्य विशेषयुक्ता ॥
यस्योभयं साधु स शिक्षकाणाम् ।
धुरि प्रतिष्ठापयितव्य एव ॥

જો કાલિદાસ અને **ભાસ** સમકાલીન હોય, તો **સૌમિલ્લ** આદિને પણ સમકાલીન માનવા પડે. **કાલિદાસ** ભાસનાં નાટકોને પુરાણ-જુનાં એવા નામથી અને પોતાને **વર્તમાન** એ પદથી ઓળખાવે નહી. આ સીવાય **ભાસ** અને **કાલિદાસ**ની રચના, ભાષા, વ્યાકરણ, જનસ્થિતિ, **ભાસ**ના શ્લોકનું **ચાણાક્યઅર્થશાસ્ત્ર**માં અવતરણ, વગેરે આગળ ચર્ચેલા પ્રશ્નોની સાથે આ અનુમાનને સરખાવતાં **ભાસ** પુષ્પમિત્રના સમયમાં થયા હશે, એમ મન કબુલ કરી શકતું નથી.

(૧૩) ઉપર આપણે દર્શાવ્યું છે કે, કાલિદાસ **અગ્નિમિત્ર**ના એટલે **મગધ** રાજ્યના આશ્રિત કવિ હતા. રાજ્યાશ્રિત કવિઓ પ્રસંગ આવતાં પોતાના રાજ્યની ઉન્નતિ દર્શાવવામાં ઉત્સાહવાળા હોય છે, પરંતુ જ્યાં એજ રાજ્યની કોઈ પણ પ્રકારની અવનતિ દર્શાવવાનો પ્રસંગ આવે ત્યાં તે પ્રસંગ વટાવી દે છે, અથવા તો મૌન ધારણ કરે છે. આ સામાન્ય અનુભવની વાત છે. આવો પ્રસંગ કાલિદાસને રઘુવંશમાં આવેલો છે; ત્યાં એમણે **મગધરાજ**ની પ્રશંસા ઉત્સાહપૂર્વક કરી છે, પણ જ્યાં એ રાજ્યને કંઇક હીણું લાગે તેવો પ્રસંગ આવ્યો છે, ત્યાં કેવળ મૌન જ ધારણ કર્યું છે.

જ્યારે **વિદર્ભરાજાએ ઇન્દુમતીનો સ્વયંવર** કર્યો, ત્યારે **આર્યાવર્ત**ના અનેક રાજાઓ એકઠા થયા હતા. જે વખતે ઇન્દુમતી સ્વયંવરમંડપમાં વરમાળ લઇને આવી તે વખતે રાજાઓનાં વૃત્તાન્ત અને વંશાવલીઓ જાણનારી **સુનન્દા** નામની પ્રતિહારી તેને દરેક રાજાનું ક્રમવાર ઓળખાણ કરાવતી હતી. **કાલિદાસે** સ્વયંવરમંડપમાં પ્રથમ સ્થાન **મગધરાજા**ને આપ્યું છે, ત્યાં નીચે પ્રમાણે વર્ણન છે.

ततो नृपाणां श्रुतवृत्तवंशा पुंवत्प्रगल्भा प्रतिहाररक्षी
प्राक् संनिकर्षं **मगधेश्वरस्य** नीत्वा कुमारीमवदत्सुनन्दा ।
असौ शरण्यः शरणोन्मुखानामगाधसत्वो मगधप्रतिष्ठः
राजा प्रजारंजनलब्धवर्णः परंतपो नाम यथार्थनामा ।
कामं नृपाः सन्तु सहस्रशोन्ये राजन्वतीमाहुरनेन भूमिम्
नक्षत्रताराग्रहसंकुलापि ज्योतिष्मती चंद्रमसैव रात्रिः ।
क्रियाप्रबन्धादयमध्वराणामजस्रमाहूतसहस्रनेत्रः
शच्याश्चिरं पाण्डुकपोललंवान्मंदारशून्यानलकांश्चकार ।
अनेन चेदिच्छसि गृह्यमाणं पाणिं वरेण्येन कुरुप्रवेशे
प्रासादवातायनसंश्रितानां नेत्रोत्सवं **पुष्पपुरांगनानाम्** ।
एवं तयोक्ते तमवेक्ष्य किंचिद्विस्रांसिदूर्वांकमधूकमाला
ऋजुप्रणामक्रिययेव **तन्वी** प्रत्यादिदेशैनमभाषमाणा ॥

पौरस्त्यानेवमाक्रामंस्तांस्ताञ्जनपदाञ्जयी ।
प्राप तालीवनश्याममुपकण्ठं महोदधेः ॥ સર્ગ-૪-૩૪.

અહિં સૂહ્મ, વંગ, કલિંગ, વગેરે આસપાસનાં રાજ્યોને જીતવાનો નિર્દેશ કરવા છતાં પણ પાસેના મોટા મગધરાજ્યના સંબંધે કવિએ આવું મૌન ધાર્યું છે તેનું કારણ એવું સંભવે છે કે, **રઘુવંશ** લખ્યો ત્યારે **અગ્નિમિત્ર** વિદ્યમાન હશે અને પોતાના આશ્રયદાતાના રાજ્યની અવનતિ દર્શાવવાનું કવિને યોગ્ય નહીં લાગ્યું હોય, માટે પૂર્વના કેટલાએક રાજાઓને રઘુએ જીત્યા એમ કહી, યુક્તિથી **મગધ** રાજ્યને હીણું ન લાગે તેમ તેનો એમાં અંતર્ભાવ કરી લીધો હશે; પરંતુ સ્વયંવરના પ્રસંગમાં આવી સંકડામણ નહીં હોવાને લીધે તેની પ્રશંસા કરવાનો પ્રસંગ લીધો હશે. **મગધ**રાજ્ય અને તેને અંગીભૂત **અવન્તિ** વગેરે રાજ્યો ઉપર કવિનો જો આવો પક્ષપાત ન હોય, તો દિગ્વિજયમાં પણ મગધાદિ અગત્યનાં રાજ્યોને જીત્યાં હતાં એમ સ્પષ્ટ દર્શાવ્યા વિના રહે નહીં, કારણ કે દિગ્વિજય અને સ્વયંવર, પિતાપુત્ર રઘુ અને અજના સમયમાં થોડાં વર્ષને અંતરે થયા હતા.

આ પ્રમાણે જોતાં થોડાં વર્ષના અંતરે બનેલા બે પ્રસંગોમાંથી એકમાં કવિ **મગ**ધરાજ્યની પ્રશંસા કરી શક્યા છે, પરંતુ તેની અવનતિ દર્શાવનારો એક શબ્દ પણ દિગ્વિજયમાં કહી શક્યા નથી, તેનું કારણ અગ્નિમિત્રને એ કાવ્ય વાંચતાં કોઈ પણ પ્રકારે માઠું લાગે એમ ન કરવું, એ સિવાય બીજું સંભવતું નથી.

(૧૪) ઉપર દર્શાવેલી હકિકત ઉપરથી, અગ્નિમિત્ર અને કાલિદાસને આવો કંઇક સંબંધ હશે એમ લક્ષ્યમાં રાખી એમનાં કાવ્યો અને નાટકો વાંચતાં તેમાંથી આ વિચારને પુષ્ટી આપનારી અનેક ઝીણી ઝીણી બાબતો મળી આવે છે. માલવિકાગ્નિમિત્રના ભરતવાક્યમાં

आशास्यमीतिविगमप्रभृति प्रजानाम् ।
संपत्स्यते न खलु **गोप्तरि** नाग्निमित्रे ॥

એ શ્લોકમાંનો ગોપ્તરિ શબ્દ સૂચવી આપે છે કે, 'વખતે અશ્વમેધયજ્ઞ પછી પુષ્પમિત્રે અગ્નિમિત્રને રાજ્યભિષેક કર્યો હશે અને તેથી કાલિદાસે અગ્નિમિત્રના મુખે કહેવડાવ્યું છે કે, હું રક્ષણ કરનાર છું ત્યાં સૂધી ઇતિઓનો-ઉપદ્રવનો નાશ નહીં થાય એમ ન ધારવું. ટીકાકાર કાટ્યવેમ પણ એવું જ લખે છે કે, **ગોપ્તરિ** શબ્દ અગ્નિમિત્રનો તે વખતે થયેલો રાજોપચાર સૂચવે છે. આથી એવું જણાય છે કે પુષ્પમિત્ર પોતાના પુત્ર અગ્નિમિત્રને રાજ્યાભિષેક કરી નિવૃત્ત થયો હશે. કાલિદાસે અગ્નિમિત્રના સમયની ઘણીખરી બીનાઓ પોતાના લેખોમાં કંઈક રૂપાંતર કરી નોંધી રાખી છે. પુષ્પમિત્રનું નિવૃત્ત થવું અને યુવરાજ અગ્નિમિત્રનો રાજ્યભિષેક, એ બીના કાલિદાસે વિક્રમોર્વશીયના છેલ્લા

पौरस्त्यानेवमाक्रामंस्तांस्ताञ्जनपदाञ्जयी ।
प्राप तालीवनश्याममुपकण्ठं महोदधेः ॥ સર્ગ-૪-૩૮.

અહિં સુહ્મ, વંગ, કલિંગ, વગેરે આસપાસનાં રાજ્યોને જીતવાનો નિર્દેશ કરવા છતાં પણ પાસેના મોટા મગધસામ્રાજ્યના સંબંધે કવિએ આવું મૌન ધર્યું છે તેનું કારણ એવું સંભવે છે કે, રઘુવંશ રચ્યો ત્યારે અગ્નિમિત્ર વિદ્યમાન હશે અને પોતાના આશ્રયદાતાના રાજ્યની અવનતિ દર્શાવવાનું કવિને યોગ્ય નહીં લાગ્યું હોય, માટે પૂર્વના કેટલાએક રાજાઓને રઘુએ જીત્યા એમ કહી, યુક્તિથી મગધ રાજ્યને દીલું ન લાગે તેમ તેનો એમાં અંતર્ભાવ કરી લીધો હશે; પરંતુ સ્વયંવરના પ્રસંગમાં આવી સંકડામણ નહીં હોવાને લીધે તેની પ્રશંસા કરવાનો પ્રસંગ લીધો હશે. મગધરાજ્ય અને તેને અંગીભૂત અવન્તિ વગેરે રાજ્યો ઉપર કવિનો જો આવો પક્ષપાત ન હોય, તો દિગ્વિજયમાં પણ મગધાદિ અન્યત્યનાં રાજ્યોને જીત્યાં હતાં એમ સ્પષ્ટ દર્શાવ્યા વિના રહે નહીં, કારણ કે દિગ્વિજય અને સ્વયંવર, પિતાપુત્ર રઘુ અને અજના સમયમાં થોડાં વર્ષને અંતરે થયા હતા.

આ પ્રમાણે જોતાં થોડાં વર્ષના અંતરે બનેલા બે પ્રસંગોમાંથી એકમાં કવિ મગધરાજ્યની પ્રશંસા કરી શક્યા છે, પરંતુ તેની અવનતિ દર્શાવનારો એક શબ્દ પણ દિગ્વિજયમાં કહી શક્યા નથી, તેનું કારણ અગ્નિમિત્રને એ કાવ્ય વાંચતાં કોઈ પણ પ્રકારે માઠું લાગે એમ ન કરવું, એ સિવાય બીજું સંભવતું નથી.

(૧૪) ઉપર દર્શાવેલી હકિકત ઉપરથી, અગ્નિમિત્ર અને કાલિદાસને આવો કંઈક સંબંધ હશે એમ લક્ષ્યમાં રાખી એમનાં કાવ્યો અને નાટકો વાંચતાં તેમાંથી આ વિચારને પુષ્ટી આપનારી અનેક ઝીણી ઝીણી બાબતો મળી આવે છે. માલવિકાગ્નિમિત્રના ભરતવાક્યમાં

आशास्यमीतिविगमप्रभृति प्रजानाम् ।
संपत्स्यते न खलु गोप्तरि नाग्निमित्रे ॥

વખતે અશ્વમેધયજ્ઞ પછી પુષ્પમિત્રે
એ શ્લોકમાંનો ગોપ્તરિ શબ્દ સૂચવી આપે છે કે, કાલિદાસે અગ્નિમિત્રના મુખે કહેવડાવ્યું છે
અગ્નિમિત્રને રાજ્યાભિષેક કર્યો હશે અને તેથી કાલિદાસે નાશ નહીં થાય એમ ન ધારવું.
કે, હું રક્ષણ કરનાર છું ત્યાં સુધી ઇતિઓનો-ઉપદ્રવનો ગોપ્તરિ શબ્દ અગ્નિમિત્રનો તે વખતે
ટીકાકાર કાટયવેમ પણ એવું જ લખે છે કે, કે પુષ્પમિત્ર પોતાના પુત્ર અગ્નિ-
થયેલો રાજોપચાર સૂચવે છે. આથી એવું જણાય છે કાલિદાસે અગ્નિમિત્રના સમયની ઘણીખરી
મિત્રને રાજ્યાભિષેક કરી નિવૃત્ત થયો હશે. નોંધી રાખી છે. પુષ્પમિત્રનું નિવૃત્ત
બીનાઓ પોતાના લેખોમાં કંઈક રૂપાંતર કરી ગણે વિક્રમોર્વશીયના છેલ્લા
થવું અને યુવરાજ અગ્નિ

અંકમાં પણ ગર્ભિત રીતે સૂચવી છે, જ્યાં પુરૂરવ નિવૃત્ત થાય છે અને યુવરાજ આયુને રાજ્ય આપે છે,

आयुषोयौवराज्यश्रीः स्मारयत्यात्मजस्य ते।
अभिषिक्तं **महासेनं सैनापत्ये** मरुत्वता ॥ અંક ૫.

આ શ્લોકમાં **મહાસેન** અને **સૈનાપત્ય** શબ્દો ખાસ ધ્યાન ખેંચે તેવા છે. હિન્દુસ્તાનના તમામ રાજાઓ કરતાં મગધરાજ્ય પાસે મોટામાં મોટું સૈન્ય હતું એમ ઇતિહાસ ઉપરથી સિદ્ધ થાય છે. મહાસેન શબ્દનો પ્રયોગ અહીં કાર્તિકસ્વામિના અર્થમાં છે, તેમ છતાં મગધરાજના યુવરાજની મોટી સેનાની પ્રશંસાનો ધ્વનિ કરે છે. વળી પુષ્પમિત્ર રાજા છતાં સેનાપતિ એવા ઉપપદથી ઓળખાતો હતો એમ માલવિકાગ્નિમિત્રમાંનાં નીચેનાં વચનો ઉપરથી જણાય છે.

स्वस्ति। यज्ञशरणात् **सेनापतिः पुष्पमित्रः** विदिशास्थं पुत्रं अग्निमित्रं। ઇત્યાદિ.

ઉપરના શ્લોકમાં એમ કહ્યું છે કે, તમારા આત્મજ આ યુવરાજની શોભા જોતાં મને **સેનાપતિની** પદવીએ અભિષેક પામેલા **મહાસેન**-મોટા સૈન્યવાળા કાર્તિકસ્વામિનું સ્મરણ થાય છે. અહીં પણ કવિએ સેનાપતિની પદવીએ અભિષેક પામેલા અગ્નિમિત્રના સંબંધનો આ શુભ પ્રસંગ ઘણી ચતુરાઇથી મુકી તેની ગૂઢ પ્રશંસા કરી હોય એમ જણાઈ આવે છે.

વળી भव पितुरनुरूपस्त्वं गुणैर्लोककान्तैः
अतिशयिनि समाप्ता वंश एवाशिषस्ते।
* * * *
तव पितरि पुरस्तादुन्नतानां स्थितेऽस्मिन्
स्थितिमति च विभक्ता त्वय्यनाकंप्यधैर्ये।
अधिकतरमिदानीं राजते राजलक्ष्मीः
हिमवति जलधौ च व्यस्ततोयेव गंगा।

ઇત્યાદિ શ્લોકો પણ, કવિએ બાર વર્ષના **આયુને** નહીં, પરંતુ અડગ ધૈર્યવાળા અભિષિક્ત થયેલા અગ્નિમિત્રને પ્રશસ્તિ રૂપે કહ્યા હોય તેવા લાગે છે. જો કાલિદાસે વિક્રમના સમયમાં વિક્રમોર્વશીય લખ્યું હોય, તો આ પ્રસંગની આવી સ્પષ્ટ છાયા એમાં ભાગ્યે જ આવે. મને તો એમ લાગે છે કે, માલવિકાગ્નિમિત્ર ભજવાયું ત્યારે અગ્નિમિત્ર વિદિશામાં ગવર્નર હતો. એટલે પાછળથી એના રાજ્યાભિષેકના અથવા તો કોઈ બીજા આનંદમય પ્રસંગે કવિએ રંગભૂમિ ઉપર **વિક્રમોર્વશીયનો** પ્રયોગ આણ્યો હશે અને તે કાળે સર્વને સ્પષ્ટ રીતે સમજાય તેમ આ આનંદમય **પ્રસંગનું** પ્રશંસાપૂર્વક સ્મરણ કરાવ્યું હશે.

માલવિકાગ્નિમિત્ર તથા વિક્રમોર્વશીયમાં વારંવાર યજ્ઞનું પણ સ્મરણ કરવામાં આવ્યું છે અને યજ્ઞાદિ કર્મો ચાલુ રાખવાની રાજાને વિનતિ કરવામાં આવી છે. વળી વિક્રમોર્વશીયના ભરતવાક્યમાં પણ संगतं श्रीःसरस्वत्योर्भूतयेस्तु सदा सताम्। એ શબ્દોમાં પણ અગ્નિમિત્રના વિદ્યાવિલાસી ગુણની અને રાજ્યલક્ષ્મીની પટાન્તરે પ્રશંસા કરેલી લાગે છે.

કાલિદાસે **વિક્રમ** શબ્દ બે ત્રણ જગાએ વાપર્યો છે તેથી, વિક્રમની સાથે એમનો સંબંધ હશે એમ માનવામાં આવે છે, પરંતુ એના કરતાં પણ અગ્નિમિત્રનું સૂચન કરનારાં આવાં દ્વિઅર્થિ વાક્યો કાલિદાસે ઘણી જગાએ (અને ખાસ કરીને અભિષેકના પ્રસંગમાં) પ્રશંસાના રૂપમાં યોજેલાં છે, તે ખાસ લક્ષ ખેંચે તેવાં છે. માલવિકાગ્નિમિત્રમાં અગ્નિમિત્રને સંબોધીને કહેવડાવ્યું છે કે,

श्यामायते न युष्मासु यः कांचनमिवाग्निषु ।

મગધરાજાનું વર્ણન કરતાં **परंतपो**नाम यथार्थनामा। એ શબ્દે ગૂઢ રીતે અગ્નિમિત્રને સૂચવ્યો છે. વળી એ અવન્તિમાં રાજ્ય કરતો હતો તેથી અવન્તિરાજનું વર્ણન કરતાં સુક્કેલું आरोप्य चक्रभ्रमसुष्णतेजाः એ પદ પણ એવું જ સૂચન કરે છે. વિક્રમોર્વશીયમાં યુવરાજના અભિષેકમાં યુવરાજની પ્રશંસામાં કહેલું છે કે—

सूर्यः समेधयत्यग्निमग्निः सूर्यं च तेजसा ।

વળી **રઘુવંશ**માં યુવરાજ અજના અભિષેક વખતે પણઃ—

स राज्यं गुरुणा दत्तं प्रतिपद्याधिकं बभौ
दिनान्ते निहितं तेजो सवित्रेव **हुताशनः** ।

अग्निवर्णमभिषिच्य राघवः
स्वे पदे तनय**मग्नितेजसम्** ।

રઘુવંશના પ્રારંભમાં પણ

हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ।

આ પ્રમાણે અગ્નિમિત્રના નામના પર્યાયવાચક શબ્દોથી કવિએ તેની અનેક સ્થળે પ્રશંસા કરી હોય એમ જણાય છે. આ અને આવી બીજી અનેક ઝીણી ઝીણી બાબતો કાલિદાસનો અગ્નિમિત્ર સાથે સંબંધ દર્શાવી આપે છે.

***માલવિકાગ્નિમિત્ર** કાલિદાસનું છે એવું મિ० પંડિતની આવૃત્તિમાં તથા વાણી

---

* જુવો મી० પંડિતનું **માલવિકાગ્નિમિત્ર** તથા **વાણીવિલાસ પ્રેસનું** **માલવિકાગ્નિમિત્ર**—શ્રીરંગમ.

વિલાસ પ્રેસની સંસ્કૃત આવૃત્તિમાં સંતોષકારક રીતે પુરવાર કરવામાં આવ્યું છે* એટલે એ નાટકના કર્તૃત્વને માટે શંકાનો અવકાશ નથી. આ બધાં નાટકો, એ પૂર્વના કાળમાં લખાયાં હશે એમ માનવું પડે છે. પ્રો. મેક્સમ્યુલરનું‡ પણ એમ મનવું છે કે, વિક્રમોર્વશીય અને શાકુન્તલ અલેકઝાન્ડ્રીયન પીરીયડમાં એટલે ગ્રીકની સ્વારીઓ થતી હતી તે સમયની આસપાસમાં લખાયાં હશે. આ વિચાર પણ ઉપરના અનુમાનોને પુષ્ટિ આપે છે.

ઉપર દર્શાવેલાં અનેક કારણોને એકંદર રીતે તપાસતાં મહાકવિ ભાસ, **ઇ. સ. પૂર્વે ત્રીજા શતકના અંતમાં, એટલે મહારાજા ચંદ્રગુપ્તના સમયમાં થયા હશે અને કાલિદાસ અગ્નિમિત્રના સમયમાં, એટલે ઇ. સ. પૂર્વે ૧૫૦ થી ૧૭૦ સુધીમાં થયા હશે,** એવું અનુમાન હાલ તરત તો વધારે સંભવિત લાગે છે.

ઘણીવાર એવું બને છે કે, અમુક વિચારોની પરંપરાથી માણસ ઉલટે માર્ગે દોરાઈ જાય છે; મારા સંબંધમાં પણ એવું થયું હોય તો તે સંભવિત છે. વખત જતાં કોઈ પ્રમાણો એવાં મળી આવે, કે જેથી આ અનુમાનો થોડે અથવા ઘણે અંશે ખોટાં પડે અને આ વિચારો ફેરવવાનો પ્રસંગ પણ આવે તો તેમાં આશ્ચર્ય જેવું નથી, કારણ કે ઘણી વખત એવું બને છે પણ ખરું.

ધાર્યા કરતાં આ પ્રસ્તાવના લાંબી થઈ ગઈ છે, પરંતુ મહાત્માઓનાં ચરિત જાણવાનો અને જણાવવાનો લોભ એવો જ હોય છે, એમ માની વાંચનાર મને ક્ષમા કરશે. ભાસ અને કાલિદાસના સંબંધમાં આમાં જે લખ્યું છે તે માત્ર મારાં અનુમાન છે. સમર્થ વિદ્વાનોની કલમથી એ વિષયનો સંપૂર્ણ ઉહાપોહ થયા વિના એમાં ખરું શું છે તેનો નિર્ણય થઈ શકે તેમ નથી. ભાસનાં નાટકો વાંચતાં પ્રથમ દૃષ્ટિથી જે જે અનુમાનો મને કંઈક આધારવાળાં અને વિચાર કરવા યોગ્ય લાગ્યાં, તે મેં વિદ્વાનોની સમક્ષ વિશેષ ચર્ચાને માટે મુક્યાં છે અને હું આશા રાખું છું કે, આના સંબંધમાં પરિશ્રમ કરનાર વિદ્વાનો, આમાં શું શું ગ્રાહ્ય અને અગ્રાહ્ય છે, તે પ્રસંગ મળ્યે દર્શાવી મને આભારી કરશે.

આટલું વિષયાન્તર થયું તેને માટે ક્ષમા યાચી હવે મૂળ ગ્રંથ તરફ વળીએ.

ભાષાંતર. મેઘદૂતના ગુણોની પ્રશંસાને માટે પરંપરાથી ચાલતું આવેલું નીચેનું એક ચરણ જ બસ છે કે, माघे मेघे गतं वयः। પૂર્વ મેઘ, બહુધા વર્ણનાત્મક હોવા છતાં, વિવિધ જોવા યોગ્ય નગરો, યાત્રાનાં સ્થાનો, નદીઓ, પર્વતો વગેરેનાં તથા સર્વ સૃષ્ટિસૌન્દર્યના નિવાસરૂપ હિમાદ્રિનાં

---

* જુવો મેક્સમ્યુલર્સ હીસ્ટરી ઓફ. એ, લીટરેચર પાનું ૩૩.

આ પુસ્તકના સંબંધમાં, મારા મિત્ર **રા. રા. ઉત્તમલાલ કેશવલાલ, ત્રિવેદી. બી. એ. એલ. એલ.બી.** એ, તથા **રા. રા. તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠી બી. એ.** એ, પ્રસંગોપાત્ત જે જે અગત્યની સૂચનાઓ કરી છે તેને માટે તથા **રા. રા. મણિલાલ ઇચ્છારામ દેસાઈ. બી. એ.** એ આને પ્રસિદ્ધ કરવામાં ઉત્સાહપૂર્વક જે શ્રમ લીધો છે તેને માટે હું એમનો આભારી છું.

અહીં સંક્ષેપમાં માત્ર એટલું જ કહેવું બસ છે કે;—

"कालिदासवचः कुत्र व्याख्यातारो वयं क्व च ।
तदिदं मंददीपेन राजवेश्मप्रकाशनम्" ॥

અશ્વિન વદ ૧૩. સં. ૧૯૬૯.
કલ્યાણ મોતી બીલ્ડીંગ નં૦ ૨
ગીરગામ-મુંબઈ.

ભાષાન્તરકર્તા.

મેઘદૂત.

પૂર્વમેઘ.

મંદાક્રાન્તા વૃત્ત.

*સ્વામીસેવા વિસરિ, મહિમાભ્રષ્ટથૈ, કોઈ યક્ષ,
†કાન્તાત્યાગે વિષમ, ધણિનો વર્ષનો પામિ શાપ;
સીતાસ્નાને પુનિત જળતા, મીઠડી છાયવાળા,‡
રામાદ્રિમાં, વિચરિ વસિયો, આશ્રમોમાં રૂપાળા. ૧

શ્લોક ૧.

મેઘદૂત–શ્રીમન્મહાકવિ કાલિદાસનું રચેલું આ ખંડ કાવ્ય છે. આને કેટલાએક વિદ્વાનો મહાકાવ્યમાં પણ ગણે છે. ધનપતિ કુબેરના અનુચરથી યક્ષને અને તેની સ્ત્રીને નાયક નાયિકા કલ્પી, તેમના વિયોગને ઉદ્દેશી કવિએ વિપ્રલંભ શૃંગારવાળું આ કાવ્ય લખ્યું છે.

સ્વામિસેવા ઇત્યાદિ–સારોદ્ધારિણી, વલ્લભ, સુમતિવિજય અને બીજા જૈન ટીકાકારોના અભિપ્રાય પ્રમાણે આ યક્ષનો વૃત્તાન્ત નીચે પ્રમાણે છે. કુબેરે પોતાના અનુચર આ યક્ષને દરરોજ પ્રભાતમાં માનસરોવરમાંથી શિવપૂજાને માટે તાજાં કમળ આણી રાખવાની આજ્ઞા કરેલી હતી, પરંતુ એક દિવસ એવું બન્યું કે, સવારના પહોરમાં પોતાની પ્રિયાનો આસંગ છોડવો ન ગમવાથી, તેણે રાત્રિએ કુબેરને માટે શિવપૂજનનાં કમળો આણી રાખ્યાં. સવારમાં શંકરનું પૂજન કરતાં એકાદ કમળની પાંખડીમાં ભરાઈ રહેલા ભ્રમરે કુબેરની આંગળીને દંશ કર્યો, તેથી કોપાયમાન થઈ તેમણે યક્ષને શાપ દિધો કે, જે સ્ત્રીના આસંગને લીધે તેં મારી આજ્ઞાનો ભંગ કર્યો તેનાથી તારે બાર માસ સુધી જૂદા રહી દેશવટો ભોગવવો. આ શાપ ભોગવવાને માટે યક્ષ દક્ષિણમાં આવેલા રામગિરિમાં આવીને રહ્યો હતો. ભરત, સનાતન, રામનાથ, હરગોવિંદ, કલ્યાણમલ્લ વગેરે ટીકાકારોના મત પ્રમાણે કુબેરે તેને પોતાના ચિત્રરથ નામના

ઉદ્યાનનો રક્ષક બનાવેલો હતો; તેણે એક વખત થોડો કાળ ઘેર રહી ઉદ્યાનનું રક્ષણ ન કર્યું, તેથી ઈન્દ્રના ઐરાવતે આવી વાડીમાંનાં દેવવૃક્ષોનો નાશ કરી નાંખ્યો. તેથી ક્રોધ કરી કુબેરે તેને શાપ દિધો હતો.

* પાઠાન્તર-સેવાધર્મે સ્ખલન કરી, થૈ, યક્ષ કો માનભ્રષ્ટ;

(અથવા) કાર્યે થાતાં સ્ખલન, સહતા ભ્રષ્ટ થૈ, કોઈ યક્ષ.

મહિમાભ્રષ્ટ ઈ.-મોટાઈ, મહત્તાથી ભ્રષ્ટ થઇને, પોતાનું માન ગુમાવીને.

કાન્તા ત્યાગે વિષમ-પોતાની પ્રિયા વિના વિષમ, એટલે અત્યંત દુઃસહ. પોતાની સ્ત્રીના વિયોગથી યક્ષને આ શાપ ઘણો વિષમ થઈ પડ્યો હતો.

† પાઠાન્તર-(૧) કાન્તા વિહેં-(૨) કાન્તા પાખે.

ધણીનો-પોતાના સ્વામિ કુબેરનો. કુબેર એ ધનનો અધિષ્ઠાતા ગણાય છે. એનું સ્થાન કૈલાસ ઉપર અલકા નામની નગરીમાં છે. યક્ષ, ગંધર્વ, કિન્નર, વગેરે જેઓ અડધા દેવ અને અડધા મનુષ્ય જેવા ગણાય છે, તે એના અનુચરો છે અને અપ્સરાઓના પતિ ગણાય છે.

શાપ-દેશવટો-કુબેરે યક્ષને એવો શાપ દીધો હતો કે, તારે પોતાની સ્ત્રીથી જુદા રહી એક વર્ષ સુધી મા'રા દેશમાંથી બહાર જઇને વસવું.

સીતાસ્નાને ઈ.-જનકરાજાની પુત્રી અને **રામની** પત્ની **સીતાના** સ્નાનથી પુનિત-પવિત્ર થયેલાં જળાશયોવાળા. **રામ** અને લક્ષ્મણની સાથે વનવાસમાં નીકળી સીતા જ્યારે દંડકારણ્યમાં રહ્યાં હતાં, ત્યારે તેમણે કરેલાં સ્નાનથી ત્યાંનાં જળ પવિત્ર ગણાય છે. **સીતા** એક મહા પવિત્ર સતી ગણાય છે, માટે તેના સંસર્ગથી આ સ્થળો તીર્થરૂપ થઈ આજ પર્યંત પવિત્ર મનાય છે. ઉત્તરરામચરિતમાં પણ કહેલું છે કે:—

દક્ષિણ તરફનાં અરણ્યોમાં જતા પહેલાં આ પર્વત ઉપર વાસ કર્યો હતો, તેથી કેટલાએક ટીકાકારો આને **રામગિરિ** કલ્પતા હોય એમ જણાય છે; પરંતુ આધુનિક શોધને આધારે એ પર્વત **નાગપૂરની પાસે રામટેક** અથવા **રામટેકરી** નામે ઓળખાતો પર્વત હોવો જોઇએ, કારણ કે **યક્ષ** આ સ્થાનેથી **મેઘને** ઉત્તરે જવાનો માર્ગ દર્શાવી કૈલાસ મોકલે છે, એટલે એ, **મેઘના** માર્ગનાં તમામ સ્થળોની દક્ષિણે હોવો જોઇએ અને **ચિત્રકૂટ** તો ઘણોજ ઉત્તરે રહ્યો. મી० **વિલ્સન** લખે છે કે આ **રામટેકરી** નામથી ઓળખાતા પર્વત ઉપર **રામ**, **લક્ષ્મણ**, **સીતા** વગેરેનાં દેવળો છે અને અમુક અમુક પ્રસંગોએ ઘણા યાત્રાળુઓ ત્યાં ભેગા થાય છે. **સારોદ્ધારિણીમાં** પણ એ પર્વત **દણ્ડકારણ્યમાં** આવ્યો છે એમ લખેલું છે, માટે ઘણે અંશે **રામગિરિ** આ જ હોવો જોઇએ.

આશ્રમોમાં–યક્ષ એક આશ્રમમાં રહ્યો નહતો પણ ઘણા આશ્રમોમાં રહ્યો હતો, એમ બહુ વચન વાપરી કવિએ વિયોગને લીધે તેની ઉન્માદ અવસ્થા સૂચવી છે. એક આશ્રમમાં ન ગમે, તો બીજામાં જાય, તેમાં ન ગમે તો વળી ત્રીજામાં જાય, એમ કહેવાનો હેતુ આમાં છે. કહ્યું છે કેઃ—

वने रतिर्विरक्तस्याविरक्तस्य जने रतिः। अनवस्थितचित्तस्य न जने न वने रतिः।

ત્યાગી મનુષ્યને વનમાં આનંદ પડે છે અને અવિરક્ત–સંસારી માણસને વસતિમાં આનંદ પડે છે, પણ અવ્યવસ્થિત ચિત્તવાળાને તો બેમાંથી એકે ઠેકાણે ચેન પડતું નથી.

આ આશ્રમોમાં, આઠ મહિના પરાણે ગાળ્યા પછી જ્યારે મેઘ કાળ આવ્યો ત્યારે યક્ષ પોતાની કુશળ ખબરનો સંદેશો મેઘ સાથે પોતાની અલકામાં રહેલી પ્રિયાને કહાવે છે. અર્થાત્ મેઘને પોતાના દૂતરૂપે કલ્પી સંદેશો કહે છે.

મેઘદૂતનું અનુકરણ કરી સંસ્કૃતમાં ઘણાં દૂત કાવ્ય લખાયાં છે, જેમાંનાં કેટલાંક સારાં પણ છે. **નેમીદૂતમાં** **મેઘદૂતનું** ચોથું ચરણ લઇ આખું કાવ્ય લખવામાં આવ્યું છે. તેનો પ્રથમ શ્લોક આ પ્રમાણે છે. વિશેષ હકિકત માટે જુવો પ્રસ્તાવના.

प्राणित्राणप्रवणहृदयो बन्धुवर्गं समग्रं
हित्वा भोगान् सह परिजनैरुग्रसेनात्मजां च।
श्रीमान्नेमिर्विषयविमुखो मोक्षकामश्चकार
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥ १ ॥

તે અદ્રિમાં, જ્યમ ત્યમ, કરી કામિ યક્ષે નિવાસ,
*વ્હાલીકેરો વિરહ સહિને, ગાળિયા કૈંક માસ;
અંગે ઝાઝો કૃશ થઈ જતાં, કષ્ટથી શોચી શોચી,
સોનાકેરું સરિગયું કડું, દૂબળા હાથમાંથી;

વપ્રક્રીડા કરિ, ગિરિતણાં શૃંગ ઉથામવાને,
નીચું માથું કરિ, નમિ ઉભો હસ્તિ ના હોય જાણે;
ઘેરાયેલો નિકટ જઇને, શિખરે પર્વતોનાં,
દીઠો એણે, રમણિય નવો મેઘ, આષાઢ થાતાં. ૨

શ્લોક. ૨

તે અદ્રિમાં-એ રામગિરિપર્વતમાં. **જ્યમત્યમ** કરીને-પરાણે પરાણે. દુઃસહ વિયોગને લીધે ચેન નહિ પડવાથી ઘણા પ્રયાસે. **કૈંક**-કેટલાએક; અર્થાત્ આઠ માસ તેણે ગાળ્યા. **કામીયક્ષે**-કામ, રાગ, વિવિધ ભાવનાઓવાળા યક્ષે.

* પાઠાન્તર-ગાળ્યા કષ્ટે વિરહ અબળાનો સહી કૈંક માસ.

સોનાકેરું-ઈ:-યક્ષે હાથે સોનાનું કડું પહેરેલું હતું તે, વિયોગથી દૂબળો થઈ જતાં સરી પડવાથી તેનો હાથ અડવો થઈ ગયો હતો. કામીને અલંકારનો શોખ હોય છે તેથી અહીં સોનાના કડાનું સૂચન કર્યું છે.

नाविदग्धः प्रियं ब्रूयात् नाकामी मंडनप्रियः ।
निस्पृहो नाधिकारी स्यात् स्फुटवक्ता न वंचकः ॥

કેટલાએકનું એમ ધારવું છે કે હાથે સોનાનું કડું પહેરવું એ વિયોગનું ચિહ્ન છે. જુવો **શાકુન્તલમાં** પણ-

प्रत्याख्यातविशेषमंडनविधिर्वामप्रकोष्ठार्पितम् ।
बिभ्रत्कांचनमेकमेव वलयं श्वासापरक्ताधरः ॥

વળી, अनतिलुलितज्याघातांकं मुहुर्मणिबंधनात् ।
कनकवलयं स्रस्तं स्रस्तं मया प्रतिसार्यते ॥

શોકને માટે હાલ ક્રિશ્ચિયન લોકોમાં, જેમ હાથે કાળો પટો પહેરવામાં આવે છે, તેમ આગળ આવો કંઈ રિવાજ હોય તો તે અસંભવિત નથી.

તેને દેખી કુતૂહલ થતાં, નેત્રથી માંડી લક્ષ,
એળે એળે, ક્ષણ રહિ ઉભો, યક્ષ તેની સમક્ષ;
થંભાવીને, વિરહદુઃખનાં આંસુઓ ઝાઝીવાર,
લાગ્યો ઉંડા કંઇક કરવા, ચિત્તમાંહે વિચાર;
પ્રેમી સાથે, સુખથી વસતા હોય તેવા જનોની,
થાયે રહેજે ચલિત મનની વૃત્તિઓ, મેઘ દેખી;
***તો શું કે'વું અણચિજનતું, વ્હાલી જેની વિયોગે,**
જૂદી થાતાં તલસિ રહિ છે, કંઠને ભેટવાને. ૩

વપ્રક્રીડા–પાડા, આખલા વગેરે પ્રાણિઓ શીંગડાં મારી રેતીના ટેકરાઓ ઉથામી તોફાન કરે છે તે. અહિંઆં કવિની કલ્પના એવી છે કે, પર્વતનાં શિખરોમાં અડોઅડ ઘેરાયેલો કાળા રંગનો મેઘ, જાણે કોઈ હાથી પર્વતનાં શિખરો સાથે વપ્રક્રીડા કરતો હોય, તેવો જણાતો હતો.

આ શ્લોકના ભાષાન્તરમાં કંઇક વિસ્તાર કરવો પડ્યો છે, કારણ કે ચાર ચરણમાં ભાવ સમાવતાં શ્લોક નીચે પ્રમાણે કિલષ્ટ થઈ જવાનો સંભવ છે.

પાઠાન્તર–સોસે સોનાવલય સરતાં શૂન્ય હાથે, વિયોગે,
તે કામીએ કંઇક મહિના ગાળતાં, પર્વતે તે;
દંતાઘાતે ગિરિ ઉથમતા હસ્તિ શો, શૃંગ લાગ્યો,
આષાઢાના પ્રથમ દિવસે, મેઘ દીઠો રૂપાળો. ૨

જુઓ આજ શ્લોકનું અનુકરણઃ–

तस्मिन्योधाभिधपुरवरे श्रीमदाचार्यपादा-
देशान्मासांश्चतुर उषितो यो विनीतो विनेयः
साधुः सैषः प्रहरविगमे भाद्रराकारजन्याः
प्राचीशैलोपरि परिगतं शीतरश्मिं ददर्श. ઇન્દુદૂત. ૮

શ્લોક ૩.

તેને દેખી=તે મેઘને જોવાથી. કુતૂહલ **થતાં**=પ્રિયાને મળવાનો અભિલાષ વધી પડતાં. **એળે એળે**=પરાણે પરાણે. એકદમ પ્રેમ ઉભરાઈ આવવાથી શિથિલ થઈ ગયેલો યક્ષ, મહા પ્રયત્ને મેઘના સામે ઉભો રહી શક્યો, એમ કહેવાનો હેતુ છે.

થંભ્યા વિને-વિરહનાં આંસુ આંખમાં ભરાઈ આવ્યાં તેને રોકી રાખીને, યક્ષ વિચાર કરવા લાગ્યો. આ નાયકનું ધીરોદાત્તપણું સૂચવે છે. ખરા પ્રેમવાળા વિયોગિની મેઘને જોતાં થયેલી દશા, કવિએ ઘણી અસરકારક રીતે વર્ણવી છે, જે અનુભવી સારી રીતે સમજી શકશે. યક્ષની આવી કરુણાજનક સ્થિતિનું કવિ ઉત્તરાર્ધથી સમર્થન કરે છે કે-પોતાનાં પ્રેમી સાથે સુખમાં વસતા હોય તેવા, એટલે સંયોગી-જનોની વૃત્તિઓ પણ મેઘને જોતાં વિકાર પામે છે, તો પછી વિયોગમાં રહેવાથી સ્વામિના કંઠને ભેટવાને જેની પ્રિયા તલસી રહી હોય, તેવા પ્રેમીનું તો કહેવું જ શું? અર્થાત તેને આવે પ્રસંગે આવી વ્યાકુલ દશા પ્રાપ્ત થાય એમાં શી નવાઈ.

*પાઠાન્તર-તો શું કે'વું પ્રણયિજનનું, વાલીથી દૂર જે છે,
ને ઇચ્છે છે, વિરહિણીતણા કંઠને ભેટવાને;
અથવા-તો શું કે'વું વિરહિજનનું, પ્રેમીથી દૂર જે છે,
ને ઇચ્છે છે, પ્રિયજનતણા કંઠને ભેટવાને.

મૂળના ઉત્તરાર્ધમાં આ પ્રમાણે પણ કંઈક ભાવ સમાયલો લાગે છે માટે જેને જે ઠીક લાગે તે જોઈ લેવું.

મેઘકાળ શૃંગારનો ઉદ્દીપક હોવાથી વિયોગીઓને મહા સંતાપકારક થઈ પડે છે. જુવો **વિક્રમોર્વશીયમાં** પણ **કાલિદાસ** કહે છે કે-

एतेन निवृत्तानामप्युत्कठाकारिणा मेघोदयेन अनर्थाधीनो भविष्यति ।

રઘુવંશમાં પણ, **રામ** પોતાની વિયોગાવસ્થાનું **સીતાને** સ્મરણ કરાવતાં કહે છે કે—

एतद्गिरेर्माल्यवतः पुरस्तादाविर्भवत्यम्बरलेखि शृंगम् ।
नवं पयो यत्र घनैर्मया च त्वद्विप्रयोगाश्रुसमं विसृष्टम् ॥

पूर्वानुभूतं स्मरता च यत्र कंपोत्तरं भीरु तवोपगूढम् ।
गुहाविसारीण्यतिवाहितानि मया कथंचिद्घनगर्जितानि ॥

आसारसिक्तक्षितिबाष्पयोगात् मामक्षिणोद्यत्र विभिन्नकोशैः ।
विडम्ब्यमाना नवकंदलैस्तैर्विवाहधूमारुणलोचनश्रीः ॥ સર્ગ ૧૩.

આ શ્લોકમાં **અર્થાન્તર ન્યાસ** અલંકાર છે.

* દેખી વર્ષા નિકટ, સખીના પ્રાણ ઊગારવાને,
સંદેશામાં, કુશળ ખબરો કા'વવા મેઘ સાથે;
તાજાં ખીલ્યાં કુટજકુસુમે, હર્ષથી આપી અર્ઘ,
પ્રીતિભીનાં વચનથી દિધો, મેઘને આવકાર. ૪

શ્લોક ૪.

વર્ષાકાળ એ પ્રવાસિઓને અને વિયોગીઓને ઘેર આવવાનો કાળ છે, એટલે સ્વાભાવિક રીતે વિયોગિણીઓ પોતાના સ્વામિને મળવાની આશા રાખે છે, પરંતુ શાપને લીધે મારાથી વર્ષાકાળે પણ પ્રિયાને મળી શકાવાનું નથી, તો પછી મારી કુશળ ખબર કહાવી એના આત્માને આધાર આપું, નહીંતર આ દુઃસહ વર્ષાકાળમાં તે ઝુરીને મરી જશે; એમ ધારી યક્ષ, મેઘની સાથે પોતાના કુશળનો સંદેશો કહાવે છે. પ્રિયા પ્રત્યે એની વૃત્તિ કેવી સુકુમાર છે, તે આ ઉપરથી કવિ બતાવી આપે છે. પોતાનો સંદેશો મોકલવાને માટે યક્ષ, મેઘને પુષ્પોથી વધાવીને સત્કાર આપે છે. કુટજકુસુમ=પર્વતોના શિખરપર ઉગતાં પુષ્પ, જેને ગિરિમલ્લિકા કહે છે તે, વર્ષાઋતુ આવતાં થતાં પુષ્પ.

અર્ઘ—અતિથિના સત્કારને માટે પાણી, અક્ષત, પુષ્પ, વગેરે જે આપવામાં આવે છે તે અર્ઘમાં અનેક વસ્તુઓ આવે છે જેવી કે,

आपः क्षीरं कुशाग्राणि, दधि सर्पिश्च तण्डुलाः ।
यवाः सिद्धार्थकं चैव अष्टांगार्घ्यं प्रकीर्तितम् ॥

વળી કોઈ આ પ્રમાણે પણ અર્ધ્યનાં દ્રવ્યો આપે છે.

रक्ताबिल्वाक्षतैः पुष्पैर्दधिदूर्वांकुशैस्तिलैः ।
सामान्यः सर्व देवानामयमर्घः प्रकीर्तितः ॥
अभावे दधिदूर्वादेर्मानसं वा प्रकल्पयेत् ।

આ બધું ન હોય તો મનથી સંકલ્પ કરીને પણ અર્ઘ અપાય. અહીં યક્ષ ઋતુકાલોદ્ભવ પુષ્પથી જ માત્ર મેઘને અર્ઘ આપે છે, કારણકે એ બિચારાની પાસે મેઘના જેવા ઉદાત્ત મિત્રને વધાવવાનું આ સિવાય બીજું કંઈ નથી.

*પાઠાન્તર–વા'લી કેરા દુખિ જીવનને ધારણા આપવાને,
કા'વી પોતે કુશળ, સમીપે શ્રાવણે, મેઘ સાથે–

મૂળમાં શ્રાવણ માસ પાસે આવવાથી, એટલે नभसि प्रत्यासन्ने એવું પદ છે. नभस्નો અર્થ કેટલાએક ટીકાકારો શ્રાવણ માસ લે છે, પરંતુ સામાન્ય અર્થ વર્ષાકાળ એવો

ધૂમ, જ્યોતિ, જળ, પવનના, મેઘ ક્યાંઆ બનેલો,
ક્યાં સંદેશા, સસજણ ભર્યાં આણિથી લૈજવાતા;
એવું કાંઈ ન લહિ, અધીરો યાચતો યક્ષ એને,
કામી નિશ્ચે. જડ સજીવમાં ભેદ ના કૈં પ્રમાણે. ૫

પણ છે. શ્રાવણ માસજ વિયોગિઓને સંતાપકારક છે એમ નથી, પણ આખો વર્ષાકાળજ દુઃસહ છે. મેઘનો અંધકાર, મોટી મોટી ગર્જનાઓ, વિજળીના ચમકાર, મયૂરોના ટહુકાર અને સૃષ્ટિનું ખીલી રહેતું સૌન્દર્ય એ બધાં વિયોગીઓને અકળાવી નાંખે છે.

दृष्ट्वा चैनं स पुरमगुरुध्यानसंधानलीनः
स्वान्तः कान्तं तमिति रजनेः स्वागतं व्याजहार. ઇન્દુદૂત.

જાચો, વંશે જગવિદિત તું પુષ્કરાવર્ત્તકોને,
ફાવે તેવું સ્વરૂપ ધરતો, ઇન્દ્રનો મંત્રિ તું છે;
માટે યાચું વિધિવશ થતાં, બંધુથી હું વિયોગી,
યાચ્ના, ભુંડી નિચની ફળદા, વ્યર્થ સારી ગુણીની. ૬

प्रज्ञाहीनं वचनरहितं निश्चलं श्रोत्रहीनं ।
दौत्यं कर्तुं मुरहरपदो लक्षणं पक्ष्मलाक्षी ॥ પદાંકદૂત.
न तस्या दोषोऽयं यदिह विहगं प्रार्थितवर्ती । હંસદૂત.
हंस प्रयच्छ मे कान्तां गतिरस्यास्त्वया हृता ॥—વિક્રમોર્વશીય.

આ શ્લોકમાં વર્ણવેલો મેઘ ભૌતિક મેઘ નહિ પરંતુ દેવરૂપ હોવાથી તેને સર્વેન્દ્રિયસંપન્ન માની યક્ષ સંદેશો કહાવે છે એમ લેવાથી ઉપરની શંકાનું સમાધાન થશે.

આ શ્લોકમાં વિષમ અને અર્થાન્તરન્યાસ અલંકાર છે.

*પાઠાન્તર—કામે પીડ્યા સમજી ન શકે, જીવ નિર્જીવ આછે.

શ્લોક ૬.

જાચો—જન્મેલો; જગવિદિત=જગતમાં પ્રસિદ્ધ.

પુષ્કરાવર્તકો—અસાધારણ વૃષ્ટિ કરનારા, પ્રલય કાળના મેઘનું આ નામ છે. બ્રહ્માંડ પુરાણ અને પુરાણસર્વસ્વમાં તેમનું વર્ણન આ પ્રમાણે આપેલું છે.

पुष्करा नाम ते मेघा बृहतस्तोयमत्सराः ।
पुष्करावर्तकास्तेन कारणेनेह विश्रुताः ॥
नानारूपधरास्ते तु महाघोरस्वनास्तथा ।
कल्पान्ते वृष्टिकर्त्तारः संवर्ताग्नेर्नियामकाः ॥

આ મેઘોના કુળમાં તું ઉત્પન્ન થયેલો છે એટલે તું કુલીન, સમર્થ અને ઇચ્છાનુકૂળ સ્વરૂપ ધારી શકે તેવો છે, એમ કહેવાનો હેતુ છે. આગળ પણ—

ત્યાં "તું પુષ્પોરૂપ બની જઇ વ્યોમગંગા પ્રવાહે,"
તથા "થાજે નાનો કલભ સરખો મ્હેલમાં પેસવાને"

ઇત્યાદિ વચનોથી મેઘનું અણિમા આદિ અષ્ટ સિદ્ધિસંપન્નપણું સૂચવ્યું છે.

તું છે મોટું શરણ, વિરહે હોય સંતપ્ત તેનું,
સંદેશો લઈ, ધનદ રૂઠતાં, આ વિયોગી તણો તું;
*વ્હાલી પાસે વિચર, અલકા યક્ષના નાથની જ્યાં,
જ્યોત્સ્ના શંભુ શિરની પડતાં, લાગતાં હર્મ્ય ધોળ્યાં. ૭

ઇન્દ્રનો મંત્રિ=પુરાણોમાં ઇન્દ્રને મેઘનો રાજા કલ્પેલો છે અને મેઘ તેનો મંત્રિ ગણાય છે.

વિધિવશ થતાં–અવળા ભાવિને ભોગ થઈ પડતાં. બંધુથી–પોતાની પ્રિયા-નાથી એવો અહીં અર્થ છે. સ્ત્રીના કરતાં વધારે પ્રિય કોઈ પણ બંધુ ન હોવાથી, તેની મુખ્ય બંધુમાં ગણના કરવામાં આવે છે. જુવો રઘુવંશમાં પણ–विदोहिबंधोर्हृदयं विदद्रे। એમ કહેલું છે.

યાચ્ના ભૂંડી–નીચને કરેલી યાચના સફળ થાય, તો પણ તે અધમ છે અને સજ્જનને કરેલી યાચના અફળ જાય, તોપણ તે શ્રેષ્ઠ છે, એમ કહેવાનો હેતુ છે. અર્થાત્ હે મેઘ! તારા જેવા કુલીનની પાસે મારી યાચના અફળ જશે, તો પણ મને હીણું લાગવા જેવું નથી. જુઓ ઉદ્ધવસંદેશમાં પણ આવાંજ વચનો છે.

इत्याश्वासादभिमतविधौ कामये त्वां नियोक्तुं ।
न्यस्तः साधीयसि सफलतामर्थभारो हि धत्ते ॥

અને હંસદૂતમાં પણ–

अतोऽहं दुःखार्ता शरणमबला त्वां गतवती ।
न भिक्षा सत्पक्षे व्रजति हि कदाचिद्विफलताम् ॥

આ શ્લોકમાં અર્થાન્તરન્યાસ અલંકાર છે.

શ્લોક ૭,

હે મેઘ તું! સંતપ્ત (વિરહથી તથા અનેક જાતના તાપથી) તપેલાને શાન્ત કરનાર છે. વિરહથી તપેલાંને વર્ષાકાળમાં ભેગાં કરી શાન્ત કરનાર છે અને બીજા તાપને વૃષ્ટિથી શાન્ત કરનાર છે. ધનદ રૂઠતાં=કુબેરના રૂઠવાથી–કોપવાથી, વિયોગી થયેલો આ હું યક્ષ તેની પ્રિયાનો સંદેશો તું લઈ જા.

*પાઠાન્તર–જા જે જ્યાં છે નગરી અલકા.

*જોશે તું ત્યાં, દિવસ ગણતાં પ્રાણધારી રહેલી,
એકસ્વામિવ્રત ધરી રહી, જીવતી ભાભી તા'રી;
આશાતંતુ કુસુમ સરખાં, નારીનાં સે'જમાંહે-
ફાટી જાતાં પ્રણયિ હૃદયો, ધારી રાખે વિયોગે. ૮

અલકા—આ યક્ષના નાથ કુબેરની રાજધાની છે અને કૈલાસ પર્વત ઉપર આવેલી છે.

મૂળમાં बाह्योद्यानस्थितहरशिरश्चंद्रिकाधौतहर्म्या એવું પદ છે તેનું,

'બાહ્યોદ્યાનેથિ શિવશશીના તેજથી હર્મ્ય ધોયાં' એવું ભાષાન્તર વધારે ક્લિષ્ટ અને શુષ્ક લાગે છે માટે ઉપર પ્રમાણે સરળ રાખ્યું છે.

બાહ્યોદ્યાન—એ કૈલાસના ગંધમાદન નામના વનને સૂચવે છે. 'तस्य चोपवनं बाह्यं सुगंधिर्गंधमादनः' તે શંકરને વિહાર કરવાનું સ્થાન હોવાથી અત્યન્ત પ્રિય છે. આ પ્રદેશ સૃષ્ટિસૌંદર્ય અને ઉપભોગનાં અનેક સાધનોથી ઘણો જ રમણીય હોવાથી, ત્યાં વિહાર કરવા જવાના અનેક દૃષ્ટાન્તો આપણને પુરાણોમાંથી જડે છે. જુવો

इत्यभौममनुभूय शंकरः पार्थिवं च वनितासखः सुखम् ।
लोहितायति कदाचिदातपे गंधमादनवनं व्यगाहत ॥

કુમાર સંભવ સર્ગ ૮

વિક્રમોર્વશીયમાં પણ પુરુરવા, ઉર્વશીને લઇને ગંધમાદનમાં વિહાર કરવા ગયો હતો.

શ્લોક ૮.

જે પ્રતને હું અનુસર્યો છું તેમાં આ શ્લોક ૧૦ મો છે. સાતમા શ્લોકમાં યક્ષ મેઘને ઉત્તર તરફ જતાં અલકામાં રહેલી પોતાની પ્રિયાને સંદેશો કહેવાની વિનંતિ કરે છે; ત્યાર પછી त्वामारूढं ૮ અને मंदंमंदं ૯ એમ બે શ્લોક, વચમાં આવવાથી કાવ્યના મુખ્ય નિર્દેશમાં વ્યવધાનરૂપ લાગે છે—મેઘ! તું અલકામાં જજે અને ત્યાં આવી આવી મારી પ્રિયાને તું જોઇશ, એ ક્રમ વધારે સ્વાભાવિક લાગવાથી દશમો શ્લોક મેં આઠમો મુકયો છે. કેટલીએક ટીકાઓ અને મી૦ વીલસન પણ શ્લોકના આ ક્રમને પસંદ કરે છે.

જોશે ત્યાં તું-(અહીં तत्र એ પાઠ મેં લીધો છે) **દિવસ ગણતાં**-મારા વિયોગના આટલા દિવસ ગયા અને આવવાના આટલા બાકી રહ્યા, એ પ્રમાણે દિવસ ગણીને, આશાએ આશાએ પ્રાણને ધારણા આપી જીવતી રહેલી. વિયોગાવસ્થામાં સ્ત્રીઓના મનની આવી કરૂણ રમણીય પ્રવૃત્તિ સ્વાભાવિક હોય છે. **દિવસ ગણતાં**, એ પદથી વિયોગની અધીરાઈ સૂચવી છે.

એક સ્વામી વ્રત-એક જ પતિને ભજવાનું વ્રત. યક્ષોની ભૂમિમાં એ કાલે સ્ત્રીઓને માટે એક સ્વામિત્વ બહુ સાધારણ નહીં હોય એવો કંઇક અર્થ આ પદમાં સમાએલો હશે. જો એક સ્વામિત્વ ન હોય તો વિયોગનું દુઃખ આટલું તીવ્ર ન હોય અને તેથી મેઘને અપાતો શ્રમ અસ્થાને જ ગણાય, તેવા ભયથી એક સ્વામિવ્રત એ પદ નાયિકાની અનન્ય ભક્તિ સૂચવવાને માટે યોજેલું જણાય છે.

જીવતી-મને મળવાની આશાથી પ્રાણને ધારણ કરી જીવતી રહેલી. મૂળમાં अव्यापन्ना એ નિષેધ મુખપદથી જીવનદશાનું અલ્પ ચિહ્ન જ માત્ર એનામાં અવશિષ્ટ રહેલું હશે એમ સૂચવાય છે, એનો ભાવાર્થ 'જીવતી' એ શબ્દથી આવી શકે છે. ફરી મળવાની આશાથી માત્ર એ જીવતી રહી હશે. આશા નહોત તો તે અવશ્ય વિનાશ પામી હોત.

ભાભી તારી-એ શબ્દથી મેઘની સાથેનો ભ્રાતૃભાવ તથા વિશ્વાસ, નાયિકા પ્રત્યેનું બહુ માન, વગેરેનું સૂચન થાય છે. આવી નિઃશંક પ્રવૃત્તિ એ જ સ્નેહનું ખરું લક્ષણ છે-કહ્યું છે કે-

दर्शितानि कलत्राणि गृहे भुक्तमशंकितम् ।
कथितानि रहस्यानि सौहृदं किमतः परम् ॥

આવા શંકારહિત સંબંધને લીધે એને મળવામાં મેઘને કંઈ પણ સંકોચ નહોવો જોઇએ. મૂળનું अविहतगति એ પદ આવી શક્યું નથી પણ આમાં એનો અંતર્ભાવ થઈ શકે છે.

*પાઠાન્તર-ત્યાં તું, આશે દિવસ ગણતાં પ્રાણ ધારી રહેલી,
જોશે નિશ્ચે, જઈ, પતિવ્રતા જીવતી ભાભી તારી.

આ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં એક રસોદ્બોધક **અર્થાન્તર ન્યાસ** છે.

*ઘેરાયેલો નભ મહિં તને, ભાલથી કેશ સારી,
જોશે આશા ભરી હરખતી નારીઓ પાંથિકોની;
મારી પેઠે પરવશ અરે! કોણ બીજો હશે કે,
તારે આવ્યે વિરહ વિધુરી વા'લીને જે ઉવેખે. ૯

—**આશાતંતુ**=સ્ત્રીઓનાં કુસુમ સરખાં કોમળ, પ્રેમાળ તથા જોતજોતામાં દુઃખથી ફાટી જાય તેવાં હૃદયોને, વિયોગાવસ્થામાં માત્ર **આશાનો** તંતુ=આશાનો તાંતણો જ જીવતાં રાખી શકે છે. એ આશાનો ભંગ થતાં સહજમાં જ તે ફાટી જાય છે. સ્ત્રીઓની પ્રેમાળ અને સુકુમાર વૃત્તિનું કવિએ આમાં બહુ જ અસરકારક નિરૂપણ કર્યું છે. જુવો **માલતીમાધવમાં** કવિ **ભવભૂતિ** એ જ પ્રમાણે લખે છે કેઃ—

आशातंतुर्न च कथयतात्यन्तमुच्छेदनीयः ।
प्राणत्राणं कथमपि करोत्यायताक्ष्याः स एकः ॥

જુવો-ઉદ્ધવદૂતમાં પણઃ-आशापाशैः सखि नवनवैः कुर्वतां प्राणबन्धम् ।

આશાનો પ્રભાવ સર્વને વિદિત છે. દિવસ ગણનામાં એ જ આશા પ્રાધાન્ય ભોગવે છે. આ પદ્ય નાયિકાના નિઃસીમ પ્રેમથી ઉત્પન્ન થતી મરણતુલ્ય કરનારી મહાવ્યથાનું ભાન કરાવી, તે જ પ્રેમ આશાથી પોષણ પામતાં કેવી રીતે પ્રાણનું રક્ષણ કરી શકે છે તેનું રસપ્રદ સૂચન કરે છે. આ પદ્ય મેઘદૂતનાં ઉત્તમ પદ્યોમાંનું એક છે

શ્લોક ૯.

નભમહિં=આકાશમાં. **ભાલથી**=કપાળપરથી. **સારી**=આઘાખસેડી. **પાંથિકો**=પ્રવાસી, વિયોગી. **વિરહવિધુરી**=વિયોગથી ગભરાઈ રહેલી. **ઉવેખે**=વીસારી મુકે, સંભાળ ન લે.

હે મેઘ! તને આકાશમાં ઘેરાયેલો જોઈ, પાન્થિકોની એટલે વિયોગમાં પંથ કરનારાઓની સ્ત્રીઓ તને આશા ભરી આંખથી હરખાઇને જોશે. વર્ષાકાળ આવ્યો માટે પતિ હવે સત્વર ઘેર આવશે, એવી આશા બાંધી તને આદરપૂર્વક નિહાળશે.

*પાઠાન્તર-કાઢી આઘા અલક, લહિને મેહુલો આભછાયો;
જોશે આશા ભરી, હરખતી પાન્થિકોની પ્રિયાઓ.

ભાલથી કેશ સારી-વિયોગાવસ્થામાં સ્ત્રીઓને કેશ સંસ્કાર વગેરે કરવાનો નિષેધ હોવાથી, કપાળપર લટકતા કેશને આઘા ખશેડીને (દૃષ્ટિ ન રુંધાય તેમ આઘા પાછા કરીને) તને આનંદ પામી નિહાળશે. જુવો વિયોગિણીના નિયમ માટે નીચેનો શ્લોક.

ધીરે ધીરે અનુકુળ થતો વાયુ એંચે તને આ,
ડાબે પાસે હરખી ઉચરે ચાતકો શબ્દ સીકો;
*ગર્ભાધાનોત્સવથી રિઝવા, સેવશે, તારી પાસે,
પંક્તિરૂપે થઈ બગલીઓ, આવી, આકાશ માર્ગે. ૧૦

'क्रीडां शरीरसंस्कारं समाजोत्सवदर्शनम् ।
हास्यं परगृहे यानं त्यजेत् प्रोषितभर्तृका' ॥

મારી પેઠે-વિયોગીઓને, (તેમાં વિશેષે કરીને સ્ત્રીઓને,) વર્ષાકાળ ઘણો જ દુ:સહ હોવાથી પોતાની પ્રિયાની ખબર લઈ તેને આશ્વાસન આપવું એ પ્રત્યેક પતિનો ધર્મ છે; તેથી યક્ષ કહે છે કે, હે મેઘ! તારે આવ્યે,-વર્ષાકાળ આવી પહોંચ્યા છતાં પણ, મારા જેવો બીજો કોણ પરવશ હશે, કે જે પોતાની વિયોગથી ગાભરી થઈ રહેલી પ્રિયાની સંભાળ નહીં લઈ શકતો હોય? અર્થાત્ હું એકલો જ એવો દુર્ભાગી છું કે શાપને લીધે મારી પ્રિયાને મળી શકતો નથી.

શ્લોક ૧૦.

આ શ્લોકમાં મેઘનું ગમન સફળ થશે એમ સૂચવતા સારા શુકન વગેરેનું નિરૂપણ કર્યું છે.

અનુકૂલ-મેઘને ઉત્તરમાં જવાનું છે, માટે તે જ દિશામાં વહન કરનારો.

ચાતક-બપૈયો. એ નામનું પક્ષિ છે, જેના શુકન શુભ ગણાય છે.

ગર્ભાધાનોત્સવ-ગર્ભ ધારણ કરવા રૂપ ઉત્સવ, આનંદ.

* પાઠાન્તર-થાતાં નિત્યે પરિચિત તને, ગર્ભનો કાળ જાણી,
પંક્તિરૂપે થઈ બગલીઓ, સેવસે ઉડી આવી;
(અથવા) ગર્ભાધાનોત્સવ પરિચિયે-સેવશે, તારી પાસે.

પંક્તિરૂપે-આકાશમાં તોરણ બાંધ્યાં હોય તેમ હારબંધ થઇને.

ધીરે ધીરે-હે મેઘ! તું જે દિશામાં જાય છે, તે જ દિશામાં તને વહન કરનારો આ વાયુ મંદ મંદ વાય છે, એટલે તને પ્રયાણમાં મદદરૂપ થઈ પડે તેવો છે. આ એક સારા શુકન ગણાય છે. જુવો રઘુવંશમાં પણ पवनस्यानुकूल्यात् प्रार्थनासिद्धिशंसिनः (સર્ગ ૧ લો).

ડાબે પાસે-વળી ડાબા હાથ તરફ, આ ચાતક પક્ષિઓ હર્ષથી મધુર શબ્દો બોલે છે. આ પણ શુભ શુકન ગણાય છે.

પૃથ્વીને જે ફલવતી કરે, ખીલી રે'તાં શિલિંધ્રે,
એવી તા'રી શ્રવણ સુખદા ગર્જના સાંભળીને;
કૈલાસાદ્રિ સુધિ, બિસ ભરી, માનસે ઉડી જાતા,
તારા સાથી નભમહિં થશે રાજહંસો રૂપાળા. ૧૧

बर्हिणश्चातकाश्चाषा ये च पुंसंज्ञिताः खगाः ।
मृगा वा वामगा दृष्टाः सैन्यसंपत्फलप्रदाः ॥ ભારતમલ્લ.

ચાતક=બપૈયો. આ પક્ષિ ચોમાસામાં માત્ર મેઘનું આકાશમાંથી પડતું જળ પીને રહે છે. બપૈયાનો અને મેઘનો સંબંધ ભાગ્યેજ કોઇથી અજાણ્યો હશે. મયૂરની પેઠે મેઘના ઉપર આ પક્ષિને અત્યંત પ્રીતિ હોય છે. જુવો.

तृषाकुलैश्चातकपक्षिणां कुलैः प्रयाचितास्तोयभरावलम्बिनः ।
प्रयान्ति मंदं नववारिधारिणो बलाहकाः श्रोत्रमनोहरस्वनाः ॥
કાલિદાસ-ઋતુ સંહાર.

ગર્ભાધાન-બગલીઓ મેઘના ઉપર બહુજ આસક્ત રહે છે, કારણ કે તે કાળના યોગથી તેમને ગર્ભ રહે છે. ખરું જોતાં વર્ષાકાળનો પ્રારંભ એ એમનો ગર્ભ ધારણ કરવાનો સમય છે તેથી આવી અનુરક્તતા હોય છે. જુવોઃ-

गर्भं बलाका दधतेऽभ्रयोगात् नाके निबद्धावलयः समन्तात् ।
કર્ણોદય.

સ્ત્રીઓને ગર્ભ ધારણ કરવા જેવો બીજો આનંદ નથી, માટે હે મેઘ! અત્યંત હરખાયેલી બગલીઓ આ આનંદ અનુભવવા તારી પાસે આવી તને સેવશે, એમ કહેવાનો હેતુ છે. આથી મેઘનું કામી તરીકેનું સૌભાગ્ય સૂચવ્યું છે, કારણ કે જેમાં સ્ત્રી પોતેજ આવી પ્રાર્થના કરે તે પ્રેમ સર્વોત્તમ ગણાય છે. કામિને આથી વિશેષ લાભ બીજો શો હોઈ શકે?

શ્લોક ૧૧.

શિલિંધ્ર-વર્ષાના આરંભમાં નાની છતરીના આકારનાં ઉગી નીકળતાં પુષ્પ, જેને સામાન્ય લોકો બીલાડીના ટોપ (છત્રી) એ નામથી ઓળખે છે તે. આ પુષ્પો જે ભૂમિમાં ઉગી નીકળે તે ભૂમિ વિશેષ ફળદ્રૂપ નીવડે છે, એવું માનવામાં આવે છે.

—कालाप्रयोगादुदिता शिलींध्राः संपन्नसस्यां कथयन्ति धात्रीम् । निमित्तनिदानः

શ્રવણ સુખદા—ગ્રીષ્મના અત્યંત તાપથી તપેલાં પ્રાણિમાત્રને મેઘની ગર્જના અત્યંત કર્ણપ્રિય લાગે છે. મેઘની આવી ગર્જના સાંભળીને હંસો ચોમાસાનું ડોહોળાયલું પાણી અને કીચડવાળી પૃથ્વીને તજી દઈ, પોતાને પ્રિય **માનસરોવરપર** જતા રહે છે. આથી કવિએ મેઘને એમ કહ્યું છે કે, રાજહંસો પણ અહીંથી તારો સંગાથ કરી કૈલાસ સુધી ઉત્તરે આવશે, એટલે તને માર્ગમાં વિનોદ થશે. **મલ્લિનાથ** લખે છે કે—બીજી ઋતુમાં **માનસરોવરપર** અત્યંત બરફ પડવાથી હંસોને એક જાતનો રોગ લાગુ પડે છે, તેથી તે બીજે નાશી જાય છે અને વર્ષામાં પાછા ત્યાં જાય છે. આ બાબતની વિશેષ માહિતીને માટે જુવો **મ્યુર ક્રૉફ્ટની માનસરોવરની** મુસાફરી–**એશીઆટીક** રીસર્ચીસ વો. ૧૨–૪૬૬ પાનું.

માનસરોવર—આ સરોવર હિમાલયમાં આવેલું છે. પુરાણોમાં, એને બ્રહ્માએ મનથી ઉત્પન્ન કર્યું છે, એમ માનવામાં આવે છે માટે એનું નામ **માનસ** છે. **રામાયણ** અને **વાયુપુરાણમાં** એમ છે કે, જ્યારે આકાશમાંથી સમુદ્રનો પ્રવાહ નીચે આવ્યો ત્યારે તે મેરુ ઉપર પડ્યો અને તેના ચાર વિભાગ પડી ચાર સરોવર થયાં–(૧) **અરુણોદ**, (૨) **શીતોદ**, (૩) **મહાભદ્ર** અને (૪) **માનસ**, જેમાંથી ગંગાનો પ્રવાહ વહે છે. ખરું જોતાં આ સરોવરમાંથી એકે નદી વહેતી નથી; માત્ર સતલજ નામની નદી–**રાવણહૃદ** નામના સરોવરમાંથી વહે છે, જે માનસની પશ્ચિમે આવ્યું છે. ડા. **વિલસન** કહે છે કે, આ સરોવર હિમાલય અને કૈલાસની વચ્ચે છે. કૈલાસાદ્રિ–કૈલાસ પર્વત. હિમાલયની ઉત્તરે અત્યંત ઉંચી પર્વતની જે શાખા આવેલી છે તે કૈલાસ શિવનું ધામ ગણાય છે, અને કુબેરની રાજધાની અલકા એના ઉપર આવેલી છે. એને રજતઅદ્રિ અથવા રૂપેરી પર્વત પણ કહે છે. એ, મી–**ઓલડીયસના**–વૃત્તાંતપરથી લખે છે કે, મહામેરુની દક્ષિણે આવેલો આ કૈલાસ ઈશ્વરનું અત્યંત પ્રિય સ્થાન છે અને અત્યંત રમણીય પ્રદેશ છે. એ અનેક જાતનાં ઋતુ ઋતુનાં પુષ્પો ફળો આપનારાં વૃક્ષોથી ભરપૂર છે. ગુલાબ આદિ વિવિધ જાતનાં પુષ્પોની સુવાસ ત્યાં ચારે તરફ નિરંતર પસરી રહે છે અને એની તળેટી આગળ આવી રહેલા સરોવરની આસપાસ ઘટાદાર છાયાવાળાં વૃક્ષોની હારોની હારો આવી રહેલી છે અને મયૂર વગેરે પક્ષીઓના ત્યાં મધુર કલરવ નિરંતર સંભળાયા કરે છે. પાસેના જંગલોમાં મુનિઓ અથવા ઋષિઓ એ નામથી ઓળખાતા લોકો રહે છે, જે બીજાના પરિચયમાં ન આવતાં હમેશાં યજ્ઞાદિક કરી દેવનું આરાધન કર્યા કરે છે. આ ઋષિઓ

તું આ ઉંચા ગિરિસુહૃદની, લે રજા ભેટી મિત્ર!
જે છે પાર્શ્વે,* રઘુપતિતણાં પૂજ્યપાદે પવિત્ર;
વર્ષામાંહે, ફરી ફરી તને ભેટતાં દીર્ઘકાળે,
દેખાડે છે તુજ ઉપરનો સ્નેહ ઉની વરાળે. ૧૨

શાપ દેવામાં અને અનુગ્રહ કરવામાં સમર્થ હોય છે એવું ત્યાં મનાય છે. વળી **યક્ષ, કિન્નર** અને **ઇંદ્ર** એ નામની બીજી જાતો પણ ત્યાં વસે છે, જે સર્વ પ્રકારની ઉપાધિઓથી મુક્ત રહી દેવોનું ગુણગાન અને સ્તવન કરે છે......................

આ પર્વતની આસપાસ પગથીઆંની સાત સીડીઓ છે, જે ઉપર ચઢતાં વિશાળ પ્રદેશ આવે છે, ત્યાં એક રૂપાનો ઘંટ અને નવ ઉંચા પ્રકારનાં રત્નોથી જડિત (જલાધારી?) છે જેમાં રહેલા શિવલિંગમાં નિરંતર ઈશ્વરનો વાસ છે............

બિસ–કમળના તંતુઓ–માર્ગમાં ખાવાને માટે કમળમાંના તંતુઓ ભાથા તરીકે ભરી લઇને રાજહંસો ઉડી જાય છે.

શ્લોક ૧૨.

* પાઠાન્તર–મધ્યે.

તું આ–કવિએ આમાં રામગિરિ પર્વતનું અને મેઘનું સખ્ય કલ્પેલું છે. આ પર્વત મલ્લિનાથ કહે છે તેમ **ચિત્રકૂટ** નહીં, પરંતુ **રામગિરિ** કે, જ્યાંથી મેઘનો માર્ગ શરુ થાય છે, તે હોવો જોઇએ.

જે છે–રામના નિવાસથી–એમનાં પૂજ્ય પગલાંના સંસર્ગથી, આ પર્વત પવિત્ર ગણાય છે. ઉંચા અને રઘુપતિ પદે પવિત્ર, એ વિશેષણોથી કવિએ મેઘની સાથેની મૈત્રીની એની યોગ્યતા બતાવી છે.

વર્ષામાંહે–પ્રત્યેક વર્ષાકાળ બંને મિત્રોનો મેળાપ થાય છે, તે વખતે ઘણા કાળના વિરહ પછી પોતાના મિત્ર મેઘને ભેટતાં, પર્વત સ્નેહનાં અશ્રુ પાડે છે, ઇત્યાદિથી જડમાં ચૈતન્યની ભાવના કલ્પિ કવિએ મિત્રસ્નેહનું મનોહર ચિત્ર આપ્યું છે. ઘણે કાળે સ્નેહીને ભેટતાં મનુષ્યોને સ્નેહનાં આંસુ આવવાનો અનુભવ ઘણાએ કર્યો હશે. જડમાં ચૈતન્યનો આરોપ કરી જનસ્વભાવનું હૃદયંગમ ચિત્ર આપી રસવૃત્તિને સ્પર્શ કરવાની શક્તિ **કાલિદાસ**ની વાણીમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે અને ખાસ કરીને આ **મેઘદૂત**માં એવા મનોહર પ્રસંગો અનેક સ્થળે દૃષ્ટિએ પડે છે.

પે'લાં તા'રે શ્રવણ કર તું, માર્ગ છે જે જવાનો,
સંદેશો હું કહિશ પછિથી, ધ્યાનમાં રાખવાનો;
થાકે ત્યારે ગિરિપર ધરી પાય વીસામજે તું,
ખાલી થાતાં, જળ પી હલકું, ચાલજે, નિર્ઝરોનું. ૧૩

અદ્રિકેરું શિખર પવને શું ઉડે, એમ ધારી,
જોવાતો તું ચકિત બનતી મુગ્ધ સિદ્ધાંગનાથી;
ઉડી વ્યોમે સરસ નિચુલ સ્થાનથી, ઉત્તરે, આ,
દિઙ્નાગોના સ્થુળ કરતણો ગર્વ ઊતારતો જા. ૧૪

શ્લોક ૧૩.

આ શ્લોકથી માંડીને મેઘના પ્રયાણનો માર્ગ શરુ થાય છે. દક્ષિણે **રામગિરિ** અને ઉત્તરે **અલકા**, એ બેની વચ્ચે માર્ગમાં આવતાં સુપ્રસિદ્ધ સ્થળો કવિએ ઘણા સારા અનુક્રમથી બતાવ્યાં છે, જે નામોથી આપણે હજી પણ ઘણી સારી રીતે વાકેફ છીએ. આ ઉપરથી, કવિનું આર્યાવર્તની ભૂગોળનું કેવું પાકું જ્ઞાન હશે, તે આપણને જણાઈ આવે છે. આ કાવ્યના **પૂર્વમેઘ** અને **ઉત્તરમેઘ** એવા બે ભાગ છે. કૈલાસ સૂધીનો માર્ગ બતાવી રહે છે, ત્યાં સૂધીના ભાગને **પૂર્વમેઘ** કહેવામાં આવે છે અને જ્યાંથી **અલકા**નું વર્ણન શરુ થાય છે, ત્યાંથી સંદેશાનાં છેલ્લાં વચન સૂધીના ભાગનું નામ **ઉત્તરમેઘ** છે.

થાકે ત્યારે-હે મેઘ! તું થાકે ત્યારે માર્ગમાં આવતા મોટા મોટા ગિરિપર વિશ્રાંતિ લેજે અને જ્યારે જ્યારે વૃષ્ટિ કરતાં તું ખાલી થાય ત્યારે પર્વતોમાંથી વહેતાં ઝરણોનું હલકું પાણી પી પાછો માર્ગે પડજે, એવો ભાવાર્થ છે.

શ્લોક ૧૪.

અદ્રિકેરું-જાણે પર્વતનું શિખર આકાશમાં ઉડતું હોય એમ ધારી આશ્ચર્ય પામતી સિદ્ધોની મુગ્ધા-સ્ત્રીઓ તને જોઈ રહેશે. **અદ્રિનું શિખર**-એમ કહેવાથી મેઘની પ્રૌઢતા બતાવી છે. પર્વતો પણ દૂરથી મેઘના જેવા શ્યામ વર્ણના દેખાય છે તેથી બંનેની સમાનતા બતાવી છે.

સિદ્ધ–એ અડધા દેવ અને અડધા મનુષ્ય ગણાય છે. તે વાયુના ઉપરના માર્ગમાં રહેનાર છે અને **અણિમા**, **લઘિમા**, આદિ અષ્ટ સિદ્ધિવાળા હોય છે–

अणिमा लघिमा प्राप्तिः प्राकाम्यं महिमा तथा ।
ईशित्वं च वशित्वं च तथा कामावसायिता ॥

ઇત્યાદિ સિદ્ધિઓ ગણાય છે. **સિદ્ધો**, **વિદ્યાધરો** પણ કહેવાય છે.

મુગ્ધસિદ્ધાંગના–અલ્હેતી સિદ્ધ લોકોની સ્ત્રીઓ–मुग्धा षोडशवार्षिकी. સોળ વરસની નાની ઉમ્મરની હોય તે મુગ્ધા કહેવાય. મુગ્ધત્વને લીધે ચકિત થયેલી એમ કહ્યું છે. ત્રાસ, શંકા, વિસ્મય, ઔત્સુક્ય આદિ ભાવોથી, વિવિધ વિલાસવાળી સિદ્ધોની સ્ત્રીઓની દૃષ્ટિનો તું પ્રયાણના આરંભમાં જ અતિથિ થઇશ એવો ભાવ છે.

આ સરસ નિચુલ સ્થાનથી–સરસ–રસભરેલાં–લીલાં છમ. **નિચુલ**–એક જાતના, પાણીમાં ઉગતા નેતર જેવા છોડ. અહીં **નિચુલ**ના, મલ્લિનાથ બે અર્થ આપે છે. એક છોડ તથા બીજો **કાલિદાસ**નો મિત્ર **નિચુલ** નામે રસિક કવિ–જેને **કાલિદાસ**ના લેખને માટે ઘણો સદ્ભાવ હતો–તેને રહેવાના સ્થાનથી એવો અર્થ છે.

દિંગ્નાગોના–દિશાને પાળનાર દશ હસ્તિઓ–તેના **સ્થૂળ**–ભારે, **કર**–સુંઢો તેનો ગર્વ ઉતારતો તું ચાલ્યો જજે. તને પર્વતનું શિખર માની તારી સાથે ક્રીડા કરવા, અથવા મદોન્મત્ત હાથી જાણી તારી સાથે લડવા આવતાં સુંઢોથી પ્રહાર કરે તો તું તેમનો ગર્વ ઉતારી નાંખજે.

જુવો **કુમાર** સંભવમાં પણ એવું કહેલું છેઃ–

तदीया तोयदेष्ववद्य पुष्करावर्तकादिषु ।
अभ्यस्यन्ति तटाघातं निर्जितैरावता गजाः ॥

અહીં પણ **મલ્લિનાથ** આ શબ્દમાં **દિંગ્નાગાચાર્ય** નામે **કાલિદાસ**નો પ્રતિસ્પર્ધિ એવો અર્થ સૂચવે છે. આ આખા શ્લોકમાં મલ્લિનાથ નીચે પ્રમાણે એક ગૂઢ અર્થ ઘટાવે છે–

કવિ પોતાની વાણીની પ્રશંસામાં પોતાના લેખને ઉદ્દેશીને કહે છે કે–હે મેઘદૂત! અદ્રિકેરુશિખર–પર્વત જેવા મોટા દિંગ્નાગાચાર્યનું પ્રધાનપણું=મોટાઈ, હવે આ પવનમાં ઉડે છે એમ ધારી આશ્ચર્યથી સિદ્ધ–અંગના,–મહાકવિઓ અને સ્ત્રીઓથી પ્રશંસાપૂર્વક જોવાતો તું, આ નિચુલ નામના રસિક કવિના સ્થાનથી દોષ રહિત હોવાને લીધે ઉંચું માથું કરી બેધડક આગળ ચાલ અને માર્ગમાં દિંગ્નાગાચાર્યના સ્થૂલ હસ્તના લેખોનો ગર્વ ઉતારી નાખી વિજયી થઈ પ્રયાણ કર.

જૂદાં જૂદાં કિરણ મણિનાં, હોય સંમિશ્ર તેવું,
પેલા શૃંગે દિસતું અડધું ચાપ આ ઇન્દ્રકેરું;
તેથી તા'રું શરીર રૂડુંઆ શ્યામળું શોભિરે'શે,
ધારી આવ્યા મયૂર પિંછને, કૃષ્ણ શું ગોપવેષે. ૧૫

આ અર્થ પણ ઘણો તાણી તોસીને કાઢવો પડે છે, એમાં તો શંકા નથી. તે કાળે વિદ્વાનોમાં આવી કંઇક સમજ હશે જેથી આવો ગર્ભિત હેતુ આ શ્લોકમાં આરોપવામાં આવ્યો છે.

કાશ્મીરમાં, ૯ મા સૈકામાં થઈ ગયેલો મેઘદૂતનો જૂનામાં જૂનો ટીકાકાર **વલ્લભદેવ** આ બૌદ્ધ મતના ઉપદેશક દિંગ્નાગાચાર્યને માટે કંઈ પણ સૂચન કરતો નથી એટલે **મલ્લિનાથે** પોતાના વખતમાં ચાલતી કોઈ દંતકથા ઉપર આધાર રાખી આમ લખ્યું હશે, પણ ખરું જોતાં તે ભૂલ છે. દિંગ્નાગ અને **નિચુલનો** સમકાલીન **કાલિદાસ**, આ કાવ્યનો કર્તા **કાલિદાસ** નહીં, પણ **ભોજના** સમયમાં થઈ ગયેલો બીજો જ એ નામનો કવિ છે, તે નીચેના પ્રમાણથી સિદ્ધ થાય છે. **ભોજના** વખતના એક **કાલિદાસે** **નાનાર્થશબ્દરત્ન** નામે ગ્રંથ લખ્યો છે અને તેના ઉપર એના મિત્ર **નિચુલે** **તરલા** નામની વ્યાખ્યા લખી છે, તેમાં એ પોતાને **ભોજનો** આશ્રિત અને **કાલિદાસનો** મિત્ર લખે છે-જુવો એ ગ્રંથના પ્રારંભ અને અંતનો લેખ.

પ્રારંભ—स्वमित्रकालिदासोक्तशब्दरत्नार्थजृंभिताम्
तरलाख्यां लसद्व्याख्यामाख्यास्ये तन्मतानुगाम्—।

અંત—इति श्रीमन्महाराजशिरोमणिश्रीभोजराजप्रबोधितनिचुलकवियोगि-
चन्द्रनिर्मितायां महाकविकालिदासकृतनानार्थशब्दरत्नकोशरत्नदीपि-
कायां तरलाख्यायां सर्वं तृतीयं निबन्धनम् ।

સસ્ત હસ્તલિખિત ગ્રન્થોનું કેટલોગ. મદ્રાસ ગવર્મેન્ટ—૧૯૦૬. પાનું ૧૧૭૫.

શ્લોક ૧૫.

પર્વતના સામા શિખર પાછળ ઇન્દ્રચાપ-મેઘધનુષ્ થયેલું જોઈ યક્ષ કહે છે કે- વિવિધમણિ-રત્નોનાં જૂદા જૂદા રંગનાં કિરણોનું મિશ્રણ થયું હોય તેવું ઇન્દ્રધનુષ

તા'રામાં છે ફળ કૃષિતણું, પ્રીતિથી એમ ધારી,
ન્યાળી જોશે જનપદ વધૂ, દૃષ્ટિથી નિર્વિકારી;*
તાજી ખેડયે મઘમઘી રહ્યાં, માળનાં ખેતરોને,
ઓળંગીને ઝટ, વળિ જરા, ઉત્તરે માર્ગ લેજે.† ૧૬

આ શિખર પાછળ દેખાય છે, તેનાથી આ તારું શ્યામવર્ણનું શરીર, મોરનાં પિચ્છનો મુકુટ પહેરીને ગોપ-ગોવાળીયાનો વેષ ધારણ કરી ભગવાન્ કૃષ્ણ આવ્યા હોય તેવું શોભાયમાન લાગશે. મેઘધનુષમાં વિવિધ રંગોનું મિશ્રણ હોય છે, તેથી કવિએ રત્નોનાં વિવિધ રંગનાં તેજનાં કીરણોની સાથે સરખામણી કરી છે અને મેઘના શ્યામ વર્ણના દેહને કૃષ્ણના શ્યામવર્ણ સાથે સરખાવ્યો છે. ગોવાળોને સ્વાભાવિક રીતે મોરનાં પીછાં પહેરવાનો ઘણો શોખ હોય છે, અને એમાં પણ વચ્ચેના ચંદ્રકમાં વિવિધ રંગોનું મિશ્રણ હોય છે. જુવો गीतगोविंद–

चन्द्रकचारुमयूरशिखंडकमंडलवलयितवेशम् ।
प्रचुरपुरंदरधनुरनुरंजितमेदुरमुदितसुवेशम् ॥

અહિં મેઘધનુષ બતાવ્યું છે તે પ્રયાણ વખતે મંગળ સૂચક ગણાય છે એવા કંઇક હેતુથી હશે-જુવો.

चापमैन्द्रमनुलोममखण्डं प्रोज्ज्वलं वहलमायतमीष्टम्–મહાયાત્રા.

શ્લોક ૧૬.

પાઠાન્તર–* ભ્રૂવિલાસે અજાણી.

† તાજી ખેડે મઘમઘી, રહ્યાં માલ ક્ષેત્રો પરેથી,
કિંચિત્ પાછો ફરી, ઝટ જજે, ઉત્તરે મિત્ર ત્યાંથી.

આ શ્લોકથી મેઘનું પ્રયાણ શરૂ થાય છે.

હે મેઘ! તારા ઉપર કૃષિનું-ખેતીનું ફળ આધાર રાખે છે એમ જાણીને, ભ્રૂવિલાસે અજાણી-ચતુરાઈ ભરેલી ભમર અને નેત્રની ચેષ્ટાઓથી અજાણી-જનપદ વધૂઓ-દેશની સાદી અને ભોળી સ્ત્રીઓ તને મીઠી નજરે પ્રેમથી ધારી ધારીને જોશે. તને ઉપકારી રૂપ જાણી નિર્વિકારી દૃષ્ટિથી તને સત્કાર આપશે. અર્થાત્ આવી મુગ્ધાઓના સ્વાભાવિક નેત્રવિલાસને પણ તું અનુભવિશ. સ્ત્રીઓના નેત્રવિલાસનું પાત્ર થવું, એ એક ભાગ્યશાલીનું લક્ષણ છે-જુવો.

अलसवलितैः प्रेमार्द्रार्द्रैर्मुहुर्मुकुलीकृतैः ।
क्षणमभिमुखैर्लज्जालोलैर्निमेषपराङ्मुखैः ॥
हृदयनिहितं भावाकूतं वमद्भिरिवेक्षितैः ।
कथय सुकृतिः कोयं मुग्धे त्वयाद्य विलोक्यते ॥

માલદેશની સ્ત્રીઓ તને આવો સત્કાર આપશે, માટે તાજાં ખેડાયેલાં અને સહજ વૃષ્ટિથી મીઠી સુગંધ આપતાં ત્યાંનાં ખેતરો ઉપર થઈ પાછો તું જલદી ઉત્તર તરફ ચાલજે–અર્થાત્ એમના નેત્ર સત્કારનો બદલો આપવા એ દેશ ઉપર વૃષ્ટિ કરતો તું જરા પાછો પડી ઉત્તરે ચાલજે, કારણ કે સત્કારનો સ્વીકાર કરવો અને ઉપકારનો બદલો વાળવો એ સજ્જનનું લક્ષણ છે, એમ કહેવાનો ભાવ છે.

માલક્ષેત્ર–આને કેટલાએક ટીકાકારો ડુંગરો ઉપરનાં ખેતરો કહે છે. મલ્લિનાથ પણ એવો જ અર્થ લે છે–કોઈ એને માલદેશ કહે છે–"मालाख्यं देशं"–"मालाभिधानं देशं"–(મેઘલતા.) કોઈ એને માલવા દેશ કહે છે. ડૉ૦ વીલસન એને છત્તીસગઢના ઉત્તર ભાગમાં **માલડા** નામનું શાહેર જે **રતનપુરથી** ઉત્તરે છે તે કહે છે, અને मालं हि दक्षिणाशास्थं तेन चोत्तराशा गन्तव्येति गतिप्रवलनम् (વલ્લભ). દક્ષિણ તરફ આવેલો માલદેશ–જેથી મેઘને વળવાનું કહ્યું છે એમ પણ કોઈ ટીકાકાર કહે છે.

નાગપૂરની પાસે **રામગિરિ** માનીએ, તો તેની સહજ દક્ષિણે ૪૦–૫૦ માઇલ હાલ જેને **યવતમાળ** કહે છે તે આવેલો છે. માળવા ત્યાંથી વધારે દૂર પશ્ચિમ તરફ છે. કવિ મેઘને પ્રારંભમાં જ લગાર પાછો જઈ ઉત્તરે જવાનું કહે છે, તેથી આ **યવત**માલનો પ્રદેશ હશે એમ મારું ધારવું છે. અહિંથી મેઘ સિદ્ધો ઉત્તરે જાય છે અને પ્રથમ સ્થાન **આમ્રકૂટ (અમરકંટક)** જે નર્મદાના મૂળ આગળ છે તે આવે છે અને પછી નર્મદા આવે છે. **યવતમાળ–(બીરાર** ડીસ્ટ્રીક્ટ)થી ઉત્તરે જતાં સીદ્ધુ નર્મદાનું મૂળ આવે છે અને અમરકંટક પણ ત્યાં આગળ છે, એટલે આ અર્થ વધારે સંભવિત લાગે છે. ડૉ૦ વિલસન માલડા શાહેર કહે છે તે બરોબર લાગતું નથી, કારણ કે **માલ** દેશ પછી **અમરકંટક** અને **નર્મદા** આવે છે અને **માલડાથી અમરકંટકમાં** જવા માટે મેઘને સીદ્ધુ પશ્ચિમમાં લગભગ ૩૦૦–૪૦૦ માઇલ સુધી જવું પડે તેમ છે.

ધારાઓથી શિતળ કરિને કાનનોના દવાગ્નિ,
આવ્યો જાણી શ્રમ કરિ ઘણો, માર્ગમાં ખૂબ થાકી;
સારી રીતે ધરિ લઈ સખે! શિખરોમાં અચૂક,
વીસામો ત્યાં ગિરિવર તને આપશે આમ્રકૂટ.
કીધો હોયે પ્રથમ કદિ જો કોઇને ઉપકાર,
તો તે તેનો ગુણ ન વિસરે, હોય જો ક્ષુદ્ર તો'ય;
તા'રા જેવો સુહૃદ પછિ જ્યાં આશ્રયે આવનાર,
મોટા છે તે કયમ વિસરશે, આપતાં આવકાર. ૧૭
છાઈ સીમા ભરચક, પીળી આમલે પાકી સાખો,
તું એકાથી શિખરપર ત્યાં, સ્નિગ્ધ વેણીસમાણો;

શ્લોક ૧૭.

ઘણો માર્ગ કાપ્યા પછી યક્ષ મેઘને **આમ્રકૂટ**પર વિસામો લેવાને કહે છે.

દવાગ્નિ–વનમાં બળતો અગ્નિ. પર્વતમાં બળતા અગ્નિને વૃષ્ટિથી શાન્ત કરી તું માર્ગમાં ઘણો થાકી ગયો હોઇશ, એમ જાણી તારા ઉપકારને સ્મરી **આમ્રકૂટ** તને અવશ્ય વિસામો આપશે; કારણ કે નીચ માણસ પણ ઉપકારને સ્મરી આવકાર આપવા ચૂકે નહીં, તો પછી એવા મોટા–ઉંચા પર્વતનું શું કહેવું? એમ ભાવાર્થ છે. આમ થતાં તને પ્રથમ વિસામે જ સુખ થશે. આ ધારેલા કાર્યની સિદ્ધિ કરનારા શુભ શુકન કહેવાય છે. જુવો.

प्रथमावसथे यस्य सौख्यं तस्याखिलेऽध्वनि ।
शिवं भवति यात्रायां अन्यथात्वशुभं ध्रुवम् ॥ (निमित्तनिदान)

આમ્રકૂટ=વિન્ધ્યાચળના પૂર્વ ભાગે આવેલો એક પર્વત, કે જ્યાંથી **નર્મદા** નદી નીકળે છે અને જે હાલ **અમરકંટક** એ નામથી ઓળખાય છે. આ શબ્દ આમ્રકૂટનો અપભ્રંશ હશે. એનો મૂળ અર્થ, જેનાં શિખરો આંબાઓનાં ઝાડથી ઢંકાયેલાં છે એવો પર્વત–એમ છે.

શ્લોક ૧૮.

આમ્રકૂટ પર્વત પાકીને પીળી થયેલી આંબાની સાખોથી ચારે તરફથી પીળાશ પડતો દેખાય છે અને તેના ઉંચા શિખરપર કાળા રંગનો મેઘ વિશ્રાન્તિ લેશે તે વખતે

શોભીરે'તો ગિરિ નિરખશે, દેવનાં દંપતીઓ,
જાણે ગોરો સ્તન ભૂમિતણો, મધ્યમાં શ્યામવર્ણો. ૧૮

આ પર્વત વિમાનમાંથી દેવતાઓ જોઈ રહે એવો શોભાયમાન થશે. કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે ઉપરથી શ્યામ અને આજુબાજુથી ગૌર દેખાતો જાણે ભૂમિનો સ્તન હોય તેવો એ પર્વત શોભાયમાન દેખાશે.

સ્નિગ્ધવેણી સમાણો–સ્ત્રીની સુંવાળી અને કાળી વેણીના જેવો. જે મેઘ વધારે શ્યામ અને તેજસ્વી હોય તે ઘણી વૃષ્ટિ કરનારા હોય છે, માટે સ્નિગ્ધ શબ્દે એની અત્યંત જળની પૂર્ણતા બતાવી છે. દેવતાઓ પણ પર્વતને જોઈ રહેશે એમ કહી ઉચ્ચના સંગથી ગુણ અને શોભા વિશેષ દીપી નિકળે છે એમ સૂચવ્યું છે. સૃષ્ટિ સૌન્દર્યનું આ બહુ મનોહર વર્ણન છે, તેનો ચિતાર જેણે ચોમાસામાં પર્વતો ઉપરથી નીચેની ભૂમિનો રમણીય દેખાવ જોયો હશે, તેને સહજ આવી શકશે.

અહીં વર્ષાનો પ્રારંભકાળ છે, લીલોતરી અને વૃક્ષાદિથી છવાયેલી અને જળના રૂપેરી પ્રવાહોવાળી વનભૂમિ, પાકી રહેલા આંબાઓથી ચોમેર પીળો દેખાતો આમ્રકૂટ પર્વત, એના શિખરપર કાળા મેઘનો વિશ્રામ, ભૂમિને સ્ત્રીનું સ્વરૂપ, પર્વતને સ્તનનું સ્વરૂપ, ઇત્યાદિ સામગ્રી કલ્પિને કવિએ **વિન્ધ્યાટવીના** સૌન્દર્યને દૃષ્ટિ આગળ તરી રહે એવું મનોહર ચિતર્યું છે. છેક **અલકાનગર** સુધી માર્ગમાં આવતા આવા કુદરતના દેખાવોને કવિએ ઘણા સરસ ચિતરીને પૂર્વમેઘના માત્ર વર્ણનાત્મક ભાગને પણ ઘણો મનોહર બનાવ્યો છે, એ એનું અસાધારણ ચાતુર્ય દર્શાવે છે. **કાલિદાસની** કલ્પના શક્તિ એવી અદ્ભુત છે કે, સૃષ્ટિ સૌન્દર્યનું ચિત્ર, એક ચિત્રકાર પોતાની પીછીથી જેવું ન ચિતરી શકે તેવું ચિત્ર એ પોતાના શબ્દોથી ચિતરી આંખ આગળ ખડું કરે છે એટલુંજ નહીં પણ, એના શબ્દોની રચના એવી મનોહર છે કે તેના વાચ્યાર્થ કરતાં સૂચિતાર્થમાં એ અનેક પ્રકારની રમણીયતા આપણી નજર આગળ ખડી કરી શકે છે. આખી વિન્ધ્યાટવીનું વર્ણન આનો એક ઉત્તમ નમુનો છે, જે આગળના શ્લોકો વાંચતાં સમજાશે. ઉત્તમ ચિત્રકારનાં સૃષ્ટિસૌન્દર્યનાં ચિત્રો જેમ દૃષ્ટિમર્યાદાને દૂર ને દૂર ખેંચી જાય છે, તેમ **કાલિદાસના** શબ્દનાં ચિત્ર એક વસ્તુને એવી ખુબીથી ચીતરે છે કે તેની સાથે આપણી દૃષ્ટિ એકથી અનેક મનોહર વસ્તુઓને જોતી જોતી આનંદનો અનુભવ કરતી દૂરને દૂર ચાલી જાય છે.

તે અદ્રિમાં વનવધૂવડે ભોગવેલી નિકુંજે,
થોભી થોડું વરસી હલકો થૈ, જતાં શીઘ્ર માર્ગે;
જોશે વાંકીચુકી વિખરતી નર્મદા વિંધ્યપાદે,
જાણે વેલી વિવિધ ચિતરી હોય શું હસ્તિ અંગે. ૧૯

શ્લોક ૧૯.

તે આદ્રિમાં—એ **આમ્રકૂટ** પર્વતમાં—**વનવધૂ**—વનમાં રહેનાર—વનવાસીઓની જુવાન સ્ત્રીઓથી ભોગવાયેલી કુંજો જેમાં છે એવા એ પર્વતપર તું થોડો વિશ્રામ લેજે, વધારે નહીં; કારણ કે વિલંબ થાય. અહીં પણ વનચર દંપતીઓનો વિનોદ, તારા નેત્રને આનંદદાયક થઈ પડશે એમ કહેવાનો ભાવાર્થ છે. આ ઠેકાણે ખૂબ વૃષ્ટિ કર્યા પછી હલકો થઈ તું સત્વર ચાલી શકીશ અને આગળ ચાલતાં વિન્ધ્યગિરિના પાદમાં વાંકી ચુકી વિખરાઈ વહેતી નર્મદાને તું જોઇશ. તે જાણે હાથીના અંગ ઉપર વિવિધ વેલો ચીતરી હોય તેવી શોભાયમાન દેખાશે. અહીં વિન્ધ્યગિરિને હાથીનું રૂપ આપ્યું છે અને નર્મદાને વાંકી ચુકી વેલનું રૂપ આપ્યું છે—એ નર્મદાનાં દર્શનથી તને પુણ્ય ફળની પ્રાપ્તિ થશે એમ સૂચવ્યું છે, કારણ કે નર્મદા પણ ગંગાના સમાન પાપને હરનારી ગણાય છે. જુવો.

गंगास्नानेन यत्पुण्यं तद्रेवादर्शनेन च ।
यथा गंगा तथा रेवा तथा देवी सरस्वती ॥
समं पुण्यफलं प्रोक्तं स्नानाद्दर्शनचिन्तनैः ।

નર્મદા—રેવા. આ નદી **ગોન્ડવન પ્રાન્તમાં અમરકંટક**—આમ્રકૂટમાંથી નીકળી લગભગ આઠસો માઈલનો માર્ગ કાપી પશ્ચિમે ખંભાતના અખાતને મળે છે. **અમરકુંટકમાંથી** નીકળ્યા પછી નર્મદાનો પ્રવાહ ઉંચી સપાટીવાળા પર્વતથી રોકાય છે તેથી તે નીચાણનો માર્ગ શોધતી શોધતી આડી અવળી વહે છે. આ ઉચ્ચ પ્રદેશમાંથી **શોણ, હસ્સુ** વગેરે કેટલીક નદીઓ ઉત્તર તરફ અને કેટલીક દક્ષિણ તરફ વહે છે.

વિન્ધ્ય—આ પર્વત હિન્દુસ્તાનના મધ્ય ભાગમાં પૂર્વ પશ્ચિમ આવેલો છે અને ઘણાજ વિસ્તારવાળો છે. ઉત્તરમાં એનો કેટલોએક ભાગ ગંગા સુધી પહોંચે છે અને દક્ષિણ ભાગ ગોદાવરી સુધી પ્રસરે છે. એ ઉત્તર હિન્દુસ્તાન અને દક્ષિણ હિન્દુસ્તાનના વિભાગ પાડનારી મર્યાદારૂપે ગણાય છે. ઉત્તર હિન્દુસ્તાન અથવા આર્યાવર્તની દક્ષિણ

વર્ષી ખાલી થઈ, ગજમદે કૈંક તીખું* સુગંધી,
જંબુ કુંજે ખળિ રહ્યું ભરી, પાણિ એનું ફરીથી;
ભારે થાતાં ઘન! નહિ શકે વાયુ ખેંચી તને ત્યાં,
હોયે ખાલી હલકુ સઘળું, ભાર છે પૂર્ણતામાં. ૨૦

મર્યાદા રૂપે એને પૂર્વના ઋષિ મુનિઓ ગણતા હતા. આ વિન્ધ્યને માટે એક એવી દંતકથા ચાલે છે કે-**મેરુની** સ્પર્ધાથી એણે સૂર્યને પોતાની આસપાસ ફરવાનું કહ્યું. સૂર્ય **મેરુની** પાછળ ફરે છે તેથી રાત અને દિવસ થાય છે એવું આપણામાં મનાય છે. સૂર્યે તેમ કરવાની ના પાડી તેથી ચંદ્ર સૂર્યના માર્ગને રોકી નાખવાને માટે તે ઉંચો વધતો ગયો. આથી ભય પામી દેવતાઓએ **અગસ્ત્યને** પ્રાર્થના કરી એને સમજાવવાનું કહ્યું; **અગસ્ત્યે** એને સમજાવી કહ્યું કે, હું તારા વાંધાનો નિર્ણય કરી આવું છું, પણ હું આવું ત્યાં સુધી તારે ઉંચા ન વધતાં લાંબા થઈ સૂઈ જવું. **વિન્ધ્યે** કબુલ કર્યું અને પૂર્વ પશ્ચિમ લાંબો થઈ સૂતો, પણ **અગસ્ત્ય** ગયા તે હવે આવશે. **વિન્ધ્ય** વચન પાળી હજી એમનો એમ પડી રહ્યો છે. આપણામાં "**અગસ્તના** વાયદા" એ કહેવત આ ઉપરથી પડી હશે.

શ્લોક ૨૦.

* પાઠાન્તર-તૂરું. **વર્ષી**=વૃષ્ટિ કર્યા પછી ખાલી થતાં-

ગજમદે=હાથીઓના માથામાંથી ટપકતા મદથી સુગંધી. વિન્ધ્ય પર્વતમાં હાથીઓ ઘણા થાય છે તેથી **નર્મદાના** જળમાં નહાતાં હાથીઓનાં ટોળાંના મદથી એનું પાણી સુગંધી થયેલું હશે, એમ કહ્યું છે-हिमवद्विन्ध्यमलया गजानां प्रभवा नगाः

જંબુકુંજે=જાંબુનાં વૃક્ષોની ઘટાઓમાં ખળી રહેવાથી કંઇક તુરાશવાળું-આ નદીનું પાણી તું તારામાં ભરી લેજે. તુરું અને સુગંધી, એ શબ્દે પાણીનું હલકાપણું અને પથ્યપણું બતાવ્યું છે. વિરેચનથી શુદ્ધ કરેલા મનુષ્યને શ્લેષ્માદિ મટાડવાને માટે કટુ, કષાય, તિક્ત રસનું પાન, વાત પ્રકોપને અટકાવનાર ગણાય છે, માટે હે મેઘ! તું પણ વૃષ્ટિની વાન્તિ કર્યા પછી આ હિતકર પાણી પીજે. જુવો **વાગ્ભટ્ટ**—

कषायाश्चाहिमास्तस्य विशुद्धौ श्लेष्मणोहिताः ।
किमु तिक्तकषाया वा ये निसर्गात् कफापहाः ॥

રાતાં ભૂરાં નિરખી અડધા તંતુ ફૂટયાં કદંબો,
ભીને કાંઠે, પ્રથમ કુટતિ કેળની ખાઈ ડુંખો;
સિંચાયેલી જળથિ ભૂમિનો વાસ લેતાં વનોમાં,
સારંગોનાં યુથ ઘન! બધો માર્ગ દેખાડશે ત્યાં. ૨૧

कृतशुद्धेः क्रमात्पीतपेयादेः पथ्यभोजिनः ।
वातादिभिर्न बाधा स्यात् इन्द्रियैरिव योगिनः ॥

આ પાણી ભરી લીધાથી તારામાં વજન આવતાં પવન તારો પરાભવ કરી શકશે નહીં. આ ઉત્તરાર્ધમાં વ્યાવહારિક ભાવ બોધક એક **અર્થાન્તરન્યાસ** છે. જે ખાલી હોય છે તે હલકું પડે છે અને જેમાં ભાર હોય છે તેજ ગૌરવને પામે છે. અર્થાત્ જગતમાં સાર વગરનાં મનુષ્યો માન પામતાં નથી. પરંતુ જેનામાં સત્વ હોય છે તે જ માનને પાત્ર થાય છે. માણસ ધન આદિથી ભરેલો હોય તો જ માન પામે છે. પણ ખાલી થઈ જાય તો એનું લગાર પણ વજન પડતું નથી. કહ્યું છે કેઃ–

गुणयुक्तोप्यधो याति कूपे रिक्तो घटो यथा-
गुणहीनोऽपि संपूर्णो जनैः शिरसि धार्यते ॥

મનુષ્ય ગુણહીન હોય છતાં છતથી સંપૂર્ણ હોય તો લોકોથી માન પામે છે.

શ્લોક ૨૧.

સારંગોનાં–હાથિઓનાં. ચાતકોનાં, ભમરાઓનાં અથવા હરિણોનાં–

રાતાં ભૂરાં––રાતા અને ભૂરા રંગનાં તથા અડધા અડધા ફૂટેલા રેષાવાળાં કદંબનાં પુષ્પો–

ભીને કાંઠે–પાણીવાળી જગાઓના કિનારાઓમાં. કદંબ અને કદળીને મેઘ કાળમાં નવો ફાલ આવે છે તેથી તેની ડુંખો ખાતા અને નવા જળથી સિંચાયલી ભૂમિનો વાસ લેતા–હસ્તિઓ–ભમરાઓ અથવા હરિણો હર્ષથી ચાલતા ચાલતા તારો માર્ગ સૂચવશે. અહીં સારંગ શબ્દના ચાર અર્થ છે–ભમરા, હરિણ, ચાતક અને હસ્તી. ખીલેલા કદંબ

જોતા, બિન્દુ ચતુરઇથકી ઝીલતાં ચાતકોને,
દેખાડીને બગતણી ગણી, પંક્તિઓ પ્યારીઓને;
કંઠાશ્લેષે સહચરી તણા, ગર્જનાથી ડરેલી,
દેશે સિદ્ધો ઘન ! બહુ તને માન, આભાર માની. ૨૨

તરફ ભમતા ભમરાઓ-નવી કેળોની ડુંખો ખાતાં હરિણો અને ભૂમિનો વાસ લેતા હાથીઓ અને બોલતા ચાતકો તારા માર્ગને સૂચવશે એમ પણ કેટલાએક અર્થ લે છે-વર્ષાના પ્રારંભનાં કાલિદાસનાં વર્ણનોમાં સર્વત્ર આવા રમણીય ભાવ જોવામાં આવે છે.

तदाननं मृत्सुरभिक्षितीश्वरो रहस्युपाघ्राय न तृप्तिमाययौ ।
करीव सिक्तं पृषतैः पयोमुचां शुचिव्यपाये वनराजिपल्वलम् ॥
आसारसिक्तक्षितिबाष्पयोगात् मामक्षिणोत् यत्र विभिन्नकोषैः
विडम्ब्यमाना नवकन्दलैस्तैर्विवाहधूमारुणलोचनश्रीः-
मृग्यश्च दर्भाङ्कुरनिर्व्यपेक्षास्तवागतिज्ञं समबोधयन्मां,
व्यापारयन्त्यो दिशि दक्षिणस्यां, उत्पक्ष्मराजीनि विलोचनानि-રઘુવંશ.

શ્લોક ૨૨.

જોતા બિન્દુ=આકાશમાંથી પડતાં વરસાદનાં ફોરાંને અદ્ધર મોંમાં ઝડપી લઇને ઉડતાં ચાતકોને જોતા, તથા બગલીઓની તોરણ જેવી હારોને આંગળીથી ગણી બતાવતા સિદ્ધો, તારી અકસ્માત્ થયેલી ગર્જનાથી ડરી જતાં બાઝી પડતી પ્રિયાઓને છાતી સરસી ચાંપી દઇને તને માન આપશે-અર્થાત્ તારા નિમિત્તે પ્રિયાઓના ગાઢ આલિંગનનું વગર માગ્યે સુખ અનુભવી તારો આભાર માનશે. ગર્જનાથી ડરેલી એ પદે સિદ્ધાંગનાઓના સ્વભાવની મૃદુતા અને સ્ત્રીઓનું સ્વાભાવિક ભીરુત્વ દર્શાવ્યું છે. ચાતક પક્ષીને જમીનપર પડેલું પાણી રોગ ઉત્પન્ન કરનાર કહેવાય છે, તેથી તે પક્ષીઓ આકાશમાં ઉડી અદ્ધરથી પાણી ઝીલી લે છે. આ ચાતક જેને આપણા તરફ બપૈયો અથવા દેવતરસ્યો કહે છે તે જાતનો બગલો. એ પ્રાણી ઉંચે વરસાદની વાટ જોતો બેસી રહે છે અને ચાર માસ સુધી માદા એને ચારો લાવી આપે છે.

ઇચ્છે છે તું જલદિથી જવા વ્હાલી પાસે* છતાં ત્યાં,
ખોટી થાશે બહુ તું કુટજે મ્હેકતા પર્વતોમાં;
કેકા શબ્દે સજલ નયને માન દેશે મયૂરો-
સામા આવી, તદપિ ધરજે, મેઘ! તું માર્ગ તા'રો. ૨૩

શ્લોક ૨૩.

* પાઠાન્તર-મારે માટે જલદીથી જવા તું ચહે છે છતાં ત્યાં—

હે મેઘ! મારી વ્હાલીને માટે તું જલદીથી જવા ઇચ્છે છે છતાં કુટજથી મ્હેકતા-એ નામનાં પુષ્પોથી મ્હેકી રહેતા દરેક પર્વતમાં તને વિલંબ થશે એમ મને ભય રહે છે, કારણ કે એ પર્વતોની મનહર શોભા જોવા તું ખોટી થયા વિના રહેશે જ નહીં. વળી **કેકા શબ્દે**=મધુર ટુહુકારોથી-તથા-ઘણે કાળે તને મિત્રને દેખીને હર્ષનાં આંસુથી ભરેલી આંખે મયૂરો સામા આવી તને સત્કાર પણ કરશે, તેમનો સત્કાર સ્વીકારી ખોટી ન થતાં તું જલદીથી આગળ ચાલજે. મયૂરોને અને મેઘને ઘણી પ્રીતિ હોય છે એ સર્વ વિદિત છે. પોતાના મિત્રને મળતાં જેમ માણસને હર્ષ ભરાઈ આવે છે તેમ મયૂરો પણ મેઘરૂપી મિત્રને જોતાં હર્ષ પામી આવકાર આપશે એમ કહેવાનો ભાવ છે. વર્ષાકાળમાં મયૂરોને ખરું યૌવન આવે છે અને એ જ કાળે તે મયૂરીઓને સેવે છે. આથી આ ઋતુ તેમને ઉન્માદક ગણાય છે.

જુવો नवाम्बुमत्ता शिखिनो नदन्ति, मेघा गमे कुन्दसमानदन्ति । घटखर्पर । વળી ભર્તૃહરિમાં પણ-

शिखिकुलकलकेकाशब्दरम्या वनान्ताः
सुखिनमसुखिनं वा सर्वमुत्कंठयन्ति ॥

આ પણ કાલિદાસનાં મનોહર વર્ણનોમાંનું એક છે. પ્રથમ ભાગમાં થોડા શ્લોકોથી કરેલું આ વિન્ધ્યાટવીનું વર્ણન ઘણું જ રમણીય છે. ચારે તરફ મેઘથી છવાયેલું આકાશ-વાંકીચુકી વિખરાઈ વહેતી નર્મદાના પ્રવાહો, ખીલી રહેલાં કદંબનાં પુષ્પો, નવી ફાલતી કદળીનાં વનો, પુષ્પના સુગંધના લોભથી ઉડતાં ભમરાઓનાં ટોળાં, હરિણનાં યૂથ-જમીનનો વાસ લેતા સ્વચ્છંદ ચાલતા હાથીઓનાં ટોળાં, આકાશમાં ઉડી પાણીનાં ટીપાં ઝીલતાં ચાતક પક્ષીઓ, કાળા વાદળમાં સફેત દેખાતી બગલાંઓની હારો, આકાશ-માંથી વનની અને મેઘની મિશ્ર શોભા જોતાં સિદ્ધોનાં જોડાં, કુટજ પુષ્પથી મેંહકી

પીળી વાડયો ઉપવનતણી, કેવડા ફૂટી રે'તાં,
*માળા બાંધી તરુવર ભરે, ગામનાં પંખિ પાળ્યાં;
જાંબુ પાકયે, જળ વરસતાં†, શ્યામ દીસે વનાન્તો,
હંસો રે'તાં કંઈ દિવસ ત્યાં, શોભી રે'શે દશાર્ણો. ૨૪

તેની વિશ્વે વિદિત વિદિશા, છે રૂડી રાજધાની,
ત્યાં કામિને રૂચતી રસની, માણશે મોજ મોંઘી;
તીરે ગર્જી મૃદુ, વિલસતી ભ્રૂસમી ઉર્મિવાળું,
પીજે મીઠું અધરરસશું, વારિ વેત્રાવતીનું. ૨૫

રહેતા પર્વતોની હારોની હારો, મેઘનો શ્યામ ચંદરવો અને ઉન્મત્ત થઈ ટૂહુકાર કરી દિશાઓને ગજવી મૂકતા મયૂરોનાં ટોળાં, ઇત્યાદિ સામગ્રીથી કવિ આખી વિન્ધ્યાટવીની વિવિધ રમણીયતાવાળું આ શબ્દમય ચિત્ર દૃષ્ટિ આગળ તરતું હોય તેમ ખડું કરે છે.

શ્લોક ૨૪.

* માળા બાંધી તરુવર ભરે પંખીઓ ગામકેરાં. † પાઠાન્તર—ઘન સમયથી.

પીળીવાડો—કેવડાઓ ફૂટી રહેતાં ગામનાં ઉપવનોની વાડો પીળી પીળી શોભે છે, ગામનાં પરિચિત પક્ષીઓ ઇંડાં સેવવાને માળાઓ બાંધી સીમાડાનાં વૃક્ષોને ભરી નાંખે છે, અને વરસાદ આવવાથી પાકેલાં જાંબુઓથી વનના સીમાડા શ્યામ દેખાય છે એવો દશાર્ણ દેશ, ત્યાં હંસો કંઇક દિવસ થોભી રહેતાં રમણીય લાગશે, એવો ભાવાર્થ છે. **દશાર્ણ**=ભરત અને કેટલાએક ટીકાકારો દશ—અને ઋણ કિલ્લાઓ—એટલે દશ કિલ્લાઓવાળો દેશ એવો આનો અર્થ લે છે. પ્રો. વિલસન કહે છે કે, **દશાર્ણ** નામની નદી **વિન્ધ્ય**ના ઉત્તર ભાગમાંથી નીકળે છે તે ઉપરથી પણ આ નામ પડ્યું હશે. ઘણે ભાગે એ છત્તીસગઢનો પ્રદેશ હશે એમ લાગે છે. એ માળવાના પૂર્વ ભાગમાં આવેલો છે, તેમાં ઘણી નદીઓ વહે છે જેમાંની મુખ્ય **વેત્રવતી** છે. ઘણે ભાગે દશાર્ણ એ આ જ દેશ હશે. કારણ કે પછીના શ્લોકમાં કવિ વેત્રવતીનું વર્ણન કરે છે એટલે ત્યાંથી દૂર આવો કોઈ બીજો દેશ હોય એમ સંભવતું નથી.

શ્લોક ૨૫.

વિદિશા—દશાર્ણ દેશની એ નામની રાજધાની ડા. વિલસન એને માલવા

પ્રાન્તમાં આવેલું ભિલસા કહે છે. એ વેત્રવતી નદીના કીનારાપર છે. આ નગર શૂદ્રકરાજાની રાજધાની હતું. જુવો કાદમ્બરી[મજ્જન્માલવવિલાસિનીકુચતટાસ્ફાલનજર્જરितोर्मि। માલયા વેત્રવત્યા પરિગતા વિદિશાભિધાના રાજધાન્યાસીત્ । આ દેશ જેને અવન્તિ કહેવામાં આવે છે તેનું કાલિદાસ દશાર્ણ એવું આપે છે જેમાં દસ્રત્ત નદી વહે છે. આ નગરીથી આશરે ચારેક માઇલ દૂર એક નાનો ગિરિ છે જે કાલિદાસે નીચૈઃગિરિ તરીકે વર્ણવ્યો છે. આ વિદિશા નગરી રામના વખતમાં શત્રુઘ્નને આપવામાં આવી હતી. જુવે-રામાયણ ઉત્તરકાંડ સુબાહુર્મધુરાં લેભે શત્રુઘાતી ચ વૈદિશમ્ ।

ત્યાં કામીને—આ વિદિશા નગરીમાં કામીને ચ્યતી રસની મોજ તને મળશે.

તીરે ઇત્યાદિ—અહિ કવિએ મેઘને કામી નાયક અને વેત્રવતીને વિલાસિની નાયિકા કલ્પી છે.

પાઠાન્તરો—તીરે દેખી મૃદુ ગરજતો પ્રેરતી ભ્રૂતરંગો,
પીજે મીઠો અધરરસ તું વેત્રવંતી નદીનો;
અથવા. પીજે વારિ મુખ સમ મિઠું વેત્રવંતીતણું તું,
ઉંડા મંદ ધ્વનિથી મધુરું, ભ્રૂસમી ઉર્મિવાળું;
પીજે વારિ અધર મધુ શું, વેત્રવંતી તણું તું.

મૂળમાં તીરોપાન્તસ્તનિતસુભગ એવું પદ છે. તેનો અર્થ જુદા જુદા ટીકાકારો જુદી જુદી રીતે કરે છે. એનું પાઠાન્તર તિર્યક્પાર્શ્વસ્તનિતસુભગં એવું હોય તો અર્થ કંઈક વધારે બંધબેસતો આવે. પદનો સમગ્ર અર્થ એમ છે કે જેમ કોઈ વિલાસી પુરુષ બળાત્કારથી ચુંબન કરવા જતાં કંઈક નિષેધ સૂચવતા અવ્યક્ત શબ્દથી મધુર લાગતું, અને કંઈક પ્રેમ તથા રોષથી ચઢી જતી ભમરવાળા મુખનું (અધર રસનું) પાન કરે છે તેમ, વહન કરતાં અંદર ઝીણા ઝીણા રતિકૂજિત જેવા ધ્વનિથી મધુર લાગતું તથા તરંગોરૂપી ભ્રૂવિલાસ દર્શાવતું વેત્રવતીનું અધર રસ જેવું વારિ પીજે.

અહીં જળના અથડાવાથી થતા મંદ શબ્દને રતિકૂજિત સાથે સરખાવ્યો છે. નદીના તરંગો સ્રીના ભ્રૂવિલાસને ઠેકાણે છે અને મધુર જળ અધરસને ઠેકાણે છે. અહીં વેત્રવતીના અધરરસનું પાન કરજે એમ કહી કવિએ મેઘનું કામિત્વ સૂચવ્યું છે, કારણ કે કામીઓને ભોગના કરતાં અધરરસનો સ્વાદ વધારે પ્રિય હોય છે.

'કામિનામધરસ્વાદઃ સુરતાદતિરિચ્યતે ।

તા'રા સ્પર્શે પુલકિત ન શું હોય મોટાં કદંબે,
એવા નીચૈઃ ગિરિપર જઈ, મેઘ! વિશ્રાન્તિ લેજે;
જે વેશ્યાના રતિ પરિમળે મ્હેકી રે'તા, ગુહામાં,
દેખાડે છે, છલકઈ જતાં યૌવનો નાગરોનાં. ૨૬

વિશ્રાન્તિ લઈ, નગનદીતટે સિંચતો સિંચતો જા,
ઉદ્યાનોમાં નવ જલકણે, જૂઈ ના ફૂલ ફાલ્યા;
કાને પે'ર્યાં કમળ વણસે, સ્વેદ લ્હોતાં કપોળે,
કર્જે છાયા, ક્ષણભર હળી, માળણોનાં મુખોને. ૨૭

શ્લોક ૨૬.

તારાસ્પર્શે=તને જુના મિત્રને ભેટવાથી, પુલકિત=હર્ષથી ઉભા થઈ ગયેલા રોમાંચ-વાળવાળો-**નીચૈઃ** નામનો ગિરિ આવે છે, તે ઉપર તું વિશ્રામ લેજે. પર્વત ઉપર મોટાં કદંબનાં ઝીણી ઝીણી અણીયોવાળાં હજારો પુષ્પ ખીલી રહેલાં હોવાથી મેઘરૂપી મિત્રને ભેટતાં પર્વતને જાણે રોમાંચ ઉભાં થયાં હોય એવી ઉત્પ્રેક્ષા છે-ઘણે કાળે સ્નેહીને ભેટતાં હર્ષના આવેશથી રોમાંચ ઉભાં થઈ આવે, એ સ્વાભાવિક વિકાર છે. **નીચૈઃ**ગિરિ=વિદિશાની પાસે આવેલો એ નામનો પર્વત. **સારોદ્ધાર**, **સુમતિવિજય** આને **વામનગિરિ** એ નામથી ઓળખાવે છે.

વેશ્યાના=એ પર્વતમાં સ્વચ્છંદ વિહાર કરતી વારાંગનાઓના-રતિપરિમળે-સુરત સમયે મર્દન પામતાં અંગોમાંથી નીકળતી સુગંધિ દ્રવ્યની ખુશબોને લીધે મ્હેંકી રહેતી ગુફાઓવાળો આ પર્વત, નાગરોનાં નગરનાં સ્ત્રી પુરૂષોનાં-છલકઈ જતાં-મર્યાદા મુકી ઉભરાઈ જતાં યૌવનને દર્શાવે છે. અર્થાત્ આ નગરના યૌવનથી ઉન્મત્ત થયેલા લોકો પોતાના ગુરુજનોથી એકાન્ત શોધી વારાંગનાઓ સાથે પર્વતની ગુફાઓમાં વિહાર કરતા હશે અને તેમના અંગ ઉપરનાં ચંદન અગરૂ આદિ દ્રવ્યોની મ્હેકથી એ પર્વતની ગુફાઓ મઘમઘાટ થઈ રહી હશે, ત્યાં તારા નેત્રને કંઇક આનંદ મળશે, માટે વિરામ લેજે.

શ્લોક ૨૭.

પાઠાન્તર-અર્પી છાયા પરિચિત થજે-અર્પી છાયા ક્ષણ હળિ જજે.

નગનદી=એ નામની નદી. આને કોઈ **વનનદી** અથવા **નવનદી** કહે છે. ડો. વિલસન એને હાલની ત્યાં વહેતી પર્વતી નામે નદી કહે છે.

રસ્તો વાંકો અહિંથી બહુ છે, ઉત્તરે મેઘ! જાતાં,
તો'યે ઉંચાં ભવન પર જૈ બેસજે ઉજ્જનીમાં;
વિદ્યુત્તેજે નયન મિચતી નાગરીનાં કટાક્ષો,
જોતો* ત્યાંતું રસિશ નહિં તો જાણજે રે ઠગાયો. ૨૮

ઉદ્યાનોમાં—નદીને કાંઠે સ્વાભાવિક રીતે ઉગીને ફાલી રહેલાં જુઇનાં વનોમાં જઈ જળ સિંચતો સિંચતો ચાલ્યો જજે.

કાને પે'ર્યાં—એ કિનારાઓમાં તાપમાં પુષ્પ વીણતી અને મુખપર આવેલાં પરસેવાનાં બિન્દુ લૂછવાથી જેના કાનમાં પહેરેલાં કમળો ચુંથાઈ જાય છે એવી ત્યાંની માલણોના મુખ ઉપર ક્ષણવાર છાયા કરી તેમની સાથે પરિચય કરજે.

કાનમાં પહેરેલાં કમળોથી તેમનું વિલાસિત્વ સૂચવ્યું છે. ક્ષણવાર અહીં થોભી પરિચય કરતાં તને આનન્દ થશે એવો ભાવ છે.

જુવો નેમીદૂત—શ્લોક ૨૮.

तस्योद्याने वरतरुचिते त्वं मुहूर्त श्रमार्त-
स्तिष्ठेस्तुष्टो विविधतदुपानीतपुष्पोपहारैः
पुष्यन्नन्तश्चरपरिमलोद्गारसारस्मितानां
छायादानक्षणपरिचितः पुष्पलावीमुखानाम् ।

પાઠાન્તર—અર્પી છાયા પરિચિત થજે;
અર્પી છાયા ક્ષણ હળી જજે.

શ્લોક ૨૮.

* સાથે.

મેઘને બતાવેલા માર્ગ પ્રમાણે ઉત્તરે જતાં ઉજ્જયિની પશ્ચિમે કેટલુંક દૂર રહે છે, માટે કવિ મેઘને કહે છે કે તારે વાંકે માર્ગે થઇને ત્યાં જવાનું છે, તેમ છતાં એ સુપ્રસિદ્ધ નગરમાં તું ગયા વિના રહીશ નહીં.

ઉજ્જયિની—આ નગર અવન્તિ દેશની રાજધાની હતું અને આજ પણ ઘણું પ્રસિદ્ધ છે. એનાં વિશાલા, અવંતિકા, પુષ્કરપુરી એવાં પણ નામ છે. આ મહાન્ વિક્રમની રાજધાની હતી અને કાલિદાસ ત્યાંનો વાસી હતો એમ કહેવાય છે. આવા

વારિલ્હેરે કુજિત ખગની મેખલા કેડ ધારી,
ચાલી જાતી, અટકી લટકે, ચક્રનાભિ બતાવી;
નિર્વિંધ્યાનો રસ તું ભરજે અંતરે બેસી પાસ,
સ્ત્રીનું પે'લું પ્રણય વચન, પ્રેમી જોતાં વિલાસ. ૨૯

કારણથી કવિ મેઘને ખાસ વાંકે માર્ગે થઈ ઉજ્જયિનીની શોભા જોયા વિના જતો નહીં એમ કહે છે. આ આપણા હિન્દુ શાસ્ત્રની સાત મોક્ષદા પુરીમાંની એક છે. હાલનું ઉજ્જયિની પૂર્વના ઉજ્જયિનીથી એક માઇલ દક્ષિણે છે. ચીનાઈ મુસાફર–હ્યુયેન્ત્સંગ એનો ઘેરાવો પાંચ માઇલ હતો એમ કહે છે અને હાલ પણ તે લગભગ એટલો જ થવા જાય છે. એ **અવન્તિ** રાજ્યનો વિસ્તાર આશરે એક ૧૦૦૦ માઇલ જેટલો છે. પશ્ચિમે **માળવા** આવેલું છે જેની રાજધાની **ધારાનગર** છે. મી૦ કનીંગહામ લખે છે કે; આ રાજયનો વિસ્તાર પશ્ચિમે **ચંબલ** નદીથી પેલી તરફ નહીં હોય, પણ ઉત્તરે **મથુરા** અને જહોતી સુધી પૂર્વમાં **મહેશ્વરપૂર** સુધી અને દક્ષિણે **સાતપુડા** સુધી હશે.

ભવન–ઉંચા ઉંચા મેહેલ.

વિદ્યુત્તેજે–વિજળીના ઝબકારાના તેજે–વિજળીના ઝબકારાથી અંજાઇને નયન મિંચતી, વળી હમણાં વિજળી થશે એમ ધારી આકાશ તરફ જોતી વળી મિંચતી એમ નગરની સ્ત્રીઓનાં કટાક્ષો સાથે તું રમીશ નહી તો જાણ જે કે તું ખરેખર ઠગાયો. અર્થાત્ જો તું ત્યાંનું અલૌકિક સ્ત્રી સૌન્દર્ય જોયાવિના અને તેમના મનોહર નેત્ર વિભ્રમ અનુભવ્યાવિના ઉત્તરે ચાલ્યો જઇશ, તો તારી બધી વિલાસિતા વ્યર્થ ગઈ એમ સમજજે. કવિએ મેઘને ઉજ્જયિનીનો માર્ગ ખાસ લેવડાવ્યો છે અને તેનું વર્ણન પણ કંઇક વિશેષ ખુબીથી કરેલું છે, એ તેમની પોતાના નગર માટેની મમતા સૂચવે છે. આખા મેઘદૂતમાં અલકાથી ઉતરતું વર્ણન ઉજ્જયિનીનું છે. આથી કવિનો ઉજ્જયિની સાથેનો નિકટ સંબંધ અને તે ઉપરનો સદ્ભાવ સ્પષ્ટ જણાઈ આવે છે.

શ્લોક ૨૯.

આ શ્લોકમાં કવિએ નિર્વિન્ધ્યા નદીને કોઈ અનુરક્ત સ્ત્રીનું રૂપ આપ્યું છે.

વારીલ્હેરે=જળની ઝીણી ઝીણી લ્હેરોથી–ઉર્મિઓથી.

કૂજિત=જળની લહરીઓથી ઉડીને મધુર કલકલ શબ્દ કરતાં ખગ–પક્ષીઓની મેખલા–ઝીણી વાગતી ઘુઘરીવાળી સેર અથવા કંદોરો.

જળના તરંગોથી ઉડીને વાગતી ઘુઘરી જેવા મંજુલ સ્વર કરતાં પક્ષીઓરૂપી મેખલા કમર ઉપર ધારીને લગાર મદથી અટકતી અટકતી લટક બંધ ચાલથી તથા પાણીનાં ઝીણાં વમળ–ચકરીઓ રૂપી નાભીને આછા અંબર જેવા જળમાંથી બતાવતી. આ નદીનું વિશેષણ છે. જેમ કોઈ નિર્વિન્ધ્યા–વિન્ધ્યમાંથી નીકળતી કામિની પોતાના પ્રિયને જોઈ ઘુઘરીઓના છમકાર થાય તેમ અટકતી અટકતી મંદ લટકતી ગતિથી ચાલી જતી અને વસ્ત્રનો પાલવ રમાડતાં ઉદર અને નાભીને દર્શાવતી હોય, તેમ હે મેઘ! તને રસિકને જોઈ આવા વિલાસપૂર્વક ચાલતી નિર્વિન્ધ્યા નદીનો રસ તું ચાખ્યા વિના રહેતો નહી.

નિર્વિન્ધ્યાનો રસ તું ભરજે અંતરે બેસીપાસ–જેમ કોઈ વિલાસી પુરૂષ આવી કામિનીના પાસામાં પેસી તેના રસના ઉપભોગથી પોતાનું અંતર તૃપ્ત કરે છે, તેમ તું પણ જળમાં પડતા તારા પ્રતિબિંબરૂપે એના અંતરમાં પેસી જઈ એનો રસ પી તારું અંતર તૃપ્ત કરજે, એવો ભાવ છે.

માત્ર વિલાસ કરતી ચાલી જતી હશે, તે ઉપરથી એની અભિરૂચિ મારા ઉપર છે એમ મારે શી રીતે જાણવું, એવી કદાપિ મેઘને શંકા થાય તો યક્ષ તેનું સમાધાન નિચેના શબ્દોથી કરે છે.

સ્ત્રીનું પ્હેલું ઈત્યાદિ–પ્રેમીને જોતાં વિલાસ–વિવિધ પ્રકારની શૃંગારચેષ્ટાઓ કરવી એ જ સ્ત્રીઓના પ્રેમનું બોલ્યાવિનાનું પહેલવહેલું વચન છે; અર્થાત્ स्त्रीणामेष स्वभावो यद्विलासैरेव रागप्रकटनं न तु कंठतः લજ્જા એ જ જેનું ભૂષણ છે એવી સ્ત્રીઓનો એ સ્વભાવ જ છે કે, તે પોતાના અંતર્ગત ભાવને વિલાસોથી જ જણાવે છે, વચનથી નહી. માટે મેઘ! તું કામી થઈ ભૂલતો નહીં કે સ્ત્રીઓ વચનથી નહી પણ અંગના વિલાસોથી જ આમંત્રણ કરે છે.

મંદ લલિત ગતિથી ચાલવું, ઉદર પ્રદેશ દેખાય તેમ વસ્ત્રના પાલવને રમાડવો, સુંદર વેશ વગર દૃષ્ટિએ ન પડવું, અંગભંગાદિ ચેષ્ટા કરવી–હાથ ઉંચા કરી આળસ મરોડવી. બાળકને લઈ રમાડતાં આલિંગન કરવું, સ્તનપરથી વારંવાર ખસી જાય તેમ વસ્ત્રને ઢાંકવું, વગેરેને **કામશાસ્ત્રમાં** સ્ત્રીઓના પ્રેમદર્શક વિલાસો માનેલા છે. જુવો—

આછું આછું નિર થઈ જતાં, વેણીરૂપે વહે છે,*
પાકાં પત્રો તરુથી ખરતાં, કૈંક ફીકી દિસે છે;
દર્શાવે છે વિરહિણી બની, તારું સૌભાગ્ય, એવી,
કર્જે તે તે, કૃશપણું તજે, જેવડે એ બિચારી. ૩૦

स्निग्धं दृष्टिपथं विभूषिततनुः कर्णस्य कंडूयनं
नासेर्दर्शनमग्रतश्च गमनं वालस्य चालिंगनम् ।
केशानां च मुहुर्मुहुर्विवरणं वार्ता च सख्या सह
कुर्युः प्रीतिवशात् स्त्रियः समदना दृष्ट्वा नरं वांछितम् ॥
स्त्री कान्तं वीक्ष्य नाभिं प्रकटयति मुहुर्विक्षिपन्ती कटाक्षान्
दोर्मूलं दर्शयन्ती रचयति कुसुमापीडमुत्क्षिप्य पाणिं ।
रोमांचस्वेदजृंभाः श्रयति कुचतटस्रंसि वस्त्रं विधत्ते
सोत्कण्ठं वक्ति नीवीं शिथिलयति दशत्योष्ठमंगं भनक्ति ।

જુવો **શકુન્તલાની** પ્રેમચેષ્ટાને માટે **દુષ્યન્ત** કહે છે કે—

વસંતતિલકા.

જો કે વદે કદિ ન એ મુજસંગ વાણી,
દે કાન તોય મુજને વદતો પ્રમાણી;
મારા ભણી મુખ કરી ન જુવે કદાપિ,
રાખે ન એ નજર અન્ય ભણી તથાપિ.

શ્લોક ૩૦.

આ શ્લોકમાં કવિ **નિર્વિન્ધ્યાની** વિરહાવસ્થાનું વર્ણન કરે છે. હે મેઘ! આટલા દિવસ તારો વિયોગ વેઠી તારામાં બંધાયેલા અભિલાષવાળી એ નદી, નીર આછું થઈ જતાં તેને વેણીરૂપે ધરે છે, અથવા સ્ત્રીની વેણીના જેવી પાતળી અર્થાત્ તારા વિયોગને લીધે સોસાઈ જઇને કૃશ દેહવાળી, થઈ ગઈ છે; તથા તીર ઉપરનાં વૃક્ષોનાં પાકાં-પીળાં થયેલાં-પાંદડાં પડવાથી જાણે ફીકી પડી ગઈ હોય તેવી લાગે છે; વિરહાવસ્થામાં સ્ત્રીઓ પણ સોસાઇને ફીકી પડી જાય છે, એ સુપ્રસિદ્ધ છે.

* પાઠાન્તર-ધરે છે-દિસે છે.

હે મેઘ! આવી નિર્વિન્ધ્યા તારી વિરહિણી બનીને તારું સૌભાગ્ય--ભાગ્યશાલીપણું

જાણે* વૃદ્ધો ઉદયન કથા, દેશ એવો અવન્તિ-
પ્હોંચી, પે'લાં કહિ નગરી જો, લક્ષ્મીથી રેલી રે'તી;
જે ખૂટયાથી સુચરિત ફલો, સ્વર્ગના વાસિઓનું,
બાકી પૂણ્યે, ભૂમિપર વસ્યું હોય વૈકુંઠ બીજુ. ૩૧

સૂચવે છે. 'यमंगनाः कामयन्ते स खलु सुभगः' કારણ કે સ્ત્રીઓ જેને ચહાય એ જ ભાગ્યશાલિ ગણાય છે. કેવળ મનથી નહીં પણ ફીકા વર્ણથી અને કૃશ શરીરથી એ તારા ઉપરનો દૃઢ અભિલાષ સૂચવે છે.

કરજે તે તે-જેનાથી એ પોતાનું કૃશપણું તજે તે તે બધા ઉપચાર તું કરજે. નદીપક્ષે-વૃષ્ટિ કરી એને જળથી ભરી નાંખજે-સ્ત્રીપક્ષે-એને ભોગાદિથી તૃપ્ત કરી પાછી પુષ્ટ કરજે, કારણ કે ભોગનો અભાવ એ જ સ્ત્રીને વૃદ્ધા જેવી થવાનું કારણ છે. જુવો.

કામસૂત્ર-असंभोगो जरा स्त्रीणां-કૃશતા અને ફીકાપણું ઇત્યાદિથી કવિએ નદીરૂપી સ્ત્રીની કામની દશ અવસ્થામાંથી પાંચમી અવસ્થા સૂચવી છે.

જુવો **રતિરહસ્યમાં**-

नयनप्रीतिः प्रथमं चित्तासंगस्ततोऽथ संकल्पः
निद्राछेदस्तनुता विषयनिवृत्तिस्त्रपानाशः
उन्मादो मूर्छा मृतिरित्येताः स्मरदशा दशैव स्युः

આ કામની પાંચમી અવસ્થાએ પહોંચેલી નિર્વિન્ધ્યાની તું અવશ્ય સંભાવના કરજે, નહીંતર ઉપેક્ષા કરતાં એ મરણરૂપી દશમી અવસ્થાને પામશે.

શ્લોક ૩૧.

*પાઠાન્તર-કે'તા વૃદ્ધો. જાણે વૃદ્ધો ઉદયન કથા ગામમાં એ અવન્તી, પ્હોંચી-

ઉદયનકથા=ઉદયન એ ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલા **સહસ્રાનીક**નો પુત્ર હતો. એનું બીજું નામ **વત્સ**રાજ હતું. એની રાજધાની **કૌશામ્બી** હતું. તે જમનાના કિનારાપર આવેલું હાલ **કૌસમ** જે **અલહાબાદ**થી આશરે ૩૧ માઇલપર છે ત્યાં હતું. મિ૦ **કનિંગહામ** કહે છે કે **કૌશામ્બી** એ નામ બુદ્ધોમાં અને પુરાણોમાં ઘણું પ્રસિદ્ધ હતું અને **પુરૂરવ**થી દશમી પેઢીએ થયેલા **કુસુંબ** રાજાએ વસાવ્યું હતું, પરંતુ **અર્જુન**થી આઠમી પેઢીએ થયેલા **ચક્ર**રાજાએ જ્યારે **હસ્તિનાપુર** ગંગાની રેલથી તણાઈ ગયું

ત્યારે કૌશામ્બીમાં પોતાની રાજધાની કરી, ત્યારથી એની પ્રસિદ્ધિ સારી થઈ હતી. હાલનું કૌસમ, જ્યાં આગળ કૌશામ્બી હતું ત્યાં જ વસેલું છે. એના પ્રદેશનું કૌશામ્બમંડલ એવું નામ ખરના કિલ્લાના શિલાલેખમાં છે અને અકબરના વખતના એક સ્તંભલેખમાં પણ આ કૌશામ્બીપુર હતું એવું લખ્યું છે તથા લોકવાદ પણ તેમ જ છે.

ચંડમહાસેન અથવા પ્રદ્યોત નામે ઉજ્જયિનીના રાજાને વાસવદત્તા નામની કુંવરી હતી તેનો સંજય નામે રાજા સાથે વિવાહ કરવાનો વિચાર હતો, પરંતુ વાસવદત્તાએ એક રાતે આ વત્સરાજને સ્વપ્નમાં દીઠો ત્યારથી તે તેના ઉપર મોહિત થઈ ગઈ હતી. એણે ગુપ્ત રીતે વત્સરાજને પોતાની ઇચ્છા જણાવી તે ઉપરથી તેણે વાસવદત્તાનું હરણ કર્યું. આની વિશેષ હકીકત માટે જુવો કથાસરિત્સાગર. ભવભૂતિના માલતીમાધવમાં પણ આ વાતનો ઉલ્લેખ છે. કાલિદાસની પૂર્વે થઈ ગયેલા મહાકવિ ભાસે આ પ્રસંગનું વસ્તુ લઈ સ્વપ્નવાસવદત્તા નામનું નાટક રચ્યું છે જે હાલમાં મળી આવવાથી છપાયું છે. અત્યાર સુધી આ મહાકવિનાં નાટકો નાશ પામ્યાં હશે એમ મનાતું હતું તે હાલમાં મળી આવ્યાં છે અને છપાય છે. વધારે હકીકત માટે આની પ્રસ્તાવના જોવી.

આ ઉદયનની કથાઓના જાણનાર અને તેને કહેનાર બહુશ્રુત વૃદ્ધો જેમાં વસે છે એવા અવન્તી દેશમાં તું જજે, એમ મેઘ પ્રત્યે યક્ષનું કહેવું છે.

અવન્તિદેશ—અવન્તિ એ માલવાનું નામ છે. ચીનાઈ મુસાફર હ્યુયેનત્સંગ એને મોલોપો અથવા માલવા કહે છે. તેની રાજધાની માહો અથવા મહી નદીથી અગ્નિ ખુણામાં અને ભરુચથી લગભગ ૨૦૦૦ લી. ૩૩૩ માઈલ દૂર છે. ડા૦ કનીંગહામના મત પ્રમાણે આમાં ભૂલ છે કારણ કે ભરુચથી લગભગ ૧૫૦ માઈલને અંતરે માહીનું મૂળ છે અને ૧૦૦૦ લી. એમ ગણીયે તો ૧૬૭ માઇલને અંતરે ધારાનગર જે જુની રાજધાની હતું તે ત્યાં છે—આની હકીકત ઘણી લાંબી છે. વિસ્તાર ભયથી અહીં આપી નથી.

પહેલાં કહી તે નગરી ઇત્યાદિ=આગળના શ્લોકમાં કહેલી ઉજ્જયિની નગરી—જે લક્ષ્મીથી રેલી રહેલી છે, અર્થાત્ જેમાં લક્ષ્મીની અને સમૃદ્ધિની લીલાલેહેર છે એવી. આથી લોકોનો વૈભવ, સમૃદ્ધિ, વ્યાપારનું વિશાળપણું અને બીજાં નગરો કરતાં એનું શ્રેષ્ટપણું સૂચવ્યું છે.

જે ખુટવાથી—જે નગરી સ્વર્ગમાં રહેતા સંસ્કારી જીવોનાં પૂણ્યકર્મ ખૂટવાથી તેમને માટે જાણે ભૂમિપર બીજું વૈકુંઠ આવીને વસ્યું ન હોય અને જાણે સ્વર્ગનો એક

લંબાવીને સ્વર મદભર્યા સારસોના રૂપાળા,
ખીલી રે'તાં કમળરજના સ્પર્શથી મ્હેકી રે'તા;
સીપ્રાવાયુ, શ્રમ સુરતનો નારીઓનો ઉતારે,*
સ્પર્શી ધીરે લટી રિઝવતા† નાથ પેઠે, પ્રભાતે. ૩૨

ઉત્તમ ભાગ ન હોય તેવી છે–વૈકુંઠ–સ્વર્ગનો ભાગ, એમ કહી આ નગરીની પવિત્રતા અને સ્વર્ગ સમાન યોગ્યતા બતાવી છે–આ આપણાં શાસ્ત્રોમાં સાત મોક્ષદાતા પુરીઓ કહી છે તેમાંની એક ગણાય છે–જુવો.

अयोध्या मथुरा माया काशी कांची अवन्तिका
पुरी द्वारामती चैव सप्तैता मोक्षदायिका:

મર્ત્ય લોકમાં સ્વર્ગ હોય તો તે ઉજ્જયિની જ છે એમ કહેવાનો હેતુ છે.

૨૮ મા શ્લોકથી માંડીને લગભગ ૪૨ મા શ્લોક સુધી કવિ ઉજ્જયિનીનું મનોહર અને વિસ્તારવાળું વર્ણન સદ્ભાવપૂર્વક આપે છે. ઉજ્જયિની એમના આશ્રયદાતા મહાન્ વિક્રમની રાજધાની હતી અને એ કાળિદાસનું નિવાસસ્થાન હતું એમ આપણે આગળ કહી ગયા છીએ–કવિએ અલકા સિવાય કોઈ પણ નગરનું આવું વિસ્તૃત વર્ણન આપ્યું નથી. તેમ કવિઓને પોતાના નગરની મહત્તા પ્રત્યે સ્વાભાવિક અભિરુચિ હોય છે એ વાત ધ્યાનમાં લેતાં કાલિદાસ એ ઉજ્જયિનીના વિક્રમનો આશ્રિત કવિ હતો એનો આ પણ એક સવિશેષ પુરાવો છે.

શ્લોક ૩૨.

*પાઠાન્તર–પ્રથમ રતિનો નારીનો થાક ટાળે. † ફરી વિનવતા.

આ શ્લોકમાં કવિ સીપ્રાનદીનું અને ઉજ્જયિનીના પ્રભાતનું વર્ણન કરે છે.

લંબાવીને ઇ–તીરે બેઠેલાં સારસ પક્ષીઓના મદથી ભરેલા કલરવોને લંબાવીને, અર્થાત્ આખા નગરમાં સંભળાય તેમ વહન કરીને. પવન શબ્દને વહન કરે છે એ સર્વ વિદિત છે. પ્રભાતમાં થતા મધુર સારસોના કલરવને લાંબે સુધી વહન કરતો તથા નદીમાં ખીલી રહેલાં કમળોની રજના સ્પર્શથી સુગન્ધવાન થયેલો મંદમંદ વાયુ **સી**પ્રા નદી ઉપરથી નગર ભણી વાહાય છે.

ગુંથી મોંઘા મણિ ધરિ મુક્યા મોતીના શુભ્રહારે,
દૂર્વા વર્ણા, જળહળ થતાં, કોટિ વૈડૂર્ય રત્ને;
પર્વાળાંના ઢગથી. શિપથી મોતીની, જ્યાં બજારો,
જોતાં લાગે, જળથીજ ભર્યા હોય તેવા સમુદ્રો. ૩૩

બન્દીજનોના શબ્દની પેઠે સારસોના મધુર કલરવથી પૌરજનો નિદ્રાથી મુક્ત થતા હશે અને મધુર સ્પર્શવાળો સુગન્ધવાન્ વાયુ તેમને અત્યંત આલ્હાદજનક થતો હશે. હે મેઘ! તને પણ તારા માર્ગનો શ્રમ ઉતારવામાં આ પવન ઘણો જ અનુકૂળ થશે એવું આમાં સૂચન છે.

સીપ્રાવાયુ=જેમ કોઈ પ્રિયતમ રતિશ્રમથી થાકેલી પોતાની પ્રિયાને પ્રભાતમાં લટી મંદ હસ્તસંવાહનથી તેના શ્રમને ઉતારે, તેમ આ સુગંધી થયેલો અને મંદ ગતિવાળો **સી**પ્રાનો વાયુ સુરતશ્રમિતા પૌરસ્ત્રીઓના અંગનો મૃદુ સ્પર્શ કરી, તેમના શ્રમને ઉતારે છે. અર્થાત્ તેમને અત્યંત પ્રિય અને અનુકૂળ થઈ પડે છે.

સ્પર્શી ધીરે–મંદ સ્પર્શથી અંગને ચાંપીને. સુરતશ્રમિત સ્ત્રિઓને પ્રિયતમનાં હાથનું સંવાહન અત્યંત પ્રિય હોય છે. જુવો આગળ પણ કવિએ **ઉત્તરમેઘમાં** કહ્યું છે કે–संभोगान्ते मम समुचितो हस्तसंवाहनानां–જુવો **ઉત્તર રામચરિત**–अशिथिलपरिरंभैर्दत्तसंवाहनानि। **અમરુ** શતક શ્લોક ૫૮ મો. આથી **સી**પ્રાના કીનારાનાં ઉપવનોનું વિહાર યોગ્યત્વ સૂચવ્યું છે. જુવો **રઘુવંશ**–સર્ગ–૬.

अनेन यूना सह पार्थिवेन रंभोरु कच्चिन्मनसो रुचिस्ते
सिप्रातरंगानिलकम्पितासु विहर्तुमुद्यानपरंपरासु.

શ્લોક ૩૩.

આ શ્લોકમાં કવિ ઉજ્જયિનીની ધન સમૃદ્ધિનું વર્ણન કરે છે.

મણિ–એક જાતનું મહાકીમતી રત્ન.

શુભ્રહાર–ધોળાહાર.

દૂર્વાવર્ણા–ધ્રોના ઘાસ જેવાં લીલાં. **વૈડૂર્યરત્ન**–લીલા ઘેરા રંગનાં રત્ન, અર્થાત્ જેમાંથી લીલા ઘેરા રંગનાં ધ્રોના ઘાસ જેવાં કિરણો પ્રસરે છે એવાં રત્નો.

આ સ્થાનેથી હરિ ઉદયને પુત્રી પ્રદ્યોતકેરી,
એની આંહિ હતી કનકની ઝાડીઓ તાડકેરી;
હસ્તી ગાંડો નલગિરિ અહિં સ્તંભ ખેંચી ભમ્યોતો,
કે'તા એવી વિધ વિધ કથા, સ્નેહિને ભોમિયાઓ. ૩૪

ઉજ્જયિનીનાં આવાં કરોડો રત્નોથી ભરેલાં બજાર જોતાં, રત્નોના ઉત્પત્તિ સ્થાનરૂપ સમુદ્રો તેમની આગળ જાણે માત્ર જળથી જ ભરેલા હોય તેવા લાગે છે, અર્થાત્ રત્નાકરોના કરતાં પણ ઉજ્જયિની વિશેષ રત્નોવાળી છે.

મલ્લિનાથ આ અને પછીના બે શ્લોકોને ક્ષેપક–પાછળથી ઉમેરેલા ગણે છે, પરંતુ તે પાર્શ્વાભ્યુદયમાં અને બીજી ઘણી હસ્તલિખિત પ્રતોમાં મળી આવે છે. માત્ર તેમના ક્રમમાં ફેરફાર છે, એટલે એમને ક્ષેપક ન ગણતાં મૂળમાં લીધેલા છે.

જુવો **ઇન્દુદૂત**–શ્લોક ૭૫

मुक्तापुंजान्प्रतिपद......न्रत्नराशीन् प्रवाला-
ङ्कूरान्शंखान्मृगमदसरान्वीक्ष्य भूयो वरांश्च ।
माज्ञासीस्त्वं स्वपितुरुदधेर्हृत सर्वस्वमार्त्त-
रज्ञो ह्येष प्रकृतिगुणतो ज्येष्ठरत्नाकरोस्ति ॥

શ્લોક ૩૪.

આ સ્થાનેથી–ઉજ્જયિનીમાંથી–

ઉદયન–આને માટે જુવો ટીકા શ્લોક ૩૨–

પ્રદ્યોતકેરી–ઉજ્જયિનીનો રાજા પ્રદ્યોત અથવા જેનું બીજું નામ **ચંડમહાસેન** હતું તે. આ રાજાની કથા **કથાસરિત્સાગર**માં આપેલી છે તેનો સાર નિચે પ્રમાણે છે. ઉજ્જયિનીના રાજા **મહેન્દ્રવર્મા**ને એક **જયસેન** નામે પુત્ર હતો. તેને **મહાસેન** નામે એક પુત્ર થયો, જેનું બીજું નામ **પ્રદ્યોત** હતું. ઘણો કાળ રાજ્ય કરતાં એને એક દિવસ એવો વિચાર આવ્યો કે મારી પાસે મારે લાયક તરવાર અને પટરાણી નથી, માટે મારે દુર્ગાદેવીનું આરાધન કરવું. આથી દેવીના આગળ ઘણા ઉપવાસ કરી પોતાના માંસનું તેણે બળિદાન આપવા માંડ્યું. દેવી પ્રસન્ન થયાં અને કહ્યું કે તેં આવું ચંડ–ભયંકર કાર્ય કર્યું માટે તારું નામ **ચંડમહાસેન** કહેવાશે. તને આ હું એક

તરવાર આપું છું જેથી તને શત્રુઓ જીતી શકશે નહીં અને **અંગારક** નામના દૈત્યની ત્રિભુવનમાં પણ જેનો જોટો ન મળે તેવી **અંગારવતી** નામે પુત્રી, તારી પટરાણી થશે. આ વરદાન લઈ રાજા આનંદ પામી ઘેર ગયો. તે આ શક્તિથી તથા નલગિરિ નામના મહા મદોન્મત્ત હાથીથી પોતાને વજ્ર અને ઐરાવતવાળા ઈન્દ્ર સમાન માનવા લાગ્યો. એક દિવસે મૃગયા કરવા ગયો ત્યાં તેણે એક મોટા વરાહને દીઠો. તે વરાહની પાછળ પડતાં તે એક ગુહામાં પેઠો, ત્યાં અલૌકિક નગરી તેના દીઠામાં આવી. ત્યાં તે વિરામ લેતો હતો તેવામાં સેંકડો દાસીઓથી પરિવૃત એક મનોહર કુમારિકા તેના જોવામાં આવી, તેણે રાજા પાસે આવી હકીકત પુછતાં રાજાએ સર્વ વાત વિદિત કરી. આ સાંભળી તે અત્યંત રડવા લાગી, ત્યારે રાજાએ તેને કારણ પુછતાં તે બોલી કે, મહારાજ મારું અંતર તમારાપર આસક્ત થયું છે, પરંતુ આ વરાહ જે મારો પિતા અને જાતનો રાક્ષસ છે, તે નિદ્રાથી જાગ્યા પછી તમને મારી નાંખશે અને મારી બધી આશાઓ વિફળ જશે. મારું નામ **અંગારવતી** છે, અને હું આ **અંગારક** દૈત્યની પ્રિય પુત્રી છું. આ અનેક દાસીઓ રાજકન્યાઓ છે, જેને મારા પિતાએ મારી સેવામાં રાખેલી છે.

આ સાંભળી રાજાએ તેને કહ્યું કે તું તારા પિતાને એમ કહી રડી પડજે કે તમારો કોઈ વધ કરે તો પછી મારી શી દશા. આથી તેને તારા ઉપર દયા આવશે. તેણે પિતાની પાસે જઈ તેમ કર્યું, ત્યારે તે બોલ્યો કે મારું આખું અંગ રક્ષિત છે. માત્ર મારો ડાબો હાથ મારું મર્મ સ્થાન છે, તેનું રક્ષણ મારું ધનુષ કરે છે. રાજાએ આ વચનો સાંભળ્યાં. પછી રાક્ષસ શિવપૂજન કરવા બેઠો ત્યારે રાજાએ આવી ધનુષ છિનવી લઈ બાણ મારવાનો વિચાર કર્યો, પરંતુ દૈત્યે પોતાનો ડાબો હાથ ઉંચો કરી તેને થોભવાનું કહ્યું. રાજાએ ન થોભતાં બાણ મારી તેનો નાશ કર્યો અને તેની પુત્રી **અંગારવતીને** પોતાને ત્યાં આણી. આ રાણીથી તેને **ગોપાલક** અને **બાળક** એવા બે પુત્રો થયા. છેલ્લા પુત્રના જન્મોત્સવમાં તેણે ઇન્દ્રને આમંત્રણ કરી પ્રસન્ન કર્યો તેથી તેણે વરદાન આપ્યું કે તારે એક ચંદ્રની લેખા જેવી મનોહર પુત્રી થશે. આ પુત્રીનો જન્મ થતાં રાજાએ તેનું વાસવદત્તા–ઇન્દ્રની આપેલી–એવું નામ પાડ્યું. વાસવદત્તાના રૂપ ગુણ લાવણ્યની કીર્ત્તિ સાંભળી વત્સરાજે ઉજ્જયિનીમાંથી તેનું હરણ કર્યું.

પ્રદ્યોતરાજાને મૃગયાનો ઘણો શોખ હતો.

જાળી માર્ગે થઈ પસરતા કેશસંસ્કારધૂપે,
ઘેરાવાથી જલધર થશે, તાહરાં અંગ ભારે;
નાચી રૈંશે થનથન તને જોઈ માંડી કળાઓ,
બંધુ પ્રીતિ ધરી, ભવનના માન દેતા મયૂરો;
માટે માર્ગે શ્રમ બહુ થતાં બેસજે થાક ખાવા,
ત્યાં મ્હેલોમાં ધનિકજનના, પુષ્પથી મ્હેકી રે'તા;
જોતો શોભા, કુમકુમ ભરી પાદની પંક્તિઓની,
ધીમે ધીમે લલિતવનિતા ચાલવાથી પડેલી. ૩૫

કેતા આવી–જુના સ્થાનોના ભોમિઆઓ જેમ યાત્રાળુઓને અથવા સ્નેહીઓને બધી કથાઓ કહે છે તેમ ત્યાંના વૃદ્ધ મનુષ્યો આ રાજાનાં જુનાં જુનાં સ્થાનો ઓળખાવી આનંદ આપે છે.

શ્લોક ૩૫.

કેશસંસ્કાર ધૂપે–સ્ત્રીઓ ચોળેલા વાળને સૂકાવાને અને સુગંધી કરવાને માટે અગરુ ચંદન આદિ સુગંધી દ્રવ્યોનો ધૂપ દે છે, તેના ધૂમાડાથી.

ઘેરાવાથી–હે મેઘ! હજારો સ્ત્રીઓ આમ કેશને ધૂપ દેતી હશે તેના ધૂમાડાના જાળીઓમાંથી નીકળતા ગોટને લીધે તું ઘેરાઈ જતાં તારાં અંગ ભારે થશે, અર્થાત્ તારું સ્વરૂપ ધૂણીના અને તારા એક રંગથી ઘણું મોટું દેખાશે.

આથી ઉજ્જયિનીની સ્ત્રીઓનું વિલાસીત્વ અને અંગ સંસ્કારમાં કુશળતા બતાવી છે.

બંધુ પ્રીતિ–મેઘને જોતાં મોરને અત્યંત હર્ષ થાય છે અને કળાઓ માંડી કેકા શબ્દ કરી ઘણોજ આનંદ બતાવે છે, આથી મેઘને તેમનો બંધુ કહ્યો છે.

હે મેઘ! તને મિત્રને જોતાં મહેલોમાં પાળેલા મયૂરો અત્યંત આનંદ પામી કળાઓ કરી નૃત્ય કરવા મંડી જશે. વિલાસિની સ્ત્રીઓ આનંદને અર્થે મયૂરાદિ પક્ષીઓ પાળે છે તેનું અત્રે સૂચન છે.

માટે માર્ગે–માર્ગમાં બહુ શ્રમ થતાં તું ત્યાં પૂજનનાં તથા ઉપભોગાર્થે આણેલાં પુષ્પોના ઢગલાઓથી મેહેકી રહેતા મહેલો ઉપર વિશ્રામ લેવા બેસજે. પુષ્પાદિથી નગરજનોનું મોજીલાપણું અને વૈભવ સૂચવ્યાં છે. મહેલોપર મેઘને વિશ્રામ લેવાનું

જોશે વ્યાળી શિવગણ, ગણી શંભુના કંઠરૂપ,
જાતાં ચણ્ડીપતિ શિવતણા ધામમાં ત્યાં પવિત્ર;
ગંધાળીના રમતી જળમાં, નારીના અંગરાગે,
કેડા વાયુ કમળ સુરભી, વાડીઓને ઝુલાવે.* ૩૬

કહેવાથી આકાશમાં મેઘને વિરામ આપે તેવા ઉંચા અને પ્રૌઢ પર્વતો જેવા મહેલ ત્યાં શોભી રહ્યા છે એમ સૂચવ્યું છે.

ઉજ્જયિનીના મહેલો ઉપર બેસી વિશ્રામ લેવાની સાથે તને ત્યાંનું સ્ત્રી સૌન્દર્ય પણ જોવાનું મળશે.

કુમકુમભરી પાદની પંક્તિઓની–કંકુનાં પગલાંની ઓળો–પંક્તિઓ.

લલિત વનિતા–લાવણ્યવાળી સ્ત્રીઓ.

મહેલમાં આમ તેમ ધીમે ધીમે ફરતી લાવણ્યવતી સ્ત્રીઓના પગે ચોપડેલા મેંદી, અળતા વગેરેના ભીના રંગથી પડેલી કંકુનાં પગલાંના જેવી ઓળો જોતો જોતો તું મહેલોપર વિરામ લેજે; અથવા ચાલતાં લાલપોથી જેવી પાનીઓની રક્ત કાન્તિથી જેમ કંકુનાં પગલાંની હારો પડી હોય તેવા શોભતા મહેલોમાં આવું અલૌકિક સ્ત્રી-સૌન્દર્ય જોજે.

આથી ત્યાંની સ્ત્રીઓના પગની સુકુમારતા અને ઉત્તમ સૌન્દર્યનું સૂચન કર્યું છે.

ભાવાર્થ એ કે ધૂપાદિ કેશ સંસ્કાર અને શરીર સંસ્કારમાં ત્યાંની સ્ત્રીઓ અત્યંત કુશળ છે, કેશને સુવાસિત કરવા પુષ્પ વગેરે ગુંથવાં એ સ્ત્રીઓના સ્વાભાવિક વિલાસ છે. જુવો

કુમારસંભવ–धूपोष्मणा त्याजितमार्द्रभावं, केशान्तमन्तः कुसुमं तदीयम् ।

મયૂરાદિ પક્ષીઓ પાળી અનેક પ્રકારના વિનોદ કરનારી તથા અત્યંત સુકુમાર અને લાવણ્યવતી સ્ત્રીઓથી ઉજ્જયિની શોભાયમાન છે–માટે ખાસ આડે માર્ગે થઇને પણ તું એ નગર જોયા વિના જતો નહીં.

શ્લોક ૩૬.

હે મેઘ! મહાકાલેશ્વરના ધામમાં જતાં તેમના ગણો–શિવના ગણો–તને શંભુના કંઠરૂપ–કંઠ જેવો શ્યામ–ગણી આદરપૂર્વક નિહાળશે. પોતાના સ્વામી શંભુના કંઠ જેવો તારો વર્ણ શ્યામ હોવાથી હે મેઘ! શિવના ગણો તને માન અને સદ્ભાવથી જોઈ રહેશે.

શંકરનું બીજું નામ નીલકંઠ–શ્યામ કંઠવાળા એવું છે. જ્યારે દેવો અને દાનવોએ

જો તું દા'ડે જલધર મહાકાલને ધામ પો'ચું,
તો ત્યાં રે'જે દિવસ સઘળો આથસે ત્યાં સુધી તું;
સંધ્યા પૂજા શિવતણી થતાં, ગર્જના રૂપ તારી,
કર્જે આત્મા સફળ, મધુરી નોબતો ગર્ગડાવી. ૩૭

સમુદ્રનું અત્યંત મંથન કર્યું ત્યારે તેમાંથી હલાહલ વિષ નિકળ્યું અને ત્રિભુવનમાં તેની ઝેરી જ્વાળાઓ પ્રસરવા લાગી. આથી બ્રહ્માની પ્રાર્થનાથી ભગવાન્ શંકરે તે ઝેરનું પાન કરી પેટમાં ન ઉતારતાં તે પોતાના કંઠમાં ધારણ કરી રાખ્યું, જેથી એમનો કંઠ શ્યામ વર્ણનો થઈ રહ્યો છે.

આ મહાકાળેશ્વરનું ધામ ઘણા જૂના વખતનું છે અને પરમ શ્રેયને આપનારું છે–જુવો **સ્કંદપુરાણ.**

आकाशे तारकं लिंगं पाताले हाटकेश्वरम् ।
मर्त्यलोके महाकालं दृष्ट्वा काममवाप्नुयात्

આ મહાકાલનું સ્થાન માત્ર મુક્તિનું સ્થાન છે એટલું જ નહિ પણ અપૂર્વ વિહારનું સ્થાન પણ છે.

ઝુલે જેનાં–જે ધામનાં ઉપવન-વાટિકાઓ પાસે વહેતી ગંધવતી નદીના જળમાં વિહાર કરતી યુવતીઓના અંગરાગથી–સ્નાન કરતાં ચોળેલાં સુગંધી દ્રવ્યોના પરિમળથી–તથા કમળના પરાગથી સુગંધી થયેલા પવનથી નિરંતર ઝુલ્યા કરે છે એવો ઉત્તરાર્દ્ધનો અર્થ છે. મોક્ષ ઇચ્છનારને આ મોક્ષનું સ્થાન છે અને વિલાસીઓને વિલાસ કરવાનું પણ આ અપૂર્વ સ્થાન છે.

પાઠાન્તર–ખેલંતી ગંધવતી જળમાં નારીના અંગરાગે;
મીઠા વાયુ કમળરજથી, વાડીયો જ્યાં ઝુલાવે.

શ્લોક ૩૭.

જલધર–મેઘ. **મહાકાલ**–ઉજ્જયિની પાસે મહાકાલ નામનું શિવધામ-દેવાલય. **સંધ્યાપૂજન**–સંધ્યા સમયની આરતી. સંધ્યાકાળની આરતી વખતે તારી ગર્જનારૂપ નોબતો વગાડીને એ પ્રસંગમાં ભાગ લઇને તારું જીવન સફળ કરજે.

મહાકાલેશ્વરનું ધામ ઘણું પ્રસિદ્ધ છે. કાલિદાસ ઉજ્જયિનીના વર્ણનમાં રઘુવંશમાં પણ તેનું વર્ણન કરે છે.

असौ महाकालनिकेतनस्य वसन्नदूरे किल चंद्रमौलेः
तमिस्रपक्षेपि सह प्रियाभिर्ज्योत्स्नावतो निर्विशति प्रदोषान् ।

દેખાયે છે ત્રિવલી ઉદરે, જેની રત્નપ્રભાથી,*
એવાં તેજે જળહળી રહ્યાં ચામરો હાથ ઝાલી;
લીલાથી ત્યાં ચમરી શિવને ઢોળતાં, હાથથાકે,
નૃત્યે જેના પગ ઠમકતાં, મેખલા ઝીણી વાગે;
પાયે દુખે ઘસઈ નખિયાં, અંગુઠે તાલ આપી,*
તેને જ્યારે નવજલકણે, મેઘ! તું દેશ શાન્તિ,
ત્યારે તા'રાભણિ સુખ કરી, ત્યાંની વારાંગનાઓ,
જોશે નાખી મધુકરતણી શ્રેણી જેવાં કટાક્ષો. ૩૯

શ્લોક ૩૮.

આ શ્લોકમાં મહાકાલેશ્વરની સંધ્યા પૂજા વખતે નૃત્ય કરતી માલવદેશની ગણિકાઓનું વર્ણન છે.

હાથે પહેર્યાં–મૂળમાં रत्नच्छायाखचितवलिभिः એવું પદ છે તેનો **મલ્લિનાથ**, કંકણોમાં જડેલાં રત્નોની ઝળકથી જેના દાંડાઓ તેજોમય થઈ રહ્યા છે એવાં–ચામરો–એવો અર્થ લે છે.

બીજા ટીકાકારો, જડેલાં રત્નોવડે–રત્નોના તેજથી, ઉદર ઉપરની ત્રીવલીને–માંસલ અંગવાળી સ્ત્રીઓના પેટપર પડતા ત્રણ વાટા–દેખાડી આપતાં ચામરો, એમ અર્થ લે છે. કહેવાનું તાત્પર્ય એમ કે હાથમાં ઝાલેલાં ચામરોના દંડમાં જડેલાં મણિ રત્નોનો ઝળકાટ વારાંગનાનાં આછાં વસ્ત્રમાંથી અંગની ત્રીવલી દેખાડી આપે છે. શ્લોકના ભાવને આ ઉપરનો અર્થ વધારે અનુકૂળ અને રસનો પોષક લાગે છે, માટે ભાષાન્તરમાં તે લીધો છે.

વારાંગનાઓ હાથમાં મણિથી જડેલાં ચામરો ઝાલી નૃત્ય કરતાં આમતેમ ચામર ઢોળે છે, તેનાં રત્નોના પ્રકાશથી તેમના ઉદરપરની ત્રીવલી આછાં વસ્ત્રમાંથી દેખાય છે, એમ કહેવાનો ભાવાર્થ છે.

લીલાથી–લટકદાર હાથની છટાથી–આથી નૃત્ય કરતી ગણિકાઓની હાથ વગેરેની અંગચેષ્ટા દર્શાવી છે.

હાથ થાકે-એ શબ્દે એમની સુકુમારતા બતાવી છે.

નૃત્યે-નાચતાં પગના ઠમકાથી જેની કમર ઉપરની મેખલાની ઘૂઘરીઓ ઝીણી ઝીણી વાગે છે-આથી નૃત્યમાં પગની ચપળતા બતાવી છે.

પાયે દૂખે=વાદ્યની સાથે પગની ઘૂઘરીનો તાલ મેળવવા અંગુઠો ઠોકી તાલ આપવો પડે, તે વારંવાર કરવાથી જેના નખ ઘસાતાં અંગુઠાનાં નખિયાં-અગ્રભાગ આળા થઈ દુખતા હશે. એવી વારંગનાઓને જ્યારે તું નવા જળકણથી શાંતિ આપીશ ત્યારે તારા સામુ મુખ કરી ઉપકાર બુદ્ધિથી તેઓ કાળાં વિશાળ નેત્રથી તારા સામી દૃષ્ટિ કરી જોશે.

જોશે નાંખી-નેત્રને કમળની ઉપમા અને વચમાંની કાળી કીકીમાંથી નીકળતી દૃષ્ટિને કમળમાંથી ઉટતી કાળાભ્રમરોની પંક્તિની ઉપમા છે. જેમ કમળમાંથી કાળા ભમરોની હારની હાર ઉટે તેમ એમનાં નેત્રમાંથી પ્રસરતી ધવળ શ્યામ દૃષ્ટિ તારી તરફ પ્રસરશે.

કાલિદાસને-આ ઉપમા અત્યંત પ્રિય છે. જુવો-

રઘુવંશ-विलोलनेत्रभ्रमरैर्गवाक्षाः सहस्रपत्राभरणा इवासन् ।

આ ગણિકાઓનું **દૈશિકનામનું** નૃત્ય અહીં બતાવ્યું છે. જુવો નૃત્ય સર્વસ્વમાં એનું લક્ષણ—

खड्गकंदूकवस्त्रादि दंडिकाचामरस्रजः
वीणां च धृत्वा यत्कुर्युस्तन्नृत्यं दैशिकं विदुः ।

આ શ્લોકમાં કવિએ **માલવદેશની** ગણિકાઓનાં સ્વરૂપ, લાવણ્ય, મૃદુતા, વિલાસકુશળતા અને નૃત્યનું કૌશલ બતાવ્યું છે.

* પાઠાન્તર-હાથે પ્હેર્યાં, મણિથકી જડ્યાં કંકણોની પ્રભાથી,
દાંડી જેની ઝળહળથતી જેમ રત્ને જડેલી,

* * * * * *

† કુંળાં ગાત્રે નખપદ પડી દુખતાં સ્હેજ સ્હેજે
તેને તાજા જળકણવડે મેઘ તું શાન્તિ દેજે—

નૃત્યારંભે કર, શિવતણા મંડલાકાર ઘેરી,*
રાતું સંધ્યાતણું નવજપાપુષ્પશું તેજ પામી;
તું હસ્તીના રુધિર ગળતા ચર્મરૂપે થવાથી,
ભક્તિ તારી સ્થિર નયનથી જોઈ રે'શે ભવાની. ૩૯

ચાલી જાતી રમણ સમીપે નારીને, રાજમાર્ગે,
મોઢે મોઢું જરી નવ સુઝે એવી અંધારી રાતે;
સોના રેખા સમ વિજળીથી માર્ગ દેજે બતાવી,
ના તું વૃષ્ટિ કરી ગરજતો, બ્હી જશે તે બિચારી. ૪૦

શ્લોક ૩૯.

નૃત્યારંભે–શિવ, સંધ્યા સમયે જ્યારે નૃત્ય કરે ત્યારે.

મંડલાકાર ઘેરી–ચારે તરફ ઘેરાઇને.

*પાઠાન્તર–નૃત્યારંભે તરુવનરૂપી શંભુના હાથ ઘેરી.

રાતું સંધ્યાતણું–સંધ્યાકાળનું, **નવાં જપાપુષ્પ**–રાતા રંગનાં પુષ્પ–તેના જેવું તેજ ધારણ કરીને.

તું હસ્તિના ઇ.–તું શ્યામવર્ણનો છે, તેમાં સંધ્યાકાળનું રાતું તેજ ભળવાથી નૃત્યમાં શંભુને રુધિર ગળતા ગજચર્મની જરૂર નહી પડે–અર્થાત્ તુંજ એમના ઉપર ગજચર્મરૂપે થઈ ઉભો રહેજે, જેથી ભવાની તારી શિવ ઉપરની ભક્તિને સ્થિર નયનથી જોઈ રહેશે. જ્યારે ગજાસુર નામનો દૈત્ય અત્યંત ઉન્મત્ત થઈ દેવોને અને ઋષિઓને પીડવા લાગ્યો ત્યારે તેઓએ કાશીમાં જઈ શિવના દેવળમાં આશ્રય લીધો, આથી તેમનો ભય નિવારવાને શિવે ગજાસુરને માર્યો અને તેનું લોહીથી ભીનું ચામડું ઉતારી તાંડવ નૃત્ય કર્યું હતું, એ પુરાણ પ્રસિદ્ધ વાતનો અહીં ઉલ્લેખ છે.

શંભુ જ્યારે ગજચર્મ ઓઢી તાંડવ કરે છે ત્યારે ભવાની ભય પામે છે, પણ તું કાળા રંગનો છે અને સંધ્યાનું તેજ તારામાં મળશે એટલે ગજચર્મરૂપ દેખાવાથી ભવાની વગર ભયે તારી ભક્તિને સ્થિર દૃષ્ટિથી જોશે.

શ્લોક ૪૦.

મહાકાલનું આરાધન કરી યક્ષ મેઘને ઉજ્જયિનીમાં રહેવાનું કહે છે.

અહિ ઉજ્જયિનીની અભિસારિકાઓનું વર્ણન છે.

ત્યાં સૂતેલાં કબુતરભર્યાં મ્હેલના કો ઝરૂખે,
બેલી થાક્યાં વિજળી વહુનો થાક ઊતારવાને;
રાત્રિ ગાળી, સુરજ ઉગતાં કાપજે બાકી માર્ગ,
*માથે લીધા પછી સુહૃદનું છોડી દે કાર્ય કોણ. ૪૧

રમણસમીપે-પોતાના પ્રિયની પાસે.

નારીને-અભિસારિકાઓને-સંકેત પ્રમાણે પ્રિયને મળવા જનારી સ્ત્રીઓને.

સોનારેખાસમ-સોનાની લીટીઓ દોરી હોય તેવી ઝીણી વિજળીના ચમકારાથી, અત્યંત અંધકારમાં રાજમાર્ગે ચાલી જતી સ્ત્રીઓને અંધારામાં અથડાવા ન દેતાં માર્ગ દર્શાવજે; તેમ તું વૃષ્ટિ કરી ગર્જતો નહીં, કારણ કે તે ડરી જશે. અર્થાત્ કોઈ પણ રીતનું એમને વિઘ્ન કરીશ નહીં, કારણ કે सततं नरके वासो स्नेहविक्षेपकारिणः કોઇના સ્નેહમાં વિક્ષેપ પડાવનારનો નરકમાં વાસ થાય છે.

જુવો આવી જાતનો ભાવ-

गच्छन्तीनां निशि पतिगृहं येन्धकारं सृजन्ति,
तांस्त्वं स्त्रीणां स्थगितनयनं छादयित्वाञ्जताराः
दूरीकुर्या विरहिविपदानम्बुवाहान् स्वशक्त्या
प्रायः सन्तः शिशुतरुणिषु ह्यार्द्रचित्ता भवन्ति-**પવનદૂત-૨૬**

કાલિદાસનાં કાવ્યોમાં આવું વર્ણન ઘણીવાર આવે છે. જુવો-

सुतीक्ष्णमुच्चैर्ध्वनतां पयोमुचां घनान्धकारावृतशर्वरीष्वपि
तडित्प्रभादर्शितमार्गभूमयः प्रयान्ति रागादभिसारिकाः स्त्रियः-**ઋતુસંહાર.**

શ્લોક ૪૧.

સૂતેલાં કબુતર-કબુતરોને મોટાં ઘરોના ઝરૂખા, છજાં વગેરેમાં વાસ કરી રહેવાની સ્વાભાવિક રીતે ટેવ હોય છે. સારોદ્ધારિણી, વલ્લભ વગેરેના અભિપ્રાય પ્રમાણે આ પાળેલાં કબુતરો હોય છે. એ પ્રાણીના અત્યંત મદથી ભરેલા હું હું શબ્દ કામોદ્દીપક હોવાથી ભોગી લોકો એમને ઘરમાં પાળે છે.

લૂછે આંસુ, પ્રિય ઘરભણી આવીને ખંડિતાનાં,
તે વેળા તું વિખરઈ જજે, સૂર્ય ના ઢાંકી દેતાં;
હીમાશ્રૂને, નલિની મુખથી લૂછવા એય જાશે,
માટે એના કર રુધિશતો, ખૂબ રોષે ભરાશે. ૪૨

જુવો **વિક્રમોર્વશીય** અને **માલવિકાગ્નિમિત્રમાં,**

धूपैर्जालविनिसृतैर्वलभयः संदिग्धपारावताः ।
सौधान्यत्यर्थतापाद्वलभिपरिचयद्वेषिपारावतानि ॥

બેલી થાકયાં ઇત્યાદિ–આખો દિવસ વિવિધ પ્રદેશો જોવાથી તથા તારી સાથે વારંવાર વિલાસ કરવાથી થાકી ગયેલી તારી પ્રિયા વિજળીનો શ્રમ ઉતારવાને. તારી ખાતર નહીં તો તારી સુકુમાર પ્રિયાની ખાતર પણ તારે આવા મહેલોમાં વિશ્રામ લેવો પડશે.

માથે લીધા પછી ઈ–મિત્રનું કામ માથે લીધા પછી ગમે તેવો મૂઢ પણ તે કામ છોડી દે નહીં તો પછી તું તે કર્યા વિના રહેશે જ નહીં, એમ કહેવાનો ભાવાર્થ છે. એકવાર સ્નેહીનું કાર્ય માથે લઈ છોડી દેવું, એ મહાપાતક છે. જુવો

सुहृदर्थे प्रतिश्रुत्य यश्च पश्चादकुर्वतां
तेन पापेन लिप्येयं यद्यहं नागमे पुनः–મહાભારત.

* પાઠાન્તર–જે લે માથે પ્રિય સુહૃદનું, કાર્ય છોડે ન તેહ.

શ્લોક ૪૨.

લૂછે આંસુ ઇત્યાદિ–પ્રભાત એ ખંડિતા નાયિકાનાં આંસુ લૂછવાનો સમય છે. રાત્રિએ અન્ય સ્થળે આનંદ કરી પ્રભાતે ઘેર આવેલો પતિ, રીસાયેલી ખંડિતા નાયિકાને મનાવતાં તેનાં આંસુ લૂછી તેને પ્રસન્ન કરે છે.

ખંડિતા–બીજે આસક્ત હોવાથી પ્રભાતે ઘેર આવતાં પતિના ઉપર રોષ, ઇર્ષ્યાથી કુપિત થયેલી તથા માન ખંડન પામેલી નાયિકા–આ કાવ્યશાસ્ત્રની આઠ નાયિકાઓમાંની એક છે–એનું લક્ષણ આ પ્રમાણે છે–

निद्राकषायमुकुलीकृतताम्रनेत्रो नारीनखव्रणविशेषविचित्रितांगः ।
यस्याः कुतोपि गृहमेति पतिः प्रभाते सा खंडितेति कथिता कविभिः पुराणैः ॥

ગંભીરાના હૃદય સરખા સ્વચ્છ વારિપ્રવાહે,
તા'રો આત્મા સુભગ, કરશે ત્યાં જઈ છાયરૂપે;
ઉડી રે'તાં કુમુદવરણાં મત્સ્ય રૂપી કટાક્ષો,
જોજે એનાં અફળ કરતો, મેઘ થૈ ખૂબ મોંઘો. ૪૩

કાવ્યશાસ્ત્રમાં જે અષ્ટ નાયિકાના ભેદ પાડ્યા છે તે નીચે પ્રમાણે છે ૧ **સ્વાધીતભર્તૃકા**, ૨ **ખંડિતા**-૩ **અભિસારિકા**, ૪ **કલહંતરિતા**, ૫ **વિપ્રલબ્ધા**, ૬ **પ્રોષિતભર્તૃકા**, ૭ **વાસકસજ્જા**, ૮ **વિરહોત્કંઠિતા**-આ સિવાય બીજા નાના ભેદ છે, જે અત્રે વિસ્તારભયથી આપ્યા નથી.

હે **મેઘ**-પ્રભાતે જ્યારે શઠનાયકો પોતાની **ખંડિતા** પ્રિયાનાં આંસુ લૂછે અને પટાવી સમજાવે, ત્યારે તું સૂર્યને પણ ઢાંકી ન દેતો, કારણ કે એ પણ પોતાની ખંડિતા થયેલી કમલિનીરૂપી નાયિકાનાં આંસુ લૈવા પોતાના **કર**-હાથ-અથવા કિરણો પ્રસારતો હશે. અહિં કવિએ સૂર્યને નાયક કલ્પ્યો છે, તે કમલિનીને બીડાયેલી મૂકી અન્ય સ્થળે રાત્રી ગાળી પ્રભાતમાં કમલિનીને પ્રસન્ન કરે છે. કમલિનીને ખંડિતા નાયિકા કલ્પી છે. પ્રભાતમાં થતાં ઓસનાં-ઝાકળનાં બિન્દુ જે કમલિનીના પત્ર ઉપર ઠરી રહ્યાં હોય, તેને આંસુ કલ્પ્યાં છે અને સૂર્યનાં કિરણો પડ્યાથી તે ઝાકળનાં ટીપાં સૂકાઈ જાય છે, તેને **સૂર્ય** પોતાના **કર**-હાથ અથવા કિરણોથી રીસાયલી કમલિની પ્રિયાના મોં ઉપરથી લુછી નાંખે છે, એવી કલ્પના કરી છે. **સૂર્ય** આમ મનામણાં કરવા જતો હશે, માટે તું એના કર-કિરણોરૂપી હાથ, વાદળથી રોકી રાખીશ તો તે રોષે ભરાશે.

શ્લોક ૪૩.

ગંભીરાના-ગંભીરા નામની નદીના-અથવા ગંભીર સ્વભાવવાળી કોઈ નાયિકાના.

હૃદય સરખા સ્વચ્છ-હૃદય જેવા સ્વચ્છ-પ્રસન્ન. પ્રસન્ન થયેલી સ્ત્રીના હૃદય જેવા. આ વારિપ્રવાહનું વિશેષણ છે.

સુભગ ! સુંદર-

તારો આત્મા છાયરૂપે કરશે-તારા દેહનું છાયારૂપે ગંભીરાના સ્વચ્છ જળમાં પ્રતિબિંબ પડશે-અથવા છાયા એટલે કાન્તિ-ચિત્ર એ રૂપે, એમ પુરૂષપક્ષે લેવાય છે.

ઢીલું થાતાં, ઉતરી પડતું તીરરૂપી નિતંબે,
લાજી એણે, કરથી પકડી રાખીયું હોય જાણે;
તેવી રીતે તટપર ઉગી નેતરોમાં ભરાયું,
ખેંચી લેતાં જળરૂપી રુડું શ્યામળું વસ્ત્ર એનું;

નિશ્ચે તારૂં ઝુકી ઝુકી જશે ભારથી પૂર્ણ અંગ,
ધારું છું જે બહુ કરીશ તું, ત્યાંથી જાતાં વિલંબ;
ચાખ્યા કેડે સુરતરસને કોણ એવો હશે જે,
પાસે ઊભી વિવૃતજઘના કામિની છોડી દેશે. ૪૪

જેમ કોઈ ભાગ્યશાલી સુંદર પુરુષની કાંતિની છબી, અનુરક્ત થયેલી ગંભીર નાયિકાના પ્રસન્ન થયેલા અંતઃકરણમાં વશી જાય છે, તેમ હે મેઘ, **ગંભીરા** નદીના સ્વચ્છ હૃદયરૂપ વારિપ્રવાહમાં તારા દેહની છાયા પ્રવેશ કરશે-અર્થાત્ તું છાયારૂપે એના અંતરમાં વશી રહીશ. કવિએ અહિં મેઘનો અને નદીનો નાયક નાયિકારૂપ સંબંધ કલ્પ્યો છે.

ગંભીરા તારા ઉપર અનુરક્ત થશે માટે તું મોંઘો થઈ, કટાક્ષ જેવી ચંચળ અને ધોળી તથા આમ તેમ ઉડતી માછલીઓરૂપી એ નદીનાં તારા પ્રત્યે પ્રેમ દર્શાવતાં કટાક્ષને અફળ ન કરીશ–અર્થાત્ એના પ્રત્યે બેદરકારી બતાવી એમને વ્યર્થ જવા દઇશ નહી. કારણ કે–

नानुरक्तामुपेक्षेत लज्जासंवृतभावनाम्

લજ્જાથી ભાવનાને પ્રકટ નહી કરી શકતી હોય એવી અનુરક્તાની પ્રેમીએ અવગણના ન કરવી.

શ્લોક ૪૪.

આમાં ગંભીરા નદીનું નાયિકારૂપે અને મેઘનું **નાયક**રૂપે વર્ણન છે અને સંયોગશૃંગારની ચેષ્ટાનું નિરૂપણ છે. નદી નાયિકારૂપે છે. એનો શ્યામ દેખાતો જળનો પ્રવાહ વસ્ત્રરૂપે છે. ઉંચા ધોળા તટ નિતંબરૂપે છે અને જળપ્રવાહને અટકાવતા વેતસ હાથરૂપે છે. **મેઘ** અનુરક્ત નાયક છે, **ગંભીરા** અનુકૂળ થતી નાયિકા છે.

ઢીલું થાતાં ઉતરી પડતું–આ વસ્ત્રનું વિશેષણ છે. વસ્ત્ર ઢીલું થઈ જવું અને નિતંબપરથી સરી પડવું, એ નાયિકાની અનુકૂળતા અને પ્રબળ મદનભાવના બતાવે છે.

વર્ષાબિન્દુ પડી ઉપસતી પૃથ્વીના ગંધવાળો,
હસ્તીઓથી મધુર સુંઢના સૂસવાટે પિવાતો;
ઠંડો વાયુ ફળ પકવતો ઉંબરાનાં વનોમાં,
*વા'શે ધીરે અનુકૂળ થતો દેવગિરિ જતાં ત્યાં. ૪૫

વસ્ત્ર સરી સરી જાય છે તેને મુકી દેવા ઇચ્છતી છતાં ગંભીરા લજ્જાથી નેતરોરૂપી કરવડે ખેંચી રાખતી નથી પણ રોકી રાખે છે.

જેમ કોઈ કામી અનુકૂળ નાયિકાનું વસ્ત્ર સરી પડતું હોય તેને ખેંચવા જતાં લજ્જાથી તે સ્ત્રી તેને અટકાવી રાખે છે તેમ જળરૂપી વસ્ત્રને મેઘ ખેંચી લેતાં ગંભીરા નેતરોરૂપી હાથથી લજ્જાની મારી અટકાવી રાખે છે.

યક્ષ કહે છે કે, હે મેઘ! આ શૃંગારચેષ્ટામાં લુબ્ધ થવાથી તું ત્યાંથી ચાલતાં બહુ વિલંબ કરીશ. અર્થાત્ તું ત્યાંથી નહીજ ખશી શકે—નીચેનાં બે ચરણમાં તેનું કારણ બતાવ્યું છે.

વિવૃતજઘના—જેનું જઘન—કમ્મરથી નીચેનો ભાગ; ઉઘડી ગયું છે એવી.

કામિની=અનુકૂળ ઇચ્છાવાળી સ્ત્રી.

રસનો અનુભવી થયા પછી એવો કોણ હોય કે જે આવા રસોપભોગને જતો કરે, અર્થાત્ કોઈ એવો અરસિક હોયજ નહીં કે મ્હોં આગળ આવેલું અમૃત ઢોળી નાંખે—

શ્લોક ૪૫.

વર્ષાબિન્દુ ઇત્યાદિ=તાજી વૃષ્ટિથી ભીંજાવાથી ઉપસી આવતી પૃથ્વીના સુવાસવાળો. આ વાયુનું વિશેષણ છે.

હસ્તીઓને ભૂમિની વાસ અત્યંત પ્રિય હોય છે તેથી ભૂમિના સુવાસવાળા પવનને સૂંઢમાં ખેંચતા હસ્તીઓનાં ટોળાં ત્યાં ફરતાં હશે એમ સૂચવ્યું છે.

ઉંબરાનાં વનો=વર્ષાકાળમાં ઉંબરાં પરિપક્વ થાય છે. અંજીર જેવા ફળવાળાં ઉંબરાનાં વૃક્ષો.

દેવગિરિ=પ્રો. વિલ્સન આને **માલવાના** મધ્ય ભાગમાં **ચંબલની** દક્ષિણે આવેલા **દેવગઢની** પાસેનો પર્વત કહે છે. આ પર્વત ઉપર **કાર્તિકેયસ્વામિનું** દેવળ છે, જેનું વર્ણન આની પછીના શ્લોકમાં કવિએ આપેલું છે.

* પાઠાન્તર—ધીરેધીરે વ્યજન કરશે.

ત્યાં તું પુષ્પોરૂપ બની જઈ, વ્યોમ ગંગાપ્રવાહે-
ભીનાં પુષ્પો વરસી, વસતા સ્કંદને પૂજી લેજે;
રક્ષા માટે ધર્યું શિવજીએ ઇન્દ્રસેનાની એહ-
અગ્નિ કેરા મુખમહિં, મહા સૂર્યથી ઉગ્ર તેજ. ૪૬

શ્લોક ૪૬.

અહિં યક્ષ મેઘને કાર્તિકસ્વામીનું પૂજન કરવાનું સૂચન કરે છે.

પુષ્પોરૂપ બની જઈ=મેઘને પ્રથમથી જ ઇચ્છાનુકૂળ સ્વરૂપ ધરનાર કલ્પ્યો છે તેથી યક્ષ તેને કહે છે કે-તું પુષ્પરૂપે બની જઈ તેમના ઉપર પુષ્પ-વૃષ્ટિ કરજે.

વ્યોમગંગા-આકાશગંગા-આકાશગંગાના જળકણથી ભીનાં પુષ્પોથી તું **કાર્તિક**સ્વામીનું પૂજન કરજે.

સ્કંદ=કાર્તિકસ્વામી. **તારકાસુરને** મારવાને માટે શિવે અગ્નિના મુખથી ઉત્પન્ન કરેલો પુત્ર. **મહાભારત** અને **રામાયણ** પ્રમાણે એ સ્ત્રીની સહાય વિના **શિવે** ઉત્પન્ન કરેલો પુત્ર છે. **શિવે** પોતાનું તેજ અગ્નિના મુખમાં નાંખ્યું, જે અત્યંત ઉગ્ર હોવાથી અગ્નિ સહન કરી શકયો નહીં, તેથી તેણે **ગંગામાં** નાંખ્યું. **ગંગાએ શંભુના** તેજને સરખટના વનમાં નાંખ્યું અને ત્યાં **કાર્તિકસ્વામીની** ઉત્પત્તિ થઈ તેથી એમનું શરભવણ, શરજન્મા એવું નામ પડ્યું. ત્યાં કૃત્તિકાએ તેમને ઉછેર્યા, તેથી **કાર્તિકેય** કહેવાયા. એમનાં **મહાસેન, સિદ્ધસેન, ગંગાપુત્ર, દ્વાદશકર,** ઇત્યાદિ નામો છે. હિમાલયમાં જે **ક્રૌંચરંધ્ર** નામે આરપાર જવાનો માર્ગ છે, તે **કાર્તિકસ્વામીએ** શક્તિનો પ્રહાર કરી પાડ્યો છે એમ **વાયુપુરાણમાં** કથા છે. એમને કોઈ સ્થળે **અગ્નિના** પુત્ર પણ કહેવામાં આવે છે. એમનું વાહન મોર છે. એમની સ્ત્રીનું નામ **કૌમારી** અથવા **સેના** છે.

તારકાસુરને મારવાને માટે કાર્તિકસ્વામીને દેવસેનાનું અધિપતિપણું આપવામાં આવ્યું હતું.

કાર્તિકસ્વામીની ઉત્પત્તિને માટે જુવો **કુમારસંભવ.** સર્ગ-૯. **રામાયણ**-બાલ-કાંડ. અધ્યાય ૩૭.

*જ્યોતિર્લેખાથકી ચળકતું પિચ્છ જેનું ભવાની,
પુત્ર. પ્રેમે કુવલય તજી રાખતાં કાન પે'રી;
નેત્રો જેનાં ધવલ શિવના ચંદ્રથી તે મયૂર,
ગાજી રે'તી ગિરિકુહરમાં ગર્જનાથી નચાવ. ૪૭

જાતાં વંદી શરજનમને, છોડશે માર્ગ તા'રો,
સિદ્ધ દ્વંદ્વો જળકણ ભયે ઢાંકી દેતાં વિણાઓ;
કીર્ત્તિ ગૌના વધની સરિતારૂપમાં રંતિદેવે,
મુકી હોયે, અહિં, તું નમજે, એવી ચર્મણ્વતીને. ૪૮

શ્લોક ૪૭.

જ્યોતિર્લેખા થકી ચળકતું–તેજની રેખાઓથી ચળકતું. આ પિચ્છ–પિંછાનું વિશેષણ છે.

*પાઠાન્તર–ચંદ્રોવાળું લઈ, ખરી જતાં, પિચ્છ જેનું ભવાની,

ભવાની–પાર્વતી.

પુત્રપ્રેમે–કાર્ત્તિકસ્વામિ પોતાના પુત્ર છે અને મયૂર એમનું વાહન છે તેથી મયૂરનું પિચ્છ કાને પહેરવું એમને અત્યંત પ્રિય છે.

કુવલયતજી–કાનમાં કમળ નહી પહેરતાં, **પાર્વતી** પુત્રસ્નેહથી **કાર્ત્તિક**સ્વામીના મયૂરનું પિચ્છ પહેરી રાખે છે. कुवलयपदप्रापि એ પાઠ અહિ ઠીક લાગે છે.

નેત્રો જેનાં–શિવના ચંદ્રના તેજથી જેનાં નેત્ર ધવળ દીસે છે એવો–મયૂર.

ગિરિકુહર–ગિરિગુફાઓ. ગિરિગુફાઓમાં ગાજી રહેલી તારી ગર્જનાથી **કાર્ત્તિક**સ્વામીના મયૂરને નૃત્ય કરાવી તું એમની આરાધના કરજે.

શ્લોક ૪૮.

જાતાં વંદી શરજનમને–કાર્ત્તિકસ્વામીને વંદીને તું આગળ જાશે ત્યારે.

સિદ્ધદ્વંદ્વો–સિદ્ધ દંપતીઓ.

જળકણ ભયે–હાથમાં વીણાઓ ધારી જતાં સિદ્ધોનાં જોડાં, તારાં જળકણો વીણાઓ ઉપર પડવાથી તેના તાર બગડી જાય એવા ભયથી તારો માર્ગ છોડી દેશે; અર્થાત્ તું જે માર્ગે જતો હોઇશ તે માર્ગમાંથી આઘાં પાછાં થઈ જશે. પાણીના સ્પર્શથી તંત્રીના તાર બગડી જાય માટે તેને ઢાંકી દઈ સિદ્ધો દૂર જતા રહેશે, એમ કહેવાનો ભાવાર્થ છે.

જ્યારે લેવા જળ, નમિશ તું કૃષ્ણના વર્ણચોર !
જોશે હારી નજર નભથી, સિદ્ધ ગંધર્વ સર્વ;
એનો મોટો પટ દૂરથકી લાગતો સેર રૂપે,
જાણે માળા ભૂમિની વચમાં શોભતી ઇન્દ્રનીલે. ૪૯

કીર્ત્તિગૌના વધની:—રન્તિદેવ રાજાએ હજારો ગાયોના વધ કરી ગોયજ્ઞ કર્યા હતા. તેમના ચામડામાંથી ગળતા રુધિરથી ઉત્પન્ન થયેલી અને નદીરૂપે જાણે રન્તિદેવની કીર્ત્તિ આ જગતમાં રહી હોય એવી ચર્મણ્વતી નદીને તું નમજે. એ ધર્મશીલ રાજાના યજ્ઞોથી ઉત્પન્ન થયેલી ચર્મણ્વતીને નમન કરવા તું નીચે ઉતરજે. પરંપરા સાંભળેલા ધર્મનું પણ ઉલ્લંઘન કરવું નહીં, કારણ કે આ પરંપરાથી પૂજ્ય ગણાતી નદી છે.

धर्मः श्रुतो वा दृष्टो वा स्मृतो वा कथितोपि वा
अनुमोदितो वा राजेन्द्र पुनाति पुरुषं सदा. મહાભારત.

ચર્મણ્વતી એ ગંગા આદિ પવિત્ર નદીઓમાંની એક પાપ હરનારી નદી ગણાય છે. જુવો—

यागे तथा विधिकृते विबुधा प्रसन्नाः
तस्मिन्वरं सुकृतिने कृतिने वितेरुः
चर्मण्वतीति तव कीर्तिरनंतकीर्तेः
शश्वत्पुनातु धरणीं सरिदात्मनेति. મહાભારત.

રન્તિદેવ=ભરતથી છઠ્ઠી પેઢીએ થયેલો ચંદ્રવંશનો રાજા. એના પિતાનું નામ સંકૃતિ હતું અને દશપુર એની રાજધાની હતી. આ રાજા અત્યંત લક્ષ્મીવાન્, ધાર્મિક, અને ઉદાર હતો. એના રસોડામાં બે લાખ રસોઇઆ હતા. તે દરરોજ ૨૦૦૦ ગાયોનો ભોગ આપી ગોયજ્ઞ કરતો હતો. આવા નિરંતર યજ્ઞોથી ગાયોના ચર્મના રુધિરના પ્રવાહથી ત્યાં એક નદી વહેવા લાગી, જે ચર્મણ્વતી નામે પ્રસિદ્ધ છે. આ ચર્મ-

તે ઓળંગી, કુશળ અતિશે ભ્રૂલતા વિભ્રમોમાં,
કાન્તિ કાળી ધવળ પસરે પાંપણો ઉંચી થાતાં;
કુન્દો જાણે મધુકરભર્યાં ડોલતાં હોય તેવી,
જોવાતો જા, દશપુરતણી નારીની દૃષ્ટિઓથી.* ૫૦

કૃષ્ણના વર્ણચોર=કૃષ્ણના સ્નિગ્ધ, શ્યામ, અને સુંદર વર્ણને ચોરી લેનાર. મેઘનો કૃષ્ણના જેવો શ્યામ વર્ણ છે. તે મેઘે જાણે ચોરી લીધો હોય એમ કહેવાનો ભાવાર્થ છે. આ શ્લોકમાં કવિએ બહુ જ મનોહર કલ્પના કરી છે, પરંતુ તે ડા૦ વિલ્સન કહે છે તેમ આપણે મેઘ માર્ગની ઉપર છીએ અને ત્યાંથી મેઘને, નદીને અને ભૂમિને જોઇએ છીએ, એમ કલ્પીએ ત્યારે સંપૂર્ણ રીતે ધ્યાનમાં આવે તેમ છે. કવિએ પૃથ્વીને સ્ત્રી કલ્પી છે. અત્યંત ઉંચેથી જોતાં વિસ્તીર્ણ છતાં સફેત મોતીની એક સેર સમાન દેખાતા નદીના પ્રવાહને પૃથ્વીની એક સેરની મોતીની માળા કલ્પી છે અને ઉપરથી જોતાં સુંદર શ્યામ રંગનો અને હજારો જળકણોમાં સૂર્યનાં કિરણોનો પ્રવેશ પામવાથી રત્નના જેવા ઝળકારા મારતો મેઘ જે નદીના ઉપર ઝુકી રહ્યો છે તેને સેરમાં ગુંથેલો ઇન્દ્રનીલમણિ કલ્પ્યો છે. મેઘમાર્ગની ઉપર વિમાનોમાં ફરતા સિદ્ધ ગંધર્વાદિ, ભૂમિએ જાણે વચમાં ગુંથેલા ઇન્દ્રનીલમણિવાળી મોતીની માળા પહેરી હોય તેવી નયનને અત્યંત આનંદ આપનારી આ શોભા નજર ઠારીને જોઈ રહેશે. આ આકાશમાંથી દેખાતા સૃષ્ટિસૌન્દર્યનું અપૂર્વ વર્ણન છે.

શ્લોક ૫૦.

આ શ્લોકમાં કવિ દશપુરની સ્ત્રીઓનું વર્ણન કરે છે.

દશપુર=આ દેશનું તથા તેની રાજધાનીનું નામ હશે. **મલ્લિનાથ** એને **રંતિદેવ**નું નગર કહે છે. આ **ચંબલ**ના કિનારાપરનો ઉજ્જયિનીથી ઉત્તરે આવેલો પ્રદેશ હશે, જેને પ્રાચીન શોધ કરનારા **મંદેસુર** કહે છે. પ્રો. વિલ્સનનું એમ માનવું છે કે આ **ચંબલ**ની ઉત્તરે આવેલું **રંતિમપુર** હશે, કારણ કે તે **ઉજ્જયિની**થી ઉત્તરે મેઘને જવાના માર્ગમાં આવે છે. આના સંબંધમાં ડા૦ **ફ્લીટ**, ડા૦ ભગવાનલાલ **ઇન્દ્રજી** વગેરેના જુદા જુદા મતોનો કંઈ પણ નિર્ણય થઈ શકે તેમ નથી, એટલે એમના લાંબા અભિપ્રાયની તકરાર અત્રે ટાંકી નથી, પણ ઘણે ભાગે એ **રંતિપુર** હશે.

જ્યારે લેવા જળ, નમિશ તું કૃષ્ણના વર્ણચોર !
જોશે ત્હારી નજર નભથી, સિદ્ધ ગંધર્વ સર્વે;
એનો મોટો પટ દૂરથકી લાગતો સેર રૂપે,
જાણે માળા ભૂમિની વચમાં શોભતી ઇન્દ્રનીલે. ૪૯

કીર્ત્તિગૌના વધની:–રન્તિદેવ રાજાએ હજારો ગાયોના વધ કરી ગોયજ્ઞ કર્યા હતા. તેમના ચામડામાંથી ગળતા રુધિરથી ઉત્પન્ન થયેલી અને નદીરૂપે જાણે રન્તિદેવની કીર્ત્તિ આ જગતમાં રહી હોય એવી ચર્મણ્વતી નદીને તું નમજે. એ ધર્મશીલ રાજાના યજ્ઞોથી ઉત્પન્ન થયેલી ચર્મણ્વતીને નમન કરવા તું નીચે ઉતરજે. પરંપરા સાંભળેલા ધર્મનું પણ ઉલ્લંઘન કરવું નહીં, કારણ કે આ પરંપરાથી પૂજ્ય ગણાતી નદી છે.

धर्मः श्रुतो वा दृष्टो वा स्मृतो वा कथितोपि वा
अनुमोदितो वा राजेन्द्र पुनाति पुरुषं सदा. મહાભારત.

ચર્મણ્વતી એ ગંગા આદિ પવિત્ર નદીઓમાંની એક પાપ હરનારી નદી ગણાય છે. જુવો—

यागे तथा विधिकृते विबुधा प्रसन्नाः
तस्मिन्वरं सुकृतिने कृतिने वितेरुः
चर्मण्वतीति तव कीर्तिरनंतकीर्तेः
शश्वत्पुनातु धरणीं सरिदात्मनेति. મહાભારત.

રન્તિદેવ=ભરતથી છઠ્ઠી પેઢીએ થયેલો ચંદ્રવંશનો રાજા: એના પિતાનું નામ સંકૃતિ હતું અને દશપુર એની રાજધાની હતી. આ રાજા અત્યંત લક્ષ્મીવાન્, ધાર્મિક, અને ઉદાર હતો. એના રસોડામાં બે લાખ રસોઇઆ હતા. તે દરરોજ ૨૦૦૦ ગાયોનો ભોગ આપી ગોયજ્ઞ કરતો હતો. આવા નિરંતર યજ્ઞોથી ગાયોના ચર્મના રુધિરના પ્રવાહથી ત્યાં એક નદી વહેવા લાગી, જે ચર્મણ્વતી નામે પ્રસિદ્ધ છે. આ ચર્મણ્વતી એ હાલની ચંબલ નદી છે અને દશપુર એ ધોલપુર છે. (ટીકા–૫૧) રન્તિદેવની વિશેષ કથાને માટે જુવો દ્રોણપર્વ અ. ૬૭, વનપર્વ અ. ૨૯૪, શાન્તિપર્વ અ. ૨૯. ભાગવત. નવમ સ્કંધ.

શ્લોક ૪૯.

જ્યારે લેવા=જ્યારે તું જરા નીચે નમી ચર્મણ્વતીનું જળ લેવા જઇશ ત્યારે.

सरस्वतीदृषद्वत्योर्देवनद्योर्यदन्तरम् ।
तं देवनिर्मितं देशं ब्रह्मावर्तं प्रचक्षते—मनु. ॥

પેસતાં છાયરૂપે=હે મેઘ! તારા ઉપર સૂર્યનો તડકો પડતાં, તારી છાયા નીચે બ્રહ્માવત ઉપર પડશે, તે રૂપે તું એ પવિત્ર દેશમાં પ્રવેશ કરી ત્યાં આવેલું અનેક તીર્થોથી ભરેલું પવિત્ર કુરુક્ષેત્ર જોયા વિના જતો નહીં.

કુરુક્ષેત્ર–અનંદોરામ બરૂહા કહે છે કે, કુલૂતની દક્ષિણ પૂર્વનો અને ત્રિગર્તની પેલી તરફનો પ્રદેશ કુરુક્ષેત્ર કહેવાય છે અને ત્યાં વહેતી **સ**રસ્વતી નદીને લીધે ત્યાંના વાસી **સા**રસ્વત કહેવાતા હતા. **સ્થા**નેશ્વરની દક્ષિણનો આ પ્રદેશ છે, એટલે **સ**રસ્વતીની અને દશદ્વતીની વચ્ચેનો બધો પ્રદેશ આમાં સમાઈ જાય છે. જુવો મહાભારત. વનપર્વ–અ. ૮૩–૪.

दक्षिणेन सरस्वत्या दृषद्वत्योत्तरेण च ।
ये वसन्ति कुरुक्षेत्रे तें वसन्ति त्रिविष्टपे ॥

આ **કુરુક્ષેત્રનો** પ્રદેશ અત્યંત પાવન ગણાય છે અને એમાં યુદ્ધ કરી દેહ મુકે, તે સ્વર્ગને પામે છે–જુવો—**મહાભારત. શલ્યપર્વ. અ૦ ૫૫.**

कुरुक्षेत्रं परं पुण्यं पावनं स्वर्ग्यमेव च ।
तत्र वै योत्स्यमाना ये देहं त्यक्ष्यन्ति मानवाः ।
तेषां स्वर्गे ध्रुवो वासः शक्रेण सह मारिष ॥

આ પવિત્ર પ્રદેશમાં **કૈરવ પાંડવોનું** યુદ્ધ થયું હતું. પરંપરાથી પવિત્ર મનાતા આ ક્ષેત્રમાં અનેક તીર્થસ્થાનો છે.

આના વચ્ચેના ભાગમાં પંચહૃદ (પાંચ કુંડ) તીર્થ રૂપ છે, તે પરશુરામે ક્ષત્રિઓનો સંહાર કરીને કર્યા હતા.

ततो रामह्रदान् गच्छेत् तीर्थसेवी समाहितः ।
क्षत्रमुत्साद्य वीरेण ह्रदाः पंच निवेशिताः ॥

મહાભારત. વનપર્વ. અ. ૮૩.

અહિં **સૂર્ય** તીર્થ નામનું સ્થાન છે, જ્યાં સૂર્યને સર્વ ગ્રહોનું અધિપતિપણું પ્રાપ્ત થયું હતું અને સૃષ્ટિના પ્રારંભમાં વિષ્ણુએ **મધુ** તથા **કૈટભ** નામના દૈત્યોનો નાશ કર્યો હતો.

બ્રહ્માવર્તે જલધર પછી પેસતાં છાયરૂપે,
ક્ષત્રિઓના વધ સૂચવતું, તું કુરુક્ષેત્ર જોજે;
વર્ષે છે તું કમળવનમાં, તેમ ગાન્ડીવધન્વા,
રાજાઓને મુખ વરસતો, બાણની વૃષ્ટિઓ જ્યાં. ૫૧

તે ઓળંગી–તે ચર્મણ્વતીને ઓળંગીને, દશપુરની સુંદરીઓની દૃષ્ટિથી જોવાતો તું આગળ જજે એવો ભાવાર્થ છે.

પ્રથમ ત્રણ ચરણોમાં કેવી દૃષ્ટિઓ, તેનું વર્ણન છે. **ભ્રૂલતા વિભ્રમોમાં** અતિશે કુશળ–વાંકી ભમરોના વિલાસ–ચેષ્ટાઓમાં અત્યંત કુશળ–પાંપણો ઉંચી કરીને જોતાં જેમાંથી નેત્રની ધોળી અને કાળી કીકીઓની કાળી કાન્તિ લાંબે સુધી પ્રસરે છે એવી. આ પ્રમાણે ધોળી અને કાળી એમ મિશ્ર થયેલી શોભાવાળી તથા લાંબે સુધી પ્રસરતી દશપુરની સ્ત્રીઓની દૃષ્ટિ, જાણે ડોલતાં કુન્દ પુષ્પ (મોગરાનાં પુષ્પ)ની પાછળ દોડતી કાળા ભમરાઓની પંક્તિઓ ન હોય તેવી મનોહર લાગશે; તે વડે આતુરતાપૂર્વક જોવાતો આગળ જજે.

અર્થાત્ આવી દશપુરની સ્ત્રીઓના નેત્રના વિલાસ અને ભમરોના વિભ્રમ અનુભવતો તું આગળ ચાલજે.

*** પાઠાંતર–દશપુરવધૂદૃષ્ટિએ, કૌતકેથી.**

મુખના ઉપર જે વિકાર જણાય તે હાવ, ચિત્તના જે વિકાર તેને ભાવ, નેત્રની ચેષ્ટાને વિલાસ અને ભમરના વિકારને વિભ્રમ કહેવાય છે.

हावो मुखविकारः स्यात् भावश्चित्तसमुद्भवः
विलासो नेत्रयोर्ज्ञेयो, विभ्रमो भ्रूसमुद्भवः

સામાન્ય વ્યાખ્યા આવી છે પણ ઉપયોગમાં તેને બહુ અનુસરવામાં આવતું નથી.

શ્લોક ૫૧.

દશપુર મુકયા પછી યક્ષ મેઘને, પરમ તીર્થરૂપ **બ્રહ્માવર્ત**માં આવેલા કુરુક્ષેત્રમાં જવાનું કહે છે.

બ્રહ્માવર્ત=હસ્તિનાપુરથી વાયવ્ય ખૂણામાં આવેલા પ્રદેશને બ્રહ્માવર્ત કહે છે. એ **સરસ્વતી** અને દૃષદ્વતીની વચ્ચે આવેલો પ્રદેશ છે.

બંધુપ્રીતિ ધરી હલધરે, એઉશું યુદ્ધ છોડી,
ત્યાગી *ઝાઝી ગમતી મદિરા રેવતી નેત્ર સોતી;
સેવ્યાં સારસ્વતી જલ જઈ સેવતાં તે તું આજ,
રે'શે શુદ્ધિ હૃદયની થતાં, દેહથી શ્યામ-વર્ણ. ૫૨

આવા કુરુક્ષેત્રનાં દર્શન કર્યા વિના હે મેઘ! તું જતો નહીં, કારણ કે તે આત્માને પાવન કરનાર અનેક તીર્થના સ્થાનરૂપ છે.

હે મેઘ! જેમ તું કમળનાં વનોમાં ધારાઓની પરંપરાથી અસાધારણ વૃષ્ટિ કરે છે, તેમ ગાંડીવધન્વા-**અર્જુન**-જેના ધનુષનું નામ ગાંડીવ હતું તે-રાજાઓનાં કમળ જેવાં મુખો ઉપર હજારો બાણની વૃષ્ટિ કરતો હતો.

બાણની વૃષ્ટિ એ શબ્દે અર્જુનનું ધનુર્વિદ્યાનું કૌશલ બતાવ્યું છે.

શ્લોક ૫૨.

* પાઠાન્તર-ત્યાગી શોભા ધરતી મદિરા રેવતી લોચનોની,
ત્યાગી ઝાઝી ગમતી મદિરા રેવતી નેત્ર સોતી-
ત્યાગી વ્હાલી રસભરી સુરા રેવતી નેત્ર સોતી-

હલધરે-હળને ધરનાર. આ કૃષ્ણના મોટાભાઈ **બળરામ**નું નામ છે. જ્યારે **મહાભારત**નું યુદ્ધ થયું ત્યારે કૃષ્ણ **પાંડવો**ના પક્ષમાં રહ્યા હતા, પરંતુ પાંડવો અને કૌરવો બંને મારે તો સમાન છે એમ માની **બળરામે** બંધુના વધના પાપમાંથી મુક્ત રહેવાને માટે **સરસ્વતી**ના કિનારે જઈ વાસ કર્યો હતો.

બળભદ્રને મદિરા પિવાનો અત્યંત શોખ હતો. **રેવતી** તેમની સ્ત્રી હતી જેના ઉપર એમની અનન્ય ભાવના હતી અને તે પણ મદ્યની રસીયણ હતી. વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે કૃષ્ણ એ સાક્ષાત્ વિષ્ણુ રૂપે છે અને **બળરામ** શેષાવતાર મનાય છે, પરંતુ **મહાભારત**માં તેમને સમાન ગણવામાં આવ્યા છે. વિષ્ણુના બે રોમ, વાળ-**બળરામ** અને કૃષ્ણરૂપે-દેવકીને પેટે ઉત્પન્ન થયા હતા. તેમનો જન્મ થતાં જ તેમને કંસના ભયથી **ગોકુળ**માં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને નન્દે ઉછેરી મોટા કર્યા. કૃષ્ણ અને બળરામ બંને સાથે ઉછર્યા હતા અને જ્યારે કૃષ્ણ મથુરા ગયા અને કંસને માર્યો ત્યારે તે તેમની સાથે ગયા હતા. બળરામ અત્યંત દારૂ પીતા હતા. એક વખતે દારૂના ઘેનમાં તેમણે યમુનાને

तत्र हत्वा पुरा विष्णुरसुरौ मधुकैटभौ—મહાભારત. શલ્યપર્વ. અ. ૪૮.

આ સૂર્યકુંડ સ્થાનેશ્વરથી થોડા મૈલને અંતરે છે. અહીં વિશ્વામિત્રને બ્રાહ્મણત્વ પ્રાપ્ત થયું હતું.—મહાભારત. શલ્યપર્વ. અ. ૩૯

ब्राह्मण्यं लब्धवान् यत्र विश्वामित्रस्तथा मुनिः ।

અહિં સરસ્વતીના ઉત્તર તીર ઉપર પૃથૂદક નામે તીર્થ છે, જ્યાં બળરામ ગયા હતા. ત્યાં મરણ થવાથી આત્માને મુક્તિ મળે છે.

सरस्वत्युत्तरे तीरे यस्त्यजेदात्मनस्तनुम् ।
पृथूदके जप्यपरो नचैनं मरणं तपेत्—મહાભારત. શલ્યપર્વ.

અહીં બીજું સ્થાણુ તીર્થ સ્થાણેશ્વર છે, જ્યાં શંકરે સરસ્વતીનું પૂજન કરીને એ તીર્થનું સ્થાપન કર્યું હતું, તથા દેવતાઓએ કાર્તિક સ્વામિને સેનાપતિ તરીકે નીમ્યા હતા. અહિં વસિષ્ઠનો આશ્રમ છે. (શલ્ય પર્વ અ. ૪૨.) બીજું ચક્રતીર્થ છે, જ્યાં ભીષ્મ પિતામહને મારવાને માટે જ્યારે અર્જુન અસમર્થ થયો, ત્યારે કૃષ્ણ ભગવાનને સુદર્શન ચક્ર હાથમાં લેવું પડ્યું હતું. જેમાં અભિમન્યુ મરાયો હતો તે ચક્ર વ્યૂહનું સ્થાન પણ હજી ત્યાં બતાવવામાં આવે છે. (દ્રોણ પર્વ અ. ૪૯.) અહીં દધિચિ તીર્થ છે, જ્યાં આગળ ઇન્દ્રે દધિચિના અસ્થિથી વૃત્રાસુરને માર્યો હતો. આને સારસ્વત તીર્થ પણ કહે છે, જ્યાં મહાતપસ્વી અંગિરસનો જન્મ થયો હતો, અને અહીંજ કાર્તિક સ્વામિએ તારકાસુરને માર્યો હતો. અહીંઆ કૌશિકી અને દષદ્વતીના સંગમ પાસે વ્યાસ સ્થલી કરીને તીર્થ છે, ત્યાં ભગવાન્ વેદવ્યાસે પુત્રોના શોકથી દેહ મુક્યો હતો. આને હાલ પણ વ્યાસથલી કહેવામાં આવે છે. વળી સપ્તસારસ્વત એટલે સાત સરસ્વતીઓનો (નદીઓનો) સંગમ એ નામનું તીર્થ પણ અહીં છે. આ સિવાય મહાભારતમાં કહેલાં અનેક તીર્થો આ પ્રદેશમાં આવેલાં છે. પરંપરાથી આ આર્ય લોકોનું યુદ્ધક્ષેત્ર છે અને તેણે હજારો ક્ષત્રિયોનાં અને રાક્ષસોનાં રુધિર પીધાં છે. લોકકથા પ્રમાણે એ ભૂમિ ઘણી દયાહીન ગણાય છે. ત્યાંનાં હવા પાણીનો જ એવો ગુણ છે કે, ત્યાં સ્નેહ અને દયાની વૃત્તિ રહેતી નથી. કૌરવ પાંડવોએ પણ પોતાના ગુરુજનોનો તથા સગાસંબંધીઓનો અહિંજ વિનાશ કર્યો હતો. ગમે તેમ હો પણ આ ભૂમિ લોહીની તરસી છે, એમ તો પરંપરાથી મનાતું જ આવ્યું છે.

બંધુપ્રીતિ ધરી હલધરે, બેઉશું યુદ્ધ છોડી,
ત્યાગી *ઝાઝી ગમતી મદિરા રેવતી નેત્ર સોતી;
સેવ્યાં સારસ્વતી જલ જઈ સેવતાં તે તું આજ,
રે’શે શુદ્ધિ હૃદયની થતાં, દેહથી શ્યામ-વર્ણ. ૫૨

આવા કુરુક્ષેત્રનાં દર્શન કર્યા વિના હે મેઘ! તું જતો નહીં, કારણ કે તે આત્માને પાવન કરનાર અનેક તીર્થના સ્થાનરૂપ છે.

હે મેઘ! જેમ તું કમળનાં વનોમાં ધારાઓની પરંપરાથી અસાધારણ વૃષ્ટિ કરે છે, તેમ ગાંડીવધન્વા—અર્જુન—જેના ધનુષનું નામ ગાંડીવ હતું તે—રાજાઓનાં કમળ જેવાં મુખો ઉપર હજારો બાણની વૃષ્ટિ કરતો હતો.

બાણની વૃષ્ટિ એ શબ્દે અર્જુનનું ધનુર્વિદ્યાનું કૌશલ બતાવ્યું છે.

શ્લોક ૫૨.

* પાઠાન્તર—ત્યાગી શોભા ધરતી મદિરા રેવતી લોચનોની,
ત્યાગી ઝાઝી ગમતી મદિરા રેવતી નેત્ર સોતી-
ત્યાગી વ્હાલી રસભરી સુરા રેવતી નેત્ર સોતી-

હલધરે—હળને ધરનાર. આ કૃષ્ણના મોટાભાઈ **બળરામ**નું નામ છે. જ્યારે **મહાભારત**નું યુદ્ધ થયું ત્યારે કૃષ્ણ **પાંડવો**ના પક્ષમાં રહ્યા હતા, પરંતુ પાંડવો અને કૌરવો બંને મારે તો સમાન છે એમ માની **બળરામે** બંધુના વધના પાપમાંથી મુક્ત રહેવાને માટે **સરસ્વતી**ના કિનારે જઈ વાસ કર્યો હતો.

બળભદ્રને મદિરા પિવાનો અત્યંત શોખ હતો. **રેવતી** તેમની સ્ત્રી હતી જેના ઉપર એમની અનન્ય ભાવના હતી અને તે પણ મધની રસીયણ હતી. વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે કૃષ્ણ એ સાક્ષાત્ વિષ્ણુ રૂપે છે અને **બળરામ** શેષાવતાર મનાય છે, પરંતુ **મહાભારત**માં તેમને સમાન ગણવામાં આવ્યા છે. વિષ્ણુના બે રોમ, વાળ—**બળરામ** અને કૃષ્ણરૂપે—દેવકીને પેટે ઉત્પન્ન થયા હતા. તેમનો જન્મ થતાં જ તેમને કંસના ભયથી **ગોકુળ**માં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને નન્દે ઉછેરી મોટા કર્યા. કૃષ્ણ અને **બળરામ** બંને સાથે ઉછર્યા હતા અને જ્યારે કૃષ્ણ મથુરા ગયા અને કંસને માર્યો ત્યારે તે તેમની સાથે ગયા હતા. બળરામ અત્યંત દારૂ પીતા હતા. એક વખતે દારૂના ઘેનમાં તેમણે **યમુના**ને

આજ્ઞા કરી કે તું મારી પાસે આવ, કારણ કે મારે તારામાં સ્નાન કરવું છે. યમુના આવી નહીં તેથી કોપાયમાન થઈ બળભદ્રે પોતાના હલવતે એને ખેંચી આણી. આથી એમને કાલિન્દીકર્ષણ કહે છે. કૃષ્ણના પુત્ર **સામ્બને** જ્યારે **દુર્યોધને હસ્તિનાપુરમાં** પકડીને કેદ કર્યો હતો, ત્યારે **બળરામે તેને** છોડી મુકવાનું કહ્યું. દુર્યોધને એ વાત માની નહીં તેથી ક્રોધ કરી બળરામે હસ્તિનાપુરના કોટને હળથી તોડી નાંખી **સામ્બને** છોડાવ્યો હતો. એ મહાપરાક્રમી હતા, પરંતુ મહાભારતના યુદ્ધમાં તેમણે બન્ને પક્ષના સંબંધને લીધે ભાગ લીધો નહતો. એ ગદાયુદ્ધમાં બહુ કુશળ હતા અને દુર્યોધન તથા **ભીમને** ગદાયુદ્ધ કરતાં એમણે શિખવ્યું હતું. પુરાણોમાં એમને શેષનો અવતાર પણ માનેલા છે અને જ્યારે એ મરણ પામ્યા ત્યારે શેષનાગ એમના શરીરમાંથી નિકળ્યા હતા એમ કહેવાય છે. એ સ્વભાવે બહુ ઉગ્ર હતા અને ઘણા પ્રસંગે મતભેદ પડતાં કૃષ્ણ સાથે પણ લડી પડતા હતા. રેવતી ઉપર તેમને ઘણી જ પ્રીતિ હતી. તેનાથી એમને નિશઠ અને ઉન્મુક નામે બે પુત્રો થયા હતા. એ હમેશાં શ્યામવસ્ત્ર પહેરતા અને ગૌરવર્ણના હતા.

ત્યાગી વ્હાલી ઈત્યાદિ–રેવતી હમેશાં મદિરાપાનમાં એમની સાથે રહેતી, તેથી જે મદિરામાં રેવતીનાં નેત્રનું પ્રતિબિંબ પડતું એવી અત્યંત પ્રિય મદિરાનો ત્યાગ કરીને–અર્થાત્ મદિરા અને રેવતી બંનેનો ત્યાગ કરીને સરસ્વતીના તીરનું સેવન કર્યું–ત્યાં જઇને વાસ કર્યો.

સારસ્વતી જળ–સરસ્વતી નદીનાં તીર્થરૂપ જળ. છંદમાં ન બેસવાથી **સારસ્વતી** એમ મુકતું પડ્યું છે. બળરામે સર્વનો ત્યાગ કરી આ પવિત્ર નદીને તીરે વાસ કર્યો હતો.

સરસ્વતી–હિમાલયના દક્ષિણ ભાગમાંથી નીકળી કુરુક્ષેત્રની ઉત્તર પશ્ચિમે વહે છે અને ગંગા તથા યમુનાના જેટલી જ પવિત્ર ગણાય છે. આગળ જતાં તે રણમાં પ્રવેશ કરી સમાઈ જાય છે, સમુદ્રને મળતી નથી.

સેવતાં તે તું આજ=આજે એ સરસ્વતીનાં જળને સેવતાં હે મેઘ! તું તારી અંતઃશુદ્ધિ થવાથી–તારાં તમામ પાપનો નાશ થવાથી, માત્ર વર્ણમાં–રંગમાં શ્યામ રહેશે. અર્થાત્ અંતઃકરણ શુદ્ધ થવાથી તારાં તમામ પાપ નાશ થશે, માત્ર તારો કાળો વર્ણ નહીં બદલાય. આમ કહેવાથી સરસ્વતીના જળનું માહાત્મ્ય અને પવિત્રતા દર્શાવ્યાં છે.

જાજે ત્યાંથી, કનખલ જહાં શૈલરાજેથી આવી,
વ્હે છે ગંગા સગરસુતના સ્વર્ગના માર્ગ જેવી;
જાણે કાઢે હસિ ફિણવડે, ગૌરીની ભ્રૂ ચઢેલી,
પિચ્ચિહસ્તે ધરિ શશિકલા શંભુના કેશ ઝાલી. ૫૩

શ્લોક ૫૩.

અહિંથી **હિમાલયના** પ્રદેશનું વર્ણન શરુ થાય છે–

કનખલ–આ હરદ્વાર (हरिद्वार)ની પાસે આવેલું **ગંગાના** પશ્ચિમ કિનારા ઉપરનું ગામ છે જે અત્યંત પવિત્ર અને યાત્રાનું સ્થાન ગણાય છે. **સ્કંદ**પુરાણના **ગંગા** માહાત્મ્યમાં એને માટે આ પ્રમાણે લખેલું છે.

खलः को नात्र मुक्तिं वै भजते तत्र मज्जनात् ।
अतः कनखलं तीर्थं नाम्ना चक्रुर्मुनीश्वराः ॥

કયો ખલ પુરૂષ આ સ્થાનમાં સ્નાન કરવાથી મુક્તિ પામતો નથી? આટલા માટે મુનિઓએ એનું નામ ક-ન-ખલ એવું આપેલું છે. હરિવંશ જે **મહાભારત**નો એક ભાગ ગણાય છે, તેમાં પણ લખ્યું છે કે–गंगाद्वारं कनखलं सोमो वै यत्र संस्थितः વળી स्नात्वा कनखले तीर्थे पुनर्जन्म न विद्यते કનખલમાં સ્નાન કરવાથી પુનર્જન્મ થતો નથી ઇત્યાદિ વચનો એનું માહાત્મ્ય બતાવે છે. હરદ્વારની પાસેના આ સ્થાન આગળથી ગંગાનો પ્રવાહ શિવાલિક પહાડની કઢણોમાંથી બહાર પડે છે, તેથી આ સ્થાનને **ગંગા**-દ્વાર કહેવામાં આવે છે. કથા **સરિત્‌સાગર**માં આ પ્રમાણે કહેલું છે કે–तीर्थं कनखलं नाम गंगाद्वारेस्ति पावनं, यत्र कांचनपातेन जाह्नवी देवदन्तिना, उशीनरगिरिप्रस्थान् भित्त्वा तमवतारिता ॥ આની પાસે **કપિલ** તીર્થ છે જે હાલ એ જ નામથી ઓળખાય છે. આ **કપિલ** તીર્થની પાસે अयोध्या मथुरा माया ઇત્યાદિ સાત મોક્ષદાપુરીઓમાંની **માયાપુરી** આવેલી છે જ્યાં **ચીનાઈ મુસાફર** હયુયેનત્સંગ ગયો હતો. (જુવો કર્નિંગહામ્સ જ્યોગ્રોફી. પા. ૩૫૨–૫૩) એ મોટું પવિત્ર ધામ ગણાય છે.

दशाश्वमेधिकं पुण्यं गंगाद्वारं तथैव च ।
नन्दाथ ललिता तद्वत्तीर्थं मायापुरी शुभा ॥

મત્સ્યપુરાણ. અ. ૨૨.

શૈલરાજેથી–હિમાલય પર્વતમાંથી–આવી કનખલ પાસે ગંગા વહે છે ત્યાં જજે.

જહ્નુકન્યા–આ નદી જેનાં **ભાગીરથી**, જહ્નુકન્યા, **જાહ્નવી**, **મંદાકિની** આદિ નામો છે તે મહાપવિત્ર નદી ગણાય છે. એ **હિમાલય**માં આવેલા ધુરવલના પહાડમાંથી નીકળી આશરે આઠેક માઇલ ચાલ્યા પછી **ગંગાદ્રિ** જેને આપણા લોકો ગંગોત્રી કહે છે, ત્યાં અત્યંત ઉંચા પર્વતોની વચ્ચે પડી રહેલા બરફના મોટા થરમાંથી બહાર પડે છે. આ ઉંચી કઢણો ઉપર રહેલા બરફના ઢગલાનો યોગીની જટા જેવો આકાર દેખાય છે તેમાંથી એ પ્રવાહ બહાર પડે છે તેથી ધર્મ શ્રદ્ધાળુ લોકો તેને **શિવની જટા** કહે છે જેમાંથી પૌરાણિક કથાઓ પ્રમાણે ગંગા વહે છે. જુવો **રામાયણ**. ૧. ૪૫.

निपतेत्यब्रवीद्गंगामाभाष्याकाशगां नदीम् ।
जटाकलापं विपुलं विनिकीर्य समन्ततः ॥

પૂર્વે **જહ્નુ** રાજા તપ કરતા હતા તેમને આ નદીના પ્રવાહથી અડચણ થવાથી તે **ગંગા**ના પ્રવાહને પી ગયા, પછી દેવોની પ્રાર્થનાથી તેમણે એ પ્રવાહને પોતાના કાનમાંથી વહેતો કર્યો. આ પ્રમાણે જહ્નુ રાજાનાથી ઉત્પન્ન થયેલી માટે તેને **જહ્નુકન્યા** અથવા **જાહ્નવી** કહે છે. ઉત્તર તરફના આના પ્રવાહને **ભાગીરથી** કહેવામાં આવે છે જે દેવપ્રયાગ આગળ **અલકનંદા**ની સાથે મળતાં **ગંગા** કહેવાય છે. છેક ઉત્તરના ભાગમાં એટલે કૈલાસ આગળ એ **મંદાકિની** કહેવાય છે. અહિંથી ઉત્તર તરફ મેઘના માર્ગમાં આવતી આ નદીને કવિ **મંદાકિની** કહે છે. જુવો मंदाकिन्याः सलिलशिशिरैः सेव्यमाना मरुद्भिः–મેઘદૂત. ઉત્તરમેઘ.

વળી.–मंदाकिनीनिर्झरशीकराणां, वोढा मुहुः कंपितदेवदारुः—**कुमारसंभव.**

સગર સુતના સ્વર્ગના માર્ગ જેવી–સગર રાજાના પુત્રોને સ્વર્ગે અપાવનારી–અર્થાત્ સ્વર્ગમાં જવાનો માર્ગ હોય તેવી.

સગર–અયોધ્યાના **સૂર્યવંશી બાહુ** રાજાનો પુત્ર. **બાહુ** રાજાને **હૈહય** લોકોએ રાજધાનીમાંથી નસાડી મુક્યો હતો, તે વખતે તેની રાણી સગર્ભા હતી. **સગર**નો જન્મ થતા પહેલાં **બાહુ** રાજા મરણ પામ્યો પરંતુ જ્યારે **સગર** મોટો થયો ત્યારે તેણે પોતાના પિતાના શત્રુઓનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી. પોતાના ગુરૂ **ઔર્વ** મુનિ પાસેથી આગ્નેયાસ્ત્ર મેળવી તેણે હૈહયોનો નાશ કરી પોતાની રાજધાની પાછી મેળવી અને શક, યવન, **કામ્બોજ** અને **પલ્હવ** વગેરે લોકોને વશ કર્યા.

સગરને, કશ્યપની પુત્રી સુમતિ અને વિદર્ભ રાજાની પુત્રી કેશિની એ નામની બે રાણીઓ હતી, જેમાંની સુમતિથી તેને **અસમંજસ** નામે પુત્ર થયો અને કેશિનીથી બીજા ૬૦૦૦૦ પુત્રો થયા.

* લંબાવીને મુખ નભથકી, ઇન્દ્રના હસ્તિ પેઠે,
જો ગંગાનું સ્ફટિક સરખું સ્વચ્છ, તું વારિ પીશે;
તો આ તા'રી વિશદ જળમાં, પેસતી શ્યામછાયે,
ગંગા, વચ્ચે મળતી યમુના હોય, તેવી જણાશે. ૫૪

સગર રાજાએ અશ્વમેધ યજ્ઞ કરી તેનો અશ્વ છુટો મુકી પોતાના ૬૦૦૦૦ પુત્રોને તેની રક્ષા કરવા મોકલ્યા. ઈન્દ્રે ઈર્ષાથી ગુપ્ત રીતે આ અશ્વને પાતાળમાં કપિલ મુનિ તપ કરતા હતા ત્યાં લઈ જઇને બાંધ્યો. અશ્વને શોધી કાઢવાને માટે સગરના પુત્રોએ પૃથ્વી ખોદી પાતાળમાં જવાનો માર્ગ કર્યો અને કપિલ મુનિને ચોર સમજી તેમના તપમાં ઉપરોધ કર્યો. આથી મુનિએ કોપીને તે બધા ૬૦૦૦૦ પુત્રોને બાળી ભસ્મ કરી નાખ્યા. પછી અસમંજસના પુત્ર અંશુમાને તેમની શોધ કરી, તો સઘળાઓની ભસ્મ પડેલી જોવામાં આવી. સ્વર્ગગંગાના જળથી આ રાખ ધોવાય તો એ સર્વેનો ઉદ્ધાર થાય એવો મુનિએ અનુગ્રહ કર્યો હતો તેથી, અંશુમાનના પૌત્ર અને દિલીપના પુત્ર ભગિરથે હજારો વર્ષ સુધી તપ કરી ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વીપર આણી પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કર્યો હતો. ભગીરથ રાજાએ પૃથ્વીપર આણી, માટે ગંગા ભાગીરથી એ નામથી ઓળખાય છે અને એટલા માટે જ તેને આ શ્લોકમાં સગર પુત્રોને સ્વર્ગનો માર્ગ આપનારી કહી છે.

જાણે કાઢે હસી ઇત્યાદિ=આગળ આપણે કહી ગયા તેમ શંભુની જટા જેવા બરફના શિખરમાંથી ગંગાનો પ્રવાહ નીચે પડે છે, ત્યાં ફીણ સિવાય બીજું કંઈ પણ દેખાતું નથી. આથી કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે ગંગા જાણે ફીણરૂપી ધવલહાસ્યથી, શંભુના પોતાના ઉપરના અત્યંત પ્રેમથી, પોતાની સપત્ની ગૌરીની ચઢેલી ભમરને જાણે હસી કાઢતી હોય અને **વિચિહસ્તે**-તરંગરૂપી હાથથી શંભુની જટામાંના ચંદ્રને વિનોદમાં પકડી, ગૌરીને ઇર્ષા કરાવતી હોય તેવી દેખાય છે. ભગીરથ રાજાએ ગંગાને પૃથ્વીપર આણી ત્યારે ગંગાના ધોધનો ભાર પૃથ્વી ઝીલી નહી શકે એવા ભયથી શંકરે તેને પોતાની જટામાં ઝીલી લઈ ત્યાંથી પૃથ્વીપર વહેતી કરી, એ પુરાણકથા બહુ પ્રસિદ્ધ છે. આમાં કવિએ ગંગા અને ગૌરીના સપત્નીભાવની ઇર્ષા બતાવી છે.

શ્લોક ૫૪.

લંબાવીને ઇત્યાદિ=ઇન્દ્રના હાથિની પેઠે જ્યારે તું આગળથી નીચો નમીને આ ઠેકાણે ગંગાનુ પાણી પીવા માંડીશ, ત્યારે તારા કાળા રંગના પ્રતિબિંબથી

જ્યાં બેઠાથી મૃગ, મસમસે કસ્તુરીથી શિલાઓ,
જ્યાંથી ગંગા નિકળિ, ગિરિએ હિમથી શ્વેતવર્ણો;
એને શૃંગે જઈ વિરમતાં, ટાળવા થાક તા'રો,
દેખાશે તું શિવજી વૃષભે પંક જાણે ઉખાડયો. ૫૫

વા'તાં વાયુ, સળગી ઉઠતો, દેવદારુ ઘસાતાં,
પીડે અગ્નિ, ઉડી ચમરીના વાળને બાળતો ત્યાં;
વર્ષાવી તું, શીતલ કરજે, સૈંકડો વારિધારા,
સાને લક્ષ્મી સફળ, દુખિતાં કષ્ટ કાપી મહાત્મા. ૫૬

ગંગા, જાણે કાળા જળવાળી યમુનાની સાથે સંગમ પામતી હોય તેવી દેખાશે. ગંગા અને યમુનાનો સંગમ પ્રયાગ—અલ્હાબાદ આગળ થાય છે, પણ મેઘની કાળી છાયાથી અડધું શ્યામ દેખાતું જળ જાણે ગંગા અને યમુનાનો અસ્થાને સંગમ થતો હોય તેવું દેખાશે.

*પાઠાન્તર—થૈને નીચો, મુંઠ ધરી નભે.

શ્લોક ૫૫.

મૃગ—કસ્તુરી મૃગ—જે હિમાલયનાં ઉંચાં શિખરોમાં ઘણા જ થાય છે તે.

હિમથી શ્વેત વર્ણો=બરફથી સફેદ રંગનો. હે મેઘ! બરફથી ધોળા દેખાતા આ હિમગિરિપર જ્યારે તું વિશ્રામ લઇશ, ત્યારે તારા કાળારંગને લીધે, એ શિખર ઉપર શંકરના નંદીએ જાણે પગથી ખણી કાળારંગનો કાદવ ઉખાડ્યો હોય તેવો તું દેખાઇશ.

કસ્તુરી ઉપર કહ્યા તેવા મૃગોની નાભિ (ડુંટી) માં થાય છે. તે ઘણે ભાગે બનાવટી આવે છે. કસ્તુરી મૃગોની ઘણી વસતિ તાતાર અને હિન્દુસ્તાનની વચમાં આવેલી હિમાલયની ઉંચી શાખાઓમાં જોવામાં આવે છે, જ્યાંથી મૃગોને મારી પહાડી લોકો કસ્તુરી લાવે છે.

જુવો કસ્તુરી મૃગનું વર્ણન प्रस्थं हिमाद्रेर्मृगनाभिगन्धि, કુમારસંભવ.
दृषदो वासितोत्संगा निषण्णमृगनाभिभिः । રઘુવંશ.

શ્લોક ૫૬.

વાતાં વાયુ=આ શ્લોકમાં હિમાલયમાં વાંસ, દેવદાર વગેરે વૃક્ષોના પરસ્પર ઘસાવાથી અનેકવાર સળગી ઉઠતા અને અનેક વનોને બાળી ભસ્મ કરતા દાવાગ્નિનું વર્ણન છે.



પૂર્વમેઘ—શ્લોક—૫૫

કોપી સિધ્યા તલપી શરભો, અંગને ભાંગવાને,
રસ્તો કાપ્યા પછીથી, તુજને જાય ઓળંગવાને;
તો તું તેને અતિશય કરા વર્ષી દેજે નસાડી,
*** ઠાલા યત્નો અફળ કરતાં હાંસી નાથાય કોની. ૫૭**

ચમરી=એ નામની ગાયો હિમાલયમાં ઘણી થાય છે, જેનાં પુંછડાંની દેવ-મંદિરો વગેરેમાં વાપરવાની ચમરીઓ થાય છે. આ ગાયો અથવા જેને એક જાતનાં હરિણ પણ કહેવામાં આવે છે તેનાં પુંછડા ઉપર મોટા વાળનો ભારો હોય છે. તે પુંછડાં કાપી લઈ તેનાં ચામર બનાવવામાં આવે છે. ઘણું કરીને આ ટીબેટ તરફનાં ચાકપ્રાણિ હશે.

દાવાગ્નિ સળગી ઉઠતાં આ ગાયો ભયભીત થઇને નાસે છે, કારણ કે પુંછડાપર અત્યંત વાળ હોવાથી તણખા ઉડતાં તે સળગી ઉઠે છે, માટે યક્ષ કહે છે કે હે મેઘ! જો ત્યાં આવો અગ્નિ સળગતો તું દેખે તો તારી હજારો જળની ધારાઓ વર્ષાવી તેને તું શાન્ત કરજે; કારણ કે દુઃખીનું દુઃખ કાપવું એ જ મહાત્માની સંપત્તિનું ફળ છે. અર્થાત્ દાવાગ્નિ શમાવી હજારો પશુપક્ષિ તરુ આદિના ઉપર ઉપકાર કરવામાં તારી જળરૂપી સમૃદ્ધિનો તું ઉપયોગ કરજે. હિમાલયના આવા ભયંકર અગ્નિનું કાલિદાસે ઋતુ સંહારમાં ઘણું હૃદયદ્રાવક વર્ણન આપેલું છે. જુવો **ગ્રીષ્મવર્ણન.**

શ્લોક ૫૭.

શરભ=એમ કહેવામાં આવે છે કે આ શરભ સિંહના કરતાં પણ વધારે બળવાન આઠ પગનાં પ્રાણિ છે જે હિમાલયમાં ઘણાં થાય છે. તે સિંહની પેઠે મેઘને ગર્જતો દેખી ઈર્ષાથી મોટી છલંગો મારી તેની તરફ કૂદે છે. મલ્લિનાથ આને આઠ પગવાળાં મૃગ જાતિનાં પ્રાણિ કહે છે, પરંતુ એની ખરી હકીકત કોઈ સ્થળે જોવામાં આવતી નથી.

હે મેઘ! જો આ પ્રાણિઓ તને ઉપદ્રવ કરવા માટે આવે તો તેમના ઉપર મોટા મોટા કરાઓનો વરસાદ વરસાવી તું તેમને નસાડી દેજે.

આ શ્લોકના ઉત્તરાર્ધમાં એક બોધક અર્થાન્તરન્યાસ અલંકાર છે. મેઘ અત્યંત ઉંચે છે છતાં તેને મારવાને માટે ઠાલા કુદકા મારતાં શરભ પ્રાણિઓ પોતાનાં અંગ ભાંગે છે–તે પ્રમાણે પોતાના ગજા ઉપરાંતના, તથા જેમાં કંઈ જ ફળ થવાનો સંભવ નથી એવા ઠાલા પ્રયત્નો કરતાં કોણ હાંસીને પાત્ર નથી થતું?

*પાઠાન્તર–કર્તાં યત્નો ફળ વગરના હાંસિ ના થાય કોની?

દેખાયે છે પુનિત પગલાં શંભુનાં, ત્યાં શિલામાં,
ભાવે તેને*ફરી, તું નમજે, યોગિથી જે પૂજાતાં;
જેને જોતાં ટળિ જઈ બધાં પાપ, આસ્થાળુઓની,
થાયે મુક્તિ શિવગણ પદે, દેહ છોડ્યા પછીથી. ૫૮

પૂરાયેલા પવનથકિ જ્યાં વેણુ વાગે રસાળ,
ભેગી થૈને ત્રિપુરજયનાં કિન્નરી ગીત ગાય;
† તેમાં તા'રો ધ્વનિ ગરજતાં, જેમ વાગે મૃદંગ;
વાદ્યોકેરો પશુપતિતણો જામશે સર્વ રંગ. ૫૯

શ્લોક ૫૮.

પુનિતપગલાં=હરદ્વારની પાસે હરકીપાયરી નામે સ્થાન છે તે આ હશે. અહિંઆં **શંભુનાં** પગલાં છે અને તે મહાપવિત્ર સ્થાન ગણાય છે. **શંભુરહસ્યમાં** આ સ્થાનને શ્રીચરણન્યાસ કહે છે.

ભાવે તેને ફરી-ભાવથી તેની પ્રદક્ષિણ કરીને. આ પવિત્ર શંભુનાં પગલાંનાં દર્શન કર્યાથી શ્રદ્ધાવાન્ લોકો દેહ મુક્ત થયા પછી મુક્તિ મેળવી શિવના ગણના પદને પામે છે. શ્રદ્ધાયુક્ત ભક્તિ વિના મુક્તિ નથી થતી. કહ્યું છે કે-

न काष्टे विद्यते देवो न पाषाणे न कर्दमे ।
भावेषु वर्तते देवस्तस्माद्भावं न संत्यजेत् ॥

માટે હે મેઘ! તું ભાવથી તેની પ્રદક્ષિણા કરી અભિવંદન કરજે, જેથી તારાં તમામ પાપ નષ્ટ થઈ જશે.

*પાઠાન્તર-પ્રણમી ફરજે,

શ્લોક ૫૯.

આ શ્લોકમાં, ભમરાઓએ કોરેલા સૂકા વાંસમાં પવન ભરાવાથી પર્વતોમાં વાંસળીના જેવા ધ્વનિ સંભળાય છે તેનું મનોહર વર્ણન છે. આ વાંસળીના જેવા વાંસના મધુર શબ્દો સાથે મળીને કિન્નર લોકની સ્ત્રીઓ, શિવે ત્રિપુરાસુરને જીત્યો હતો તેના વિજયનાં ગીત ગાતી હશે એમ કહેવાનું તાત્પર્ય છે. આ વાંસળીના નાદ સાથે ગવાતાં

‡ જોતો જોતો, હિમગિરિ તણા આન્તની આવી લીલા,
હંસદ્વારે, ભૃગુપતિતણી કીર્તિના માર્ગમાં, જા;
પેસી વાંકો થઈ વિચરજે ઉત્તરે ક્રૌંચમાંથી,
શોભા પામી બલિદમનમાં વિષ્ણુના પાદજેવી. ૬૦

ગાયનમાં હે મેઘ! ગિરિ ગુફાઓમાં પડઘા પાડતી તારી ગર્જનારૂપી મૃદંગોથી શંભુના યશોગાનનો રંગ બરાબર જામી રહેશે. હિમાલય પર્વતમાં થતા આ કુદરતી સ્વરોનું કાલિદાસે ઘણે સ્થળે વર્ણન કર્યું છે. જુવો **કુમાર સંભવ.**

य: पूरयन्कीचकरन्ध्रभागान् । दरीमुखोत्थेन समीरणेन ॥
उद्गास्यतामिच्छति किन्नराणां । तानप्रदायित्वमिवोपगन्तुम् ॥

વળી **રઘુવંશમાં** પણ—

सकीचकैर्मारुतपूर्णरन्ध्रैः ।
कूजद्भिरापादितवंशकृत्यम् ॥

† પાઠાન્તર—વાગે જાણે, ધ્વનિ તુજ થતાં કંદરામાં, મૃદંગ.

શ્લોક ૬૦.

જોતો જોતો ઇત્યાદિ=હિમાલય પર્વતની આવી અનેક પ્રકારની કુદરતની લીલા જોતો જોતો તું તેને હંસદ્વારમાંથી ઓળંગી જજે.

‡ પાઠાન્તર—જા, હીમાદ્રિતટ સમિપની ન્યાળતો આ'વી શોભા,
(અથવા)—જોતો શોભા તટ સમીપની, તું હિમાદ્રિવટી જા;

હંસદ્વાર=કૈલાસથી દક્ષિણ તરફ આવવાને માટે હિમાલયના અગમ્ય પહાડમાંથી એક મોટું છિદ્ર પાડેલું છે જેને હંસદ્વાર અથવા ક્રૌંચરન્ધ્ર કહે છે. એક પુરાણકથા એવી છે કે ભગવાન્ શિવ પાસે ધનુર્વિદ્યા શીખ્યા પછી કાર્તિકસ્વામીની સાથે સ્પર્ધામાં પરશુરામે એક બાણ મારી હિમાલયના ઉંચા પહાડને માટિના પિંડની પેઠે આરપાર વિંધી નાખ્યો હતો અને ઉત્તરથી દક્ષિણ તરફ આવવાનો માર્ગ કરી આપ્યો હતો. આથી તેને પરશુરામના યશનો માર્ગ કહેલો છે

જા કૈલાસે, સુરવધૂતણા સ્વચ્છ આદર્શ જેવા,
કીધા જેના, ઉચકી કરથી રાવણે સંધિ ઢીલા;
ઉંચાં ધોળાં કુમુદ સરખાં શિખ્ખરે ઘેરી આલ,
જાણે રાશિરૂપ થઈ રહ્યો, શંભુનો અટ્ટહાસ. ૬૧

જુવો **મહાવીરચરિત**—

જેણે એકવીવાર મૂળથી હણ્યા ક્ષત્રીયના વંશને,
જે વીરે કરી ક્રૌન્ચરંધ્ર ભૂમિમાં આણ્યા વળી હંસને—

વાયુપુરાણમાં, આ રંધ્ર **કાર્તિકસ્વામિએ** ઇન્દ્રની સાથે પોતાના બળની સ્પર્ધા કરતાં શક્તિના પ્રહારથી પાડ્યું હતું એમ લખેલું છે. જુવો **મત્સ્યપુરાણ**—

एतद्द्वारं महाराज मानसस्य प्रकाशते ।
वर्षभस्य गिरेर्मध्ये रामेण श्रीमता कृतम् ॥

પક્ષિ પણ ઓળંગી ન શકે એવાં **હિમાલયનાં** અગમ્ય શિખરોને વટાવી ન શકાવાથી **માનસ** સરોવરપર જનારા હંસો આ દ્વારમાંથી ઉત્તર તરફ ચાલ્યા જાય છે માટે એને હંસદ્વાર કહે છે. **મહાભારતમાં** આને **ક્રૌંચગિરિ** કહે છે જે **મેરૂથી** ઉત્તર તરફ આવેલો છે એમ કહેવાય છે.

પેસીવાંકો થઈ ઇત્યાદિ=હે મેઘ! તું કૈલાસ જવાને માટે વાંકો વળી લાંબો થઈ આ **ક્રૌંચ** માર્ગમાં પેશી ઉત્તરે જવા માંડીશ ત્યારે **બળિદમન** વખતે લાંબા કરેલા ભગવાન વિષ્ણુના શ્યામ પગ જેવો શોભાયમાન દેખાઇશ.

ભગવાન્ **વિષ્ણુએ** વામન અવતારમાં **બલિ** નામના દૈત્યને એક પગથી પાતાળમાં ચાંપી દીધો હતો એ પુરાણવાર્તા સુપ્રસિદ્ધ છે.

શ્લોક ૬૧.

સુરવધૂતણા=સુરવધૂઓ=દેવતાઓની સ્ત્રીઓ, તેમના સ્વચ્છ આદર્શ જેવા—સ્વચ્છ દર્પણ જેવા. આ કૈલાસનું વિશેષણ છે. બરફથી અત્યંત ધવલ દેખાતા કૈલાસને દેવસ્ત્રીઓનું દર્પણ કલ્પ્યો છે.

હોયે ધોળો જ્યમ, તરતનો હાથિનો દાંત વ્હેર્યો,
તેવો ગોરો ગિરિ, તું શિખરે બેસતાં મેશ જેવો;
શોભી રે'શે, બહુ નિરખવા યોગ્ય થૈ આંખઠારી,
જાણે ઉભા હલધર ખભે શ્યામળાં વસ્ત્ર ધારી. ૬૨

ઝીધા જેના ઇત્યાદિ=રાવણે જેને ઉંચકીને સાંધા ઢીલા કરી નાખેલા છે એવો કૈલાસ. પૂર્વે પોતાના ભાઈ કુબેર પાસેથી પુષ્પક વિમાન છિનાવી લેવાને માટે રાવણે અલકા ઉપર હુમલો કર્યો હતો અને કૈલાસને ઉંચકી અલકાનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો. રાવણના આવા પ્રયત્નથી કૈલાસ હાલી ગયો હતો. આ પુરાણકથાનું કવિએ અત્રે સૂચન કરેલું છે.

ઊંચાં ધોળાં=અત્યંત ઉંચાં ગયેલાં અને બરફથી નિરંતર ધોળાં દેખાતાં શિખરોથી આકાશને ઘેરીને ઉભેલો કૈલાસ જાણે શંકરના અટ્ટહાસનો મોટો ઢગલો થયો હોય તેવો દેખાય છે.

ધવળદંતની પ્રભાથી હાસ્યને કવિઓ ધવળરૂપે વર્ણવે છે.

ઉંચાં, ધોળાં, આકાશને ઘેરતાં શિખરો ઇત્યાદિથી કવિએ હિમાલયની ઉંચાઈ અને વિશાળતા દર્શાવી છે.

શ્લોક ૬૨.

હોયે ધોળો=અહિં કવિએ ઉંચે આકાશમાં પ્રસરતા કૈલાસને તાજા વેહેરી કાઢેલા હાથીના દાંતની સાથે સરખાવ્યો છે.

તું શિખરે=હે મેઘ! એ કૈલાસના શિખર ઉપર મેશ—કાજળના જેવા રંગનો તું બેશીશ ત્યારે જાણે ગૌરવર્ણના હલધર—બળભદ્ર પોતાના ખભા ઉપર શ્યામ વસ્ત્ર ધરીને ઉભા હોય તેવો એ ગિરિ શોભી રહેશે. જુવો આજ વર્ણનની સંપૂર્ણ છાયા **ભારવિના કિરાતાર્જુનીયમાં** છે.

तमतनुवनराजिश्यामितोपत्यकान्तं,
नगमुपरिहिमानीगौरमासाद्य जिष्णुः ।
व्यपगतमदरागस्यानुसस्मार लक्ष्मी-
मसितमधरवासो बिभ्रतः सीरपाणेः

* કાઢયાકેરે ભુજગવલયો, શંભુનો હાથ ઝાલી,
ક્રીડા શૈલે, કદિ વિચરતાં હોય ત્યાં ગૌરી ચાલી;
તો અભ્રોને જળ નવગળે તેમ તું ગોઠવીને,
થાજે અગ્રે મણિતટ જવા સારુ, સોપાન રૂપે. ૬૩

નિચેથી વિસ્તારવાળો અને આકાશમાં ઉંચે જતાં પાતળો પાતળો થતો, હાથિના દાંત જેવો ઉજ્વળ કૈલાસ અને તેના ઉપર ચઢતો શ્યામ વર્ણનો મેઘ, ઈત્યાદિ કવિની મનોહર કલ્પનાનું ખરું સ્વરૂપ, આપણે જાણે એનાથી પણ ઉંચેથી દૃષ્ટિ કરી નીચે જોઇએ છીએ એમ કલ્પિએ ત્યારે જ યથાર્થ રીતે સમજાશે.

શ્લોક ૬૩.

ભુજગવલયો=શંકર હાથે સર્પનાં આભૂષણ પહેરે છે તે. **પાર્વતીને** આ સર્પનાં આભૂષણોથી ભીતિ લાગે, તે માટે પાર્વતીનો હાથ પકડતા પહેલાં શંકર તે કાઢી નાંખે છે. આથી ગૌરીનુ સ્ત્રીસ્વભાવને યોગ્ય મધુર ભીરુત્વ સૂચવ્યું છે અને શંકરની દેવીસેવાપરાયણતા બતાવી છે. ત્રિભુવન પતિ શંકર જેવા પણ જેની સેવામાં તત્પર રહે છે, એમ જણાવી અહિં કવિએ **પાર્વતીનું** અત્યંત સૌભાગ્ય દર્શાવ્યું છે.

શંભુનો હાથ ઝાલી–મૂળમાં शंभुना दत्तहस्ता શંભુએ જેને પોતાનો હાથ (પકડવા) આપ્યો છે એવાં ગૌરી.

* આનું શબ્દશઃ ભાષાન્તર નીચે પ્રમાણે થાય છે પણ તે કંઈક શુષ્ક લાગે છે માટે ઉપર પ્રમાણે રાખ્યું છે.

પાઠાન્તર–આપેલો હૈ શિવકર, કર્ઠા સર્પનાં કાઢી નાખી.

પર્વતમાં ચાલતાં રખેને ઠોકર વાગે એવા ભયથી શંભુએ આપેલા હસ્તનું અવલંબન કરી **ગૌરી** પગે ચાલતાં હોય, તો તું પગથીઆં રૂપે થજે એમ કહેવાનો ભાવ છે. પર્વત જેવા ઉંચા નીચા પ્રદેશમાં સંભાળવા છતાં પણ સુકુમાર સ્ત્રીજાતિને સ્ખલન પામવાનો સંભવ રહે છે, તે વખતે તેમને આધાર અને આનંદરૂપ થઈ પડે તેમ પોતાના હાથનું અવલંબન આપવું, એ પુરુષની સ્ત્રી પ્રત્યેની કોમળ વૃત્તિ અને ફરજ છે.

ક્રીડાશૈલે=ક્રીડા કરવાના પર્વત ઉપર.

તો તું અભ્રો જળ નવ ગળે=હે મેઘ! જો તું આ પ્રમાણે **ગૌરીને** ચાલતાં જુએ, તો તારાં વાદળાંને, પાણી ન ઝરી જાય તેમ, પગથીઆંની પેઠે બરાબર ગોઠ-

વીને એમને માર્ગની અનકૂળતા કરી આપી એમની સેવા બજાવજે. આમ કરવાથી **શંકર પાર્વતી**ના પગનો સ્પર્શ પામતાં તું તારા જન્મનું સાફલ્ય પામીશ એવો ધ્વનિ છે.

સોપાન=પગથીઆં.

મણિતટ=ક્રીડા પર્વતપર બાંધેલા સ્ફટિક, મણિ ઇત્યાદિના જુદા જુદા વિભાગ.

સ્ત્રી જેવી સુકુમાર જાતિ પ્રત્યેના આ મૃદુ વિનયનું માત્ર પાશ્ચાત્ય પ્રજા અભિમાન લઈ શકે તેમ નથી. આપણામાં સ્ત્રી જાતિ પ્રત્યે કોમળ વૃત્તિઓ, પ્રેમ અને સન્માન આગળના સદ્ભાગી કાળમાં પશ્ચિમની પ્રજાઓના કરતાં કંઈ ઉતરતાં ન હતાં.

આના દાખલાઓ **મહાભારત** આદિ ગ્રંથોમાંથી અને દેશમાંના પ્રચલિત વ્યવહારને, મનોહર કાવ્યોમાં સૂચનરૂપે દર્શાવનાર **કાલિદાસ**નાં કાવ્યોમાંથી જડી આવે છે.

આ શ્લોકના પ્રથમ પદમાં '**ઉતારીને ભુજગ વલયો**' એ પણ **શંકર**ની **પાર્વતી** પ્રત્યેની આવી જ લાગણી ધ્વનિત કરે છે.

જુવો **રઘુવંશ**. સર્ગ પહેલો. જ્યાં **દીલીપ** રાજા પોતાની રાણીને રથમાંથી ઉતારે છે.

अथ यन्तारमादिश्य धुर्यान्विश्रामयेति सः
तामवारोहयत्पत्नीं रथादवततार च.

પાશ્ચાત્ય દેશોમાં આ રિવાજ એક સાર્વજનિક વિનયરૂપે પ્રવર્તે છે. પછી પ્રીતિ, કોમળ લાગણી, પરિચય, વગેરે હો કિંવા નહો. આપણામાં તો જ્યાં એ સુકુમાર ભાવો અને ગાઢ પરિચય હોય ત્યાં આવો વિનય બહુધા પ્રિયજન પ્રત્યે જ દર્શાવવામાં આવતો, પરંતુ હાલ તો દેખાદેખીથી એનું શુષ્ક અનુકરણ જ્યાં ત્યાં થતું જોવામાં આવે છે.

સ્નેહ અને અત્યંત પરિચય વિના આવો વિવેક ભાગ્યે જ આપણામાં વપરાયલો જોવામાં આવે છે. **વિક્રમોર્વશીયમાં રાજાને** અને **ઉર્વશી**ને પરસ્પર ગુપ્ત-પ્રેમ છે છતાં જ્યાં ઉર્વશી રથમાંથી ઉતરે છે ત્યાં રાજા માત્ર રથ થોભાવાનું જ કહે છે, પણ આવો કંઈ જ વિનય નથી દર્શાવતો, કારણ કે એ બંને હજી ત્રાહિત જેવાં છે.

અંક પહેલો–વિક્રમોર્વશીય.

કાઢી ધારા જળની, ઘસીને કંકણોકેરી ધારો,
કરશે તા'રો સુરયુવતિઓ, સ્નાન માટે ફુવારો;
ગ્રીષ્મે પામી રમતી તુજશું, એમ જાવા ન દેતો,
કરજે સૌને ભયભીત, કરી પ્રૌઢ તું ગર્જનાઓ. ૬૪

*સોનાકેરાં કમળથી ભર્યું માનનું વારિ પીતો,
ત્યાં તું ઐરાવતની સુંઢના વસ્ત્રરૂપે સુહાતો; †
વાયુ પ્રેરી, હલવી કુંપળો વસ્ત્રશી, કલ્પવૃક્ષે,
‡ચેષ્ટા એવી વિવિધ કરતો, મ્હાલજે એ નગેન્દ્રે. ૬૫

શ્લોક ૬૪.

કાઢી ધારા ઇત્યાદિ–હે મેઘ! તું જલપૂર્ણ છે, તેથી પોતાનાં કંકણોની ધારો–અણીઓ, અથવા કંકણોમાં જડેલાં રત્નોની અણીઓ, તારા અંગપર ઘસીને અર્થાત્ તે વડે તારા અંગમાં છેદ પાડીને; અંદરથી જળની ધારાઓ કાઢીને—

સુરયુવતીઓ=શિવ પૂજન અર્થે અથવા વિહારાર્થે કૈલાસમાં આવેલી દેવતાઓની યૌવનોન્મત્ત સ્ત્રીઓ, સ્નાન માટે તને ફૂવારો બનાવશે. અર્થાત્ ગ્રીષ્મના અંતમાં તું ત્યાં જાય છે તેથી પોતાના અંગનો તાપ શમાવવાને માટે તારા અંગમાંથી ઉપર કહ્યા પ્રમાણે ધારાઓ ઉરાડી તેઓ સ્નાન કરશે–

અહિં ફુવારો જેને આપણે ઇંગ્રેજીમાં શાવરબાથ કહીએ છીએ, એ અર્થમાં છે–જુવો.

शिलाविशेषानधिशय्य निन्युर्धारागृहेष्वातपमृद्धिमंतः–રઘુવંશ.

જુવાન સ્ત્રીઓમાં આવી ચેષ્ટાઓ કરવાની સ્વાભાવિક ટેવ હોય છે, માટે હે મેઘ! તારી સાથે એ આમ વિનોદમાં પડે અને તને જવા ન દે, તો તું એમને ભયંકર ગર્જનાઓ કરી બીવડાવી નસાડજે. અહિં ગર્જનાથી ડરી જવારૂપ સ્ત્રીઓના મનની સ્વાભાવિક કોમળતા બતાવી છે.

શ્લોક ૬૫.

માનનું–માન સરોવરનું. આ **માનસરોવરમાં** સોનાનાં કમળ થાય છે, એવું પરંપરાથી માનવામાં આવે છે. **ઐરાવત**–ઈન્દ્રનો હાથી. તેના મુખના ઢાંકણ રૂપ થતો–મેઘ.

કલ્પવૃક્ષે–ઇચ્છા પ્રમાણે ફળ આપનાર વૃક્ષ–કલ્પવૃક્ષ ઉપર ઝુલી રહેલી કોમળ, કૂંપળોને રેશમી વસ્ત્ર પેઠે ઝુલાવતો.

*પાઠાન્તર–સોના પદ્મો પ્રસવતું રુડું માનનું વારિ પીતો,†સુંઢની ઝૂલરૂપે સુહાતો.

જાણે એને પિઉસમ ગણી, બેઠી ઉત્સંગ આવી,
ગંગારૂપી સરિ સરિ જતું ઉજળું વસ્ત્ર ધારી,
જાણી લેશે નગરી અલકા યક્ષની એ અમારી,
તા'રી દૃષ્ટે સહજ પડતાં, મેઘ! તું કામચારી.

ઉંચાં ઉંચાં ભવન શિખરે, એ પુરી મેઘકાળે,
વારિબિન્દુથકી નિગળતાં, અભ્રનાં વૃન્દ ધારે;
તે શું જાણે પ્રિયતમ તણા, આવીને અંક માંહે-
મોતી સેરો ગુંથિ અલકમાં, કામિની બેઠી હોયે. ૬૬

રેશમની ધ્વજા પતાકાઓ હોય તેવાં કલ્પવૃક્ષનાં કિસલયો ઝુલી રહેવાથી, અલકામાં પ્રવેશ કરતાં જાણે તારા સન્માનને માટે કુદરતી વાવટાઓ બાંધ્યા હોય તેવી શોભા થઈ રહેશે, એમ કહેવાનું તાત્પર્ય છે. જુવો **કુમારસંભવ**માં પણ એવો જ ભાવ **કાલિદાસે** દર્શાવેલો છે.

यत्र कल्पद्रुमैरेव विलोलविटपांशुकैः । गृहयंत्रपताका श्रीरपौरादरनिर्मिता ॥

હે મેઘ! આ પ્રમાણે વિવિધ શોભા જોતો અને નાના પ્રકારની ચેષ્ટા કરતો તું એ પર્વતમાં મહાલજે-ઇચ્છા પ્રમાણે વિહાર કરતો ફરજે. મિત્રના ઘરમાં ઇચ્છા પ્રમાણે સ્વતંત્રતાથી ફરવું હરવું એ જ મૈત્રીનું ફળ છે. કૈલાસ યક્ષને રહેવાનો પ્રદેશ હોવાથી મિત્રનું સ્થાન ગણાય, અથવા તો મેઘને અને પર્વતને સહજ મૈત્રિ હોવાથી પણ મિત્રનું સ્થાન કહેવાય, માટે ઉભયપક્ષે એ સ્થાનમાં તારે યથેચ્છ વિહાર કરવામાં સંકોચ રાખવો નહીં.

‡ પાઠાન્તર-મૉજે એવી વિવિધ રિતની મ્હાલજે એ નગેન્દ્રે.
(અથવા) ક્રીડા એવી વિવિધ કરતો માણજે એ નગેન્દ્રે.

શ્લોક ૬૬.

આ શ્લોકમાં કૈલાસના ખોળામાં આવી રહેલી **અલકા**નગરીનું કવિ વર્ણન કરે છે અને અહિં **પૂર્વ મેઘ** પૂરો થાય છે. હવે **યક્ષ** પોતાની **અલકા** નગરીનું વર્ણન મેઘને સંભળાવે છે અને છેલ્લે પોતાની પ્રિયાને કહેવાનો સંદેશો કહે છે.

અહિં ઉંચા અને ગૌરવર્ણના કૈલાસને કવિએ પ્રિયતમ કલ્પ્યો છે અને તેના ઉત્સંગમાં બેઠેલી **અલકાને** તેની નાયિકા કલ્પેલી છે. પાસે સ્વચ્છ રૂપેરી જળનો સર સર કરતો **ગંગાનો** પ્રવાહ વહ્યો જાય છે, તે પ્રિયતમના સ્પર્શને લીધે રસલીન તાથી જાણે આપોઆપ સરી પડતું **અલકારૂપી** નાયિકાનું ધવલ રેશમી વસ્ત્ર હોય તેવો દેખાય છે. અત્યંત ઉંચાં મહેલોનાં શિખર એના મસ્તકરૂપે છે, શ્યામ વર્ણનાં મેઘનાં ટોળાં એના અલક–અંબોડાને ઠેકાણે છે અને તેમાંથી ખરતાં સ્વચ્છ વૃષ્ટિનાં બિન્દુઓ કાળા કેશમાં ગુંથેલી મોતીની સેરોરૂપે છે.

જેમ કોઈ વિલાસિની કામિની, ધવલ સાડી પહેરી કેશમાં મોતીની સેરો ગુંથી પ્રિયતમના ખોળાને શોભાવતી બેઠી હોય, તેમ મેઘમાળારૂપી અંબોડામાં મોતી જેવાં જળકણોની હારોની હારો ગુંથી, કૈલાસરૂપી પ્રિયતમના ખોળાને અલકા સુહાવે છે.

આવો નેત્રાનંદ આપતો પ્રિય અને પ્રિયતમાનો મનોહર સંયોગ જોતાં, હે **કામચારિ**–ઇચ્છા પ્રમાણે ગમન કરનાર અને વિષય રસિક મેઘ! તું સહજ જાણી શકશે કે, એ અમારી અલકાનગરી છે, એમ કહેવાનો હેતુ છે.

કાલિદાસનાં અત્યંત રમણીય વર્ણનોમાંનું આ વર્ણન કવિની સર્વાંગ રમણીય કલ્પનાશક્તિનો નમુનો છે.

મેઘને માર્ગનું સૂચન કરી રહ્યા પછી અલકામાં તેને પ્રવેશ કરાવતાં કવિએ, પ્રિયતમના ખોળામાં બેઠેલી અલંકૃત કામિનીનો ભાસ કરાવી, યક્ષનો તેની પ્રિયાની સાથે ભવિષ્યમાં થનારો સંયોગ સૂચવતું આ મંગળાચરણ કર્યું છે.

આ શ્લોકનું ચાર પદમાં ભાષાન્તર નીચે પ્રમાણે છે. જેને એ ઠીક પડે તેણે એ વાંચી લેવું.

ખોળે તેને પ્રિયગણી, સર્યું વસ્ત્ર ગંગાનું ધારી,
બેઠેલી તું, નગરી અલકા જાણશે કામ ચારી,
જે વર્ષામાં જળ ટપકતાં, મ્હેલથી અભ્ર ધારે,
મોતી સેરો ગુંથતી અલકે, કામિની શી સુહાવે.

मेघदूत.

उत्तरमेघ.

તું વિદ્યુત્વાન્, લલિત વનિતાવૃંદથી એ ભરેલા,
તા'રે જેવું સુરધનુ, રુડાં ચિત્ર ત્યાં ચીતરેલાં;
તા'રી જેવી ગભિર મધુરી થાય છે ગર્જનાઓ,
સંગીતોમાં ધિરિ ધિરિ રુડી વાગતી ત્યાં મૃદંગો,

છે આ તા'રી વિષદ જળથી વાદળીઓ ભરેલી.
તેવી ત્યાં છે મણિમય ભૂમિ, નિર્મળા કાચ જેવી,
તું છે ઊંચો, શિખર થકી એ આભને થોભ દેતા,
એવા તા'રી સરસાઇ કરે તેમ છે મ્હેલ એના. ૧

શ્લોક ૧.

આ શ્લોકમાં કવિ અલકાના મહેલોનું અને મેઘનું સરખાપણું બતાવે છે.

તું વિદ્યુત્વાન્–હે મેઘ–તું તારી પાસે ચમકતી વિદ્યુત્વાળો છું, તો ત્યાંના મહેલોમાં લલિત–રૂપ વેશ વિલાસાદિથી મધુર તથા વિદ્યુતના જેવી કાન્તિવાળી સેંકડો યક્ષની સ્ત્રીઓ સંચરી રહી છે–યક્ષસ્ત્રીઓ અત્યંત સુંદર હોવાથી આમ કહ્યું છે.

તારે જેવું સુરધનુ–તારી પાસે જેમ વિવિધ મનોહર રંગવાળું ઇન્દ્ર ધનુષ્ છે, તેમ ત્યાં વિવિધ રંગનાં સુંદર ચિત્રો ચિતરેલાં છે.

તારી જેવી–હે મેઘ! તું જેમ મધુર ગર્જનાઓ કરે છે તેમ ત્યાંના મહેલ, સંગીતમાં મધુર ગંભીર નાદથી વાગતી મૃદંગોવડે ગાજી રહેલા છે. યક્ષ કિન્નરના નિવાસને લીધે ત્યાં નિરંતર નૃત્ય ગીત વાદ્યના પ્રયોગો ચાલી રહેલા હશે એમ કહેવાનું તાત્પર્ય છે.

જુવો **કુમાર સંભવમાં** ઓષધિ પ્રસ્થના વર્ણનમાં એવો જ ભાવ.

शिखरासक्तमेघानां व्यज्यन्ते यत्र वेश्मनाम् ।
अनुगर्जितसंदिग्धाः करणैर्मुरजस्वनाः ॥ सर्ग. ६

સ્પર્ધા કર્તા રવિહયતણી, અશ્વ જ્યાં શ્યામવર્ણા,
તા'રા જેવા મદગળ ઉંચા હસ્તિઓ, પ્હાડ જેવા,
જ્યાં છે મોટા સુભટ, લઢતા જેહ લંકેશ સાથે,
લાજે જેનાં ભૂષણ નિરખી, ઘા પડ્યા ચંદ્રહાસે. ૨

છે આ તારી–જેમ વિશદ–સ્વચ્છ જળથી ભરેલી આ તારી વાદળીઓ શોભી રહે છે તેમ ત્યાં સ્વચ્છ કાચ ઢાળ્યા હોય તેવી મણિજડિત ભૂમીઓ શોભી રહી છે.

તું છે ઉંચો–મેઘ! તું ઘણો ઉંચો છે, તો તે મહેલો પણ આભને–આકાશને શોભ–ટેકો આપે તેટલા ઉંચા છે.

આ પ્રમાણે તારી સાથે સર્વ રીતે સરસાઈ કરે એવા અલકાના મહેલો છે.

શ્લોક ૨.

સ્પર્ધા–સરસાઈ. **રવિહય**=સૂર્યના ઘોડાઓની સાથે હરીફાઈ કરે તેવા જ્યાં શ્યામ–કાળા વર્ણના ઘોડાઓ થાય છે.

મદગળ=જેમના લમણામાંથી મદ ટપકે છે એવા.

તારા જેવા–અર્થાત્ તારા શ્યામવર્ણ જેવા વર્ણવાળા અને તારા એટલે મેઘના જેવા પ્રૌઢ કદવાળા હસ્તિઓ જ્યાં છે.

મોટા સુભટ–મોટા મોટા યોધાઓ–જે **લંકેશ**–**રાવણ** સાથે યુદ્ધ કરતા હતા. આ શબ્દથી ત્યાંના યોધાઓનું **રાવણ** જેવા ત્રિભુવનને જીતનારની સાથે યુદ્ધ કરવાનું સામર્થ્ય બતાવ્યું છે. **ઘા પડ્યા ચંદ્રહાસે** જે યોધાઓનાં અંગ ઉપર, રાવણની તરવાર જેનું નામ **ચંદ્રહાસ** હતું, તેનાથી પડેલા ઘાથી તેમનાં અંગપરનાં ભૂષણ પણ લાજે છે. અર્થાત્ તેવા યોધાઓના શરીર ઉપર યુદ્ધમાં પડેલા ઘા–તેમનાં ભૂષણો કરતાં પણ વધારે શોભાયમાન દેખાય છે. લડાઇમાં પડેલા ઘા શૂરાઓનાં શરીરને શોભાવનાર છે ભૂષણો નહીં–આથી તેમના યુદ્ધ કરવાના શૌર્યની પ્રશંસા કરી છે–કહ્યું છે કે–

क्षताः किल विराजन्ते शूराधरपयोधराः

શૂરવીર પુરૂષ, સ્રીઓના અધર અને સ્તન એ ક્ષતથી–ઘાથી, નખ અને દંતના દંશથી–વિશેષ શોભાયમાન લાગે છે. ઉજ્જયિનીના વર્ણનમાં રાવણની સાથે યુદ્ધકર્તા યોધાઓનું આ શ્લોકમાં વર્ણન આપેલું છે, એમ માનતાં તે અસંબદ્ધ લાગે છે; કારણકે ઉજ્જયિનીને રાવણ સાથેનો કંઈપણ ઐતિહાસિક સંબંધ નથી.

હસ્તે લીલાકમલ, અલકે કુન્દનાં પુષ્પ નાનાં,
ભાસે લોધ્રપ્રસુનરજથી પાંડુ શોભા મુખે જ્યાં;
અંબોડામાં કુરવક નવાં, ચારુ કાને શિરીષો,
ધારે સેંથે તુજથકિ ઉગ્યાં નીપ પુષ્પો વધૂઓ. ૨

વલ્લભ, સારોદ્ધારિણી–પાર્શ્વાભ્યુદય, ભરત, સનાતન આદિ નવ દશ ટીકાકારો અને મી૦ વિલસન તથા બીજી હસ્તલિખિત પ્રતોમાં આ શ્લોક અલકાના વર્ણનમાં આપેલો છે અને તે યોગ્ય લાગે છે. ઉજ્જયિનીનો રાવણ સાથે ઐતિહાસિક સંબંધ નથી પણ અલકાનો છે; કારણકે કુબેર પાસથી પુષ્પક વિમાન લેવાને માટે રાવણે કૈલાસપર હલ્લો કર્યો હતો તે વખતે તેની સાથે યુદ્ધ કરનારા યોદ્ધાઓ હજી અલકામાં છે એવું કવિનું સૂચન છે. જુવો કૈલાસના વર્ણનમાં કવિએ કહ્યું છે કે–

કીધા જેના કરથી ઉચકી રાવણે સંધિ ઢીલા.

જુવો **કુમાર સંભવ**. સર્ગ ૮. આમાં રાવણથી ભય પામેલાં પાર્વતીને માટે કવિ કહે છે કે.

रावणध्वनितभीतया तया कंठसक्तमृदुबाहुबंधनः

વળી હસ્તીઓ અને ઉત્તમ અશ્વો પણ અહિં થાય છે. જુવો जितसिंहभया नागाः। यत्राश्वा विलयोनयः **કુમાર**–સર્ગ–૬.

આથી આ શ્લોક ઉત્તર મેઘમાં જોઈએ. મેં આધાર તરીકે લીધેલી મૂળ પ્રતમાં એ પૂર્વ મેઘમાં છે તે ઠીક નથી, માટે અહીં મુક્યો છે.

શ્લોક ૩.

આ શ્લોકમાં કવિ, અલકાની સુંદરીઓનો પુષ્પ શણગાર વર્ણવે છે. બીજા દેશોની પેઠે જુદી જુદી ઋતુઓમાં જુદાં જુદાં પુષ્પો અહિ થતાં નથી, પરંતુ સર્વે ઋતુઓ પોતાનો ક્રમ તજી દરેક ઋતુમાં સર્વે ઋતુઓનાં ફળ પુષ્પ આપે છે. આથી એ પ્રદેશનું દેવભૂમિત્વ દર્શાવ્યું છે.

મેઘ અલકામાં જાય છે તે વર્ષા સમય છે છતાં તે વખતે ત્યાંની સ્ત્રીઓ છએ ઋતુઓમાં ઉત્પન્ન થતાં જુદી જુદી જાતનાં પુષ્પોનાં આભરણો ધારે છે, જેનું કવિ નીચે પ્રમાણે વર્ણન કરે છે.

હસ્તે લીલા કમળ–ત્યાંની સ્ત્રીઓ હાથમાં વિલાસ માટે કમળો રાખે છે. કમળ એ **શરદ્ઋતુનું** પુષ્પ છે. (शरत्पंकजलक्षणा) આ એક સ્ત્રીઓનો સ્વાભાવિક વિલાસ છે. જુઓ **કુમાર સંભવ**–लीलाकमलपत्राणि गणयामास पार्वती—વળી .

रजोभिरंतः परिवेषबन्धि । लीलारविन्दं भ्रमयांचकार–**રઘુવંશ—સર્ગ ૬**

અલકે–કેશમાં કુન્દનાં તાજાં પુષ્પ–નવાં ખીલતાં, અર્થાત્ અત્યંત ખીલવાથી પરિપકવ નહિં થયેલાં, આ **શિશિરમાં** પરિપકવ દશાને પામનારાં પુષ્પ છે, છતાં **હેમન્તમાં** નવો ફાલ આવતો હોવાથી **હેમન્તનું** સૂચન કરતાં કવિએ બાળકુન્દ=નાનાં કુંદ એમ લખ્યું છે.

જુઓ, भ्रमर इव विभाते कुन्दमन्तस्तुषारम्. **શાકુન્તલ.**—

આસ્યે લોધ્રપ્રસુનરજથી–લોધ્રપ્રસુન=લોધ્રનાં પુષ્પોની રજથી–જ્યાં લોધ્ર કુસુમોની રજવડે સ્ત્રીઓના મુખ ઉપર પાંડુ–સુવર્ણના જેવી કંઇક પીળાશ મારતી શોભા દેખાય છે. લોધ્રનો પીળો પરાગ છાંટવાથી મુખસૌન્દર્ય વિશેષ મોહક થાય છે. જુવો **કુમારસંભવ**-

कर्णार्पितो लोध्रकषायरूक्षे । गोरोचनापत्रनितान्तगौरे ॥

આ લોધ્ર કુસુમો **શિશિરમાં** ઉત્પન્ન થાય છે. તે પીળા–જાંખા પીળા **રંગનાં** અને પુષ્કળ પરાગ–રજથી ભરેલાં હોય છે—

અંબોડામાં કુરવક નવાં–અંબોડામાં નવાં તાજાં કુરવક પુષ્પ પહેરે છે. આ **વસંતમાં** ઉત્પન્ન થતાં પુષ્પો છે–જુવો **વસંત વર્ણન.**

मधुलिहां मधुदानविशारदाः । कुरबका रवकारणतां ययुः **રઘુવંશ–સર્ગઃ ૯**

વિક્રમોર્વશીયના વસંતવર્ણનમાં પણ–अग्रे स्त्रीनखपाटलं कुरवकं श्यामं द्वयोर्भागयोः।

ચારુ કાને શિરીષો=ચારુ સુંદર; કાનમાં **શિરીષનાં** પુષ્પો. આ પુષ્પ અત્યંત નાજુક હોય છે. મધ્યમાંથી લાંબા લટકતા નાજુક રેષા અને તેને છેડે ઝીણી ઝીણી પાંખડી હોવાથી તે લોલકની પેઠે ઝુલ્યા કરે છે. વિલાસિની સ્ત્રીઓનું આ કાનતું આભૂષણ છે અને એની ઉત્પત્તિ **ગ્રીષ્મ** ઋતુમાં થાય છે. જુવો **શાકુન્તલમાં** ગ્રીષ્મવર્ણન અંક ૧.

अवतंसयन्ति दयमानाः प्रमदाः शिरीषकुसुमानि

अमी शिरीषप्रसवावतंसाः ।

प्रभ्रंशिता वारिविहारिणीनाम् ॥ રઘુવંશ—

જ્યાં માતેલા મધુકરતણાં વૃંદથી ગાજી રે'તાં-
આપે વૃક્ષો સકળ ઋતુમાં, પુષ્પ તાજાં ખિલેલાં;
હંસશ્રેણીતણી ઝમકતી મેખલાથી સુહાતી,
અર્પે છે જ્યાં કમલિની રુડાં પદ્મ, નિત્યે વિકાસી.
કેકા શબ્દો કરિ કરિ, કળાધારી નાચે મયૂરો,
જ્યાં જ્યોત્સ્નાથી તમ ટળિ જતાં રમ્ય લાગે પ્રદોષો. ૪

ધારેસેંથે=સેંથામાં-તુજથકી ઉગ્યાં-મેઘથી, મેઘ સમયથી ઉગેલાં અર્થાત્ **વર્ષાકાળમાં** ઉત્પન્ન થયેલાં **નીપ** પુષ્પો-કદંબનાં પુષ્પો. સ્ત્રીઓ ધારણ કરે છે. જુવો, **રઘુવંશ.**

गन्धश्च धाराहतपल्वलानां कदम्बमर्धोद्गतकेसरं च ॥

પ્રકૃતિથી જ સુકુમાર શરીરવાળી ચતુર સુંદરીઓને સુવર્ણાદિનાં આભૂષણો કરતાં પુષ્પના અલંકાર ઉપર વિશેષ રુચિ હોય છે. આથી ત્યાંની પૌરસ્ત્રીઓનું નાગરિકત્વ બતાવ્યું છે અને તે પદ્મિની લક્ષણ પણ ગણાય છે. મી૦ **વિલસન** લખે છે કે, સ્ત્રી-સૌન્દર્યની શોભા વધારનાર આ સુંદર કુદરતી ભૂષણોને પૂર્વ તરફની સ્ત્રીઓ પોતાના અલંકારોમાં આગળ પડતું સ્થાન આપે છે, એ તેમનો સાદો અને ઘણા ઉંચા પ્રકારનો શોખ બતાવી આપે છે, જે જોતાં આનન્દ થયા વિના રહેતો જ નથી.

શ્લોક ૪,

જ્યાં માતેલા મધુકરતણાં-જ્યાં-અલકામાં, **માતેલા**-પુષ્પનું મધ પીવાથી ઉન્મત્ત થયેલા, **મધુકર**-ભમરાઓનાં **વૃન્દ**-ટોળાંના ગુંજારવથી ગાજી રહેતાં વૃક્ષો, દરેક ઋતુમાં પુષ્પ આપે છે. અર્થાત્ વૃક્ષો નિરંતર પુષ્પના ફાલથી ફાલી રહેલાં હોય છે; એમને ઋતુઓના નિયમની જરૂર રહેતી નથી.

હંસશ્રેણી-હંસની પંક્તિઓ. કલરવ કરતા હંસોની પંક્તિઓને અહિં વાગતી મેખલારૂપે વર્ણવી છે. કમલિનીઓ નિત્ય પ્રફૂલ્લિત થયેલાં પદ્મો આપે છે, તેથી હમેશાં હંસની હારોની હારો કલરવ કરતી તેની આસપાસ બેસી રહે છે.

કેકા-મયૂરોના ટુહુકારને કેકા શબ્દ કહેવાય છે. અહીં **અલકામાં** મયૂરોનાં ટોળાં સર્વદા સુંદર પિચ્છથી શોભતાં હોય છે, અને નૃત્ય કરતાં કેકા શબ્દથી ઉપવનો ગજાવી મૂકે છે; તે માત્ર વર્ષામાં નહિ પણ પ્રત્યેક ઋતુમાં.

જ્યાં જ્યોત્સ્નાથી-ભગવાન્ શંભુ, પાસેના ઉપવનમાં રહે છે, તેથી તેમની જટાના ચંદ્રથી **અલકામાં** કૃષ્ણ પક્ષ છે જ નહીં. સર્વદા શુક્લપક્ષ-અજવાળીયું જ રહે છે.

આનંદાશ્રુ વગર, નયને આંસુ હોયે ન બીજાં,
બીજો તાપ સ્મરવિણ નથી, જે શમે પ્રેમી જોતાં;
જ્યાં છે માત્ર પ્રણય કલહે, રૂષણામાં વિયોગ,
યક્ષોને જ્યાં નથિ વય બિજું, માત્ર તારુણ્ય એક. ૫

જેમાં યક્ષો સ્ફટિકથિ જડી સ્વચ્છ બેસી અગાશી,–
તારાબિંબે કુસુમિત થતી, નારીઓ લૈ વિલાસી;
સેવે પ્રીતે, રતિફળ મધુ કલ્પ વૃક્ષે દિધેલો,
તા'રા ધીરધ્વનિશિ ગરજ્યે ધીરી ધીરી મૃદંગો. ૬

શ્લોક ૫.

આનંદાશ્રુ વગેરે=જ્યાં અલકામાં માત્ર આનંદનાં જ આંસુ જોવામાં આવે છે, બીજાં એટલે શોકનાં આંસુ કોઈ પણ પ્રસંગે જોવામાં આવતાં નથી. અર્થાત્ ત્યાં આનંદ માત્ર જોવામાં આવે છે, શોકનો સંભવ જ નથી—

બીજો તાપ=સ્મરવિણ–કામદેવના તાપ વગર જ્યાં બીજા કોઇ પણ પ્રકારનો તાપ જોવામાં આવતો નથી, જે કામતાપ, પોતાનાં પ્રિયજનને મળતાં આપોઆપ શમી જાય છે. અર્થાત્ વ્યાધિ દારિદ્ય આદિનો સંતાપ ત્યાં જોવામાં આવતો નથી.

જ્યાં છે માત્ર પ્રણય કલહે–પ્રણયકલહે–પ્રેમના મધુર કલહ વખતે જ માત્ર રૂષણામાં વિયોગ જોવામાં આવે છે. પ્રેમથી લાડીને રીસાતી સુંદરીઓ માત્ર રૂષણું લેતાં જ વિયોગ અનુભવે છે, અન્ય કારણથી નહી.

યક્ષોને જ્યાં–યક્ષોને માત્ર તારુણ્ય–તરુણપણું–યૌવન એ જ વય છે, વૃદ્ધાવસ્થા નથી. અર્થાત્ સર્વદા તેઓ સ્થિરયૌવન ભોગવે છે. આ જ જાતના ભાવને માટે જુવો.

यौवनान्ते वयो यस्मिन्नान्तकः कुसुमायुधात् ।
रतिखेदसमुत्पन्ना निद्रा संज्ञा विपर्ययः— **કુમારસંભવ**–સર્ગ–૬.

શ્લોક ૬.

જેમાં યક્ષો ઇત્યાદિ–સ્ફટિકથી જડી=જેની જમીન ઉપર સ્ફટિક મણિ જડેલા છે એવી, સ્વચ્છ નિર્મળ અગાશીઓમાં બેસીને.

તારા બિમ્બે–જમીનમાં સ્ફટિક જડેલા હોવાથી રાત્રિએ તારાબિંબથી–આકાશના તારાઓનાં તેમાં પ્રતિબિંબ પડવાથી.

કુસુમિત થતી–હજારો તારાઓનાં પ્રતિબિંબ પડવાથી જાણે તેમાં કુસુમો વેર્યાં હોય તેવી લાગતી. આ અગાશીઓનું વિશેષણ છે.

નારીઓ લઈ વિલાસી–વિલાસવતી સ્ત્રીઓને સાથે રાખીને. મદ્યપાન સમયે સ્ત્રીઓ સમીપ હોવાથી તેમના હાથથી અપાયેલું મદ્ય વિલાસીઓને વિશેષ ઉન્માદક અને પ્રિય લાગે છે.

સેવે પ્રીતે–પ્રેમથી સેવે છે; પીએ છે.

રતિફળમધુ–રતિ–કામક્રીડા–એ જ જેનું ફળ છે એવું મધુ–મદ્ય. અર્થાત્ કેફને લીધે ઉન્મત્ત કરતું, લજ્જા વગેરેને કોરે મૂકાવતું અને ભોગમાં તલ્લીન કરતું મદ્ય–દારુ જેને રતિફલમધુ કહેવામાં આવે છે, તે કામોદ્દીપક, શીતલ અને મધુર ગણાય છે. જુવો–

> इत्थं चेन्मधुपुष्पभंग्युपचितं पुष्पद्रुमूलावृतं
> क्वाथेन स्मरदीपनं रतिफलाख्यं स्वादु शीतं मधु.–મદિરાર્ણવમાં.

કલ્પવૃક્ષે દિધેલો–કલ્પવૃક્ષનાં પુષ્પમાંથી બનાવેલો. **કલ્પવૃક્ષ**–ઇચ્છાનુકૂળ વસ્તુઓ આપી શકે એવું આ દેવવૃક્ષ છે તેણે અર્પેલો. આ મદ્યનું વિશેષણ છે.

તારા ધીર ધ્વનીશી=હે મેઘ! તારા ધીર ધ્વનીશી–તારી ગંભીર ગર્જના જેવી ધીરી ધીરી મૃદંગો ગર્જ્યે–ગર્જી રહેતાં, યક્ષો ઉપર કહ્યું તે પ્રમાણે મદ્યનું સેવન કરે છે.

મદ્યપાન વખતે જોઇતાં નૃત્ય, વાદ્ય, ગીત, વિલાસી સ્ત્રીઓ, વગેરે સાધનો અત્રે બતાવી યક્ષોનું ભોગિપણું સૂચવ્યું છે.

ઓષધિપ્રસ્થનું વર્ણન કરતાં કાલિદાસે આ મદ્યપાન કરવાનાં સ્થાનના વર્ણનમાં એવો જ ભાવ દર્શાવ્યો છે. જુવો—

> यत्र स्फटिकहर्म्येषु नक्तमापानभूमिषु।
> ज्योतिषां प्रतिबिम्बानि प्राप्नुवन्त्युपहारताम्.–કુમારસંભવ. સર્ગ-૬.

આનંદાશ્રુ વગર, નયને આંસુ હોયે ન બીજાં,
બીજો તાપ સ્મરવિણ નથી, જે શમે પ્રેમી જોતાં;
જ્યાં છે માત્ર પ્રણય કલહે, રૂષણામાં વિયોગ,
યક્ષોને જ્યાં નથિ વય બિજું, માત્ર તારુણ્ય એક. ૫

જેમાં યક્ષો સ્ફટિકથિ જડી સ્વચ્છ બેસી અગાશી,–
તારાબિંબે કુસુમિત થતી, નારીઓ લૈ વિલાસી;
સેવે પ્રીતે, રતિફળ મધુ કલ્પ વૃક્ષે દિધેલો,
તા'રા ધીરધ્વનિશિ ગરજ્યે ધીરી ધીરી મૃદંગો. ૬

શ્લોક ૫.

આનંદાશ્રુ વગેરે=જ્યાં અલકામાં માત્ર આનંદનાં જ આંસુ જોવામાં આવે છે, બીજાં એટલે શોકનાં આંસુ કોઈ પણ પ્રસંગે જોવામાં આવતાં નથી. અર્થાત્ ત્યાં આનંદ માત્ર જોવામાં આવે છે, શોકનો સંભવ જ નથી—

બીજો તાપ=સ્મરવિણ–કામદેવના તાપ વગર જ્યાં બીજા કોઇ પણ પ્રકારનો તાપ જોવામાં આવતો નથી, જે કામતાપ, પોતાનાં પ્રિયજનને મળતાં આપોઆપ શમી જાય છે. અર્થાત્ વ્યાધિ દારિદ્ય આદિનો સંતાપ ત્યાં જોવામાં આવતો નથી.

જ્યાં છે માત્ર પ્રણય કલહે–પ્રણયકલહે–પ્રેમના મધુર કલહ વખતે જ માત્ર રૂષણામાં વિયોગ જોવામાં આવે છે. પ્રેમથી લાડીને રીસાતી સુંદરીઓ માત્ર રૂષણું લેતાં જ વિયોગ અનુભવે છે, અન્ય કારણથી નહી.

યક્ષોને જ્યાં–યક્ષોને માત્ર તારુણ્ય–તરુણપણું–યૌવન એ જ વય છે, વૃદ્ધાવસ્થા નથી. અર્થાત્ સર્વદા તેઓ સ્થિરયૌવન ભોગવે છે. આ જ જાતના ભાવને માટે જુવો

यौवनान्तं वयो यस्मिन्नान्तकः कुसुमायुधात्।
रतिखेदसमुत्पन्ना निद्रा संज्ञा विपर्ययः—**કુમારસંભવ**-સર્ગ-૬.

શ્લોક ૬.

જેમાં યક્ષો ઇત્યાદિ–સ્ફટિકથી જડી=જેની જમીન ઉપર સ્ફટિક મણિ જડેલા છે એવી, સ્વચ્છ નિર્મળ અગાશીઓમાં બેશીને.

તારા બિમ્બે-જમીનમાં સ્ફટિક જડેલા હોવાથી રાત્રિએ તારાબિંબથી-આકાશના તારાઓનાં તેમાં પ્રતિબિંબ પડવાથી.

કુસુમિત થતી-હજારો તારાઓનાં પ્રતિબિંબ પડવાથી જાણે તેમાં કુસુમો વેર્યાં હોય તેવી લાગતી. આ અગાશીઓનું વિશેષણ છે.

નારીઓ લઈ વિલાસી-વિલાસવતી સ્ત્રીઓને સાથે રાખીને. મદ્યપાન સમયે સ્ત્રીઓ સમીપ હોવાથી તેમના હાથથી અપાયેલું મદ્ય વિલાસીઓને વિશેષ ઉન્માદક અને પ્રિય લાગે છે.

સેવે પ્રીતે-પ્રેમથી સેવે છે; પીએ છે.

રતિફળમધુ-રતિ-કામક્રીડા-એ જ જેનું ફળ છે એવું મધુ-મદ્ય. અર્થાત્ કેફને લીધે ઉન્મત્ત કરતું, લજ્જા વગેરેને કોરે મૂકાવતું અને ભોગમાં તલ્લીન કરતું મદ્ય-દારુ જેને રતિફલમધુ કહેવામાં આવે છે, તે કામોદ્દીપક, શીતલ અને મધુર ગણાય છે. જુવો-

> इत्थं चेन्मधुपुष्पभंग्युपचितं पुष्पद्रुमूलावृतं
> क्वाथेन स्मरदीपनं रतिफलाख्यं स्वादु शीतं मधु.-**મદિરાર્ણવમાં.**

કલ્પવૃક્ષે દિધેલો-કલ્પવૃક્ષનાં પુષ્પમાંથી બનાવેલો. **કલ્પવૃક્ષ**-ઇચ્છાનુકૂળ વસ્તુઓ આપી શકે એવું આ દેવવૃક્ષ છે તેણે અર્પેલો. આ મદ્યનું વિશેષણ છે.

તારા ધીર ધ્વનીશી=હે મેઘ! તારા ધીર ધ્વનીશી-તારી ગંભીર ગર્જના જેવી ધીરી ધીરી મૃદંગો ગર્જ્યે-ગર્જી રહેતાં, યક્ષો ઉપર કહ્યું તે પ્રમાણે મદ્યનું સેવન કરે છે.

મદ્યપાન વખતે જોઇતાં નૃત્ય, વાદ્ય, ગીત, વિલાસી સ્ત્રીઓ, વગેરે સાધનો અત્રે બતાવી યક્ષોનું ભોગિપણું સૂચવ્યું છે.

ઓષધિપ્રસ્થનું વર્ણન કરતાં કાલિદાસે આ મદ્યપાન કરવાનાં સ્થાનના વર્ણનમાં એવો જ ભાવ દર્શાવ્યો છે. જુવો—

> यत्र स्फटिकहर्म्येषु नक्तमापानभूमिषु।
> ज्योतिषां प्रतिविम्बानि प्राप्नुवन्त्युपहारताम्:-**કુમારસંભવ. સર્ગ-૬.**

જ્યાં, ગંગાના જલથકિ શિળા વાયુને સેવી સેવી,*
મંદારોની, તટપર ઉગ્યાં, શીળી છાયે રમંતી,
શોધી કાઢે મણિ, કનકની રેતિમાં ઢાંકી ઊંડા,
યાચે જેને અમર, કુંટડી યક્ષની એવી કન્યા. ૭

શ્લોક ૭.

આ શ્લોકમાં ગંગાના રમણીય તટ ઉપરની **મંદાર** વૃક્ષોની ઘટામાં રમતી નિર્દોષ યક્ષ કુમારિકાઓનું વર્ણન છે.

જ્યાં ગંગાના–ગંગાના જળના સ્પર્શથી અત્યંત શીતલ થયેલા વાયુથી જેમને તાપ લાગતો નથી એવી.

મંદારોની–ગંગાના તીર ઉપર આવી રહેલાં દેવવૃક્ષોની. આ મંદાર, પારિજાતક, સંતાન, કલ્પ વૃક્ષ અને હરિચંદન એ પાંચ દેવ વૃક્ષો કહેવાય છે. આ ઉપરથી ગંગાના તીર ઉપર મંદાર વૃક્ષ ઘણાં થાય છે એમ સૂચન થાય છે. જુવો **કુમાર સંભવમાં** ગંગાનું વર્ણન. સર્ગ. ૬–૨

आप्लुतास्तीरमन्दारकुसुमोत्कीरवीचिषु ।
व्योमगंगाप्रवाहेषु दिङ्नागमदगन्धिषु ॥

શોધિકાઢેમણિ=આ, પૂર્વે કુમારિકાઓમાં રમાતિ ગૂઢમણિ નામની રમત છે. કનકની–સુવર્ણની રેતીની ઢગલીઓમાં મણિ સંતાડી વારા ફરતી કન્યાઓ તેને શોધી કહાડે છે. આવી રમત કાંકરીઓથી આજ પણ છોકરીઓ રમે છે, જેને ભોંય કાકરી કરીને કહે છે.

યાચે જેને અમર–અત્યંત સ્વરૂપવાળી હોવાથી જેને દેવતાઓ પણ વરવાની યાચના કરે છે એવી, અર્થાત્ દેવતાઓને પણ દુર્લભ. ગંગાતીરે રમતી વિદ્યાધર કુમારિકાઓનું **વિક્રમોર્વશીયમાં** પણ કવિએ એ જ પ્રમાણે વર્ણન કરેલું છે. જુવો

तत्र खलु मंदाकिन्याः पुलिनेषु सिकतापर्वतकेलीभिः
क्रीडन्ती विद्याधरदारिका उदयवती नाम तेन राजर्षिणा निर्दिध्यासिता. અંક૪

*પાઠાન્તર–ઠંડા વાયુ, જલલહરિથી સેવી, મંદાકિનીની,
મંદારોની, તટ ઉપરનાં, છાયથી તાપ ટાળી.

નીવીગ્રંથી ઢિલિ થઈ જતાં, રાગથી કામિઓ જ્યાં;
ખેંચી લેતા, ચપલ કરથી, ચીર બિંબાધરાનાં.
ફેંકે મુષ્ટિ કુમકુમ ભરી, લાજનીમારી તોયે;
રત્નોકેરા જળહળી રહ્યા દીપ, ના ઓલવાયે. ૮

શ્લોક ૮.

આ લોકમાં રાગથી ઉન્મત્ત થયેલાં યક્ષદંપતીઓની સંભોગશૃંગારચેષ્ટાઓનું વર્ણન **છે.**

નીવીગ્રંથી ઇ.–સ્ત્રીઓએ પહેરેલા વસ્ત્રની ગાંઠને નીવિ કહેવાય છે. પ્રિયતમના સ્પર્શસુખથી કામવશ થઈ ગયેલી સ્ત્રીઓની વસ્ત્રની ગાંઠ આપોઆપ ઢીલી થઈ સરી જાય છે. વસ્ત્રની ગાંઠ છૂટી જવી–વસ્ત્રનું સરી પડવું, ઇત્યાદિ સ્ત્રીઓની પુરુષને આમંત્રણ કરતી કામપરવશતા સૂચવે છે. જુવો **રતિરહસ્યમાં** કામાધીનતાનું લક્ષણ–

प्रच्छन्नौ व्रजतस्तनौ प्रकटतां श्रोणीतटं दृश्यते
नीवी च स्खलति स्थितापि सुदृढं कामेंगितं योषिताम् ॥

રાગથી–અત્યંત કામાવેશથી–

કામિઓ–કામાસક્ત પુરુષો. **બિંબાધરાનાં**–સ્વાભાવિક રીતે બિંબફળ જેવા લાલ અધરવાળીનાં, અથવા વારંવાર અધર રસનું પાન કરવાથી જેમના ઓષ્ઠ બિંબફળના જેવા લાલચોળ દેખાય છે એવી સ્ત્રીઓનાં, આપોઆપ ઢીલાં થઈ જતાં વસ્ત્રને કામિઓ **ચપલકરથી=ચંચળ** હાથથી, અથવા એક અંગ ઉપર નહિ પરંતુ અનેક અંગો ઉપર ફરી વળતા હસ્તથી ખેંચી લે છે. અહિં ચપળકરથી એ પદવડે સ્ત્રીઓને ઉન્મત્ત કરનાર વિવિધ ચુંબનાલિંગન આદિ બાહ્ય સંભોગનું નિરૂપણ કર્યું છે. જુવો **મદનતંત્રમાં**–

अभ्यर्चिता बाह्यरसेन भूयो, या देशकालप्रकृतीरवेक्ष्य
श्लथास्तरुण्यः प्रबलानुरागा द्रवन्ति तृप्यन्ति च शीघ्रमेव ।

ફેંકે મુષ્ટિ–અત્યંત પ્રકાશથી જળહળ થતા મણિના દીવાઓના પ્રકાશમાં આ પ્રમાણે વસ્ત્ર ખેંચી લેતાં અંગ પ્રકટ થવાને લીધે લાજની મારી–અત્યંત શરમથી લજવાઈ ગાભરી બની જતી–સ્ત્રીઓ, એ મણિના દીપકોને ઓલવી નાંખવાને માટે કુંકુમાદિનાં ચૂર્ણની મુઠીઓ ભરી દીવાઓ ઉપર નાંખે છે, પરંતુ રત્નના દીવાઓ ઓલવાતા નથી અને એમના પ્રયત્નો નિષ્ફળ જાય છે.

જ્યાં વાયુથી ભવન શિખરે, મેઘ ખેંચાઈ આવી,
આલેખેલાં, જલકણવડે ચિત્ર નાંખે બગાડી;
તેથી જાણે ભયભીત થઈ, ધૂમના ગોટ જેવા,
જાળી માર્ગે થઈ વિખરતા મેઘ, તારા સમાણા. ૯

કુંકુમની મુઠીઓ ભરી ફેંકવાથી મણિના દીવાને ઓલવી નાંખવાના પ્રયત્નો મિથ્યા છે, કારણ કે રત્નના દીવા એમ ઓલવાય જ નહી એ પણ એમને સમજાતું નથી. આ તેમનું મુગ્ધત્વ સૂચવે છે. જુઓ એજ પ્રસંગનો **માઘનો** ત્રીજા સર્ગનો શ્લોક.

रतौ ह्रिया यत्र निशाम्य दीपान् जालागताभ्योऽधिगृहं गृहिण्यः
विभ्युर्विडालेक्षणभीषणाभ्यो वैदूर्यकुड्येषु शशिद्युतिभ्यः ।

અર્થ—રાત્રિ ક્રીડા વખતે શરમને લીધે દીવા કાઢી નાંખ્યા પછી ત્યાંની સ્ત્રીઓ, જાળીમાંથી અંદર ચાંદની પડતાં પીળા પીળા ચળકતા વૈડૂર્ય મણિ જાણે બીલાડીઓના ભયંકર ડોળા હોય એમ ધારી ડરતી હતી. કેવી રસહીણ કલ્પનાઃ **કાલિદાસ** જે રસ એક પંક્તિમાં જમાવી શકે છે તે અન્ય કવિઓ પાને પાનાં ભરીને પણ જમાવી શકતા નથી.

લાજની મારી-ઇત્યાદિથી સ્ત્રીઓની સ્વાભાવિક લજ્જાળુતા સુચવી છે-સર્વથા અનુકૂળ છતાં પણ જે લાજનો ત્યાગ કરી શકતી નથી, એમ કહેવાનું તાત્પર્ય છે.

શ્લોક ૯.

ભવન શિખરે=ઉંચા સાત માળના મહેલોના ઉપરના ભાગમાં—મહેલ અત્યંત ઉંચા હોવાથી મેઘનાં વાદળ પવનથી ઘસડાઈ આવી તેમાંથી આરપાર ચાલ્યાં જાય છે. ઉંચા પર્વતો ઉપર વર્ષાકાળમાં આ અનુભવ પ્રત્યક્ષ થાય છે.

આલેખેલાં=ચિતરેલાં—અંતઃપુરોમાં ચિતરેલાં વિવિધ આકૃતિનાં સુંદર રંગદાર ચિત્રો, અંદર ધસી આવતાં વાદળનાં જળકણથી બગડી જાય છે.

તેથી જાણે=જેમ કોઈ કામી માણસ મહેલમાં પેસી કંઈ અપરાધ કરી ગુપ્ત રીતે બહાર નીકળી જાય, તેમ ચિત્રોનો વર્ણ બગાડી નાંખવારૂપ અપરાધથી ડરી ગયેલા તારા જેવા મેઘ, જાળી માર્ગેથી ધૂમની પેઠે વિખરાઇને બહાર જતા રહે છે એવો ધ્વનિ છે.

દેખાવાથી કિરણ શશિનાં, મેઘ વેરાઈ જાતાં,
ધીમે ધીમે જલ ટપકતા ગુંથિયા તંતુઓમાં;
*ટાળે છે જ્યાં શ્રમ સુરતનો, રાત્રિએ ચંદ્રકાન્તો,
આલિંગાતાં દઢ પિઉવડે, હાંફતી નારીઓનો. ૧૦

વર્ષા સમયમાં વાદળાં અત્યંત નિચાં આવવાથી પર્વત ઉપરના મહેલોની બારીઓમાંથી ધૂમાડારૂપે આરપાર જતાં રહે છે. આ તદ્દન સાદા ભાવને કવિએ ઉપર પ્રમાણે કામુકના ધ્વનિ સાથે કંઇક ચમત્કૃતિથી વર્ણવ્યો છે. એજ જાતના વર્ણનનો દ્વારિકાના વર્ણનમાંનો **માઘના** ત્રીજા સર્ગનો કેવળ ચમત્કારરહિત શ્લોક જુવો.

कुतूहलेनैव जवादुपेत्य प्राकारभित्त्या सहसा निषिद्धः ।
रसन्नरोदीद् भृशमम्बुवर्षव्याजेन यस्या बहिरम्बुवाहः ॥

અર્થ—દ્વારકામાં વર્ષાકાળે પેસવા જતો મેઘ તેના કોટની સાથે અથડાઈ પાછો પડતાં બહાર ઉભો ઉભો મોટી ગર્જનાઓરૂપી બરાડા પાડી જળબિન્દુરૂપી આંસુ પાડી (જેમ કોઈ પાછું પડેલું છોકરું ભેંકડો મૂકી રડે તેમ) રડ્યા કરતો હતો. આમાં કંઇ જ કાવ્ય ચમત્કૃતિ લાગતી નથી; પછી મેઘના રડવામાં કોઇને હાસ્યરસનો ચમત્કાર લાગતો હોય તો ભલે.

શ્લોક ૧૦.

આ શ્લોકમાં, ગ્રીષ્મકાળે તાપ શાન્તિને માટે દોરામાં ચંદ્રકાન્ત મણિ પરોવી ચકની પેઠે નાંખેલી જાળીઓનું અને ત્યાંની સુંદરીઓની સંભોગનિવૃત્તિનું વર્ણન છે.

દેખાવાથી કિરણ ઇ—આકાશના ચંદ્રને મેઘ ઘેરી લે છે, પરંતુ શંકરની જટાના ચન્દ્રને ન ઘેરી લેતાં વિખરાઈ જઈ તેનો નિરંતર પ્રકાશ પડવા દે છે. તેથી વર્ષામાં પણ અલકામાં રાત્રિએ અંધકાર હતો નથી. જુવો. नित्यज्योत्स्नाप्रतिहततमोवृत्तिरम्याः प्रदोषा અને बाह्योद्यानस्थितहरशिरश्चंद्रिकाधौतहर्म्या । આ પ્રમાણે મેઘનું આવરણ ન નડવાથી ચન્દ્રનાં કિરણનો સ્પર્શ થાય છે.

ગુંથીયા તંતુઓમાં—શયનની ચાર પાસે અથવા બારીઓમાં દોરામાં પરોવેલા અને ધીમે ધીમે જળ ટપકતા ચન્દ્રકાન્ત મણિના ચક, નારીઓનો સુરતશ્રમ ટાળે છે એમ અન્વય છે.

*પાઠાન્તર—અર્ધી રાતે શ્રમ સુરતનો ટાળતા ચંદ્રકાન્તો.

ચંદ્રકાન્ત–એક જાતનો મણિ અથવા કાચ છે, જેને ચન્દ્રકિરણનો સ્પર્શ થતાં અંદરથી પાણીની સેરો ચાલે છે. હાલ આપણે મેગ્નીફાયર જેવા કેટલાક કાચ જોઇએ છીએ જેના ઉપર સૂર્યનો તડકો પાડ્યાથી નીચે તેજમાં રહેલું રૂ સળગી ઉઠે છે–આને **સૂર્યકાન્ત** કહેવામાં આવે છે. **ચંદ્રકાન્ત** આપણા દીઠામાં નથી પણ જ્યારે **સૂર્યકાન્ત** જેવો કાચ છે, તો ચંદ્રકાન્ત પણ હશે એમ સંભવે છે.

હાલ આપણે વીરણની ટટ્ટીઓથી તાપશાન્તિ કરીએ છીએ, તેમ પૂર્વનાં કાવ્યોમાં તાપશાન્તિને માટે **ચંદ્રકાન્ત**નો ઉપયોગ ઘણીવાર વાંચીએ છીએ, તે ખરું હોય કિંવા ખોટું હોય, પરંતુ ગ્રીષ્મના અથવા કામના તાપની શાન્તિનો કવિઓને વર્ણવવા યોગ્ય આ એક રમણીય પ્રકાર છે.

ટાળે છે જ્યાં ઇ.–જ્યાં–અલકામાં રાત્રિએ આ પ્રમાણે ઝાલરોમાં ગુંથેલા ચંદ્રકાન્ત મણિઓ અંદરથી ઝરતા જળની શીતળતાથી નારીઓના સુરતશ્રમને ટાળે છે અર્થાત્ શાન્તિ આપી શ્રમ ઓછો કરે છે.

રાત્રિએ=મૂળમાં નિશીથે? મધ્ય રાત્રીએ એમ છે, માટે રાત્રિનો એ અર્થ લેવો. પ્રથમ રાત્રિએ દંપતીઓ ક્રીડામાં પ્રવૃત્ત હોવાને લીધે તાપ શાન્તિનું પ્રયોજન ન હોવાથી મધ્ય રાત્રિએ એમ કહ્યું છે; અથવા અત્યંત રસાસક્તિને લીધે સ્ત્રીઓ એટલી બધી શ્રમિત થાય છે કે મધ્યરાત્રિ સૂધીની શીતલતા પણ ચંદ્રકાન્ત મણિની મદદ શિવાય એ શ્રમને ઉતારી શકતી નથી. આથી સ્ત્રીઓની અત્યંત શ્રમિત દશા સૂચવી છે.

આલિંગાતાં દૃઢ પિઉ કરે=પિઉકરે=પ્રિયતમના હસ્તથી, દૃઢ=અત્યંત આવેશ પૂર્વક આલિંગાતાં–આલિંગન (ભેઠવું) પામતાં, **હાંફતી**=અત્યંત પ્રેમપૂર્વક વારંવાર આપેલા ગાઢ આલિંગનથી થતા ઉત્સાહ અને આવેશને લીધે જેને બહુ શ્વાસ ભરાઈ આવે છે એવી. પ્રિયતમના અંગનો સ્પર્શ અમૃતસમાન લાગવાથી પુષ્પસમાન મૃદુ હોવા છતાં સ્ત્રીઓ, અત્યંત ગાઢ આલિંગનની કોમળ પીડા રસથી સાંખી શકે છે એવા સ્ત્રીસ્વભાવનો અહિં ધ્વનિ છે.

અહિં प्रियतमभुजालिंगनोच्छ्वासितानां એ પાઠ સારો છે. **સારોદ્ધારિણી, વલ્લભ** વગેરે પણ એ પાઠ સ્વીકારે છે.

અહિં ચંદ્રકાન્તના વર્ણન સાથે સ્ત્રીઓના વિહારનો પ્રસંગ યોજી કવિએ આખા વર્ણનને રસપૂર્ણ કર્યું છે. આવી રીતનું ચંદ્રકાન્ત મણિનું વર્ણન **માઘના** ત્રીજા સર્ગમાં નીચે પ્રમાણે છે.

કામીઓ જ્યાં, અખુટ ધનના ઘેર ભંડારવાળા,
મીઠા કંઠે ધનપતિતણી, કિન્નરો કીર્ત્તિ ગાતા;–
સાથે રાખી, હરતી મનને અપ્સરા સંગ રંગે,*
સેવે આવી ઉપવન રુડું, નિત્ય વૈભ્રાજ્ય નામે. ૧૧

कान्तेन्दुकान्तोपलकुट्टिमेषु, प्रतिक्षपं हर्म्यतलेषु यत्र ।
उच्चैरधःपातिपयोमुचोऽपि समूहमूहुः पयसां प्रणाल्यः ॥

અર્થ–ચંદ્રકાન્ત મણિ જડી બનાવેલી અગાશીઓમાં મુકેલી પડનાળો મેઘથી ઉંચી હતી એટલે (મેઘનું પાણી અંદર જઈ શકે તેમ ન હતું તેમ છતાં) દરેક રાતે ચંદ્રકાન્તો ઉપર ચંદ્રકિરણો પડવાથી પડનાળોમાંથી પાણીના ધાધોડા પડતા હતા.

જે વસ્તુ આપણે સાદી દૃષ્ટિથી જોઇએ છીએ તેને મનોહર રસમય સામગ્રી જમાવી, કોઈ અપૂર્વ ચમત્કાર સાથે બતાવવી એ જ કવિના કવિત્વની ખરી ખૂબી છે. ક્યાં ઉપરના શ્લોકમાંની કાલિદાસની રસમય સામગ્રીની ઘટના અને ક્યાં **માઘની** પડનાળોમાંના ચંદ્રકાન્તના પાણીના ધાધોડા!

બીજા પ્રસંગે **કાલિદાસ ગંધમાદન** ગિરિમાં ચંદ્રકાન્તવાળી પર્વત ભૂમિનું વર્ણન કરતાં લખે છે કે:–

चंद्रपादजनितप्रवृत्तिभिश्चंद्रकान्तजलबिन्दुभिर्गिरिः ।
मेखलातरुषु निद्रितानिमान् बोधयत्यसमये शिखंडिनः ॥

કુમારસંભવ–સર્ગ ૮.

કેવી મનોહર કલ્પના! આમાં કવિએ ચંદ્રોદય સમયની પર્વતની કેવી અદ્ભુત રમણીયતા બતાવી છે?

શ્લોક ૧૧.

કામીઓ=કામી યક્ષો.

અખુટ ધનના=જેના ઘરોમાં ધનના અખુટ ભંડાર ભરેલા છે એવા. આ યક્ષોનું વિશેષણ છે. આથી અલકાની અનર્ગલ ધનસંપત્તિ સૂચવી છે અને યક્ષોની ભોગ-પરાયણતા બતાવી છે.

વૈભ્રાજ્ય નામનું ઉપવન=કુબેરના **ચૈત્રરથ** નામે ઉપવનનું આ બીજું નામ છે, જેનું રક્ષણ કરવાને માટે યક્ષને નીમેલો હશે.

* પાઠાન્તર–અપ્સરાશું વિનોદે.

ચાલી જાતાં અલકથિ ખર્યાં કૈંક મન્દાર પુષ્પે,
સોના કેરાં કમળથિ વળી કાનનાં કર્ણ પત્રે;
મોતીસેરે, સ્તનપર ત્રુટી તૂટતાં સૂત્ર, હારે,
રાત્રીરસ્તો દિવસ ઉગતાં, કામિનીનો કળાયે. ૧૨

જાણીને કે, ધનપતિસખા શંભુ પાસે વસે છે,
તેની બ્હીકે, ભ્રમરગુણનું ચાપ, ના કામ ધારે;
તીણી દ્દષ્ટે ભમર નચવી, વિંધતી કામીઓને,
સાધે છે ત્યાં ચતુર યુવતી, કામસિદ્ધિ વિલાસે. ૧૩

શ્લોક ૧૨.

આ શ્લોકમાં **અલકાની** અભિસારિકાઓનું વર્ણન છે.

ચાલી જાતાં ઇ–પોતાના પ્રિયતમને મળવાને માટે ઉતાવળથી ચાલી જતી અભિસારિકાઓના કેશમાંથી ખરેલાં મંદારનાં પુષ્પથી.

સોનાકેરાં કમળથી–કાનમાં પહેરેલાં સોનાનાં જમીનપર પડી ગયેલાં કમળોથી.

મોતીસેરે=કેશ ઉપર બાંધેલી મોતીની પડી ગયેલી સેરોથી.

સ્તનપર ત્રુટી=વિશાળ સ્તનમંડળપર અથડાવાથી દોરા તૂટી જતાં, તૂટીને પડી ગયેલા હારોથી, આ માર્ગે થઈ અભિસારિકાઓ ગઈ હશે એવું પ્રભાત થતાં અનુમાન થાય છે. પોતાનાં આભરણો પડી જાય તેનું પણ જેને ભાન રહેતું નથી એવી અભિસારિકાઓની પ્રેમી પ્રત્યે ઉત્સુકતા અને તન્મયતા અહિં સૂચવી છે. કાલિદાસનાં કાવ્યોમાં અભિસારિકાઓનું વર્ણન ઘણી જગાએ હોય છે. જુવો **કુમાર સંભવ** સર્ગ ૬. ઓષધિપ્રસ્થનું વર્ણન.

यत्रौषधिप्रकाशेन, नक्तं दर्शितसंचराः ।
अनभिज्ञास्तमिस्राणां दुर्दिनेष्वभिसारिकाः ॥

निशासु भास्वत्कलनूपुराणां यः संचरोऽभूदभिसारिकाणाम् । જુવો **રઘુવંશ સર્ગ**–૧૬.

શ્લોક ૧૩.

ધનપતિ સખા શંભુ=કુબેરના પરમમિત્ર ભગવાન્ શિવ પાસે વસે છે= અલકાની પાસેના ઉદ્યાનમાં રહે છે.

“वाह्योद्यानस्थितहरशिरश्चंद्रिकाधौतहर्म्या–ઇત્યાદિથી શંભુ પાસેના ઉદ્યાનમાં રહે છે એમ પૂર્વ મેઘમાં કહ્યું છે. **જાણીને** કે-શંભુ પાસે રહે છે એમ માત્ર સાંભળવાથી જ **કામદેવ** ડરીને દૂર રહે છે, એ પ્રદેશમાં જઈ શકતો નથી, કારણ કે **શિવે** તેને એક-વાર બાળી નાંખ્યો હતો.

ભ્રમર ગુણનું ચાપ=કવિઓએ, **કામદેવના** ધનુષને ભમરાઓની દોરી–પણછ કલ્પેલી છે.

अलिपंक्तिरनेकशस्त्वया गुणकृत्ये वहुशो नियोजिता ।
विरुतैः करुणस्वनैरियं गुरुशोकामनुरोदितीव माम् ॥

કુમારસંભવ રતિવિલાપ.

શંકરના ભયથી **કામ** આ ધનુષનો **અલકામાં** ઉપયોગ કરી શકતો નથી એટલું જ નહીં, પણ તે ચાપ ત્યાં આગળ હાથમાં ધરવાની પણ તેનામાં હિંમત નથી, તો પછી કામિઓને પોતાના બાણથી પીડવાની તો હિમ્મત ક્યાંથી જ હોય? **શંકરે** કામદેવને બાળીને ભસ્મ કરી નાંખ્યો ત્યારથી તે દેહ વિનાનો થઈ રહેલો છે. એની કથા કુમારસંભવના ૩ જા સર્ગમાં છે. **કામ શંકરનું** તપ ભંગાવી પાર્વતી ઉપર તેમનો અનુરાગ ઉત્પન્ન કરાવાનો પ્રયત્ન કરતો હતો, તે વખતે શંકરે પોતાના ત્રીજા નેત્રના અગ્નિથી તેને બાળી નાંખ્યો હતો. જુવો.

क्रोधं प्रभो संहर संहरेति यावद्गिरः खे मरुतां चरन्ति ।
तावत्स वह्निर्भवनेत्रजन्मा भस्मावशेषं मदनं चकार ॥ **કુમાર સંભવ.**

જ્યારે આ પ્રમાણે **કામદેવ અલકામાં** જઈ શકતો નથી ત્યારે ત્યાં સઘળા કામ-વ્યાપારો શી રીતે ચાલતા હશે, તેનો કવિ ઉત્તરાર્ધમાં ખુલાસો કરે છે.

તીણી દૃષ્ટે–અત્યંત તીક્ષ્ણ. કામિનાં હૃદયમાંથી આરપાર નીકળી જાય તેવા કટાક્ષોથી. અહિ માત્ર કટાક્ષો જ કામદેવના તીક્ષ્ણ બાણોનું કામ કરે છે એમ સૂચન છે.

ભ્રમર નચવી–સ્ત્રીની ભમરોને કવિઓ કામદેવના ધનુષની ઉપમા આપે છે, તે અહિં કામધનુષનું કામ કરે છેઃ અર્થાત્ ભમરરૂપી ધનુષ ઉપરથી છૂટતા તીક્ષ્ણ કટા-ક્ષના બાણો કામીઓનાં હૃદયોને અવશ્ય વિંધી નાંખે છે. કામના બાણ વખતે ખાલી જાય પણ આ નેત્રના કટાક્ષ ખાલી જતા જ નથી.

નાના વસ્ત્રો, મધુ નયનને આપનારૂં વિલાસ,
તાજાં પુષ્પો, કિસલય રુડાં, ભૂષણો ભાતભાત;
તાજો રાતો સરસ અળતો રંગવા પાદપદ્મ,
આપે છે જ્યાં સકળ અબળાભૂષણો, કલ્પવૃક્ષ. ૧૪

સાધે છે ત્યાં ચતુર યુવતી–ત્યાં અલકામાં ચતુર–કામકળામાં નિપુણ સ્ત્રીઓ વિલાસોથી સઘળી કામસિદ્ધિ સાધી લે છે. અર્થાત્ એ પોતાના વિલાસોથી જ કામીઓની મનોવૃત્તિઓને ચલિત કરી તીક્ષ્ણ કટાક્ષોથી તેમને નિઃશંક વિંધી નાંખે છે; એમને કામદેવની મદદની જરૂર પડતી નથી. સ્ત્રીઓનાં નેત્રમાં અને વિલાસોમાં કેટલું સામર્થ્ય સમાયેલું હોય છે તે આ ઉપરથી જણાઈ આવે છે. વળી યક્ષી અને કિન્નરીઓનું વિશ્વમોહક સૌન્દર્ય, તેમનું વિલાસચાતુર્ય અને કામકળાકુશળતા પણ આમાં સૂચવ્યાં છે.

શ્લોક ૧૪.

આ શ્લોકમાં કવિ, અલકાની સુન્દરીઓનાં વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણ માત્ર કલ્પવૃક્ષ પૂરાં પાડે છે તેનું વર્ણન કરે છે. સ્ત્રીઓના સ્વાભાવિક દેહસૌન્દર્યને શોભાવનારાં આભૂષણો ચાર પ્રકારનાં છે. **રસાકર**માં તે નિચે પ્રમાણે છે–


कचधार्यं देहधार्यं परिधेयं विलेपनम् ।
चतुर्धा भूषणं प्राहुः स्त्रीणामन्यच्च दैशिकम् ॥

(૧) **કેશ**માં ધરવાનાં પુષ્પાદિ આભરણો–(૨) **શરીર** ઉપર ધરવાનાં વિચિત્ર પ્રકારનાં હાર આદિ ભૂષણો (૩) **અંગ** ઉપર પહેરવાનાં ચીર આદિ વસ્ત્રો (૪) અને શરીરે લગાડવાનાં કેસર કસ્તુરી ચંદન અળતો આદિ અંગરાગ. આ બધાં આભરણ એકલું કલ્પવૃક્ષ આપે છે; એમને તે લાવવા જવું પડતું નથી.

નાનાવસ્ત્રો–નાના પ્રકારનાં રંગિત રેશમી ચીર વગેરે.

મધુ નયનને આપનારું વિલાસ–મધ પીવાથી નેત્રમાં વિલાસિત્વ આવે છે–અર્થાત્ તે રાગથી ભરાઈ ઘૂમરાય છે. આવું મદ્ય પણ કલ્પવૃક્ષમાંથી મળે છે–નેત્રને વિલાસી બનાવનાર હોવાથી મદ્યને પણ સ્ત્રીઓના ભુષણરૂપ ગણેલું છે.

જુઓ **કુમારસંભવ** સર્ગ ૪ થો–**રતિ**વિલાપ.



ઉત્તરમેઘ–શ્લોક–૧૫

ત્યાં હર્મ્યેથી ધનપતિતણા, ઉત્તરે ધામ મા'રું,
દ્વારે ઊંચી સુરધનુસમી છે કમાને સુહાતું;*
જેની પાસે સુતસમગણી વા'લીએ છે ઉછેર્યો.
ગુચ્છે ઝૂકી કર અડકતો દેવ મંદાર ના'નો. ૧૫

नयनान्यरुणानि घूर्णयन्वचनानि स्खलयन् पदे पदे ।
असति त्वयि वारुणीमदः प्रमदानामधुना विडंबना ॥

તાજાં પુષ્પો=દરેક ઋતુમાં બધીએ ઋતુઓનાં નવાં ખીલેલાં પુષ્પો અને કિસલયો-કોમળ પત્રો, વગેરે. આ કેશ વગેરેમાં પહેરવાનાં ભૂષણો છે.

તાજો રાતો=તરત ઉત્પન્ન થયેલો રાતા રંગનો અળતો, જે પગની પાટલીઓને રંગવા માટે વપરાય છે. આનો અંગરાગમાં સમાવેશ થાય છે. પગ અને હાથ અત્યંત લાલ દેખાવાથી વિશેષ મોહક લાગે, માટે તેને અળતો, મેંદી વગેરેથી રંગવાનો રિવાજ હજી પણ વિલાસી સ્ત્રીઓમાં જોવામાં આવે છે.

આવા પ્રકારનાં આભૂષણો એમને ઈચ્છા પ્રમાણે મળી રહે છે, કોઈ પાસેથી માગવાં પડતાં નથી.

સૃષ્ટિસૌંદર્યનું શૃંગારરસના સુંદર પ્રસંગો સાથે અત્યંત ચતુરાઇથી મિશ્રણ કરી કવિએ અલકાનું એવું મનોહર વર્ણન કર્યું છે કે, જેની સરખામણી કરવા લાયક બીજાં વર્ણન સંસ્કૃત સાહિત્યમાં થોડાં જ મળી આવશે.

આ ૧૪ શ્લોકથી **અલકાનું** સુંદર વર્ણન કર્યા પછી **યક્ષ, મેઘને** પોતાના ઘર ભણી જવાનો માર્ગ દર્શાવે છે.

શ્લોક ૧૫.

ત્યાં હર્મ્યેથી ધનપતિ તણાઉત્તરે-ધનપતિ-કુબેરના રાજમહેલથી ઉત્તર દિશાએ મારું ધામ છે, એમ કહેવાથી રાજાનો તેના પ્રત્યેનો સદ્ભાવ અને અધિકાર-ગૌરવ સૂચવ્યાં છે.

દ્વારે ઉંચી=સુરધનુસમી-અનેક રત્નો જડેલાં હોવાથી વિવિધ રંગનાં કિરણોને પ્રસારતી મેઘધનુષ જેવી દરવાજાપરની ઉંચી કમાનથી શોભતું.

*પાઠાન્તર-રમ્ય મ્હેરાબવાળું.

ત્યાંછે વાપી, મરકતતણા શોભતી શ્યામ ઘાટે,
જેમાં ડોલે, ખિલિ કનકનાં પદ્મ વૈડૂર્યનાળે;
હંસો એના જલપર સદા હર્ષ પામી વસે છે,
વર્ષામાંયે નથી ઉડી જતા, માન છે પાસ તો'યે. ૧૬

ઉચ્ચી–શબ્દથી દૂરથી તને દૃષ્ટિએ પડશે, તારે શોધવું પડશે નહીં, એમ સૂચવ્યું છે.

જેની પાસે–જે મહેલના આંગણામાં.

સુતસમગણી=પોતાના પુત્રના જેવો પ્રિય ગણી મારી પ્રિયાએ ઉછેરેલો નાનો મંદાર (એ નામનું દેવ વૃક્ષ) છે.

દાસજનોને હાથે નહિ, પણ પોતાના કોમળ હસ્તથી પાણી સિંચી સિંચી, પુત્રના જેવા વાત્સલ્યથી એને ઉછેર્યો છે. વિલાસી સ્ત્રીઓની પુષ્પવૃક્ષોપર સ્વાભાવિક પ્રીતિ હોય છે તેનું અહિ નિરૂપણ છે. જુવો શાકુન્તલ–अस्ति मे सादेरस्नेह एतेषु.

अतन्द्रिता सा स्वयमेव वृक्षकान् घटस्तनप्रस्नवणैर्व्यवर्धत । **કુમારસંભવ**–

अमुं पुरः पश्यसि देवदारुं पुत्रीकृतोऽसौ वृषभध्वजेन । **રઘુવંશ**—

ગુચ્છેઝુકી=પુષ્પના ફૂલના ગુચ્છાઓથી ઝુકી પડતાં કર અડકતો, હાથે પહોંચી શકાય તેટલો નીચો–

નાનોમંદાર–અત્યંત ઉંચો નહિ. ઘણી સંભાળને લીધે નાનો છતાં પુષ્પિત થયેલો–

આંગણામાંના બાળમંદાર વૃક્ષથી યક્ષ પોતાના ઘરની બરાબર નિશાની આપે છે.

શ્લોક ૧૬.

આ મહેલની પાસે જળક્રીડા કરવાને માટે બાંધેલી વાપી–(નાની વાવ)ની બીજી નિશાની આપે છે.

વાપી–વાવ–ગ્રીષ્મકાળમાં જળક્રીડા માટે બાંધેલી–

મરકતતણા શ્યામઘાટે=જે વાપીમાં ઉતરવાનો ઘાટ, મરકત મણિની–લીલા રંગના એક જાતના મણિની શિલાઓથી બાંધેલો છે–

જેમાં ડોલે–જેના જળમાં વૈડૂર્ય મણિના નાળો ઉપર સુવર્ણનાં કમળો ખીલીને ડોલ્યા કરે છે. દિવ્ય ભૂમિને લીધે આવાં કમળોની ઉત્પત્તિ અહિં વર્ણવી છે.

બાંધ્યો તેના તટપર, રચી શિખ્ખરો ઇંદ્રનીલે-
ક્રીડા માટે ગિરિ, કનકની રોપીને કેળ હારે;
વિદ્યુત્ સોતો નિરખી તુજને, સાંભરી આજ આવ્યે-
વ્હાલીનો એ પ્રિયગિરિ મને, હર્ષ ને ખેદ થાયે.* ૧૭

હંસો જેના-એનું પાણી અત્યંત સ્વચ્છ, શીતળ, સ્વાદિષ્ટ અને વર્ષામાં પણ ન બગડતું હોવાથી માન સરોવર પાસે હોવા છતાં પણ હંસો, એને વર્ષાઋતુમાં છોડી જતા નથી. આથી માન સરોવર કરતાં પણ એની અધિકતા સૂચવી છે.

હર્ષ પામી-અત્યંત આનંદથી. વર્ષામાં મેલા થતા જળથી હંસોને ક્લેશ થાય છે, તેનો અહિં સંભવ ન હોવાથી તેઓ આનંદથી અહિં જ વર્ષાઋતુ ગાળે છે.

શ્લોક ૧૭.

*પાઠાન્તર-હર્ષ ખેદે મુંઝાવે-હર્ષને મોહ થાયે.

તેના તટપર=એ વાપીના કીનારા ઉપર. આ શ્લોકમાં, વાપીની અંદરથી આવતી મૃદુમૃદુ જલ લહરીઓના અથવાડાથી થતા મધુર સંગીત જેવા શબ્દો સાંભળવા, સુવર્ણકમળોના પરાગને વહન કરી સુગન્ધવાળા થયેલા અને શ્રમને ટાળનારા શીતળ વાયુને સેવવા, જળ પાસે બેસી મધુર કલરવ કરતાં અને મધુમદથી ઉન્મત્ત થયેલાં હંસ, સારસ, કારંડવ ભ્રમર વગેરેના સ્વચ્છંદ વિહાર જોવાના તથા શબ્દો સાંભળવાના વિનોદને અનુભવવા ત્યાં બાંધેલા ક્રીડાપર્વતનું વર્ણન છે. જલાશય વિના બીજે સ્થળે આ વિનોદ ન મળી શકે માટે વાપીના કીનારાપર ક્રીડાશૈલ છે એમ સૂચન છે.

ક્રીડા માટે ગિરિ=વિવિધ વિહારને માટે બનાવેલો કૃત્રિમ પર્વત.

રચી શિખ્ખરો ઇન્દ્ર નીલે=જે ક્રીડાપર્વતનાં શિખરો ઇન્દ્રનીલ મણિથી બાંધેલાં છે એવો.

કનકની રોપીને કેળ હારે=આસપાસ ફરતી સોનાની કેળો હારબંધ રોપીને. પર્વત મરકત મણિનો બાંધેલો છે, એટલે ઘેરા શ્યામ રંગનો દેખાય છે અને આસપાસ પીળા રંગની કદળીઓની હારો આવી રહી છે તેથી, શ્યામ રંગના મેઘની સાથે અને આસપાસ ચમકતી પીળા રંગની વિજળી સાથે, યક્ષ તેની સમાનતા બતાવે છે. આ સમાનતાને લીધે **યક્ષ** કહે છે કે, હે **મેઘ**! તને જોતાં મારી પ્રિયાનો એ અત્યંત પ્રિય પર્વત મને યાદ આવે છે

ઘેરેલા ત્યાં કુરવકવડે માધવી મંડપો છે,
પાસે રૂડો બકુલ, ઝુલતાં રક્તપાત્રો અશોકે;
ઇચ્છે પ્હેલો વદનમદિરા, દોહદો પૂરવાને,
બીજો ડાબો ચરણ સખીનો, યાચતો મા'રી પેઠે. ૧૮

એકાન્તના વિવિધ વિહારનું સ્થાન હોવાથી મારી પ્રિયાને એ અત્યંત પ્રિય છે, એમ કહેવાનો હેતુ છે.

વ્હાલીના અત્યંત પ્રિયગિરિનું અને તેને અંગીભૂત અનેક વસ્તુઓનું સ્મરણ થવાથી હર્ષ થાય છે તથા આ ભારે વિયોગમાં એની શી દશા હશે ઇત્યાદિ વિચાર મનમાં આવતાં, શોક અને ભય થાય છે. આ પ્રમાણે યક્ષના મનની આ મિશ્ર દશા છે.

वस्तुनामनुभूतानां तुल्यश्रवणदर्शनात् ।
श्रवणात् कीर्तनाद्वापि सानन्दा भीर्यथा भवेत् ॥

અનુભવ કરેલી પ્રિય વસ્તુના સ્મરણથી, તેના જેવી વસ્તુ જોવાથી અથવા સાંભળવાથી આનંદ સાથે ભીતિ ઉત્પન્ન થાય છે.

શ્લોક ૧૮.

છાયેલા ત્યાં–ત્યાં એ મારા ભવનની વાડીમાં, **કુરબક**–એ નામનાં પુષ્પ- **માધવીમંડપ**–અતિમુક્ત અથવા વાસંતી નામની વેલીના મંડપો. મધુ એટલે વસંતમાં થનારી માટે માધવી લતા. મારા એ ભવન પાસે કુરબકની હારોથી ઘેરાયલા માધવી લતાના મંડપો શોભી રહેલા છે અને તેમની પાસે **બકુલ**–બોરસળીનું એક વૃક્ષ છે–અને બીજી પાસે રાતાં પત્રવાળો **અશોક** ઝૂલી રહેલો છે. પેસવાના દ્વાર પાસે એક બાજુ બકુલ અને બીજી બાજુ અશોક વૃક્ષ, દ્વારપાળની પેઠે શોભી રહેલાં છે એમ કહેવાનો ભાવાર્થ છે.

ઇચ્છે પ્હેલો–હે મેઘ! આ બે વૃક્ષમાંનો પહેલો એટલે બકુલ વૃક્ષ, મારી પેઠે, તારી સખી–તારી ભાભીના મુખના મધુની અભિલાષા ધરાવે છે અને બીજો એટલે અશોક એના ડાબા પગનો સ્પર્શ ઇચ્છે છે.

દોહદો પુરવાને–દોહદ–મનની પ્રબળ ભાવના. આપણા કવિઓ એમ માને છે કે અશોક, બકુલ, આદિ વૃક્ષોને, પદ્મિની સ્ત્રીના પગના સ્પર્શથી અથવા તેમના મુખના મદ્યના કોગળાથી મોસમ વગર પુષ્પનો નવો ફાલ આવે છે. આને તે તે વૃક્ષોના દોહદ કહેવામાં આવે છે. પુષ્પની ઉત્પત્તિ થવાને માટે જુદાં જુદાં વૃક્ષોને કયા કયા દોહદ જોઇએ તે **મલ્લિનાથ** નિચેના શ્લોકમાં આપે છે.

स्त्रीणां स्पर्शात् प्रियंगुर्विकसति बकुलः सीधुगंडूषसेकात्
पादाघातादशोकस्तिलककुरबकौ वीक्षणालिंगनाभ्याम् ।
मंदारो नर्मवाक्यात्पटुमृदुहसनाच्चंपको वक्रवातात्
चूतो गीतान्नमेरुर्विकसति च पुरो नर्तनात् कर्णिकारः ॥

સ્ત્રીઓના સ્પર્શથી પ્રિયંગુલતા પુષ્પિત થાય છે, બકુલ મદ્યના કોગળાથી પગની લાતથી અશોક, તિલક દૃષ્ટિ નાખવાથી, કુરબક આલિંગન આપવાથી પુષ્પિત થાય છે. આ પ્રમાણે જુદાં જુદાં વૃક્ષોને માટે જુદી જુદી ક્રિયાઓ કહેલી છે. યક્ષનો કહેવાનો ભાવ એવો છે કે, જેમ હું તારી ભાભીના મુખના મદ્યનો અને એના ડાબા ચરણના સ્પર્શનો અભિલાષી છું, તેમ પુષ્પનો ફાલ પામી શોભાયમાન થવાને માટે બકુલ વૃક્ષ એના મુખના મદ્યને માટે તલસી રહ્યો છે અને અશોક વૃક્ષ પણ એના ડાબા પગનો સ્પર્શ ઇચ્છી રહ્યો છે. પરસ્પરમાં આસક્ત થયેલાં અને રસમાં ચકચૂર દંપતિ એકમેકના મુખમાંથી મદ્યના ઘૂંટડા પીએ છે. જુવો **રઘુવંશ–અજવિલાપ.**

વૈતાલીય છંદ.

મધુરું મધુ માહરા મુખે, અરપેલું મદિરાક્ષિ ! પી, પછી;
કયમ પીશ તું આંસુથી ભરી, પરલોકે વસિને જલાંજલિ ?

સ્ત્રીઓની પુષ્પના શણગારની અભિલાષા પૂરી પાડવાને માટે, અકાલે પણ પુષ્પ પત્ર ઉત્પન્ન કરી લેવાનો કવિઓએ આ રમણીય ઉપાય યોજેલો હોય એમ જણાય છે. વિશેષે કરીને કાલિદાસનાં કાવ્યોમાં આનું ઘણે સ્થળે સુચન કરવામાં આવ્યું છે. જુવો.

अकुसुमितमशोकं दोहदापेक्षया वा ।
प्रणिहितशिरसं वा कान्तमार्द्रापराधम्—**માલવિકાગ્નિમિત્ર.**

કુંભીમાંહિં, નિલમણિજડી લીલુડા વાંસ જેવા,
સોના સ્તંભે, સ્ફટિકનું ઘડી, મુકયું છે પાંજરું જ્યાં-
વા'લી કેરાં વલયરણકે, તાલથી નાચી નાચી,
બેસે છે જે, દિવસ વિતતાં, મિત્ર તારો કલાપિ. ૧૯

વળી **કુમારસંભવના વસંત** વર્ણનમાં.

असूत सद्यः कुसुमान्यशोकः स्कन्धात् प्रभृत्येव सपल्लवानि ।
पादेन नापैक्षत सुन्दरीणां संपर्कमासिंजितनूपुरेण ॥

રઘુવંશ-અજવિલાપમાં—

વૈતાલીય છંદ.

તુજ હાથથી દોહદો પુરી, નવલાં પુષ્પ અશોક આપશે,
કયમ ભૂષણ એવું કેશનું, અરપાશે મરણ ક્રિયાવિષે,
સ્મરિ નૂપુર શબ્દથી ભર્યો, ચરણસ્પર્શ સુગાત્રિ ! તાહરો,
કરતો કુસુમાશ્રુ વર્ષિને, સલુણિ ! શોક અશોક કયારનો.

*પાઠાન્તર-યાચતો મારી સાથે,

શ્લોક ૧૯.

આ શ્લોકમાં યક્ષની પ્રિયાએ પાળેલા મયૂરનું વર્ણન છે. હે **મેઘ**! તારા જેવા પરોપકારિ અતિથિને, સંદેશો લઈ મેહેલમાં પેસતાં સત્કાર કરવા માટે તારા મિત્રરૂપ મારિ પ્રિયાનો ક્રીડામયૂર પણ ત્યાં છે, તે તારું મધુર કેકારવથી સ્વાગત કરશે, એવું સૂચન છે.

કુંભી માંહિ—મોરને બેસવાના સ્થાનનું આ વર્ણન છે-તેની કુંભીમાં નીલ-લીલા રંગના મણિ જડેલા છે, અને તેમાં સુવર્ણનો સ્તંભ રોપી તેની ઉપર સ્ફટિક મણિનું એક પાંજરૂ મુકેલું છે, તે મારા મયૂરને બેસવાનું સ્થાન છે.

એ સૌ ચિન્હો સ્મરણ કરિને, જાણીલેશે તું સદ્ય,
આલેખેલા વળિ નિરખિને, સાખમાં શંખ, પદ્મ;
ઝાંખુ ઝાંખુ ભવન હમણાં, હુંવિના લાગશે એ,
ક્યાંથી શોભે કમળ જળમાં, સૂર્યના હોય ત્યારે. ૨૦

વાલીકેરાં—એ મારી પ્રિયાનો વિનોદને અર્થે પાળેલો મયૂર છે. જ્યારે જ્યારે મારી પ્રિયા એને મૃદુકરથી તાળી પાડી હાથમાં પહેરેલાં કંકણના રણકારની સાથે નચાવે છે, ત્યારે તાલ પ્રમાણે નાચી નાચી એને વિનોદ કરાવી સાંજ પડતાં એ તારો કલાપિ મિત્ર–મયૂરરૂપી મિત્ર, આ પિંજરામાં વિરામ લે છે. મયૂરને મેઘ ઉપર સ્વાભાવિક રીતે પ્રીતિ હોવાથી એને મેઘનો મિત્ર કહ્યો છે.

તાલથી નાચી નાચી—એ શબ્દોથી મયૂરનું તાલ પ્રમાણે નાચવાનું ચાતુર્ય દર્શાવ્યું છે અને મયૂરને નચાવી વિનોદ કરવા વગેરેથી પોતાની પ્રિયાનું વિલાસિપણું સૂચવ્યું છે. વિયોગમાં ન ગમવાથી સ્ત્રીઓ આવા નિર્દોષ વિનોદોથી પોતાનો કાળ ગાળે એ સ્વાભાવિક છે. જુવો એ જ જાતનો ભાવ-

अलिन्दे यस्यान्ते मरकतमयी यष्टिरमला ।
शयालुर्यां रात्रौ मदकलकलापी कलयति ॥ **હંસદૂતમાં**—

મયૂરને નૃત્ય કરાવી વિનોદ કરવાનો આવો જ બીજો ભાવ જુવો નીચેના શ્લોકમાં છે—

अमिषु कृतपुटान्तर्मंडलावृत्तिचक्षुः
प्रचलितचतुरभ्रूताण्डवैर्मंडयन्त्या ।
करकिसलयतालैर्मुग्धया नर्त्यमानं
सुतमिव मनसा तं वत्सलेन स्मरामि॥

આમાં **ઉદાત્ત** અલંકાર છે.

શ્લોક ૨૦.

એ સૌ ચિન્હો—મેં જે બધી નિશાનીઓ આપી તે ધ્યાનમાં રાખીને.

તુંસદ્ય=જલદીથી–વગર અડચણે એજ મારું નિવાસ સ્થાન છે એમ તું જાણી લેશે.

થૈને નાનો પછી કલભશો, મ્હેલમાં પેસવાને,
ક્રીડાશૈલે પ્રથમ ઉતરી, બેસજે રમ્ય શૃંગે;
ઝાંખા તેજે, જ્યમ ચળકતી હોય ખદ્યોત પંક્તિ,
જોજે, એવી ઝિણિ ઝબકતી વીજની નાખિ દૃષ્ટિ. ૨૧

યક્ષ, વળી બીજું પણ એક વિશેષ ચિહ્ન મેઘને બતાવે છે.

આલેખેલા=સાખમાં બારણાની બે બાજુએ **શંખ** અને **પદ્મ** નિધિ આલેખેલા છે. આપણે જેને ધનના નવનિધિ કહીએ છીએ તેમાંના આ બે નિધિ કહેવાય છે.

महापद्मो च पद्मश्च शंखो मकरकच्छपौ ।
मुकुन्दकुन्दनीलाश्च खर्वश्च निधयो नव ॥

ઝાંખુ ઝાંખુ=હે મેઘ! આટલી બધી સમૃદ્ધિથી મારૂં ભવન પૂર્ણ છે, તે છતાં હાલમાં તને તે મારા વિના નિસ્તેજ ભાસશે; સર્વ જાતના ઉત્સાહ વિનાનું જણાશે. કમળ અત્યંત સુંદર છતાં જ્યારે સૂર્ય નથી હતો ત્યારે જેમ ઝાંખુ અને સ્વાભાવિક શોભા વિનાનું લાગે છે, તેમ એ ભવન પણ તને એવું જ ભાસશે. પુરૂષોને સ્ત્રી વિનાનું અને સ્ત્રીઓને પુરૂષ વિનાનું ઘર અનેક વૈભવોથી ભરેલું છતાં આવું જ લાગે એ સામાન્ય અનુભવની વાત છે. યક્ષનો કહેવાનો ભાવાર્થ પણ એવો જ છે કે, પ્રિયજન એ જ પ્રાણિમાત્રના જીવનો આધાર છે. એ મારામાં અનુરક્ત છે, હું એનામાં અનુરક્ત છું અને બંને જણાં હજારો ગાઉને અંતરે પડ્યાં છીએ એટલે સઘળું ઉત્સાહ શૂન્ય લાગે એ સ્વાભાવિકજ છે. કહ્યું છે કે.

राज्ये धरित्र्याः पुरमेकसारं पुरे गृहं सद्मनि चैकदेशः ।
तत्रापि शय्या शयने वरस्त्री रत्नोज्वला राजसुखस्य सारः ॥

આખી પૃથ્વીના રાજ્યમાં–માત્ર એક જ નગર સારરૂપ હોય છે–નગરમાં સારરૂપ જોઇએ તો પોતાનું ઘર છે અને તેમાં પણ ઘરનો એક જ ભાગ માત્ર સારરૂપ છે, એક ભાગમાં પોતાની શય્યા સારરૂપ છે અને શય્યામાં રત્નના જેવી ઉજ્વળ સુંદર સ્ત્રી સર્વના સારરૂપ છે; અર્થાત્ અનર્ગળ રાજસુખના સારમાં સારરૂપ જોઇએ તો તે સ્ત્રી જ છે.

શ્લોક ૨૧.

આ શ્લોકમાં યક્ષ, મેઘને નાનું સ્વરૂપ ધરી મેહેલમાં દૃષ્ટિ નાખવાનું કહે છે.

થૈને નાનો=મેઘનું અત્યંત વિસ્તારવાળું સ્વરૂપ હોવાથી એ સ્વરૂપે ત્યાં

† શ્યામાવેષે નહિ નિચિ ઉંચી, ફૂટડાં ગાત્રવાળી,
ઘાટે નાની, *હરિણી સરખાં નેત્રવાળી રૂપાળી;
હારે હારે દશન કળિએ રત્ન જેવી જણાતી,
શોભે ઝીણી કળિ અધરની બિંબશી રાતી રાતી;
ઉંડી નાભિ ઉદર વિલસે, પાતળી કે'ડ જેની,
ભારે ઉંચા સ્તનથી કટિમાં, સે'જ નીચી નમેલી;
શ્રોણીભારે, મલપતી રુડી ચાલતી ધીમી ચાલે,
નારીરૂપે, પ્રથમ વિધિએ હોય નિર્મેલી જાણે. ૨૨

જઇ શકવાનું ન બને, માટે એને નાના કલભ–હાથીના બચ્ચાના જેવું સ્વરૂપ ધરી પ્રથમ ક્રીડાપર્વતના શિખર ઉપર ઉતરીને બેસવાનું યક્ષ કહે છે.

પ્રથમ ઉતરી બેસજે–માર્ગમાં થાકીને આવેલો હોવાથી તું નાનું સ્વરૂપ ધરી ક્રીડાપર્વત ઉપર ઉતરી વિસામો ખાઇ સ્વસ્થ થજે. અસ્વસ્થ અને શ્રમિત સ્થિતિમાં, નિશ્ચિતપણે શાન્તિથી કહેવાનો સંદેશો મેઘથી બરાબર કહી શકાય નહી માટે સ્વસ્થ થવાનું સૂચવ્યું છે.

આ પ્રમાણે સ્વસ્થ થયા પછી મેહેલમાં મારી પ્રિયા ક્યાં આગળ છે તેની તું શોધ કરવાનો યત્ન કરજે.

ઝાંખા તેજે ઇત્યાદિ–હે મેઘ! તું પર્વતપર બેઠો બેઠો, ઝાંખા તેજથી ચળકતી–મંદમંદ પ્રકાશ આપતી, **ખદ્યોત**–આગીઆની પંક્તિ હોય તેવી ઝીણી વિજળીરૂપ દૃષ્ટિ મેહેલમાં નાંખજે. ભવનમાં એ ક્યાં છે–શું કરે છે, ઇત્યાદિ જોવાને માટે જ તું ઝીણા પ્રકાશથી અંદર દૃષ્ટિ નાખજે. સ્વાભાવિક રીતે કોમળ હૃદયવાળી સ્ત્રીઓ અચાનક ગર્જનાથી અથવા વિજળીના ઝબકારાથી ચમકે છે, માટે તું એ ઝમકી ઉઠે અથવા અંજાઇ જાય એવું કંઈ કરતો નહીં.

શ્લોક ૨૨.

† પાઠાન્તર–શ્યામા વેષે કનકવરણાં ફૂટડાં ગાત્રવાળી,
* ચકિત મૃગીશાં નેત્રવાળી રૂપાળી.

ઉપર પ્રમાણે ઝીણી દૃષ્ટિ કરી જોતાં મહેલમાં સ્ત્રીરત્નરૂપ મારી પ્રિયા તારા જોવામાં આવશે. આ શ્લોકમાં ઓળખાણ આપવાને માટે યક્ષ તેનું વર્ણન કરે છે.

શ્યામાવેષે–યૌવનની મધ્ય દશામાં આવેલી, श्यामा यौवनमध्यस्था। શીતકાળમાં સુખ આપે એવાં હુંફાયલાં તથા ઉષ્ણકાળમાં શીતળ અંગવાળી તથા તાવેલા કુન્દન જેવા ગૌર અને ઉજ્વળ વર્ણની સ્ત્રી શ્યામા કહેવાય છે.

જુવો–शीते सुखोष्णसर्वांगी ग्रीष्मेया सुखशीतला ।
तप्तकांचनवर्णाभा सा स्त्री श्यामेति कथ्यते ॥

નહિ નિચિ ઉંચી=અત્યંત ઉંચી નહીં, અત્યંત નીચી નહીં, અત્યંત જાડી નહીં, અત્યંત પાતળી નહીં, એમ મધ્યમ પ્રકારના શરીરવાળી. **ફૂટડાં ગાત્રવાળી**–જેનાં પ્રત્યેક અંગ બહુ જ ફૂટડાં–કોમળ શોભાયમાન અને ઉજ્વળ છે એવી, તથા **ઘાટે નાની**–નાજુક બાંધાની. આ બધાં મૂળમાં **તન્વી** પદ છે તેનાં લક્ષણ છે. સામુદ્રિક શાસ્ત્રમાં વર્જવા યોગ્ય જે સ્ત્રીઓ કહેલી છે તેમાંના એક પણ અપલક્ષણ વિનાની.

अतिदीर्घा भृशं ह्रस्वा अतिस्थूला भृशं कृशा ।
अतिगौरी भृशं काली षडेता वर्जिताः स्त्रियः ॥

બહુ ઉંચી, બહુ નીચી, બહુ જાડી, બહુ પાતળી, બહુ ગોરી, તેમજ બહુ કાળી એ છ સ્ત્રિઓ વર્જીત કરવા યોગ્ય છે—

હરિણી સરખાં–જેનાં નેત્ર હરિણીના જેવાં વિશાળ કાળાં અને ચંચળ છે એવી; અર્થાત્ ભયભીત હરિણીના જેવી વિશાળ ચપળ અને મુગ્ધ દૃષ્ટિવાળી.

આ એનું **પદ્મિનીત્વ** સૂચવે છે. જુવો **રતિરહસ્યમાં** એનું લક્ષણ–

चकितमृगदृशाभे प्रान्तरक्ते च नेत्रे, ઇત્યાદિ.

હારે હારે દશન–દશન કણિઓ–કણિઓના જેવા ઘાટિલા અને તીણા સુંદર દંત–જે રત્નની હાર ગોઠવી હોય તેવા જણાય છે. મૂળમાં शिखरिदशना છે. શિખર એટલે પાકા દાડમના જેવું ધોળા તથા રાતા રંગનું માણેક–તેના જેવા દંતવાળી. આ **ભાગ્યશાલિપણું** સૂચવતું અને **પતિનું આયુષ્ય** વધારનારું સ્ત્રી લક્ષણ છે–

स्निग्धाः समानरूपाः सुपंक्तयः शिखरिणः श्लिष्टाः ।
दंता भवन्ति यासां तासां पदे जगत्सर्वम् ॥
ताम्बूलरसरक्ते पिऽस्फुटभाससमोदयाः ।
दंताः शिखरिणो यस्याश्चिरं जीवति तत्पतिः ॥ **સામુદ્રિક** શાસ્ત્રમાં–

શોભે ઝીણી–જેનો ઝીણી કળી જેવો નાજુક અને કોમળ અધર–ઓઠ, બિંબફળ જેવો શોભે છે. અર્થાત્ તે સુંવાળા, રાતા અને કોમળ ઓઠવાળી છે.

સ્ત્રીઓમાં, આ ધન પુત્ર આદિ સુખ આપનારું લક્ષણ છે.

ओष्ठौ च निर्व्रणौ स्निग्धौ नातिस्थूलौ न रोमशौ ।
रक्तौ विम्बफलाकारौ धनपुत्रसुखप्रदौ ॥ **સામુદ્રિક શાસ્ત્ર,**

ઉંડી નાભિ–જેના ઉદર ઉપર ગોળ અને ઉંડી નાભિ શોભી રહી છે એવી–ઉંડી નાભિ એ સ્ત્રીઓની અત્યંત કામપ્રિયતા સૂચવે છે તથા એક ઇચ્છવા યોગ્ય ઉત્તમ સ્ત્રીલક્ષણ છે.

नाभिगांभीर्यात् मदनातिरेक इति कामसूत्रार्थः सूच्यते (मल्लिनाथ)
स्निग्धकेशी विशालाक्षी निम्ननाभिः सुमध्यमा ।
सुमुखी सुप्रभा नारी तां कन्यां वरयेत् बुधः ॥

પાતળી કેડ જેની–જેની કેડ–કમ્મર અત્યંત પાતળી છે એવી, અર્થાત્ જે કૃશોદરી છે.

ભારે ઉંચા સ્તનથી–ઉંચા વિશાળ અને ભારે સ્તનથી કમરમાંથી સહેજ લચી જતી–અર્થાત્ કમર અત્યંત પાતળી હોવાને લીધે કુંભ જેવા વિશાળ સ્તનમંડળનો ભાર સહન ન કરી શકાવાથી સહજ લચી જતી.

पीनोन्नतौ स्तनौ यस्याः सा नित्यं कामिनां प्रिया–

વિશાળ સ્તનવાળી સ્ત્રીઓ કામિઓને અત્યંત પ્રિય હોય છે, એ **કામશાસ્ત્રમાં** કહેલા ચિન્હથી કામી યક્ષની અત્યંત પ્રીતિ સંપાદન કરનાર પદ્મિનીલક્ષણ સૂચવ્યું છે–જુવો **रतिरहस्यमां** પદ્મિનીલક્ષણ.

स्तनयुगलमनर्घ श्रीफलश्रीविडम्बि ।

જુવો **કુમાર સંભવમાં પાર્વતી**નું વર્ણન–

आवर्जिता किंचिदिव स्तनाभ्याम् । वासो वसाना तरुणार्करागम् ॥

શ્રોણી ભારે–શ્રોણી–નિતંબ–પુંઠનો ભાગ, તેના ભારથી અર્થાત્ નિતંબનો ભાર સહન નહિ કરી શકાવાથી **અલપતી**=લટકદાર, ધીમી વિલાસપૂર્વક ગતિથી

ચાલતી. યક્ષી અને કિન્નરીઓ, સ્તન અને નિતંબના ભારે પીડાતી હોવા છતાં ધીમી મંદગતિને છોડતી નથી-જુવો **કુમારસંભવ**માં તેમનું વર્ણન—

न दुर्वहश्रोणिपयोधरार्ता भिन्दन्ति मंदां गतिमश्वमुख्यः ॥

ભારે નિતંબ **એ હરિણી** સ્ત્રીનું લક્ષણ છે.

तुच्छोदरी नितम्बाढया—**કામસૂત્ર.**

નારીરૂપે ઇત્યાદિ=વિધિએ-બ્રહ્માએ સમગ્ર સ્ત્રીસૌન્દર્ય એક ઠેકાણે એકઠું કરી સ્ત્રિઓમાં એને પ્રથમ જ ઘડી હોય તેવી; અર્થાત્ અલૌકિક સૌન્દર્ય તથા સૌભાગ્ય લક્ષણવાળી સ્ત્રીને તું એ મેહેલમાં જોઇશ-

મુખ, કેશ, આદિનું વર્ણન આ શ્લોકમાં કવિએ કર્યું નથી, કારણ કે આગળ ઉપર તેનું વર્ણન આવે છે, જુવો શ્લોક ૪૪ મો ઉત્તરમેઘ—

શ્યામાવેષ, ભરયૌવન, સુવર્ણ જેવાં તેજસ્વી અને રૂપાળાં ગાત્ર, હરિણી જેવાં નેત્ર, રત્નની હારો જેવા ઝીણા ઝીણા દંત, રાતી કળી જેવા ઓષ્ઠ, ઉંડી નાભિ, પાતળી કટિ, વિશાળ સ્તન, ભારે નિતંબ, મંદ લલિત ગતિ, વગેરેથી કવિએ યક્ષની સ્ત્રીનાં સંપૂર્ણ **પદ્મિની** લક્ષણ સૂચવ્યાં છે-જેને માટે જુઓ—

चकितमृगदृशाभे प्रान्तरक्ते च नेत्रे ।
स्तनयुगलमनर्घं श्रीफलश्रीविडम्बि ॥
तिलकुसुमसमानां बिभ्रति नासिकां च ।
द्विजगुरुसुरपूजाः श्रद्दधाना सदैव ॥
कुवलयदलकान्तिः कापि चांपेय गौरी ।
व्रजति मृदुसलीलं राजहंसीव तन्वी ॥
त्रिवलिवलितमध्या हंसवाणी सुवेषा ।
मृदु शुचि लघु भुंक्ते मानिनी गाढलज्जा ।
धवलकुसुमवासोवल्लभा पद्मिनी स्यात् ॥—**રતિરહસ્ય**

મા'રા બીજા જીવન સરખી, થોડબોલી, અલેતી,
જોતાં એને જલદ ! મનમાં, જાણજે ભાભી તા'રી,
આ હું એનો સહચર પડ્યો દૂર, તેથી બિચારી,
જાણે હોયે પિઉથી વિખુટી એકલી ચક્રવાકી;

વીતે દાહા વિરહ દુઃખમાં, દોહલા જેમ જેમ,
મુંઝાતીએ બહુ બહુ હશે, એકલી તેમ તેમ;
કર્માએલી નલિની શિશિરે હોય, સંતાપ પામી,
તેવી નિશ્ચે બદલઈ ગઈ એ હશે, પ્યારી મા'રી. ૨૩

શ્લોક ૨૩.

મારા બીજા જીવન સરખી–મારા બીજા જીવન–પ્રાણ જેવી પ્રિય; બહાર દેખાતા જુદા શરીરમાત્રથી જ એ મારાથી ભિન્ન જણાતી. એના પ્રાણ એ જ મારા પ્રાણ છે, તેનો નાશ થતાં આ મારા પ્રાણનો પણ વિનાશ જ છે, એવું મારું અને એનું અભેદ જીવન છે, એમ કહેવાનો હેતુ છે.

થોડુ બોલી–ઘણું જ થોડું બોલનારી, અર્થાત્ સત્ય, મધુર અને થોડાં જરૂર જેટલાં જ હિતવચન બોલનારી. અત્યંત વાચાળતા એ સ્ત્રીઓમાં દોષ રૂપ હોવાથી અત્યંત મિતભાષિણી એમ કહેલું છે. न दुष्टां दुष्टवाक् छलयां इति निषेधस्मृतेः

અલેતી–સોળ અરાઢ વર્ષની સંસારમાં બહુ પાવરધી નહીં થયેલી અને યૌવનના પ્રારંભમાં કંઇક બાળભાવવાળી. બાળા.

એને જોતાં–એવી સ્ત્રીને જોતાં હે મેઘ! તું, એ તારી ભાભી છે એમ જાણજે.

આગળના શ્લોકમાં જે સ્વરૂપ બતાવ્યું તે સ્વરૂપ આ દુઃસહ વિયોગને લીધે એનામાં નહીં જ રહ્યું હોય એમ જાણી, મેઘને શંકા ન થાય, માટે યક્ષ એની બદલાયલી દશાનુ વર્ણન કરી શંકાનું નિવારણ કરે છે.

આ હું એનો સહચર–સહચર–નિત્ય સાથે રહેનાર–હું સ્વપ્ને પણ એનાથી દૂર ખસ્યો નથી, પરંતુ અત્યારે એનાથી સેંકડો ગાઉ દૂર છું તેથી–

બિચારી–ગરીબડી–નિરાધાર. યૌવનના પ્રારંભમાં જ મારાથી વિખુટી પડેલી

નિશ્ચે, એની રડિ રડિ હશે આંખ સૂજી ગયેલી,
ફીકા લૂખા, અધર અરુણા, ઉષ્ણ નિશ્વાસ નાંખી;
હાથે ટેક્યું મુખ જરિ જરિ કેશમાંથી* જણાતું,
મેઘે છાયું કલુષિત દિસે બિંબ શું ચદ્રમાનું. ૨૪

હોવાથી અત્યંત દયાને પાત્ર દશા ભોગવતી. બિચારી શબ્દે એના પ્રત્યેની પ્રેમ અને દયાની લાગણી બતાવી છે.

જાણે હોયે—જેમ પોતાના પતિથી વિખુટી ચક્રવાકી એકલી પડેલી હોય તેવી. ચક્રવાકી જેમ એકલી પડતાં ટળવળે તેમ મારા વિના એકલી તલસ્યા કરતી. અહીં ચક્રવાકીની સાથે સરખાવવાથી—નિરંતર ટળવળવું, રાત્રિએ પણ નિદ્રા ન આવવી, સ્વજનમાં પણ ન ગમવું વગેરે ભાવોની વ્યંજના છે.

કરમાએલી નલિની—જેમ શિશિર ઋતુમાં અત્યંત શીતળતાથી તથા ઉગ્ર પવનથી સંતાપ પામીને—સોસાઇ જઇને, કમલિની—પદ્મિની, કરમાઈ જાય તેમ એ મારી પ્રિયા અત્યારે કેવળ બદલાઈ ગઇ હશે એમ અર્થ છે. ક્યાં આ વિરહની દુઃસહતા અને ક્યાં એના હૃદયની અને અંગની મૃદુતા—એમ પરસ્પર વિરોધ સૂચવ્યો છે. જુવો એવો જ ભાવ **અજવિલાપમાં** છે.

हिमसेकविपत्तिरत्र मे नलिनी पूर्वनिदर्शनं मता । **રઘુવંશ**—

નલિનીની ઉપમાથી એનું સ્વભાવ કોમળપણું, લાડ, વૈભવોમાં વાસ, અને સહજ જેટલું પણ દુઃખ ન સાંખી શકવાપણું ઇત્યાદિનો અહિં ધ્વનિ છે—

જુવો સીતાની વિરહદશાનો **રામાયણનો** એ જ જાતનો ભાવ—

हिमहतनलिनीव नष्टशोभा व्यसनपरंपरया निपीड्यमाना ।
सहचररहितेव चक्रवाकी जनकसुता कृपणां दशां प्रपन्ना ॥

આમાં **અતિશયોક્તિ** અને **ઉપમા** અલંકાર છે.

શ્લોક ૨૪.

* પાઠાન્તર—મુખ જરી દીસે દીર્ઘ કેશે છવાયું.

નિશ્ચે=અવશ્ય. પ્રિયાનો કોમળ સ્વભાવ જાણવાથી યક્ષ આમ ખાત્રીથી કહે છે.

રડી રડી—એકલી પડવાથી વારંવાર રડવાને લીધે. આ એનો વિષાદ દર્શાવે છે અને સ્વભાવની મૃદુતા સૂચવે છે.

બેઠેલી એ નજર પડશે દેવપૂજાવિષે કે;
કલ્પી મા'રી કૃશ છબી, હશે કાઢતી ચિત્રમાંહે;
*કિંવા હોશે પુછતી, મધુકે બોલતી સારિકાને,
સંભારે છે અલિ! તું પિઉને લાડકી ત્હો હતી તે. ૨૫

ફીકા થાતા-ઉષ્ણ-અંતરના તાપને લીધે ઉના ઉના નિશ્વાસો નાખવાથી જેના અરુણ-રાતાચોળ ઓઠ ફીકા-ઝાંખા થઇ જાય છે.

હાથે મુક્યું-હાથનો ટેકો દઈ જરા નમતું રાખેલું તથા દીર્ઘ કેશે-લાંબા, ભારે અને છુટા હોવાથી લટકતા કેશમાંથી એનું મુખ લગાર લગાર દેખાય છે, સંપૂર્ણ દેખાતું નથી, તેથી જાણે-**મેઘે છાયું**=કાળા રંગના મેઘથી છવાયલું તથા-**કલુષિત**-ઝાંખા લાવણ્યવાળું-લગાર લગાર જણાતું ચંદ્રનું બિંબ હોય તેવું લાગશે. આ એની **ચિંતા** સૂચવે છે.

હાથપર માથુ મુકી બેસવું એ શોકાકુલ સ્ત્રીઓનો સ્વભાવ છે. અહિં મુખની અને ચંદ્રની અને કેશની અને મેઘની સમાનતા છે-**નિદર્શના** અલંકાર છે..

શ્લોક ૨૫.

*પાઠાન્તર-કીંવા પૂછે મધુર વદતી પિંજરે સારિકાને,
સંભારે છે રસિલિ પિઉને લાડકી છે ઘણી તે.

દેવપૂજા વિષે-જલદી વિયોગ ભાગી મારો પુનઃ સમાગમ થાય તે નિમિત્તે **શિવ પાર્વતી**ના પૂજન અર્ચનમાં રોકાયેલી હશે, અથવા તો કોઇ બીજા પ્રકારના વિનોદથી મન રમાડો કરતી હશે.

કલ્પી મારી-મારો અત્યંત પ્રેમ એ જાણે છે એટલે આ વિયોગમાં હું અત્યંત કૃશ થઈ ગયેલો હોઇશ જ, એમ ધારી મનમાં મારા સુકાયલા શરીરની પ્રતિમા કલ્પી, ચિત્રમાં કાઢતી હશે. અહીં યક્ષ પ્રત્યક્ષ નથી તેમ તેની શી દશા છે તે પણ પ્રત્યક્ષ ન હોવાથી, કલ્પીને એવું પદ યોજેલું છે.

કાઢતી ચિત્ર માંહે-ચિત્ર કાઢ્યું હશે એમ નહિ પણ કાઢતી-કાઢવાનો પ્રયત્ન કરતી હશે. વિયોગાવસ્થામાં પ્રિયજનની છબી જોવાની ઉત્કંઠા થવી એ સ્ત્રીઓનો

ઝાંખાં અંગે વસન ધરીને, અંકમાં રાખિ વીણા,
મા'રા નામે પદ રચી, હશે ઇચ્છતી, સૌમ્ય! ગાવા;
તંત્રી ભીની નયનજળથી, લૂછી નાંખી પરાણે,
આરંભેને ઘડી ઘડી વળી, મૂર્છના ભૂલિ જાયે. ૨૬

સહજ સ્વભાવ અને એક પ્રકારનો વિનોદ છે. ચિત્ર સંપૂર્ણ ચિતરાવું તો અશક્ય છે, તેમ છતાં પ્રિયની પ્રતિમા અથવા તેની છાયા પણ જોવાય તો ઘણું સારું, એવો પ્રબળ અભિલાષ વિયોગીઓને આવા વિનોદમાં યોજે છે. જુવો **વિક્રમોર્વશીય.**

न च सुवदनामालेख्येऽपि प्रियामसमाप्यतां। मम नयनयोरुद्बाष्पत्वं सखे न भविष्यति।

વિયોગ દુઃખ અને સ્નેહનું સ્મરણ એથી અશ્રુ ભરાઈ આવવાથી ચિત્રલેખન અધુરું રહેતાં તે મુકીને વળી કંઈ બીજા વિનોદમાં પ્રવૃત્ત થતી હશે.

કિંવા–અથવા.

મધુરું બોલતી–મીઠા મીઠા શબ્દો બોલી વિનોદ કરાવતી. મંજુભાષિણી.

સારિકા–મેના.

સંભારે છે–એમના અત્યંત પ્રેમના સ્મરણથી મારી આ દશા છે, તો તું પણ એમને ઘણી પ્રિય હતી, તેથી તું એમને સંભારે છે ખરી? એમ પ્રશ્ન છે.

શ્લોક ૨૬.

ઝાંખાં અંગે વસન–વારંવાર ન બદલવાથી તથા ભૂમિશયનથી ઝાંખાં અથવા બહુ ભભકદાર રંગનાં નહીં પણ ઝાંખાં. આથી તથા એક વેણી ધારણ–કેશસંસ્કાર ન કરવા, ભૂમિશયન, સાદુ સ્નાન વગેરેથી પ્રિયવિરહે પતિવ્રતાધર્મ આચરવાનું સૂચન છે.

आर्तार्ते मुदिता हृष्टा प्रोषिते मलिना कृशा।
मृते म्रियते या पत्यौ सा स्त्री ज्ञेया पतिव्रता॥

એટલે કે ઉપર કહેલા સ્મૃતિધર્મને પાળતી.

અંકમાં રાખી વીણા–ખોળામાં વીણા મુકીને.

મારા નામે પદ રચી–જેમાં મારું નામ આવે એવી કોઈ રાગની પદ-રચના કરીને.

પે'લાં બાંધી અવધઅહિં જે માસ બાકી રહેલા,
***બેઠી હોશે ગણતી, કુસુમો મુકીને ઉંબરામાં;**
†કિંવા હોશે ઝીલતિ રસમાં, કલ્પિત સંયોગ મારો,
હોયે એવા પિઉવિરહમાં, કામિનીના વિનોદો. ૨૭

ગાવા ઇચ્છતી–રાગના આલાપ સાથે ગાવાની ઇચ્છા કરતી.

સૌમ્ય !–શુદ્ધ હૃદયનો–શુદ્ધ હૃદય સિવાય સતીનો આચાર જોવાનો નિષેધ છે.

આ પ્રમાણે ગાવાની ઇચ્છા કરતી હશે, પરંતુ–મારી સાથે ગીતવાદ્ય વગેરેનો અનુભવેલો આનંદ યાદ આવતાં આંખમાંથી વહેતી આંસુધારાથી–**તંત્રી**–વીણા–ભીની થઈ જતી હશે, ત્યારે **પરાણે પરાણે**–શોકને લીધે અસ્વસ્થ થઈ જતા મનને પ્રયત્નથી શાન્ત કરીને–તેના ભીંજાઈ ગયેલા તારને લુછી નાખતી હશે. તાર ભીના થવાથી બરાબર સૂર નીકળી શકતા નથી માટે આમ કહ્યું છે.

આરંભેને–આ પ્રમાણે આરંભ કરે છે, પાછી શોકમાં પડતાં આરંભેલા રાગની **મૂર્છના**–સ્વરોનો ચઢતો ઉતરતો ક્રમ, **ઢાળ** ભૂલી જાય છે.

स्वराणां स्थापनाःसान्ता मूर्च्छना सप्त सप्तहि– **સંગીતરત્નાકર.**

પતિનું નામ સ્મરણ કરવાનો આ એનો ઉત્સાહ તથા શોકથી થતો મોહ સૂચવે છે–એક વાર આરંભે છે, પાછી ભૂલી જાય છે, વળી ફરી આરંભે છે, એમ પ્રતિક્ષણે મર્છા થવી એ અત્યંત વ્યાપિ ગયેલી વિયોગદશાનું પરિણામ છે=જુવો रसरत्नाकर–

वियोगायोगयोरिष्टगुणानां कीर्तनात्स्मृतेः ।
साक्षात्कारोथवामूर्च्छा दशधाजाय ते तथा ॥

આ શ્લોકમાં કવિએ, **અલેતી,** સુખ વૈભવમાં ઉછરેલી, પ્રેમવશ અને કોમળ હૃદયની બાળાની વિયોગાવસ્થાનું કેવું હૃદયભેદક ચિત્ર ચિતર્યું છે?

શ્લોક ૨૭.

*** પાઠાન્તર–હોશે પુષ્પો મુકી ગણતિએ, ઉંબરેથી ભુમિમાં.**

† કિંવા ચિત્તે લહિ અનુભવે સ્વાદ સંભોગ કેરો.

પહેલાં–વિરહ થવાના પ્રથમ દિવસે.

બાંધી અવધ અહિં જે–વિખુટાં થતાં, 'આટલા મહિનાનો શાપ ભોગવી હું પાછો આવીશ,' એમ મેં જે મુદત બાંધી હતી તેમાં જે માસ બાકી રહેલા તે.

દા'ડે ઝાઝો વિરહ ન દમે, કામમાં હોય જો એ,
***તો'યે વીતે રજની, રડતાં એકલી નિર્વિનોદે;**
સંદેશાથી સુખી તું કરજે, ભેટિ સાધ્વી નિશીથે,
બારીમાં જૈ ભુમિશયનની, જાગતી એ સખીને. ૨૮

બેઠી હોશે–આ પ્રમાણે કેટલા દિવસ ગયા, કેટલા માસ ગયા, એમ ઉંબરા ઉપર મુકેલાં–પુષ્પોને ભૂમિપર એકઠાં કરી ગણતી હશે—

ઊંબરા ઉપર મંગલાર્થે અથવા ગૃહદેવતાના પૂજન અર્થે મુકેલાં પુષ્પો એમ કહેવાનો અર્થ છે. હજી પણ ગૃહસ્થોના કુટુંબમાં ઉંબરા પૂજવાની રૂઢી આપણે જોઇએ છીએ, જ્યાં સુઘડ અને ચતુર સ્ત્રીઓ કુંકુમ, અક્ષત પુષ્પ આદિથી ઉંબરાનું પૂજન કરે છે અને રંગોળી તથા સાથિઆ વગેરે પૂરે છે.

કલ્પી સંયોગ મારો–દેહથી તો સંયોગ અશકય જ છે, તેથી અંતરમાં મારો સમાગમ કલ્પીને–આલિંગન આદિ વ્યાપારોને અનુભવતાં રસે ઝીલી રહી હશે. કારણ કે, પિઉના વિરહમાં બહુધા કામિનીઓના આવા જ વિનોદ હોય છે અર્થાત્ તેઓ આવા અનેક પ્રકારોથી આત્માને વિનોદ આપી મન રમાડો કરે છે—

શ્લોક ૨૮.

*પાઠાન્તર–ધારૂં વીતે રજની ઝુરતાં.

દા'ડે ઝાઝો–દિવસે, એ કામમાં–દેવપૂજા, ચિત્રલેખન આદિ કામમાં–રોકાયેલી હોવાથી વિયોગ એને અત્યંત દુઃખદ નહીં લાગતો હોય. વિયોગીઓને દિવસ જેટલો વિષમ નથી લાગતો તેટલી રાત્રિ લાગે છે, કારણ કે રાત્રિએ એકાન્ત હોવાથી વિનોદ ન મળતાં તેમનો શોક વધી પડે છે. જુવો આજ જાતનો ભાવ **વિક્રમોર્વશીયમાં** રાજા પોતી વિયોગદશા વર્ણવે છે ત્યાં છે.

कार्यान्तरितोत्कंठ दीनं मयानीतमनतिकृच्छ्रेण ।
अविनोददीर्घयामा, कथं नु रात्रिर्गमितव्या ॥

જાતિ હોશે–તોપણ **નિર્વિનોદે**–વિનોદ વિના એ રાત્રિઓ તો રડી રડીને, શોક કરીને, ગાળતી હશે એમ મને લાગે છે.

ઉંડી પીડા મનની સહિને, દૂબળાં ગાત્રવાળી,
ભૂમિ શય્યા વિરહથી કરી, એક પાસે સુતેલી;
જોશે મા'રી પ્રિય સુતનુ તું, પૂર્વમાંહે જણાતી,
રેખારૂપે થઈ રહિ કળા, હોય શું ચંદ્રમાની;

મા'રી સાથે મનની ગમતી માણતાં મોજ મોંઘી,
ગાળી એણે ક્ષણ સમ ગણી, રાત્રિઓ જે રૂપાળી;
તેની તે એ, રજની વિરહે લાગતાં ખૂબ લાંબી,
ગાળે આજે રહિ રહિ, ઉનાં આંસુડાં ઢાળી ઢાળી. ૨૯

આટલા માટે હે મેઘ! તું રાત્રિએ (મધ્ય રાત્રીએ) એને મળીને મારો સંદેશ કહી આશ્વાસન આપજે.

નિશીથે–મધ્ય રાત્રે. સ્ત્રી જાતિ અને વળી વિયોગિણી તેને મધ્ય રાતે મળજે એમ કહેવાથી યક્ષે મિત્રતાની નિર્મળ ભાવના દર્શાવી છે અને **સાધ્વી**–સતી, એ પદથી પોતાની પ્રિયાની પતિભક્તિ અને એકનિષ્ઠા સૂચવ્યાં છે–એ તારી મિત્રપત્ની છે અને સાધ્વી છે માટે મધ્ય રાત્રે પણ તેને મળવામાં કંઈ પણ અડચણ નથી.

જાગતી–વધી પડેલી વિરહપીડાને લીધે નિદ્રા વગરની. આ વિયોગિઓની **જાગરાવસ્થા** છે.

ભૂમિશયનની–વિયોગાવસ્થામાં પલંગ વગેરેમાં સુવાનો નિષેધ હોવાને લીધે અત્રે ભૂમિશયન કહેલું છે. શયનની પાસેની બારીમાં જઇને હે મેઘ! તું તારી સખીને–ભાભીને મારા સંદેશાથી પ્રસન્ન કરજે. મિત્રપત્નીને વિયોગમાં આ પ્રમાણે દિલાસો અને આનંદ કરાવવો એ મિત્રનો પ્રથમ ધર્મ છે–જુવો.

सखा धात्री च पितरौ मित्रदूतशुकादयः ।
सुखयन्तीष्टकथनसुखोपायैर्वियोगिनम् ॥ **रसरत्नाकर.**

શ્લોક ૨૯.

અહિંથી માંડીને યક્ષ પોતાની વિયોગિણી પ્રિયાની અવસ્થાનું વર્ણન કરે છે.

ઉંડી પીડા–મનની ઉંડી પીડા–વિયોગની અંતરમાં ને અંતરમાં સાલ્યા કરતી પીડા સાંખવાથી જેનાં અંગ સોસાઈ ગયાં છે એવી.

એક પાસે સુતેલી–વિયોગમાં સ્વામિ સંબંધી અનેક વિચારની પરંપરાથી જેને પાસુ ફેરવવાની પણ શુદ્ધિ નથી એવી. ચિંતાગ્રસ્ત અને વિનોદશૂન્ય મનુષ્યની આવી સ્થિતિ સ્વાભાવિક છે.

જોશે મારી–યક્ષે આ ઉત્તરાર્ધમાં, દિવસે દિવસે ક્ષીણ થઈ અમાવાસ્યાને દિવસે માત્ર રેખારૂપ થઈ રહેલી ચંદ્રની કળાની પોતાની છેક કૃશ થઇ ગયેલી પ્રિયાને ઉપમા આપી છે.

સુતનુ–સુંદર અંગવાળી. વિયોગથી અત્યંત સૂકાઈ જવા છતાં પણ જેનાં અંગો શોભાને તજતાં નથી, એમ સૂચન છે.

પૂર્વ માંહે જણાતી–અમાવાસ્યાની પૂર્વમાં જણાતી ઝીણી ચંદ્રલેખા.

ચંદ્રકલાની ઉપમા, એનાં અંગોનું સ્વાભાવિક કોમલત્વ તથા અત્યંત કૃશતા પામ્યા છતાં શોભી રહેતું લાવણ્ય, સૂચવે છે.

મારી સાથે–સંયોગમાં મારી સાથે મનગમતી મોજમાં જે જે ઋતુની રાત્રિઓ એણે એક ક્ષણ પેઠે ગાળી હતી, તેની તે જ રાત્રિઓ આજે વિયોગને લીધે એને યુગ જેવી લાગતાં, અંતરના સંતાપને લીધે ઉનાં ઉનાં આંસુ ઢાળી ગાળવી પડે છે એવો ભાવાર્થ છે.

સંયોગી દંપતીઓની રાત્રિઓ ક્ષણ પેઠે વીતિ જાય છે, એ સર્વ સામાન્ય અનુભવની વાત છે. વિયોગમાં એથી ઉલટું થાય છે. જુવો **ઉત્તરરામચરિત**માં રામની સંયોગાવસ્થાનું વર્ણન કરતાં **ભવભૂતિ** લખે છે કે,

કંઈ કંઈ અતિ ધીમે, ગાલશું ગાલ ચાંપી,
પ્રીતિવશ પડી કર્તાં, ગોઠડી ગાંડી ઘેલી;
અડકી સજડ સૂતાં, હાથ અકકેક નાંખી,
પ્રહર નવ જણાતાં, રાત્રિયે વીતી જાતી.

આ શ્લોકમાં કવિએ, અત્યંત પ્રેમાળ, કોમળ અંતઃકરણની અને પતિ વિના પોતાને નિરાધાર માની આંસુ ઢાળી રાત્રિઓ ગાળતી બાળવિયોગીણીનું હૃદયના મર્મને હલાવી નાંખે એવું કરુણ રમણીય ચિત્ર આલેખેલું છે, જે સહૃદય દૃષ્ટિથી જોતાં એ પ્રસંગના અનેક સંયોગોને નજર આગળ ઉપસ્થિત કરી મનને દ્રવિત કરી નાંખે છે.

*ચંદ્રજ્યોત્સ્ના અમૃત સરખી, આવતી જાળીમાંથી,
જોવા પ્રીતિ કરિ, નજરને નાંખતાં પાછી ખેંચી;
ખેદે આંખો જળથકી ભરી પાંપણે, ઢાંકી દેતી,
†જાણે ઝાંખા દિનની નલિની, ના ઉઘાડી, ન મીચી. ૩૦

વલ્લભદેવ–આ શ્લોકના ઉત્તરાર્ધને ઠેકાણે मत्संयोगः कथमुपनयेत् એ પાછળના શ્લોકનું ઉત્તરાર્ધ લે છે અને આનું ઉત્તરાર્ધ निश्वासेनाधरकिसलय એ શ્લોકના ઉત્તરાર્દ્ધ તરીકે લખે છે, પણ મને એ સંબંધ કંઈ વિશેષ રુચિકર લાગતો નથી.

(જુવો વલ્લભની ટીકાવાળી Mr. E. Hultzsch હલ્ષની સંસ્કૃત આવૃત્તિ–લંડન–ઇ. સ. ૧૯૧૧.

શ્લોક ૩૦.

પાર્શ્વાભ્યુદય, વિલ્સન અને બીજી કેટલીક ટીકાઓમાં આ શ્લોક ૩૧ આ आधे वद्धा શ્લોક પછી લીધેલો છે. જુવો પ્રોફેસર R. B. Pathak નું **મેઘદૂત**–૧૮૯૪–પૂના) તથા મિ૦ **વિલસનનું મેઘદૂત**.

ચંદ્રજ્યોત્સ્ના–ચંદ્રની ચાંદની.

અમૃત સરખી–અમૃતના જેવી શીતળ–ચંદ્રમાં અમૃત રહેલું હોવાથી શીતળતાવાળી—

*પાઠાન્તર–શીળાં કીર્ણો, અમૃત સરખાં આવતાં જાળીમાંથી;
પૂર્વપ્રીતિ થકિ, નજરને નાંખતાં પાછી ખેંચી.

જોવા પ્રીતિ કરી–મારા સંયોગમાં વારંવાર અનુભવ કરતાં અત્યંત શાન્તિદાતા લાગતી હોવાથી, આજે પૂર્વના પરિચયે ચંદ્રિકાને જોઈ કંઇપણ શાન્તિ વાળવાના હેતુથી. ચંદ્રિકા સંયોગિને સુખકર અને વિયોગિને દુઃખકર જ હોય છે, એ લક્ષમાં નહિ રહેતાં ચંદ્રના કિરણોથી ઉલટો સંતાપ પામી એને નેત્ર મીચી દેવાં પડતાં હશે. ચંદ્રનો આવો પરસ્પર વિરોધી ગુણ સુવિદિત છે–જુવો.

येषां वल्लभया सह क्षणमिव क्षिप्रं क्षपा क्षीयते ।
तेषां शीतकरः शशी विरहिणामुल्केव संतापकृत् ॥

જુવો –किमसुभिर्ग्लपितैर्जड मन्यसे मयि निमज्जतु भीमसुतामनः।(નૈષધકા૦૫.)

***નિઃશ્વાસોથી, અધરપુટને સૂકવી નાંખનારા,**
સ્નાને લૂખા ઉડી વિખરતા, ગંડથી કેશ એના;
જાણી મા'રો કંઈ રિતથકી, સંગ સ્વપ્નેય થાયે,
ઇચ્છે નિદ્રા, નયન, જળથી જાય રુંધાઈ તો'યે. ૩૧

નજરને નાંખતાં–શાન્તિને બદલે સંતાપની વૃદ્ધિ થતાં તે જ ક્ષણે એને દૃષ્ટિ પાછી ખેંચી લેવી પડે છે–અર્થાત્ ચંદ્રનાં કિરણો, વધી પડેલા સંતાપને લીધે એને એટલાં તો દુઃસહ લાગે છે કે, તેના સામી દૃષ્ટિ નાંખતાં જ આંખ મીંચી દેવી પડે છે.

એદે આંખો–હૃદયના દુઃખભારથી, ચંદ્રદર્શન થતાં જ આંખમાં આંસુ ભરાઈ આવે છે અને પોતે જાગતી છતાં હૃદયના આવેગને શાન્ત કરવાને માટે આંસુભર્યાં નેત્રોને ઢાંકી દે છે. આથી નાયિકાની **વિષયદ્વેષ** નામની **છઠ્ઠી કામદશા** સૂચવી છે.

જાણે ઝાંખા દિનની=મેઘથી ઘેરાયેલા દિવસની. જાગતી નહીં તેમ ઉંઘતી પણ નહી, એવી દશામાં પડેલી નાયિકાને, કવિ–વર્ષાથી ઘેરાયલા દિવસને લીધે, નહીં ઉઘડેલી તેમ નહીં બીડાયેલી સ્થલકમલિનીની ઉપમા આપે છે. સૂર્યનાં કિરણોના અભાવે કમળ સંપૂર્ણું ખીલતું પણ નથી, તેમ દિવસ હોવાથી બીડાયલું પણ રહેતું નથી, એવી આ એની દશા છે. અહિં **ઉપમા** તથા **વિરોધાલંકાર** છે.

†પાઠાન્તર–ઝાંખા દાડે, સ્થળકમલિની ના ઉઘાડી, ન મીચી.

શ્લોક ૩૧.

નિઃશ્વાસોથી–અંતરના સંતાપને લીધે અત્યંત ઉના શ્વાસથી—

અધરપુટને–નિઃશ્વાસો અત્યંત ઉના હોવાથી મૃદુ હોઠને સુકાવી નાંખે છે–રાતા અને કોમળ અધરોષ્ઠ, ઉના નિઃશ્વાસોને લીધે ફીકા પડી વિવર્ણ થઈ જાય છે, એમ કહેવાનું તાત્પર્ય છે.

*પાઠાન્તર–નિઃશ્વાસોથી અધર કુંપળો સૂકવી નાખનારા.

સ્નાને લૂખા–તેલ, સુગંધિ દ્રવ્ય આદિ વગરના સ્નાનથી–અર્થાત્ નિયમને માટે કરેલા માત્ર સાદા સ્નાનથી લુખા પડી ગયેલા તથા એના બંને ગાલપર લટકતા લાંબા કેશ, વારંવાર મુખમાંથી નિકળતા નિઃશ્વાસોને લીધે ઉડ્યા કરે છે, એવો ભાવાર્થ છે. વિયોગમાં તેલ આદિ સુગંધિ દ્રવ્યોથી સ્નાન કરવાનો નિષેધ છે. આવા નિઃશ્વાસોની ઉષ્ણતા અને પરંપરા એના હૃદયનો સંતાપ અને મુંઝામણ સૂચવે છે.

બાંધી પ્હેલે વિરહ દિવસે, વેણી પુષ્પો ઉતારી,
શાપાન્તે જે, સુજકરવડે છૂટશે શોક છાંડી;
ગાલે આવી જતિ ઘડિ ઘડી, સ્પર્શ થાતાં તણાતી,*
†લેતી, લાંબા કરનખવડે લૂખી વેણી સમારી. ૩૨

જાણી મારો-શું કર્યાથી સ્વપ્નમાં પણ મારો સમાગમ મળે એવા વિચારોથી આંખમાં આંસુ ભરાઈ આવવા છતાં પણ, પરાણે પરાણે નિદ્રા લેવાનો એ પ્રયત્ન કરતી હશે-અવળા વિધિને લીધે દેહથી તો સમાગમ અશક્ય છે, પરંતુ નિદ્રા આવતાં સ્વપ્ને પણ જો મારો સમાગમ થાય તો બહુ સારું, એવા અભિલાપથી એ પરાણે ઉંઘવાનો પ્રયત્ન કરતી હશે, પરંતુ આંસુના પ્રવાહથી ઉંઘ પણ આવતી નહીં હોય-

અહિં આંસુ ભરાઈ આવવા વગેરેથી નાયિકાનો **લજ્જાત્યાગ** દર્શાવ્યો છે.

નિદ્રા, એ વિયોગિઓને માનસિક સંયોગ આપી ક્ષણ માત્ર આનંદ કરાવનાર છે. વિયોગિઓની, **નિદ્રાત્યાગ, અશ્રુપાત** આદિથી સૂચવાતી દુઃખદશાનું વર્ણન કાલિદાસ ઘણે ઠેકાણે કરે છે-જુવો **વિક્રમોર્વશીય**-૨-૧૦.

हृदयमिषुभिः कामस्यान्तः सशल्यमिदं सदा
कथमुपलभे निद्रां स्वप्ने समागमकारिणीम् ।
न च सुवदनामालेख्येऽपि प्रियामससाप्य तां
मम नयनयोरुद्वाष्पत्वं सखे न भविष्यति ॥

જુવો **શાકુન્તલ**—અંક ૨.

प्रजागरखिलीभूतस्तस्याः स्वप्ने समागमः ।
वाष्पस्तु न ददात्येनां द्रष्टुं चित्रगतामपि ॥

વળી **ઉદ્ધવદૂતમાં** એ જ વિચારનું અનુકરણ કરેલું છે.

अस्त्रं प्रस्वापनमपि मया लब्धमुन्निद्रकेण
यस्मिन्नेतन्निहितमथ ते स्वप्नसंदर्शनाय ॥

શ્લોક ૩૨.

બાંધી પ્હેલે વિરહ દિવસે-વિરહ થવાના પ્રથમ દિવસે, જૂદાં પડવાના દિવસે-પુષ્પોને ઉતારી નાંખીને બાંધેલી વેણી. વિયોગમાં પુષ્પનાં આભરણો કેશમાં ધરવાનો નિષેધ હોવાથી માથાના પુષ્પનો ત્યાગ કરીને, એમ કહ્યું છે.

મારામાં છે તુજ સખીતણું, સ્નેહથી ચિત્ત ચોટ્યું,
ધારું તેથી પ્રથમવિરહે, વ્હાલીની આ દશા હું;
*મારું સારું સમજી, નથિ હું વાત કે'તો વધારી.
કીધું તે તે નિરખિશ જતાં દૃષ્ટિએ, સદ્ય તા'રી. ૩૪

ભાણીનાં સર્વ આભૂષણોનો ત્યાગ કર્યો છે એવી; અથવા પતિવિયોગને લીધે શોભા આપનાર ભૂષણોનો જેણે ત્યાગ કર્યો છે એવી. પતિવિયોગમાં માત્ર સૌભાગ્યસૂચક અલંકારો જ પહેરવા, એવું ધર્મશાસ્ત્રનું વચન છે. જુવો—

गतवति दयिते तु क्वापि मांगल्यमात्राण्यपचितगुरुविप्रा धारयेन्मंडनानि ।

શય્યામાંહે–ઘડીમાં બેસતી, ઘડીમાં સૂતી, એમ પોતાનાં કોમળ ગાત્રોને શય્યામાં આમ તેમ નાંખી, ચેન નહીં પડવાથી દુ:ખથી તલસતી હશે. આથી નાયિકાની **મૂર્છાવસ્થા** સૂચવી છે.

તેને જોતાં–આવી દશામાં પડેલી મારી પ્રિયાને જોતાં, હે મેઘ! તારી આંખમાંથી પણ જળબિન્દુરૂપ આંસુ ખર્યા વિના રહેશે નહી, કારણ કે જેનાં ચિત્ત આર્દ્ર-કોમળ છે, તે સર્વદા દયાર્દ્ર વૃત્તિવાળા હોય છે.

યક્ષના કહેવાનો ભાવાર્થ એમ છે કે, મારી પ્રિયા આવી વિષમ દશાને પહોંચી હશે, માટે **મરણની** છેલ્લી દશાને ન પામે તેટલા સારુ તું જેમ બને તેમ જલદી જઈ એને ઉગારજે.

આમાં **અર્થાન્તરન્યાસ** અલંકાર છે.

શ્લોક ૩૪.

મારામાં છે–તારી સખીનું–અર્થાત્ તારી ભાભીનું, મારા વિષે અત્યંત સ્નેહથી મન લાગી રહેલું છે.

પ્રથમ વિરહે–મારા વિષે એનું મન આટલું બધું અનુરક્ત છે તેથી જ આ પ્રથમવિરહમાં એની આવી દશા થઈ હશે, એમ હું ધારું છું. પૂર્વે કદી મારો અને એનો વિયોગ થયો નથી–માત્ર આ પહેલો જ વિયોગ છે–એટલે વિયોગની પીડા અસહ્ય હોવાનો સંભવ છે.

મારું સારું–હું જ આવા પ્રેમનું પાત્ર થઈ ભાગ્યશાળી થયો છું, અમારો અનન્ય પ્રેમ છે, ઇત્યાદિ આપવડાઈ બતાવવાને હું આ બધું કહેતો નથી, પણ થોડા વખતમાં હે મેઘ! એ બધું તું ત્યાં જતાં નજરે જ જોઇશ, એમ કહેવાનો હેતુ છે.

* પાઠાન્તર–મોટાઈ હું નથી જણવતો, માની હું ભાગ્યશાળી.

કાઢી નાંખી ભૂષણ, અબળા દૂબળાં અંગવાળી,*
†શય્યામાંહે તલસતી હશે, દુઃખથી ગાત્ર નાંખી;
તેને દેખી, નવ જળરૂપી આંસુ તું પાડશે ત્યાં,
આવે સૌને મનમહિ દયા, આર્દ્ર છે ચિત્ત જેનાં. ૩૩

વેણી–વેણ, કેશની લટો–સેરમાં ગુંથેલા ઝુલતા કેશ.

શાપાન્તે–શાપનો અંત આવતાં–બારમાસ પૂરા થતાં.

શોક છાંડી–વિયોગના સંતાપથી મુક્ત થઇને—

સુજકરવડે છૂટશે–જે વેણીને હું શાપ પૂરો થઈ ગયા પછી પ્રિયાને મળીને મારા હાથથી છોડીશ. વિયોગાવસ્થામાં કેશસંસ્કાર આદિ ન કરતાં વિયોગિણીએ કેશને એક વેણીના રૂપમાં બાંધી રાખવા અને સ્વામીએ સંયોગ થતાં તે વેણી છોડવી–અર્થાત્ સ્વામિના સંયોગ પછી તે વેણીને છોડી કેશસંસ્કાર કરવા, એવા પ્રકારના પૂર્વે ચાલતા રિવાજનું અહિં સૂચન છે—

ગાલે આવી જતી–આ પ્રમાણે ઘણા દિવસ સૂધી ઓળ્યા ચોળ્યા વિના લટકતી બાંધી રાખેલી વેણી ઘડી ઘડી ગાલ ઉપર ઘસી આવે છે.

સ્પર્શ થાતાં તણાતી–લગાર સ્પર્શ કરતાં પણ જેના વાળ ખેંચાય છે એવી. આ વેણીનું વિશેષણ છે.

*પાઠાન્તર–અંગ ખુંચે અડ્યાથી–

કઠણ અને કરકરી થઈ ગયેલી વેણી, કોમળ અંગને અડકતાં ખૂંચે છે, એમ કહી નાયિકાનાં અંગોની અત્યંત સુકુમારતા દર્શાવી છે—

લેતી લાંબા કર નખવડે–આ પ્રમાણે વારંવાર ઝુલી પડતી વેણીને, લાંબા વધેલા નખવાળી–હાથની આંગળીઓથી એ સમારી લેતી હશે.–ખસેડી લેતી હશે. વારંવાર વેણીને સારવી લેતી, એમ કહી નાયિકાની **ચિત્તવિભ્રમ** નામની કામદશા સૂચવી છે.

†પાઠાન્તર–લેતી લાંબા નખસહ કરે, લૂખી વેણી સમારી.

શ્લોક ૩૩.

*પાઠાન્તર–કુમળાં અંગવાળી.

† ઝૂરે, અંગો ઘડી ઘડી દુખે, સેજમાં નાખી નાખી.

કાઢી નાખી–અંગો સોસાઈ જવાથી જેણે માત્ર સૌભાગ્યનાં આભૂષણો સિવાય

એની-મારાં નખપદ વિના શૂન્ય શોભા વિનાની,
દૈવે જેની પરિચિત હરી, મેખલા મોતિકેરી;
સંભોગાન્તે ભુજકરવડે ચાંપવા યોગ્ય-ડાબી,
રે'શે જંઘા ફરકી, કદળી-ગર્ભશી ગોરી ગોરી- ૩૬

જુવો—स्पंदान्मुर्ध्नि छत्रलाभं ललाटे पट्टमंशुकम् ।
इष्टप्राप्तिर्दशोरूर्ध्वमपांगे हानिमादिशेत् ॥

અંગ ફરકવાથી શુભ વા અશુભનું સૂચન થાય છે એવો વિચાર પરાપૂર્વથી મનાતો આવ્યો છે તેનું અહિં સૂચન કર્યું છે. આ જાતના વિચારો આપણી પ્રજામાં નહિં પરંતુ દરેક પ્રજામાં પ્રચલિત છે.

શોભી રે'શે-આ પ્રમાણે ઉપરથી ફરકતી એની ડાબી આંખ, માછલીઓના હાલવાથી જેમ જળમાં કાળું કમળ કંપતું હોય તેના જેવી શોભી રહેશે. હનુમાન્ લંકામાં જાય છે તે વખતે **સીતા**નું નેત્ર ફરકી સંદેશાનું આમ જ સૂચન કરે છે, તેને માટે જુવો.

प्रास्पंदतैकं नयनं सुकेश्याः
मीनाहतं पद्ममिवाभिताम्रम्—**રામાયણ.**

શ્લોક ૩૬.

આ શ્લોકમાં, ડાબી જંઘા ફરકવાથી થોડે કાળે થનાર પ્રિય સમાગમનું સૂચન કર્યું છે.

યક્ષ કહે છે કે એની-એટલે મારી પ્રિયાની આવી આવી ડાબી જંઘા ફરકી રહેશે, એવો આખા શ્લોકનો અન્વય છે-દરેક ચરણમાં બધાં વિશેષણો જંઘાનાં છે.

મારાં નખપદ વિના-હું વિયોગને લીધે દૂર પડ્યો છું તેથી મારાં નખપદ-નખનાં ચિન્હની શોભા વગરની-આ જંઘાનું વિશેષણ છે-કામશાસ્ત્રમાં, સ્તન, જંઘા, વગેરેને નખક્ષતનાં સ્થાન કહેલાં છે-જુવો **રતિરહસ્યમાં**-

कंठकुक्षिकुचपार्श्वभुजोरुः श्रोणिसक्थिषु नखक्षतमाहुः ।

દૈવે જેની પરિચિત-દૈવે-અવળા ભાવિએ જેની રાત દિવસ પહેરવાની મોતીની મેખલા-કમર ઉપર લટકતી પહેરવાની સેર-હરી લીધી છે-તજાવી છે એવી જંઘા; અર્થાત્ દૈવ રૂઠતાં, મારા વિયોગને લીધે મોતીની મેખલા એ પહેરતી ન હોવાથી અડવી દેખાતી જંઘા—

*રૂંધે દૃષ્ટિ, લટકિ અલકો, લૂખી આંજ્યા વિનાની;
છોડી દેતાં મધુ, વિસરિ જે ભ્રૂવિલાસો બિચારી,
†તું ત્યાં જાતાં, ઉપર ફરકી આંખડી એની ડાબી;
શોભી રે'શે, કુવલય સમી, મત્સ્યના હાલવાથી. ૩૫

શ્લોક ૩૫.

*પાઠાન્તર–રૂંધે આડી નજર અલકો,
† ધારૂં છું જે મૃગ નયનિની, તું જતાં આંખ ડાબી,
ફર્કી રેશે, કુવલય સમી, હાલતાં મત્સ્યનાથી.

રૂંધે દૃષ્ટિ–અલક–માથાના લટકતા કેશ મુખની આસપાસ લટકીને દૃષ્ટિને રૂંધે છે. બે લમણા તરફ લટકતા કેશથી જેની દૃષ્ટિ માત્ર સામે જ પહોંચી શકે છે, આસપાસ ખૂણાઓ તરફ પ્રસરી શકતી નથી.

લૂખી આંજ્યા વિનાની–વિયોગને લીધે કાજળ આંજ્યા વગર લૂખી–કોરી પડી ગયેલી, અર્થાત્ કાજળની સ્નિગ્ધતા વગર સુંવાળી અને તેજસ્વી નહીં દેખાતી. આ આંખનું વિશેષણ છે.

છોડી દેતાં મધુ–મદિરા–મદ્ય, દારૂ તેનું, મારા વિયોગને લીધે સેવન છોડી દેવાથી જે ભમરોના વિલાસ પણ ભૂલી ગઈ છે, અર્થાત્ મદ્ય પીધા વિના જેનામાં રાગ અને ચંચળતા જણાતી નથી એવી આંખ.

તું ત્યાં જાતાં–હે મેઘ! તું ત્યાં અલકામાં પહોંચીશ તે વખતે.

ઉપર ફરકી–એની ડાબી આંખ, તું ત્યાં પહોંચીશ ત્યારે તારું ગમન સૂચવતી હોય તેમ, ઉપરથી-ઉપરના ભાગમાં ફરકી રહેશે. પુરુષનું જમણું અંગ અને સ્ત્રીનું ડાબુ અંગ ફરકે, તે શુભસૂચક ગણાય છે. જુવો **નિમિત્ત નિદાનમાં.**

वासभागस्तु नारीणां पुंसां श्रेष्ठस्तु दक्षिणः ।
दाने देवादिपूजायां स्पंदेऽलंकरणेऽपि च ॥

સ્ત્રીનું ડાબું અંગ શુભસૂચક હોવાથી અહિં યક્ષ પોતાની પ્રિયાની ડાબી આંખ ઉપરથી પોપચા પાસેથી ફરકી રહેશે એમ કહે છે, કારણ કે આંખ ઉપરના ભાગમાં ફરકે તો ઇષ્ટ વસ્તુ મળે છે.

તે વેળાએ જલદ! કદિ એ ઉંઘતી હોય તો તું,
પાસે બેસી, નહિ ગરજતાં, થોભજે પ્હોર થોડું;
આ વ્હાલાનો નહિતર થતાં સંગ સ્વપ્ને પરાણે,
કંઠે બાંધી, સજડ ભુજની બાથ છૂટી જશે રે. ૩૭

સંભોગાન્તે–સંભોગ પછી **મુજકરવડે**–મારા હાથથી **ચાંપવા યોગ્ય**–અત્યંત થાકી જવાથી શ્રમ ઉતારવાને માટે મૃદુ સ્પર્શથી દાબવા યોગ્ય–

રે'શે જંઘા ફરકી–ઉપર કહી તેવી એની કદળીના ગર્ભ જેવી ગોરી, ડાબી જંઘા ફરકી રહેશે. કદળી ગર્ભ સાથે સરખાવવાથી જંઘાનું માંસલપણું, અત્યંત ગોરાપણું, કોમળતા અને ગોળ આકાર સૂચવ્યાં છે. ડાબી જંઘા ફરકવી, એ પ્રિયસમાગમ થવાનું શુભસૂચન છે. જુવો—

ऊरोस्पन्दाद्रतिं विद्याद्गूर्वोः प्राप्तिं सुवाससः । **નિમિત્તનિદાન.**

જુવો **રામાયણમાં** પણ સીતાને માટે આવો જ ભાવ મૂકેલો છે.

प्रस्पन्दमानः पुनरूरुरस्या रामं पुरस्तात्स्थितमाचचक्षे ।

શ્લોક ૩૭.

તે વેળાએ–હે મેઘ! તે વેળાએ મધ્યરાત્રિ પછીના સમયે, રાત્રિની શીતળતાને લીધે, અથવા તો તારી મંદ મંદ વૃષ્ટિની શીતળતાથી, વખતે એને સહજ નિદ્રા આવી ગઈ હોય તો–

પાસે બેસી–તું તેની પાસે શાન્ત થઇને બેસજે અને લગાર પણ ગર્જના કરતો નહિ, કારણ કે તારી અકસ્માત્ થતી ગર્જનાથી એ ઝબકી જાગી ઉઠશે–

થોભજે પ્હોર થોડું–એ ઉંઘતી હોય તો એક પહોરવાર અર્થાત્ ત્રણેક કલાક સુધી તું ત્યાં થોભી જજે. એને જગાડતો જ નહિં. એવો પ્રથમનાં બે ચરણોનો ભાવ છે. ઉત્તરાર્ધમાં એને ન જગાડવાનું કારણ બતાવે છે.

આ વ્હાલાનો–બહુ વધી ગયેલી વિયોગદશાને લીધે ઘણે ભાગે એને નિદ્રા નહીં આવતી હોય, તેમ છતાં જો વખતે એની આંખ મળી ગઈ હોય તો એને જગાડવી નહીં, કારણ કે મહા પ્રયત્ને સ્વપ્નમાં મારો સમાગમ થવાથી અત્યંત પ્રેમથી મારા કંઠે બાંધેલી એના હાથની દૃઢ ગાંઠ છૂટી જતાં વિક્ષેપ પડશે અને એ નિરાશ થશે.

ઉઠાડીને નવજળકણે વાયુ ઠંડો પ્રસારી,
વેરી તાજાં કુસુમ જુઇનાં, માનિની શાંત પાડી;
ઢાંકી વિદ્યુત, તુજ ભણિ પછી જાળીમાં એ જુવે તો,*
ધીરા! કે'જે ગરજી મધુરું, આમ સંદેશ મા'રો. ૩૮

વિયોગમાં દૂર રહેવાથી મળવાને તલસી રહેલાં પ્રેમીઓને નિદ્રા અને સ્વપ્ન એ જ માત્ર થોડા વખતનો પણ અત્યંત પ્રિય લાગતો સમાગમ કરાવનારાં સાધન છે, માટે એવે પ્રસંગે તું તેમાં વિક્ષેપ ન પાડતાં એક પહોર સૂધી થોભી જજે.

પહોર સૂધી થોભી જજે, એમ કહેવાનો સામાન્ય અર્થ એટલો જ કે, એક પ્રહર સુધી એને સપ્ન સમાગનું સુખ લેવા દેજે. યુવાન દંપતીઓનો ભોગનો, (વિનોદથી માંડીને શ્રમ નિવૃત્તિ સૂધીનો) સમય કામશાસ્ત્રમાં ત્રણ કલાક-એક પ્રહરનો કલ્પ્યો છે, માટે એક પ્રહર સૂધી થોભવાનું કહ્યું છે, એમ **મલ્લિનાથ** કહે છે, પરંતુ એના કરતાં આ નીચેનો ભાવ મને વધારે યોગ્ય લાગે છે. એક પ્રહર થોભવાનું કહી કવિએ નાયિકાનું **પદ્મિનીત્વ** સૂચવ્યું છે, કારણ કે પદ્મિનીને એક પ્રહરથી વધારે નિદ્રા હતી નથી, જુવો—

पद्मिनी यामनिद्रा च द्विप्रहरा च चित्रिणी ।
हस्तिनी यामत्रितया घोरनिद्रा च शंखिनी ॥

પદ્મિની-એક પહોર નિદ્રા લઈ જાગે છે, **ચિત્રિણી**ને બે પહોરની નિદ્રા હોય છે, **હસ્તિની**ને ત્રણ પ્રહરની અને રાતના ચારે પહોર ઘોરે તે **શંખિની** લક્ષણ ગણાય છે.

આટલા માટે **યક્ષ**નો એમ કહેવાનો હેતુ છે કે, એક પ્રહર પછી એ એની મેળે જ જરા જાગ્રત થાય એટલે એને ઉઠાડી સંદેશ કહેજે.

શ્લોક ૩૮.

***પાઠાન્તર–ઢાંકી વિદ્યુત, સ્થિર નજરથી બારીમાં એ જુવે તો.**

યક્ષ કહે છે કે આ પ્રમાણે એ લગાર જાગૃત થાય એટલે સંદેશ સાંભળવા માટે એને તત્પર કરવા નીચેના ઉપચારોથી સંપૂર્ણ જાગૃત કરજે.

*હું છું, તારા પ્રિય તમતણો મિત્ર, સૌભાગ્યવંતિ!
†સંદેશો લૈ, જલધર રૂપે, આવીયો પાસ તારી;
માર્ગે થાતા અધિર, અબળા વેણીને છોડવાને,
પ્રેરું છું હું ગરજી મધુરું, થાકતા પાંથિકોને. ૩૯

શ્લોક ૩૯.

હે **સૌભાગ્યવંતિ**-હે સધવા-સૌભાગ્યવાળી! સંદેશના પ્રારંભમાં જ યક્ષે આ સંબોધન યોજી, 'તારો પતિ કુશળ છે' એવું નાયિકાને આશ્વાસન અપાવ્યું છે.

હું છું તારા-તારા પ્રિયતમનો-તારા સ્વામિનો હું મિત્ર છું, એમ કહી મેઘ એને વિશ્વાશ ઉત્પન્ન કરે છે, કારણ કે એકાન્તમાં જઈ મિત્રની પત્નીને આશ્વાસન આપવું, એ મિત્રનોજ અધિકાર છે.

સંદેશો લૈ-જલધરરૂપે-મેઘરૂપે. હું તારા ભર્તાનો મિત્ર છું અને તેનો સંદેશો લઈ તારી પાસે આવ્યો છું. અહિં **જલધર** શબ્દથી મેઘનું પરોપકારિત્વ સૂચવ્યું છે. તારા સ્વામીએ દૂર દેશથી સંદેશો કહેવાને મને ખાસ તારી પાસે મોકલ્યો છે, એમ કહી નાયકની નાયિકા પ્રત્યેની કાળજી બતાવી છે.

*પાઠાન્તર-હું છું મેઘ, † સંદેશાને ધરિ હૃદયમાં, આવીયો પાસ તારી.

હું માત્ર સંદેશ લાવનાર દૂત નથી, પરંતુ તારા સ્વામિનો પ્રિય મિત્ર છું અને જગત્ માત્રને સુખ આપનાર તથા વિયોગી દંપતીઓને ભેગાં કરવા પરાર્થે પ્રવૃત્તિ કરનાર મેઘ છું, એમ કહી નાયિકાને તે આશ્વાસન આપે છે.

માર્ગે થાતા-અબળાની-પોતાની પ્રિયાની વેણીને છોડવાને માટે અધીરા થઈ, ઘર તરફ ધસમસ્યા આવતા તથા માર્ગમાં ચાલતાં થાકતા પાન્થિકોને-પ્રવાસીઓને અર્થાત્ વિયોગિઓને, હું મારી મધુર મધુર ગર્જનાઓથી ઉત્સાહી કરી પ્રેરું છું, એવો અર્થ છે.

વિયોગાવસ્થામાં કેશસંસ્કાર ન કરતાં વાળને એક વેણીરૂપે રાખવા, એ વિયોગિણી ધર્મ અહિં દર્શાવ્યો છે.

ઉઠાડીને-સ્વપ્ન સમાગમમાંથી નિવૃત્ત થયા પછી તેને સંપૂર્ણ હોશિયાર કરીને.

નવજલકણે-તારાં નવાં જળબિન્દુથી શીતળ થયેલો વાયુ **પ્રસારીને**-વાયુ ઢોળીને.

વેરી તાજાં-તાજાં, નવાં, જુઇનાં કુસુમ વેરીને. શીતળ પવનના અને મૃદુ પુષ્પના સ્પર્શથી એ જાગૃત થઈ સ્વસ્થ થશે, એમ કહેવાનો ભાવાર્થ છે. આ ઉપચારોથી એનું ઘરનું પટરાણીપણું, પ્રભુત્વ અને સુકુમારતા સૂચવ્યાં છે.

માનિની શાન્ત પાડી-માનિની-માનવતી. પોતાના શુદ્ધ શીલના સ્વાભિમાન-વાળી, અથવા વિયોગના આટલા દિવસ વીતી જવા છતાં એને આશ્વાસન આપવાને માટે મેં કુશળ સરખું પણ કહાવ્યું નહીં એમ ધારી, મારા પ્રત્યે મધુર કોપવાળી, પ્રેમના મધુર રોષને લીધે ગુમાનવાળી, મનસ્વી.

જુવો એવા જ પ્રસંગનો ભાવ.

दूत्यं स्वस्य प्रणयहृदयस्त्वं निवेद्यानवद्यं
धीमन् सद्यो मम कथयितुं वाचिकं प्रक्रमेथाः—**ઉદ્ધવસંદેશ.**

ઢાંકી વિદ્યુત-વિજળીને તારા અંતરમાં ઢાંકી દઇને-વિજળીના ચમકાર ન કરતાં-તાજી નિદ્રામાંથી ઉઠેલી હોવાથી વિજળીના તેજે અંજાઈ જતાં એ તને બરાબર જોઈ શકે નહીં, અથવા મૃદુ હૃદયની હોવાથી ઓચિંતી ડરી જાય, માટે વિજળીનો પ્રકાશ ન કરવાનું કહ્યું છે.

તુજ ભણી પછી-પછીથી જે જાળીમાં-બારીમાં તું બેઠો હોઇશ તેની તરફ સ્થિર દૃષ્ટિ કરી એ જુવે ત્યારે.

ધીરા-ધીર ગંભીર પ્રકૃતિવાળા! સ્થિર મન અને ઇન્દ્રિયવાળા. હે મેઘ! જ્યારે તે સ્વસ્થ થઈ તારા તરફ દૃષ્ટિ કરે ત્યારે જ તું **ગરજી મધુરું**-મધુર ગર્જનાથી-ગર્જના-રૂપી મધુર શબ્દોથી, આ પ્રમાણે મારો સંદેશ કહેવાનો આરંભ કરજે.

મારી પ્રિયા, પ્રકૃતિથી જ શાન્ત ગંભીર સ્વભાવવાળી તથા માનવતી છે માટે, ઉપર પ્રમાણે ઉપચારોથી જ્યારે સ્વસ્થ થાય અને વિશ્વાસ આવતાં તારા સામી દૃષ્ટિ કરી જુવે ત્યારે જ સંદેશ કહેવાનો આરંભ કરજે, કારણ કે ગંભીર અને મનસ્વી સ્વભાવની સ્ત્રીઓ અકસ્માત્ આવેલાનાં વચન સરખાં પણ સાંભળતી નથી.

***હું છું, તારા પ્રિય તમતણો મિત્ર, સૌભાગ્યવંતિ!**
†સંદેશો લૈ, જલધર રૂપે, આવીયો પાસ તારી;
માર્ગે થાતા અધિર, અબળા વેણીને છોડવાને,
પ્રેરુ છું હું ગરજી મધુરું, થાકતા પાંથિકોને. ૩૯

શ્લોક ૩૯.

હે સૌભાગ્યવંતિ-હે સધવા-સૌભાગ્યવાળી! સંદેશના પ્રારંભમાં જ યક્ષે આ સંબોધન યોજી, 'તારો પતિ કુશળ છે' એવું નાયિકાને આશ્વાસન અપાવ્યું છે.

હું છું તારા-તારા પ્રિયતમનો-તારા સ્વામિનો હું મિત્ર છું, એમ કહી મેઘ એને વિશ્વાશ ઉત્પન્ન કરે છે, કારણ કે એકાન્તમાં જઈ મિત્રની પત્નીને આશ્વાસન આપવું, એ મિત્રનોજ અધિકાર છે.

સંદેશો લૈ-જલધરરૂપે-મેઘરૂપે. હું તારા ભર્તાનો મિત્ર છું અને તેનો સંદેશો લઈ તારી પાસે આવ્યો છું. અહિં **જલધર** શબ્દથી મેઘનું પરોપકારિત્વ સૂચવ્યું છે. તારા સ્વામીએ દૂર દેશથી સંદેશો કહેવાને મને ખાસ તારી પાસે મોકલ્યો છે, એમ કહી નાયકની નાયિકા પ્રત્યેની કાળજી બતાવી છે.

*પાઠાન્તર-હું છું મેઘ, †સંદેશાને ધરિ હૃદયમાં, આવીયો પાસ તારી.

હું માત્ર સંદેશ લાવનાર દૂત નથી, પરંતુ તારા સ્વામિનો પ્રિય મિત્ર છું અને જગત્ માત્રને સુખ આપનાર તથા વિયોગી દંપતીઓને ભેગાં કરવા પરાર્થે પ્રવૃત્તિ કરનાર મેઘ છું, એમ કહી નાયિકાને તે આશ્વાસન આપે છે.

માર્ગે થાતા-અબળાની-પોતાની પ્રિયાની વેણીને છોડવાને માટે અધીરા થઈ, ઘર તરફ ધસમસ્યા આવતા તથા માર્ગમાં ચાલતાં થાકતા પાન્થિકોને-પ્રવાસીઓને અર્થાત્ વિયોગિઓને, હું મારી મધુર મધુર ગર્જનાઓથી ઉત્સાહી કરી પ્રેરું છું, એવો અર્થ છે.

વિયોગાવસ્થામાં કેશસંસ્કાર ન કરતાં વાળને એક વેણીરૂપે રાખવા, એ વિયોગિણી ધર્મ અહિં દર્શાવ્યો છે.

એવું કે'તાં, પવનસુતને મૈથિલી પેર જોતી,
ઉત્કંઠાથી હરખી, તુજને દેખતાં માન આપી;
રાખી લક્ષ શ્રવણ કરશે, સૌમ્ય! માને વધૂએ-
સંદેશાને સુહૃદ સુખથી, સ્વામિના સંગ જેવો.* ૪૦

શ્લોક ૪૦.

* પાઠાન્તર-સંગથી કૈંક થોડો.

એવું કે'તાં-આ પ્રમાણે તું કહીશ કે તરત જ—

પવન સુતને-પવનસુત-હનુમાનને જોતી મૈથિલી-સીતાની પેઠે એ તારા સામું જોશે—

મિથિલ દેશના રાજા **જ**નકની પુત્રી **સી**તા, **મૈ**થિલી એ નામથી પણ ઓળખાય છે. પૂર્વે **ગં**ડકી અને **કૌ**શિકીની વચ્ચેના પ્રદેશને મિથિલ દેશ કહેવામાં આવતો હતો, જે હાલનો **ટી**રહુટ હશે. એની રાજધાની જનકપુર હતું, જે હાલ મધુવાણીથી ઉત્તરે જનકપુર એ નામથી નેપાળમાં ઓળખાય છે અને એની આસપાસના પ્રદેશને મિથિલ કહે છે. ત્યાં સીતમરી અથવા સીતામારી નામનું સ્થાન છે, જ્યાંથી સીતા નીકળ્યાં હતાં એમ હાલ પણ કહેવાય છે. ત્યાં **સી**તાકુન્ડ પણ છે, જ્યાં એમણે વિવાહસમયે મંગળ સ્નાન કર્યું હતું. આ ઉપરથી જણાય છે કે, હાલના ટીરહુટનો અને થોડો નેપાળનો ભાગ પણ એ રાજ્યની હદમાં હશે.

ઉત્કંઠાથી હરખી-તને દેખાતાં ઉત્સાહથી હર્ષ પામી તારો સત્કાર કરશે-**'મારા સ્વામિનો મિત્ર'** એમ જાણતાં જ હર્ષ, વિસ્મય, સ્નેહ, બહુમાન, વિશ્વાસ અને ઉત્કંઠાથી ભરેલા હૃદયે તારું સન્માન કરી લક્ષ રાખી-ધ્યાન દઇને તારો સંદેશ સાંભળશે. આથી નાયિકાની પોતાના સ્વામિ પ્રત્યેની પ્રેમની ઉર્મિ તથા તેના મિત્ર પ્રત્યેની માનની લાગણી દર્શાવી છે. મેઘને હનુમાન્ સાથે અને નાયિકાને સીતા સાથે સરખાવી, દુષ્કર કામને સાધવાનું સામર્થ્ય, મિત્ર કાર્યમાં તત્પરતા, જિતેન્દ્રિયપણું, કુલીનતા અને પરોપકાર આદિ મેઘના દૂતને યોગ્ય ગુણો તથા નાયિકના, ઉત્તમ શીલ, પતિપરાયણતા, કુલીનતા વગેરે ગુણો દર્શાવ્યા છે. જુવો દૂતનાં લક્ષણો માટે નિચેનો શ્લોક—

ब्रह्मचारी वली धीरो मायावी मानवर्जितः ।
धीमानुदारो निःशंको वक्ता दूतः स्त्रियां भवेत्.—**રત્નાકર.**

હે આયુષ્મન્! મુજ વિનતિથી ને કૃતાર્થ થવા, ત્યાં,
કે'જે તારો પિઉ કુશળ છે, રામ ગિર્યાશ્રમોમાં;
પૂછાવે છે ખબર અબળા! તાહરી એ વિયોગી,
પે'લી આ'વી ખબર પુછવી, પ્રાણિને દુઃખ-ભાગી. ૪૧

માત્ર સંદેશ સાંભળવાથી શો લાભ? એવી શંકાનું સમાધાન કરતાં યક્ષ કહે છે કે, **સૌમ્યમાને વધૂઓ**–હે સૌમ્ય! હે સાધુ પુરુષ, વધૂઓ, કુલીન સ્ત્રીઓ–સુહૃદ મુખથી–સ્વામિના મિત્રના મુખથી સાંભળેલા સંદેશાને પોતાના સ્વામિના સમાગમ જેવો–અર્થાત્ સમાગમની પેઠે આનંદ આપનાર (કંઇક ઉતરતો) માને છે–મૂળમાં किंचिदूनः એવું પદ છે. એનો અર્થ **'સંગ જેવો'** એ પદમાં સમાઈ શકે છે, કારણકે તેમાં સંગના કરતાં કંઇક ન્યૂનતાનો ભાસ થાય છે–તેમ છતાં વાંચનારને નિચેનું **પાઠાન્તર** વધારે યોગ્ય લાગે તો તે વાંચી લેવું—

એવું કે'તાં, પવનસુતને જોતી મૈથિલી પેર,
ઉત્કંઠાથી હરખિ સુણશે, માન દૈ આપી લક્ષ;–
સંદેશાને સુહૃદ મુખથી પામિ સીમન્તિનીઓ,
માને સૌમ્ય! પ્રિયતમતણા સંગથી કૈંક થોડો.

શ્લોક ૪૧.

આ શ્લોકથી માંડીને સંદેશ શરુ થાય છે.

હે **આયુષ્મન્**–લાંબા આયુષવાળો; પરોપકાર કરવામાં તત્પર રહેવાથી પ્રશંસાપાત્ર જીવનવાળો. હે મેઘ! આખા જગતને ઉપર કરવામાં તું નિરંતર પ્રવૃત્ત રહે છે, તેથી તારું જીવતું સફળ છે, એવો ભાવ છે.

મુજ વિનતિથી–મારી આ પ્રાર્થના સફળ કરવાને.

કૃતાર્થ થવા–અથવા આ પરોપકારથી તારા આત્માને કૃતાર્થ કરવા.

विश्वप्रार्थ्यो जगद्वंद्यो जगन्माता जगत्पिता ।
सर्वेषु प्राणिनां मेघो जगदानन्ददायकः ॥

આ પ્રમાણે તારા પરોપકારી જીવનને સાર્થક કરવા માટે.

અંગે, અંગો અરપી દુબળાં, ગાઢ તાપે તપેલાં,
ઉત્કંઠાને, તલસી તલસી, આંસુને, આંસુ ઉનાં;
નિસાસાને તુજ, મન થકિ, ઉષ્ણુ નિઃશ્વાસ અર્પી,
ભેઠે છે એ દૂરથી, વિધિએ વેરી થૈ વાટ ઘેરી. ૪૨

કે'જે તારો પિઉ–મારી પ્રિયાને કહેજે કે 'તારો પતિ રામ ગિર્યાશ્રમોમાં કુશળ છે.' તને પુનઃ મળવાની આશાથી હજી પણ પ્રાણને ધારણ કરી જીવે છે, માટે તારે કંઈ અનિષ્ટ શંકા આણવી નહીં.

પૂછાવે છે–એ પોતે કુશળ છે એટલું જ નહીં પણ ભાવિને વશ પડી નિરાધાર થઈ ગયેલી હે અબળા, તારા પ્રત્યે અનન્ય પ્રેમ ભાવનાથી, તારી પેઠે વિયોગ દુઃખથી મુંઝાઈ રહેલો એ વિયોગી તારી કુશળ ખબર પૂછે છે.

પહેલી આ'વી ખબર–હે મેઘ! આ પ્રમાણે તું એને મારી કુશળતા કહી એની ખબર પૂછજે. કારણ કે **દુઃખ ભાગી પ્રાણિને**–ભાવિના બળે અકસ્માત્ દુઃખમાં આવી પડેલાં મનુષ્યને–પ્રથમ જ આ પ્રમાણે ખબર કહેવી અને પૂછવી અર્થાત્ જે કંઈ કહેવાનું હોય તે કહેતા પહેલાં પરસ્પરનું કુશળ પુછવું, એ દુઃખી મનુષ્યોને મોટામાં મોટા દિલાસારૂપ થઈ પડે છે.

શ્લોક ૪૨.

ઉપર કહ્યા પ્રમાણે કુશળ પૂછી આશ્વાસન આપ્યા પછી મેઘ નાયિકાને યક્ષની સ્થિતિ કહે છે. આમાં નાયક અને નાયિકાની સમાન વિરહાવસ્થા સૂચવી છે.

અંગેઅંગો અરપી–તારાં દુબળાં, તાપથી તપેલાં અંગોને એ પોતાનાં દૂર્બળ થઈ ગયેલાં અને વિરહથી તપેલાં અંગો અર્પી મનથી ભેટે છે. મનથી અર્પી ભેટે છે એમ દરેક પદની સાથે લેવાથી અર્થ સ્પષ્ટ સમજાશે.

ઉત્કંઠાને–તારી ઉત્કંઠાને–આતુરતાને, પતિને મળવાના તીવ્ર અભિલાષને, એ તલસી તલસી મનથી ભેટે છે.

આંસુને આંસુ ઉનાં–તારાં આંસુને એ પોતાનાં ઉનાં આંસુ અર્પે છે.

નિસાસાને–તારા વિયોગ દુઃખના નિસાસાને એ અત્યંત ઉના નિઃશ્વાસથી ભેટે છે.

હોયે કે'વા સરખુ, સખીઓ દેખતાં તે છતાંયે,
કે'તો આવી, અધર રસના લોભથી, કૈંક કાને;
તે છે, તારા શ્રવણુથી તથા દૃષ્ટિથી દૂર આજે,
ઉત્કંઠાથી પદ રચિ રુડાં, કા'વતો મિત્ર સાથે. ૪૩

વિધિએ વેરી થઇ–જ્યાં વિધિ–દૈવે, વેરી–શત્રુ થઈ બંનેની વાટ ઘેરી લીધી છે, અર્થાત્ અવળા ભાવિએ બંનેનો માર્ગ રુંધી લીધો છે તેથી. સમગ્ર અર્થ એમ છે કે અવળા ભાવિએ બંનેની વચ્ચે સેંકડો ગાઉનું અંતર પાડ્યું છે, એટલે દેહથી મળવાનો તો સંભવ જ નથી, માટે દૂર દેશ પડેલો એ તારો પતિ, તને માત્ર મનથી કલ્પી પોતાનાં દુબળાં અંગથી તારાં દૂબળાં અંગને ભેટે છે, તારા ઉષ્ણુ નિસાસાને એ પોતાના ઉના નિસાસા અર્પે છે, એ પ્રમાણે સઘળો ક્રમ છે. કહેવાનું તાત્પર્ય એ કે તું અહિંઆં ઝુરી ઝુરી સુકાય છે, તેમ તે બિચારો ત્યાં ઝુરે છે. તું અહિં નિસાસા મૂકી આંસુ પાડે છે, તેમ તે પણ ત્યાં ઉના નિસાસા મૂકી આંસુ પાડે છે. આ પ્રમાણે સમાન પ્રેમને લીધે જેવી તારી અવસ્થા છે, તેવી જ એ મારા મિત્ર યક્ષની દશા છે.

શ્લોક ૪૩.

હોયે કે'વા સરખું–સખીઓની સમક્ષ મોટેથી કહેવા સરખું જે કંઈ હોય તે પણ, તારા અધર રસના લોભથી પાસે આવીએ તારા કાનમાં કહેતો. અર્થાત્ તારો વિયોગ ક્ષણવાર પણ સહન ન થઈ શકવાથી સખીઓ હોય તે છતાં પણ ખુલ્લી રીતે કહેવાનું હોય, તે તારા કાનમાં કહેવાના મિષે તારી પાસે આવી તારા અધરનું પાન કરતો.

તે છે આજે–આ પ્રમાણે તારા વિયોગને ક્ષણ પણ ન સાંખી શકનારો એ તારો પતિ, આજે તારા કાનથી તથા તારી દૃષ્ટિથી સેંકડો ગાઉ દૂર પડેલો છે તેથી, અત્યંત આતુર થઈ એને જે કંઈ કહેવડાવવાનું છે તે મારે મુખે તને કહેવડાવે છે.

પ્રિયજનની છબીનું અવલોકન કરવું, સ્વપ્નમાં તેનો સમાગમ ઇચ્છવો, તેના રૂપ વગેરેની છાયાવાળી અન્ય વસ્તુ જોઈ તેમાં આનંદ માનવો, અથવા તેનો સ્પર્શ થયેલી વસ્તુને ભેઠી આનંદ માનવો, એ જ માત્ર વિયોગિઓને વિનોદનાં સાધનો હોય છે. કહ્યું છે કે—

કાન્તિ તા'રા મુખની શશિમાં, અંગ શ્યામાલતામાં,
દૃષ્ટિ ભ્હીતી હરિણીનયને, કેશ બર્હિકળામાં;
તારા ઝીણા, નદી લહરીમાં, ભ્રૂવિલાસો નિહાળું;
એકસ્થાને જડતું નથી, હા ! ચંડિ ! સાદશ્ય તારું. ૪૫

સરખાવો, तदाननं मृत्सुरभि क्षितीश्वरो.
रहस्युपाघ्राय न तृप्तिमाययौ ।
करीव सिक्तं पृषतैः पयोमुचां
शुचिव्यपाये वनराजिपल्वलं—**રઘુવંશ.**

સોસાયું છે-તારું મુખ ન દેખવાથી, મારાં આ અંગ વિરહને લીધે સોસાઈ ગયાં છે; તો પણ દયા ન લાવતાં મદન અત્યારે મને આટલી પીડા આપે છે, તો પછી.

આ વર્ષાના-ચારે તરફ વિખરાતાં મેઘનાં વાદળથી દિશાઓ ઘેરાઈ જતાં ધૂંધળા લાગતા વર્ષાઋતુના દિવસો મારાથી શી રીતે કઢાશે, અર્થાત્ અત્યારે આ દશા છે, તો પછી તે વખતે મારી કેવી દશા થશે ?

મેઘકાળ પાસે દેખી ડરી જતા વિયોગીઓના આવા જ ઉદ્ગાર કાલિદાસનાં કાવ્ય અને નાટકોમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે.

अथमेकपदे तया वियोगः प्रियया चोपनतः सुदुस्सहो मे ।
नववारिधरोदयादहोभिर्भवितव्यं च निरातपर्द्धिरम्यैः ॥ **વિક્રમોર્વશીય.**

જુવો **સીતા**ના વિયોગ સમયની રામની દશા—

पूर्वानुभूतं स्मरता च यत्र कंपोत्तरं भीरु तवोपगूढम् ।
गुहाविसारिण्यतिवाहितानि मया कथं चिद्घनगर्जितानि ॥
गन्धश्च धाराहतपल्वलानां कदंबमर्धोद्गतकेसरं च ।
स्निग्धाश्च केकाः शिखिनां बभूवुस्तस्मिन्न सह्ययानि विना त्वया मे—**રઘુવંશ.**

શ્લોક ૪૫.

આ શ્લોકમાં યક્ષ કહે છે કે, હે પ્રિયા! તારા સમગ્ર સ્વરૂપનું દર્શન કરવાનો હું પ્રયત્ન કરું છું, પરંતુ તે પણ મને થતું નથી.

સિંચાયેલી જળથિ, ભૂમિના ગંધ જેવું સુગંધિ,
તારૂં ક્યાંહિ વદન, નથિ હું દેખતો તેથી વ્હાલી;
સોસાયું છે વિરહ સહિને, અંગ મારૂં છતાં આ,
આપે પીડા, મદન હવણાં આટલી તો પછી હા!
આ વર્ષાના ક્યમ કરિ અરે! ધૂંધળા દિન જાશે,
ઘેરાવાથી, વિખરઈ બધે મેઘ ચારે દિશાએ. ૪૪

वियोगे चायोगे प्रियजनसदृक्षानुभवनं
ततश्चित्रं कर्म स्वपनसमये दर्शनमपि ।
तदङ्गस्पृष्टानामुपनतवतां स्पर्शनमपि
प्रतीकारोऽनङ्गव्यथितमनसां कोऽपि गदितः ॥

અહિંથી યક્ષનાં વચનોના સંદેશાનો પ્રારંભ થાય છે અને યક્ષ, કેવા પ્રકારથી પોતાના મનને વિનોદ આપવાનો પ્રયત્ન કરી કાળ ગાળે છે, તે દર્શાવે છે.

શ્લોક ૪૪.

મલ્લિનાથ આ શ્લોકને ક્ષેપક ગણે છે અને **મી૦ નંદારગીકરની** આવૃત્તિ જેને હું અનુસર્યો છું તેમાં આ શ્લોક ક્ષેપકમાં છાપ્યો છે. શ્લોકની રચના, ભાષા, ભાવ, શબ્દ માધુર્ય, વગેરે જોતાં આ શ્લોક કાલિદાસનો હોય એમ લાગે છે. વર્ષાના આરંભથી ડરી જતા વિયોગિઓની ભીરુતા દર્શાવનારા ભાવોની સાથે આ શ્લોકના ભાવનું એટલું બધું મળતાપણું છે કે તેને બીજાનો ગણી આમાંથી નિરર્થક કાઢી નાખવો એ ઠીક લાગતું નથી. આ શ્લોક બીજી પ્રતોમાં મળી આવે છે અને એના ઉપર વલ્લભની ટીકા પણ છે. જેને એ યોગ્ય ન લાગે તેણે તેને ક્ષેપક તરીકે ગણી લેવો. જુવો મી૦ **હલ્જની સંસ્કૃત આવૃત્તિ. ૧૯૧૧-લંડન.**

સિંચાયેલી જળથી–હે વ્હાલિ! મેઘની વૃષ્ટિથી સિંચાયેલી ભૂમિમાંથી નિકળતા મીઠા સુગંધ જેવી સુગંધીવાળું, તારૂં મુખ હું ક્યાંય પણ દેખતો નથી. અર્થાત્ તારા એવા સુરભિ મુખથી હું અત્યંત દૂર પડેલો છું તેથી—

तरंगभ्रूभंगा क्षुभितविहगश्रेणिरशना
विकर्षन्ती फेनं वसनमिव संरंभशिथिलम् ॥

જળના તરંગો તો ઘણી વખત થાય છે, પરંતુ મંદ મંદ પવનની ગતિથી શાંત જળમાં આવતી, તારી ભમરોના જેવા લાવણ્યવાળી ઉર્મિઓ તો કોઈક જ પ્રસંગે દૃષ્ટિએ પડે છે.

એકસ્થાને–ઉપર કહ્યા પ્રમાણે તારા પ્રત્યેક અંગની શોભા કોઈ વનમાં, કોઈ નદીમાં, કોઈ પક્ષિમાં, એમ ભિન્ન ભિન્ન ઠેકાણે શોધવી પડે છે. **હે ચણ્ડિ !**–વિયોગમાં તને ત્યાં એકલી મૂકવાથી તથા આઠ માસ સુધી તારી સંભાળ ન લેવાયાથી, મારા ઉપર પ્રેમભર્યા રોષવાળી! તેં તારા રૂપને જાણે અનેક સ્થળે વહેંચી નાંખ્યું હોય તેમ, તેનું સાદૃશ્ય–સરખાપણું એક વસ્તુમાં મને ક્યાંય પણ જડતું નથી. હા! અરેરે–એમ વિષાદ બતાવ્યો છે. વિસારે પડેલા પ્રેમને લીધે માનગર્વિતા સ્ત્રીઓને કંઇક પ્રેમ-ભર્યો રોષ ઉત્પન્ન થાય છે, એવા કંઇક અર્થમાં ચણ્ડિ–કોપવાળી એ પદ યોજ્યું છે.

હે ચણ્ડિ! તારા રૂપની સંપૂર્ણ છાયા પણ તું મને કોઈ સ્થળે દેખવા દેતી નથી, એવી તું મારા પ્રત્યે કઠણ હૃદયની થઈ છે, એમ કોમળ ઉપાલંભનો પણ ભાસ થાય છે અને તારું સ્વરૂપ તો નહિં, પરંતુ તેની સમગ્ર છાયા પણ એક ઠેકાણે મળવી દુર્લભ છે, એમ કહી રોષનો પરિહાર કરવા માટે એના અત્યંત રમણીય રૂપ, લાવણ્ય વગેરેની પ્રશંસા કરી છે. પ્રિય વસ્તુના ગુણોની અન્ય વસ્તુમાં સમાનતા શોધી વિનોદ માની લેવો, એ વિયોગિઓનો સ્વભાવ છે. જુવો એવા જ ભાવનો **રઘુવંશમાં અજવિલાપનો** પ્રસંગ.

વૈતાલીય.

મદમંથર ચાલ હંસિમાં, મૃદુ મીઠો સ્વર કોકિલા વિષે,
હરિણી મહિં લોલ દૃષ્ટિને, ઝુલતી વેલીવિષે વિલાસને;
થઈ ઉત્સુક સ્વર્ગમાં જતાં, મુજ અર્થે ગુણ આમ તેં ધર્યા,
વિરહે ભર્યું દુઃખ ભારથી, મન ધારી શકશે, ન તે, પ્રિયા.

વળી એવાજ પ્રસંગનો બીજો ભાવ–

શાર્દૂલવિક્રીડિત.

તા'રા નેત્ર સમાન કાન્તિમય જે, તે પદ્મ ડૂબ્યું જળે,
ઢંકાયો શશિ તાહરા મુખ સમો, વર્ષા તણાં વાદળે;
જે ચાલે તુજ ચાલ, તે જગથકી સૌ રાજહંસો ગયા,
તું સાદૃશ્ય વિનોદ માત્ર પણ તે, દૈવે ન વેઠાય હા–

રંભારતિલાલત્રોટક.

કાન્તિ તારા મુખની–તારા મુખની કાન્તિ–શોભા, હું શશિમાં–પૂર્ણ ચંદ્રમાં જોઉં છું. મુખના જેવાં કાન્તિ અને લાવણ્ય, અમૃત પૂર્ણ હોવાથી શીતળતા, તથા મુખના જેવો ગોળ આકાર વગેરેથી, ચંદ્રમાં હું તારા મુખની કંઈક શોભા નિહાળું છું; અર્થાત્ સ્પષ્ટ દેખાતા કાળા કલંકને લીધે તારા મુખની સંપૂર્ણ શોભા તો એમાં નથી, પરંતુ કંઈક આનન્દ આપે એવું મળતાપણું છે, એવો ધ્વનિ છે.

અંગ શ્યામા લતામાં–તારાં મૃદુ, નાજુક અને સુંવાળાં અંગની શોભા, હું **શ્યામા** લતામાં,–પ્રિયંગુ અથવા ફલિની નામની લતામાં જોઉં છું. અહિં લતા શબ્દ બહુ વચનમાં છે. કોઈ લતામાં તારા અંગોનું કોમળપણું, કોઇમાં સ્નિગ્ધતા, કોઇમાં નાજુકપણું, એ પ્રમાણે લતાઓમાં પણ તારું સ્વરૂપ એક ઠેકાણે મળતું નથી.

દૃષ્ટિ બ્હીતી હરિણી–દરેક હરિણીમાં નહીં, પણ બી'તી–ભય પામતી હરિણીનાં કાળાં, વિશાળ, નિર્દોષ અને ચપળ નયનમાં તારી દૃષ્ટિની શોભા જોવામાં આવે છે; તે પણ દરેક વખતે નહીં પણ કોઈ પ્રસંગે ભયભીત હરિણી દૃષ્ટિએ પડે છે ત્યારે જ; અર્થાત્ તારાં પ્રત્યેક અંગની છૂટી છૂટી શોભા જોવાનો વિનોદ પણ કવચિત્ જ મળે છે.

કેશ બર્હિ કળામાં–બર્હિ, મયૂર–તેમની ભારે, સુંવાળી અને ચળકતી કળામાં–પીંછાના સમૂહમાં તારા કેશની શોભા દૃષ્ટિએ પડે છે. બધા મયૂરો ભારે પિચ્છવાળા હોતા નથી, માટે એ વિનોદ પણ કોઇક જ મયૂરો જોતાં મળે છે. જુવો દમયંતીના કેશનું વર્ણન.

अस्याः कचानां शिखिनश्च किं नु.
विधिं कलापौ विमतेरगाताम् ।
तेनायमेभिः किमपूजि पुष्पै.
रर्धेंस दत्वा स किमर्धचन्द्रम् ॥ **નૈષધકાવ્યઃ**–સર્ગ. ૭

જુવો **વિક્રમોર્વશીયમાં.**

घनरुचिरकलापो निःसपत्नोऽद्य जातः ।

તારા ઝીણી–નદીની જલ લહરિમાં–ઉપર દેખાતી ઝીણી ઝીણી જલની લહેરોમાં તારા ઝીણા–સહજ દેખાય ન દેખાય એટલામાં અદૃશ્ય થઈ જતા ભમરના વિલાસો નિરખું છું. જુવો **વિક્રમોર્વશીયમાં** ભમરના વિલાસને જલતરંગ સાથે સરખાવ્યા છે.

तरंगभ्रूभंगा क्षुभितविहगश्रेणिरशना
विकर्षन्ती फेनं वसनमिव संरंभशिथिलम् ॥

જળના તરંગો તો ઘણી વખત થાય છે, પરંતુ મંદ મંદ પવનની ગતિથી શાંત જળમાં આવતી, તારી ભમરોના જેવા લાવણ્યવાળી ઉર્મિઓ તો કોઈક જ પ્રસંગે દૃષ્ટિએ પડે છે.

એકસ્થાને-ઉપર કહ્યા પ્રમાણે તારા પ્રત્યેક અંગની શોભા કોઈ વનમાં, કોઈ નદીમાં, કોઈ પક્ષિમાં, એમ ભિન્ન ભિન્ન ઠેકાણે શોધવી પડે છે. **હે ચણ્ડિ !**-વિયોગમાં તને ત્યાં એકલી મૂકવાથી તથા આઠ માસ સૂધી તારી સંભાળ ન લેવાયાથી, મારા ઉપર પ્રેમભર્યા રોષવાળી! તેં તારા રૂપને જાણે અનેક સ્થળે વહેંચી નાંખ્યું હોય તેમ, તેનું સાદૃશ્ય-સરખાપણું એક વસ્તુમાં મને ક્યાંય પણ જડતું નથી. હા! અરેરે-એમ વિષાદ બતાવ્યો છે. વિસારે પડેલા પ્રેમને લીધે માનગર્વિતા સ્ત્રીઓને કંઇક પ્રેમભર્યો રોષ ઉત્પન્ન થાય છે, એવા કંઇક અર્થમાં ચણ્ડિ-કોપવાળી એ પદ યોજ્યું છે.

હે ચણ્ડિ! તારા રૂપની સંપૂર્ણ છાયા પણ તું મને કોઈ સ્થળે દેખવા દેતી નથી, એવી તું મારા પ્રત્યે કઠણ હૃદયની થઈ છે, એમ કોમળ ઉપાલંભનો પણ ભાસ થાય છે અને તારું સ્વરૂપ તો નહિં, પરંતુ તેની સમગ્ર છાયા પણ એક ઠેકાણે મળવી દુર્લભ છે, એમ કહી રોષનો પરિહાર કરવા માટે એના અત્યંત રમણીય રૂપ, લાવણ્ય વગેરેની પ્રશંસા કરી છે. પ્રિય વસ્તુના ગુણોની અન્ય વસ્તુમાં સમાનતા શોધી વિનોદ માની લેવો, એ વિયોગિઓનો સ્વભાવ છે. જુવો એવા જ ભાવનો **રઘુવંશમાં અજવિલાપનો** પ્રસંગ.

વૈતાલીય.

મદમંથર ચાલ હંસિમાં, મૃદુ મીઠો સ્વર કોકિલા વિષે,
હરિણી માંહિં લોલ દૃષ્ટિને, ઝુલતી વેલીવિષે વિલાસને;
થઈ ઉત્સુક સ્વર્ગમાં જતાં, મુજ અર્થે ગુણ આમ તેં ધર્યા,
વિરહે ભર્યું દુઃખ ભારથી, મન ધારી શકશે, ન તે, પ્રિયા.

વળી એવાજ પ્રસંગનો બીજો ભાવ-

શાર્દૂલવિક્રીડિત.

તા'રા નેત્ર સમાન કાન્તિમય જે, તે પદ્મ ડૂબ્યું જળે,
ઢંકાયો શશિ તાહરા મુખ સમો, વર્ષા તણાં વાદળે;
જે ચાલે તુજ ચાલ, તે જગથકી સૌ રાજહંસો ગયા,
તું સાદૃશ્ય વિનોદ માત્ર પણ તે, દૈવે ન વેઠાય હા-

રંભારતિલાલચોટક.

રીસાયેલી પ્રણયથી તને, ધાતુરંગે શિલામાં,-
આલેખીને, ચરણ નમવા જાઉં છું તેટલામાં;
રૂંધે દૃષ્ટિ,* ઘડિ ઘડિ ઘડિ આંસુડાં ઉભરાતાં,
વેઠાયેના, કઠણ વિધિથી આપણો સંગ એમાં- ૪૬

શ્લોક ૪૬.

તારા સમગ્રસ્વરૂપનું દર્શન આ પ્રમાણે ક્યાંય પણ મળતું નથી, તેથી તારી છબી ચીતરી તને જોવાનો પ્રયત્ન કરું છું તે પણ નિષ્ફળ જાય છે, એવો આમાં ભાવ છે.

રીસાયેલી-પ્રણયથી-પ્રેમમાં કંઈ કંઈ મિષ કાઢી મારી સાથે રીસાયેલી, અર્થાત્ વ્હાલમાં રીસાઇને લાડતી.

ધાતુ રંગે-પર્વતમાં થતા મનઃશીલ આદિ રંગથી, **આલેખીને**-ચિતરીને. તને શિલાપટ્ટ ઉપર, વ્હાલથી રીસાઇને લાડતી ચીતરીને, તારી ક્ષમા માગવાને માટે તારા ચરણમાં હું નમવા જાઉં છું તેટલામાં, ક્ષણે ક્ષણે આંસુ ભરાઈ આવવાથી મારી દૃષ્ટિ રુંધાઈ જાય છે; એમાં પણ મારાથી નિરાંતે તારા મુખનું દર્શન થઈ શકતું નથી.

વેઠાયેના-કઠણ-ક્રૂર વિધિ, આ પ્રમાણે ચિત્રમાં પણ આપણો સમાગમ સાંખી શકતો નથી. અર્થાત્ વિધિજ વિઘ્નસંતોષી છે, જે દરેક વસ્તુમાં કંઈ કંઈ દોષ મૂકયા વિના રહેતો જ નથી. આપણી અનન્ય પ્રીતિ છે ત્યારે તેમાં વિયોગ નાંખ્યો છે.

જુવો–शशिनि खलु कलंकः कंटकाः पद्मनाले
उदधिजलमपेयं पंडिते निर्धनत्वम् ।
दयितजनवियोगो दुर्भगत्वं सुरूपे
धनवति कृपणत्वं रत्नदोषी कृतान्तः ॥

ચંદ્ર તેજસ્વી છે, ત્યારે એમાં કલંક મૂક્યું છે; પદ્મ અત્યંત સુંદર અને કોમળ છે ત્યારે એના નાળ ઉપર કાંટા કર્યા છે; સમુદ્રમાં અથાક જળ ભર્યું છે ત્યારે તેને ખારું કર્યું છે; વિદ્વાનોને નિર્ધન રાખ્યા છે; પરસ્પર અત્યંત પ્રેમી હોય તેને વિયોગ આપે છે; સારું રૂપ મૂક્યું હોય ત્યારે તેમાં કંઈક ચાંદુ મૂક્યું હોય છે; ધનવાન્ હોય તેને કંજુસ બનાવ્યો છે, આ પ્રમાણે વિધિ દરેક રત્નને દોષવાળું કરવામાં આનન્દ માનનાર છે.

પામી તા'રો પ્રિય સખિ ! મિઠો સંગ, સ્વપ્ને પરાણે,
મા'રા ઉંચે ભુજ પસરતા, ગાઢ આલિંગવાને;
તે દેખીને, ઘડિ ઘડિ દયા આણતી દેવીઓની,-
મોતી જેવાં, તરુપર પડે, આંસુડાં આંખમાંથી, ૪૭

ભાવિની આવી ક્રૂરતાથી ચિત્રમાં પણ હું તને જોઈ શકતો નથી. જુવો **વિક્રમોર્વશીય**માં રાજાના વિયોગનો પ્રસંગ.

હરિણી.

શર, મદનના સાલે હૈયે, નિરંતર તો પછી,
કયમ કરી મળે નિદ્રા, સ્વપ્ને સમાગમ આપતી;
છબી ચિતરતા પ્હેલાં આખી, સખે! સુતનુતણી,
મુજ નયનથી આંસુધારા, ક્ષણે શમતી નથી.

*પાઠાન્તર. કાઢી તારી છબી રીસઇને લાડતી, હું શિલામાં,
પોતાને ત્યાં ચિતરું, ચરણે વંદતો તેટલામાં;
આંસુ આવી નયન ભરતાં, દષ્ટિને રુંધી લે છે,
ના જોવા દે તુજ વદનને, ક્રૂર એવો વિધિ છે.

શ્લોક ૪૭.

સ્વરૂપદર્શન અને ચિત્રદર્શન એ બેમાં નિષ્ફળ થતાં, હું સ્વપ્નદર્શનથી તારો સમાગમ ઇચ્છું છું, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે.

પામી તા'રો-હે પ્રિય સખિ, તારો મીઠો-અત્યંત પ્રિય સમાગમ સ્વપ્નમાં થવાથી-સ્વપ્નમાં તારું દર્શન થવાથી.

પરાણે-ઘણા ઘણા પ્રયત્ને. તને મળવાના અનેક મનોરથો કરવાથી પણ સ્વપ્નમાં સતત સમાગમ રહી શકતો નથી, ઘડીમાં સ્વપ્ન આવે, ઘડીમાં તું દેખાય, ઘડીમાં અદૃશ્ય થાય, એમ ત્યાં પણ મને તારો અવિચ્છિન્ન સમાગમ થતો નથી, એમ કહેવાનો ભાવ છે.

મારા ઉંચે ભુજ-તને સ્વપ્નમાં દેખી, તારું ગાઢ આલિંગન કરવાને માટે-તને ભેટવાને માટે, હું મારા હાથ પસારું છું. ક્ષણમાં તારો સમાગમ થાય છે, ક્ષણમાં

જતો રહે છે, એવી મારી વ્યાકુળ સ્થિતિ થઈ રહે છે. પ્રેમીને મળવાને માટે અત્યંત વધી પડેલી આતુરતાથી વિયોગિઓની આવી કરૂણાજનક સ્થિતિ થઈ રહે છે. જુવો **શંકરને** માટે તલસતી **પાર્વતી**ની આ'વી દશા–

क्व नीलकंठ व्रजसीत्यलक्ष्यवागसत्यकंठार्पितबाहुबंधना—**કુમારસંભવ.**

તેને દેખી-મા'રી આવી કરૂણાજનક સ્થિતિને દેખીને મારાપર દયા આણતી દેવીઓની–**વન**દેવતાઓની આંખમાંથી પણ ઘડીએ ઘડીએ વૃક્ષો ઉપર મોતી જેવાં આંસુઓ પડે છે. અર્થાત્ મારી દશા જોતાં મારા ઉપર દયા લાવી **વન**દેવતાઓ પણ પોતાનાં ઝાકળરૂપે વૃક્ષ ઉપર પડતાં આંસુ ખેરવી રહે છે. આ ઉપરથી તારા વિયોગે મારી કેવી દશા કરી છે તે તને સમજાશે. વનદેવતાઓનાં આંસુ વૃક્ષોપર પડે છે, એમ કહેવાનું કારણ એ કે દેવતા, ગુરુ, વગેરેનાં જે જમીન ઉપર આંસુ પડે, ત્યાં મહા દુઃખ, ઉત્પાત, મરણ વગેરે થાય છે. જુવો.

महात्मगुरुदेवानामश्रुपातः क्षितौ यदि ।
देशभंगो महद्दुःखं मरणं च भवेध्द्रुवम् ॥

કાલિદાસ, કરૂણા રસનું વર્ણન કરતાં સજીવ અને નિર્જીવ વસ્તુઓમાં કારૂણ્ય-ભાવ આરોપી, એ રસને એવી સારી રીતે પોષે છે કે, કઠણ હૃદય ઉપર પણ એની અસર થયા વિના રહેતી નથી–જુવો **અજવિલાપ-રઘુવંશ**–સર્ગ ૮.

વૈતાલીય.

કરૂણાર્ત રવે છુટે મુખે, રડતાં ધીરજ સૌ છુટી ગઈ,
પિગળે, તપિ, લોહ તો પછી, ક્યમ રે' ધીરજ કો' મનુષ્યની;
કરૂણાર્થ ભર્યા વિલાપથી, રડેલો કોસલભૂપ સાંભળી,
રડવા તરૂવૃન્દ લાગીયાં, વરસાવી મધુઅશ્રુ આંખથી.

જુવો મહાકવિ **ભવભૂતિ**નું **ઉત્તરરામચરિત.**

શિખરિણી.

રડ્યા જ્યારે સર્વે દષદ પણ કાઠિણ્ય તજીને.

ભેદી, તાજી કિસલય કળી દેવદારુ દ્રુમોની,
*થૈને તેના રસથી સુરભી, આવતા ઉત્તરેથી;
આલિંગું છું, હિમગિરિતણા વાયુને પ્રેમઘેલો,
ધારી, એને ગુણવતિ! હશે સ્પર્શ તારો થયેલો. ૪૮

શ્લોક ૪૮.

પ્રિયાના અંગને સ્પર્શિને આવતા હિમાદ્રિના વાયુને ભેટીને શાન્તિ વાળવાનો ચોથો પ્રકાર આ શ્લોકમાં છે.

ભેદી તાજી કળી–દેવદારુ વૃક્ષોની તાજી ખીલતી કળીઓને ભેદીને.

થૈને તેના રસથી–એ દેવદારનાં વૃક્ષોના તાજા રસથી સુગન્ધિ થયેલા તથા ઉત્તરેથી હિમાલય તરફથી આવતા વાયુને–**આલિંગુ** છું–ભેટું છું. આ બધાં વાયુનાં વિશેષણો છે. દેવદારુ વૃક્ષોના રસના સુગંધવાળો અને બરફની સાથે અથડાવાથી શીતલ થયેલો વાયુ હિમાદ્રિમાંથી આવે છે એમ જાણી હું તેને ભેટું છું. ચોથા ચરણમાં વાયુને ભેટવાનું કારણ જણાવે છે.

ધારી એને–હે ગુણવતિ!–સુશીલતા, સુકુમારતા, આદિ મનના અને દેહના ગુણવાળિ! ઉત્તરથી આવતા એ વાયુઓને તારા અંગનો સ્પર્શ થયો હોય એમ ધારી હું આલિંગું છું; અર્થાત્ તારા અંગનો સ્પર્શ પામેલા વાયુને ભેટીને મારાં અંગોને શાન્તિ વાળવાનો પ્રયત્ન કરું છું.

જુવો **રામ**ની વિરહાવસ્થાનો આવા જ ભાવનો શ્લોક.

वाहि वात यतः कान्ता तां स्पृष्ट्वा मामपि स्पृशेः।
त्वयि मे गात्रसंस्पर्शश्चन्द्रे दृष्टिसमागमः॥

રામાયણ.

જુવો **માલવિકાગ્નિમિત્રમાં** આવો જ ભાવ.

वोढा कुरवकरजसां किसलयपुटमन्दसीकरानुगतः।
अनिमित्तामुत्कण्ठामपि जनयति मलयवातोऽयम्॥

લાંબી રાતો ક્ષણરૂપ, કરૂં કેમ તો ટુંકી થાય,†
દહાડે કેવી રિતથી, તડકો મંદ થૈ રે' સદાય;
એવી-મિથ્યા બહુ બહુ કરી વાંછના ચંચલાક્ષિ !
શીઝે હૈડું અશરણ, ઉંડી હા ! વિયોગ વ્યથાથી. ૪૯

મૂળમાં दक्षिणेन प्रवृत्ता એવું પદ છે, તે શ્લોકમાં મૂકતાં રચના લગાર અવ્યવસ્થિત થઈ જાય છે, માટે ઉત્તરથી આવતા હિમગિરિના વાયુ એમ મૂક્યું છે. યક્ષ દક્ષિણમાં છે એટલે ઉત્તરથી દક્ષિણે આવતા, એમ અર્થમાં હાનિ થતી નથી તેમ છતાં નીચેનું પાઠાન્તર જોવું.

* પાઠાન્તર–થૈને તાજા રસથી સુરભી દેવદારૂ દ્રુમોના,
ભેદી તાજી કિસલય કળી, દક્ષિણે આવનારા.

શ્લોક ૪૯.

† પાઠાન્તર–રાત્રિ લાંબા અહરની, કરૂં કેમ તો ટુંકી થાય.

લાંબી રાતો–વિયોગદુઃખ અને નિદ્રાત્યાગને લીધે યુગ જેવી લાગતી રાત્રિઓ ક્ષણના જેવી ટુંકી થઈ શી રીતે જલદી જલદી વીતી જાય. વિયોગમાં દિવસ કરતાં રાત્રિઓ ઘણી સંતાપકારક અને લાંબી લાગે છે, માટે આમ કહ્યું છે. જુવો વિક્રમોર્વશીયમાં પુરૂરવની વિરહાવસ્થા.

ગીતિ.

જયમતયમ કરી દિન કાઢ્યો, ઉત્કંઠા કાર્યથી શમાવીને,
લાંબા પો'રની રજની, વિનોદવિણ હા ! જશે કઈ રીતે.

દહાડે કેવી રીતિથી–સૂર્યનો તાપ દિવસે શી રીતે અત્યંત મંદ થાય–એક વિરહતાપ બીજો સૂર્યનો તાપ, એમ બંને તાપ સહન થઈ શકતા નથી, એમ કહેવાનું તાત્પર્ય છે. જેવી મારી રાત્રિઓ લાંબી લાગે છે તેવી તારી પણ લાગતી જ હશે અને મારાથી જેમ આ બેવડો તાપ સહન થઈ શકતો નથી, તેમ તારાથી પણ નહીં જ સહેવાતો હોય, માટે આપણા બંનેના સુખને અર્થે આવી આવી ઘેલી વાંચ્છાઓ હું કરૂં છું.

એવી મિથ્યા–હે ચંચલાક્ષિ ! હે ચપલ નેત્રવાળિ ! આવી મિથ્યા ફળ વગરની ભાવનાઓ કરી કરી નિરાશ થતું આ અશરણ–નિરાધાર હૃદય–ઉંડી વિયોગની પીડાથી શીઝે છે–અંદરને અંદર શેકાઈ જાય છે.

તો'યે આશા કંઈ કંઈ ધરી, પ્રાણને હું નિભાવું,
માટે એવું સમજી સુભગે! ગાભરી ના થતી તું;*
કોને નિત્યે સુખ નહિ રહ્યું, એકલું દુઃખ કોને,
નીચે ઉચે ફરી રહિ દશા, ચક્રધારા પ્રમાણે. ૫૦

શ્લોક ૫૦.

* પાઠાન્તર–મા અધીરી થતી તું, (૨) આકળી ના થતી તું,
(૩) માટે એવું સમજી સુભગે ના હવે બ્હી જતી તું.

મારી આવિ દુઃખજનક દશા સાંભળી હે પ્રિયા! તારે ડરી જવું નહીં, એમ કહેવડાવી યક્ષ આ શ્લોકમાં તેને ધારણા આપે છે કે, તું પણ તારું જીવન ટકાવી રાખજે.

તો'યે આશા કંઈ કંઈ–કાલે આપણે વિયોગ ભાગી ભેગાં થઇશું, આમ કરીશું, તેમ કરીશું, ઇત્યાદિ મનોરથોથી હું મારા આત્માને ધારણાઓ આપી આશાથી ટકાવી રાખું છું. અર્થાત્ તને પુનઃ મળવાની અને તારી સાથે વિવિધ પ્રકારનો આનન્દ કરવાની આશાઓથી હું પોતાને આશ્વાસન આપી, આટલા દિવસ ટકી રહ્યો છું, બીજું કોઈ આશ્વાસન આપનાર તો છે જ નહીં.

માટે એવું સમજી–માત્ર આશાઓના બંધનથી જ હું જેમ આત્માને નિભાવી રહ્યો છું, તેમ હે કલ્યાણિ–તું પણ મારી પેઠે તારા પ્રાણને ટકાવી રાખજે. આપણે આટલાં સુખી હતાં તેને આવું અસહ્ય દુઃખ ક્યાંથી, એમ માની તદ્દન ના હિંમત થઈ, તું ડરી ન જતી–અકળાતી નહી, કારણ કે મનુષ્યને દુઃખ તો વારફરતી આવ્યા જ કરે છે.

કોને નિત્યે–સૃષ્ટિમાં એવું કોણ છે કે જેને એકલું સુખ અથવા દુઃખ સર્વદા ટકી રહ્યું છે? અર્થાત્ કોઈ પણ નથી. જેમ ચક્રની ઉપરની ધારા નીચે આવે છે અને નીચેની ઉપર જાય છે, તેમ સુખ દુઃખ સર્વદા એક ઠેકાણે ટકી રહેતાં નથી, વારાફરતી આવે છે ને જાય છે. આથી સુખમાં હર્ષ અને દુઃખમાં શોક કરવો મિથ્યા છે. સુખ દુઃખ કોઈના પણ હાથમાં નથી. અર્થાત્ તડકા છાંયડાની પેઠે તે આવે છે ને જાય છે, વગેરેથી યક્ષ પોતાની પ્રિયાને ધીરજ આપે છે. સુખ દુઃખની પરંપરાનો આવો જ વિચાર પરાપૂર્વથી દરેક પ્રજામાં ચાલે છે. મી૦ વિલ્સન આવા વિચારોની સમાનતા બતાવવાને પ્લુટાર્કનાં વચનો નીચે પ્રમાણે આપે છે.

પૂરો થાશે અધિરિ! જલદી દેવઉઠીથી શાપ,
માટે, આંખો મિચિ વિગમજે, બાકીના ચાર માસ;
વાંછાઓ જે વિવિધ મનમાં ભેગી થૈ છે વિયોગે,
પૂરી કર્શું, મળી શરદની ઉજળી* રાત્રિઓએ. ૫૧

The wheel of life is ever on the ground
while one side's up, the other on the ground.

જુવો चक्रवत्परिवर्तन्ते दुःखानि च सुखानि च (મનુ)
दिनान्यस्तमयान्तानि उदयान्ता च शर्वरी ।
सुखस्यानंतरं दुःखं दुःखस्यानन्तरं सुखम् ॥ મહાભારત,

શ્લોક ૫૧.

*પાઠાન્તર—નીતરી રાત્રિઓએ.

આ દુઃસહ વિયોગની પીડા ક્યાં સુધી ભોગવીને આ દુઃખી જીવનને ધારી રાખવું, એવો નાયિકાના મનમાં વિચાર આવે, તો તેનું સમાધાન કરી યક્ષ તેને પુનઃ આશ્વાસન આપે છે. કે,

પુરો થાશે—હે અધીરિ!—અસહ્ય દુઃખમાં આઠ માસ ગાળવાથી અકળાઈ જતાં બહુ જ અધીર થઈ રહેલી! કાર્તિક શુદ્દ એકાદશી—અબોધિની એકાદશી (જેને આપણે દેવ ઉઠી એકાદાશી કહીએ છીએ તે) આવતાં આપણો શાપ પૂરો થશે. ભગવાન્ **વિષ્ણુ** આષાઢી એકાદશીથી કાર્તિકી એકાદશી સુધી શેષશયનમાં નિદ્રા લે છે. આ ભગવાનની યોગનિદ્રા કહેવાય છે. જુવો

आषाढयां शेषपर्यंके क्षीराब्धौ संविशेद्धरिः ।
निद्रां त्यजाति कार्तिक्यां तयोः संपूजयेद्धरिम् ॥ કૂર્મપુરાણ.

માટે આંખો મિચિ—આપણા શાપનો અવધિ હવે ઘણો પાસે આવ્યો છે, માટે તું **આંખો મિચીને**—ગમે તેમ કરી આટલો વખત દુઃખ સહન કરી બાકીના

ચાર માસ કાઢી નાંખજે. (આંખો મીચીને સહન કરજે,) એ લોકોક્તિ હાલ જેમ ચાલે છે તેમ પૂર્વે પણ ચાલતી હતી. મૂળમાં પણ लोचने मीलयित्वा એવી જ કવિએ લોકોક્તિ મૂકી છે.

कान्ते कत्यपि वासराणि गमय त्वं मीलयित्वा दृशौ—અમરુશતક.

'જીવતાં હેશું તો ફરી મળશું' એમ આશા બાંધી હું જેમ મારો કાળ ગાળું છું, તેમ તું પણ બાકીના ચાર માસ ભવિષ્યની આશાઓ ઉપર આધાર રાખી ગાળી નાંખજે. હજારો નિરાશાઓમાં એક અમર આશા ઉપર વિશ્વાસ રાખતાં તું તારું જીવન ટકાવી શકીશ. કારણ કે આશાનો એ પ્રભાવ છે. જુવો.

"હજારો કે નિરાશામાં અમર આશા છુપાઈ છે. **મણિભાઈ.**

આટલા માસ ગાળ્યા અને હજી પણ ચાર માસ ગાળવાના રહ્યા, એમ જાણી નિરાશ થતી પ્રિયાને ઉત્સાહિત કરવા અને એના સુકાઈ જતા આશાના અંકુરોને પ્રેમજળથી સચેતન કરવાને યક્ષ તેને કહે છે કેઃ—

વાંચ્છાઓ જે—આ પ્રમાણે ચાર માસ કાઢી નાંખતાં જ્યારે આપણે ફરી મળીશું ત્યારે, વિયોગમાં જે જે **વાંચ્છાઓ**—મનની વિવિધ ભાવનાઓ વધી વધીને આપણા મનમાં ભેગી થઈ છે, તે બધી આપણે **શરદૃ**ઋતુની નીતરેલી ચાંદનીવાળી રાત્રિઓમાં ભેગાં મળી પૂરી કરી શકીશું.

વિયોગમાં, પોતાનાં પ્રેમીને નહીં મળી શકવાથી પ્રેમીઓનાં મનમાં અનેક ભાવનાઓ ક્ષણે ક્ષણે ભેગી થઈ વૃદ્ધિ પામે છે તેમ, ગંધમાદન આદિ વનોમાં વિહાર,ગીત, નૃત્ય, વાદ્ય, વિનોદ, ગાઢ આલિંગન અને વિવિધ પ્રકારની ક્રીડાઓ કરવાના જે જે અભિલાષો તારા અને મારા મનમાં વધી વધીને એકઠા થયા છે, તે બધા આપણે સફળ કરીશું. વિલાસિની સ્ત્રીઓને ભોગ કરતાં વિવિધ પ્રકારના આનંદ, વિનોદ, વિહાર વગેરે વધારે ગમે છે, એવા એમના અંતર્ગૂઢ મર્મને સમજી યક્ષે નાયિકાને ઉત્તેજિત કરી છે. સારાંશ એ જ કે હું તારા અભિલાષોને પૂરીશ, અને તું મારા અભિલાષ પૂરી શકીશ, માટે ભવિષ્યમાં થનારા સારા ફળની આશાએ તારે આત્માનું રક્ષણ કરવું, કે જેથી આપણે પુનઃ ભેગાં થઇ સુખી જીવન ગાળીએ. ભાવિ ફળનો વિચાર કરી માણસે હમેશાં કાર્ય કરવું, કંઈ પણ સાહસથી કરવું નહીં, એમ કહેવાનું તાત્પર્ય છે—જુવો.

सगुणमपगुणं वा कुर्वता कार्यमादौ परिणतिरवधार्या यत्नतः पंडितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्तेर्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥

મારે કંઠે વળગી, શયને એકદા તું સુતીતી,
જાગી ઉઠી રડતી ડુસકે, કૈંક કે'વા તું લાગી;
વારે વારે વિનવી પુછતાં, બોલી ઉઠું હસીને,
સ્વપ્ને દીઠા બીજી શું રમતાં, જાવ જૂઠા તમોને.* ૫૨

શ્લોક ૫૨.

*પાઠાન્તર–મેં ઠગારા, ધૂતારા તમોને.

નાયિકાને મેઘનાં વચનપર કદાપિ વિશ્વાસ ન આવે એવી શંકાથી 'આ મારો પોતાનો કહાવેલો સંદેશ છે' એમ ખાત્રી આપવાને માટે **યક્ષ** પોતાના સંપૂર્ણ એકાન્તના પ્રસંગનો દાખલો આપી વિશ્વાસ ઉત્પન્ન કરાવતાં કહે છે કે–

મારે કંઠે–એકદા–પૂર્વે કોઈ પ્રસંગે, તું શયનમાં મારે કંઠે વળગીને ઉંઘતી હતી તેવામાં.

જાગી ઉઠી–એકદમ તું ગાભરી ગાભરી ડુસકાં લઈ રડતી જાગી ઉઠી અને કંઈક મંદ સ્પષ્ટ અસ્પષ્ટ બોલવા લાગી. તારી સાથેના પ્રેમમાં કોઈ દિવસ નહીં જોયેલો મારો કંઈ અપરાધ સ્વપ્નમાં જોવામાં આવવાથી મારા ઉપર કોપાયમાન થઈ હૃદય ભરાઈ આવતાં તું રડવા લાગી. **'અતિ પ્રેમ પાપશંકી'** એ કહેવત પ્રમાણે અત્યંત વધેલો પ્રેમ, લેશ પણ વિઘ્ન પડે એવા અપરાધને સાંખી શકતો નથી, માટે મારાપર કોપેલી અને મારાપર અવિશ્વાસ આવતાં હૃદય ભરાઈ આવવાથી રુદન કરતી તું જાગી ઉઠી.

વારે વારે વિનવી–વારંવાર વિનવિ વિનવિ રુદન કરવાનું કારણ પૂછતાં.

બોલી ઉઠુ હસીને–સ્વપ્ને મને છેતરી, એમ સમજતાં મનમાં મંદ મંદ–બહાર સ્પષ્ટ ન જણાઈ આવે તેવું હસીને.

સ્વપ્ને દીઠા–જાવ જુઠા–ખોટા કૃત્રિમ પ્રેમવાળા–ઠગ ! મેં તમને સ્વપ્નમાં બીજીની સાથે રમતાં–વિનોદ કરતાં દીઠા. **વારેવારે વિનવી** એ પદથી નાયિકાની લજ્જાળુતા દર્શાવી છે. પોતે સ્વપ્નમાં છેતરાઈ એમ સમજતાં મનમાં મંદ હસતી એમ કહ્યું છે. જાવ જાવ, તમારો આવો જ વિશ્વાસ, એમ મંદહાસ્ય અને પ્રેમના ઉમળકાથી ભર્યો મંદ ઉપાલંભ સૂચવ્યો છે. પ્રેમમાં કોઈ ભાગ પડાવે, તે સહન નહી કરી શકવાની સ્ત્રીસ્વભાવની ઈર્ષાળુતા દર્શાવી છે.

સરખાવો–ऐन्द्रं धनुः पांडुपयोधरेण शरद्दधानार्द्रनखक्षताभम् ।
प्रसादयन्ती सकलंकमिन्दुं तापं रवेरभ्यधिकं चकार ॥

જાણી લેજે, કુશળ સુજને દાખલો આ વિચારી;
અંદેશો ના લગિર મનમાં આણતી વ્હાલિ મારી;*
'પ્રીતિ તૂટે વિરહથિ' રખે માનતી કે'ણ એવાં,
થાયે રાશિરૂપ, રસ વધી, પ્રેમ, ના ભોગવાતાં. ૫૩

શ્લોક ૫૩.

યક્ષ આ પ્રમાણે પોતાના સંદેશની, તથા પોતે જીવતો છે એવી ખાતરી આપ્યા પછી, ઉપરના શ્લોકમાં પોતાનો પ્રેમ હતો તે જ છે, બદલાયો નથી, એમ ખાત્રી આપે છે.

જાણી લેજે–આપણા સંપૂર્ણ એકાન્તનો ઉપર પ્રમાણે મેં જે દાખલો આપ્યો, જે તારા અને મારા સિવાય કોઈ પણ જાણતું નથી, તે ઉપરથી હું કુશળ છું એમ ખાતરીથી માનજે.

અંદેશો ના લગિર–હે વ્હાલી, તારા ઉપરનો મારો પ્રેમ એનો એ જ છે, લગાર પણ ઓછો થયો નથી. હું તારા પ્રત્યે હતો તેવો જ છું, માટે મારા પ્રેમને માટે લગાર પણ મનમાં અંદેશો–શંકા આણીશ નહીં.

મલ્લિનાથ અહિં. मामप्यविश्वासिनीभूः એ પદનો અર્થ એમ કરે છે કે, તું મારા જીવનને માટે કંઈ પણ શંકા કરીશ નહીં, હું જીવતો જ છું. એ અર્થ બરોબર નથી, કારણ કે પહેલા ચરણમાં ગુપ્ત દાખલો આપી હું જીવતો છું એવી ખાતરી આપે છે, એટલે બીજા ચરણમાં એની પુનરુક્તિ નકામી લાગે છે. બીજા ચરણમાં યક્ષ પોતાના અભિન્ન પ્રેમની ખાતરી જ આપે છે, માટે આમાં હું મલ્લિનાથને અનુસર્યો નથી. असितनयने એ સંબોધન પદ્યમાં બરાબર બેસતું નથી, માટે આ પ્રેમના આશ્વાસનમાં વા'લિ! એ પ્રેમદર્શક સંબોધન યોગ્ય લાગશે એમ ધારી મૂક્યું છે, તેમ છતાં નીચેનું પાઠાન્તર જોવું.

* પાઠાન્તર–અંદેશો ના અસિતનયને આણતી પ્રેમ માંહિ.

(અથવા)

આણતી–પંકજાક્ષિ! કોમલાંગિ!

ભારે શોકે, પ્રથમ વિરહે ભાભીને દૈ દિલાસો,
ખૂંદેલા એ ગિરિથી, શિવના નંદિએ, આવી પાછો;
ચિન્હો સાથે, કુશળ વચનો વ્હાલીનાં આણી આપી,
મારા કુન્દપ્રસુન સરખા પ્રાણ લેજે ઉગારી. ૫૪

થાયેરાશિરૂપ-આવો અનિર્વચનીય પ્રેમ વિયોગમાં તૂટતો નથી, પરંતુ ન ભોગવી શકાવાને લીધે અન્યોન્યમાં તે ઢગલે ઢગલા થઈ વધે છે; અર્થાત્ ન ભોગવી શકાતો પ્રેમ, પ્રેમીઓના મનમાં ક્ષણે ક્ષણે ઉપરાઉપરી પ્રેમનાં પડ ચઢતાં જવાથી મોટા ડુંગરરૂપ થઈ વધતો જાય છે, ઘટતો નથી. પ્રેમના અભિલાષ જ્યારે પૂરા પાડી શકાતા નથી ત્યારે તે ઘટવાને બદલે સેંકડોરૂપે વધી પડે છે. જુવો,

ગીતિ.

સંગમનું સુખ અટકયે, કામીનો સોગણો વધે કામ,
વિષમ શિલામાં ખળતાં, પ્રવાહ સરિતા તણો વહે જેમ.-વિક્રમોર્વશીય.

શ્લોક ૫૪.

ઉપર પ્રમાણે **અલકામાં** જઈ તારી ભાભીને સંદેશો કહ્યા પછી તું પાછો આવી એ જ **પ્રમાણે** નિશાની સાથે એની કુશળ ખબર લાવી, મારા પ્રાણને પણ ઉગારજે, એવી **યક્ષ** મેઘને વિનતિ કરે છે.

ભારે શોકે-પ્રથમ વિરહે-મારો અને એનો આ પ્રથમ વિયોગ છે, એટલે એને એ ઘણો જ દુઃસહ લાગતો હશે, માટે એના ભારે શોકમાં એને દિલાસો આપીને.

ખુંદેલાએ-શિવજીના નંદીએ રાત્રિ દિવસ ફરવાથી જેનાં શિખરો ખુંદી નાંખેલાં છે એવા, એ હિમાદ્રિ ઉપરથી પાછો આવીને.

ચિન્હો સાથે-મેં જે પ્રમાણે ગુપ્ત નિશાની આપી છે, તે પ્રમાણે એની પાસેથી પણ કંઇક નિશાની લાવી એની કુશળ ખબર મને કહેજે.

મારા કુન્દ-કુન્દપ્રસુન-કુન્દનું નાજુક પુષ્પ, તેના જેવું કોમળ-ક્ષણમાં ચીમળાઈ જાય તેવું જીવન ઉગારી લેજે; અર્થાત્ એનું કુશળ જાણ્યા વિના મારાથી પણ બાકીના ચાર માસ કાઢી શકાશે નહી અને કુન્દ પુષ્પ જેવા કોમળ આ મારા જીવનનો અંત આવી જશે, માટે મને એનું ક્ષેમ કુશળ કહી મારો જીવ પણ બચાવી લેજે.

પ્રીતિ તૂટે-આપણામાં સામાન્ય કહેવત છે કે 'આંખથી દૂર તે મનથી દૂર,' તેમ વિયોગમાં પ્રેમ તૂટી જાય છે, એવી લોક કહેવત ઉપર લગાર પણ વિશ્વાસ રાખીશ નહી.

વિયોગમાં રહેવાથી પ્રીતિ નાશ પામે છે, તેમ બીજી કઈ કઈ વસ્તુઓ કઈ વસ્તુથી નાશ પામે છે, તેને માટે જુવો નીચેનો શ્લોક.

दुर्मंत्रान्नृपतिर्विनश्यति, यतिः संगात्, सुतो लालनात् ।
विप्रोऽनध्ययनात्, कुलं कुतनयात, शीलं खलोपासनात् ॥
मैत्री चाप्रणयात्, समृद्धिरनयात्, **स्नेहः प्रवासाश्रयात्** ।
स्त्री मद्यात्, अनवेक्षणादपिकृषि स्त्यागात्, प्रमादाद्धनम् ॥

ખોટી સલાહથી રાજા નાશ પામે છે, યતિ સંગથી નાશ પામે છે અર્થાત્ યોગભ્રષ્ટ થાય છે, છોકરો ઘણું લડાવવાથી નાશ પામે છે અર્થાત્ બગડે છે, બ્રાહ્મણ વેદાધ્યયન વગર ભ્રષ્ટ થાય છે, કુળ નઠારા પુત્રથી ભ્રષ્ટ થાય છે, શીલ ખલના સંગથી બગડે છે, મૈત્રી સ્નેહ વગર નભતી નથી, અનીતિથી સમૃદ્ધિ નાશ પામે છે, **સ્નેહ વિયોગમાં પડી રહેવાથી નાશ પામે છે**, સ્ત્રી મદ્યથી અને સંભાળ ન રાખવાથી બગડે છે, ખેતી દેખરેખ રાખ્યા વગર બગડે છે અને પ્રમાદને લીધે ધનનો નાશ થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે 'વિયોગમાં રહેવાથી સ્નેહ તૂટી જાય છે' એવા લોકપ્રવાદને તું લગાર પણ માનતી નહી, તેમ મારામાં લગાર પણ શંકા લાવતી નહી. રૂપનો પ્રેમ, તે નાશ પામતાં જતો રહે છે, પણ પરસ્પરના ગુણથી અનુરક્ત થયેલાં પ્રેમીઓનો પ્રેમ, વિયોગમાં કે કોઈ પણ કાળે ઓછો થતો જ નથી, આટલા માટે આપણા સ્નેહને માટે તું લગાર પણ શંકા કરતી નહી, એમ કહેવાનો ભાવાર્થ છે.

ગુણસ્નેહ એ જ ખરો સ્નેહ છે, એને હજારો ગાઉનું અંતર કે હજારો દિવસનો વિયોગ તોડી શકતો જ નથી. જુવો,

नहि भवति वियोगः स्नेहविच्छेदहेतु-
र्जगति गुणनिधीनां सज्जनानां कदाचित् ॥
घनतिमिरनिरुद्धो दूरसंस्थोऽपि चन्द्रः
किमु कुमुदवनानां प्रेमभंगं करोति ॥

ભારે શોકે, પ્રથમ વિરહે ભાભીને દૈ દિલાસો,
ખૂંદેલા એ ગિરિથી, શિવના નંદિએ, આવી પાછો;
ચિન્હો સાથે, કુશળ વચનો વ્હાલીનાં આણી આપી,
મારા કુન્દપ્રસુન સરખા પ્રાણ લેજે ઉગારી. ૫૪

થાયેરાશિરૂપ-આવો અનિર્વચનીય પ્રેમ વિયોગમાં તૂટતો નથી, પરંતુ ન ભોગવી શકાવાને લીધે અન્યોન્યમાં તે ઢગલે ઢગલા થઈ વધે છે; અર્થાત્ ન ભોગવી શકાતો પ્રેમ, પ્રેમીઓના મનમાં ક્ષણે ક્ષણે ઉપરાઉપરી પ્રેમનાં પડ ચઢતાં જવાથી મોટા ડુંગરરૂપ થઈ વધતો જાય છે, ઘટતો નથી. પ્રેમના અભિલાષ જ્યારે પૂરા પાડી શકાતા નથી ત્યારે તે ઘટવાને બદલે સેંકડોરૂપે વધી પડે છે. જુવો,

ગીતિ.

સંગમનું સુખ અટકયે, કામીનો સોગણો વધે કામ,
વિષમ શિલામાં ખળતાં, પ્રવાહ સરિતા તણો વહે જેમ.–વિક્રમોર્વશીય.

શ્લોક ૫૪.

ઉપર પ્રમાણે **અલકામાં** જઈ તારી ભાભીને સંદેશો કહ્યા પછી તું પાછો આવી એ જ **પ્રમાણે** નિશાની સાથે એની કુશળ ખબર લાવી, મારા પ્રાણને પણ ઉગારજે, એવી **યક્ષ** મેઘને વિનતિ કરે છે.

ભારે શોકે-પ્રથમ વિરહે-મારો અને એનો આ પ્રથમ વિયોગ છે, એટલે એને એ ઘણો જ દુઃસહ લાગતો હશે, માટે એના ભારે શોકમાં એને દિલાસો આપીને.

ખુંદેલાએ-શિવજીના નંદીએ રાત્રિ દિવસ ફરવાથી જેનાં શિખરો ખુંદી નાંખેલાં છે એવા, એ હિમાદ્રિ ઉપરથી પાછો આવીને.

ચિન્હો સાથે-મેં જે પ્રમાણે ગુપ્ત નિશાની આપી છે, તે પ્રમાણે એની પાસેથી પણ કંઇક નિશાની લાવી એની કુશળ ખબર મને કહેજે.

મારા કુન્દ-કુન્દપ્રસુન-કુન્દનું નાજુક પુષ્પ, તેના જેવું કોમળ-ક્ષણમાં ચીમળાઈ જાય તેવું જીવન ઉગારી લેજે; અર્થાત્ એનું કુશળ જાણ્યા વિના મારાથી પણ બાકીના ચાર માસ કાઢી શકાશે નહી અને કુન્દ પુષ્પ જેવા કોમળ આ મારા જીવનનો અંત આવી જશે, માટે મને એનું ક્ષેમ કુશળ કહી મારો જીવ પણ બચાવી લેજે.

ધારું છું જે, મનપર લિધું કાર્ય આ મિત્ર કેરું,
તેથી માની લઉં ન મનથી, ના રૂપે, મૌન તારું;
આપે છે તું જળ, વિનવતાં, મૌન રે,' ચાતકોને,
*મોટાનું એ પ્રતિવચન કે, ઇષ્ટ દે આર્થીઓને, ૫૫

શ્લોક ૫૫.

* પાઠાન્તર–મોટા બોલે નહિ પણ કરે ઇષ્ટ જે યાચકોને,
(અથવા) ઇચ્છા અર્થિજનની પુરવી, સાધુના ઉત્તરોએ.

આ પ્રમાણે સંદેશો કહી રહ્યા પછી મેઘની પાસેથી કંઈ પ્રત્યુત્તર ન મળતાં યક્ષ કહે છે કે–

ધારું છું જે–હે મેઘ! તેં આ મિત્રનું કામ સ્વીકારી લીધું એમ હું માનું છું. તું મૌન રહ્યો છે તે ઉપરથી હું એમ નથી ધારતો કે તેં મારું કાર્ય સ્વીકાર્યું નથી; અર્થાત્ સ્વીકારી લીધું છે જ. તારું મૌન નકાર નથી સૂચવતું, પણ તારું ગાંભીર્ય અને મોટાઈ બતાવે છે, કારણ કે બોલ્યા વગર પણ કાર્ય કરવું એ તારો સ્વભાવ છે.

આપે છે તું જળ–તું યાચના કરતાં ચાતક પક્ષીઓને, બોલ્યા વિના જોઇએ તેટલું જળ આપે છે. બોલ્યા વગર કાર્ય કરી બતાવવું, એમાં જ મોટાઓની મહત્તા સમાયેલી છે જુવો.

शरदि न वर्षति गर्जति, वर्षति वर्षासु निस्वनो मेघः ।
नीचो वदति न कुरुते न वदति सुजनः करोत्येव ॥

મોટાઓનું–પ્રતિવચન–ઉત્તર. ઇષ્ટ–ઇચ્છેલું,–માગેલું. **અર્થીઓને**–યાચકોને. યાચનારાઓને મૌન રહી તેમનું માગેલું આપવું, એ જ મોટા મનુષ્યોનો પ્રતિ ઉત્તર છે એમ સમજવું; અર્થાત્ હું આ આપીશ અથવા હું આ કરીશ, એવું એ કદાપિ પણ કહેતા નથી. એમની કૃપા, માત્ર ફળથી જ સમજી શકાય છે.

મહાન્ વિક્રમે અત્યંત પ્રસન્ન થઈ પોતાના કવિ **માતૃગુપ્ત**ને (જેને કેટલાએક વિદ્વાનો મહા કવિ કાલિદાસ માને છે, તેને) કાશ્મીરનું રાજ્ય આપી દીધું, ત્યારે વિક્રમાદિત્યના ઉપકારનો પ્રત્યુત્તર આપતાં એ કવિએ માત્ર નિચેનો એક જ શ્લોક લખી મોકલાવ્યો હતો, તેમાં આવો જ ભાવ દર્શાવેલો છે

સાધી, મારું પ્રિય, અઘટતું છે છતાં પ્રાર્થનાથી,
કાં મૈત્રીથી, વિરહિ સમજીને દયા આણી મા'રી;
*વર્ષાશ્રીથી સુભગ બનતો, જા ગમે તે તું દેશ,
મા થાશો રે! ક્ષણ વિજળીથી, આમ તારે વિયોગ. ૫૯

नाकारमुद्वहसि नैव विकत्थसे त्वं ।
दित्सां न सूचयसि मुञ्चसि सत्फलानि ॥
निःशब्दवर्षणमिवाम्बुधरस्य राजन् ।
संलक्ष्यते फलत एव तव प्रसादः ॥

હે રાજન્ તું કોઈ પણ પ્રકારનું ડોળ બતાવતો નથી, કંઈ આપવડાઈ પણ કરતો નથી, તેમ આપવાની તારી ઇચ્છા પણ મુખથી જણાવતો નથી, પરંતુ ગાજ્યા વિના પુષ્કળ વૃષ્ટિ કરનારા મેઘની પેઠે, તારી કૃપા માત્ર ફળ થતાં જ જાણી શકાય છે. અર્થાત્ અમુક કાર્ય થાય ત્યારે જ એ તારી કૃપાનું ફળછે, એમ સમજી શકાય છે.

શ્લોક ૫૬.

*પાઠાન્તર—વર્ષાશોભા નવનવી ધરી, જા ગમે તે તું દેશ.

સાધી મારું પ્રિય—હે મેઘ! તને આ દૂતકાર્ય યોગ્ય તો નથી જ. એ તારે માટે અણઘટતું કાર્ય છે, છતાં આટલું મારું પ્રિય કરવાનું છે.

તું ઇન્દ્રનો મુખ્ય મંત્રિ છે અને મહા ઉદાર દિલનો તથા જગતનો ઉપકારક છે. એવા મોટાને દૂતકાર્ય જેવા નાના કામમાં યોજવો, એ ખરેખર અણઘટતું છે, છતાં તે કાર્ય અત્યારે મને અભીષ્ટ છે, માટે હું તારી પ્રાર્થના કરી, તે તને સોંપું છું.

કાં મૈત્રિથી—તું કાંતો મારી સાથેની મૈત્રિથી, અથવા હું વિરહી છું અને આ પ્રમાણે દુઃખી છું, તેથી મારા ઉપર દયા આણીને મારી વિનતિ સ્વીકારી આટલું કાર્ય કરજે.

વર્ષાશ્રીથી—વર્ષા ઋતુની શ્રી—શોભાથી. **સુભગ** બનતો—શોભાયમાન થતો, તું તારે ગમે તે દેશોમાં ગમન કરજે; અર્થાત્ વૃષ્ટિથી પોષણ પામી લીલાં છમ દેખાતાં વનો, મયૂરોના મધુર ટહુકાર, આકાશમાં ઉડતી માળાઓ જેવી બગલીઓની પંક્તિઓ,

જાંબુડા, કેવડા, કદંબ, વગેરેનાં ફાલી રહેલાં વનો, વિવિધ રંગથી 'શોભતું ઇન્દ્રધનુષ, ઇત્યાદિથી શોભી રહેલી વર્ષાના સૌન્દર્યથી સુહાતો-અત્યંત મનોહર લાગતો-તું તારી ઇચ્છામાં આવે તે દેશોમાં વૃષ્ટિ કરવા માટે સીધાવજે, એમ કહેવાનું તાત્પર્ય છે.

શ્લોકના ચોથા ચરણમાં વિયોગી **યક્ષ**, પોતાના મિત્રને, સમયને યોગ્ય આશીર્વાદ આપી વિદાય કરે છે કે,—

મા ભૂદેવં—હે મિત્ર મેઘ! મને જેવો મારી પ્રિયાનો વિયોગ થયો છે, તેવો તને તારી પ્રિયા વિજળીથી ક્ષણ પણ વિયોગ થશો નહિ. પ્રસંગને યોગ્ય અને અંતઃકરણની ખરી લાગણી દર્શાવતા આ નાના આશીર્વાદથી કવિ કાવ્યની સમાપ્તિ કરે છે, કારણ કે ગ્રંથના અંતમાં નાયકની ઇચ્છા અનુસાર આશીર્વાદ આપવાનો પરંપરાનો સંપ્રદાય છે. જુવો—

> अन्ते काव्यस्य नित्यत्वात्कुर्यादाशिषमुत्तमाम् ।
> सर्वत्र व्याप्यते विद्वान्नायकेच्छानुरूपिणीम् ॥

કવિએ, ગ્રન્થના પ્રારંભમાં **મંદાક્રાન્તા** છંદમાં, પ્રથમ મંગળવાચક **મગણ** યોજીને તથા **પરબ્રહ્મ** વાચક कः અને **જીવ**વાચક चित् એ બંને પદના **સંયોગથી**, સમસ્ત **પુરુષાર્થના** પરિણામરૂપ **જીવ** અને **ઈશ્વરનું** ઐક્ય દર્શાવી, મંગળ કર્યું છે અને અંતમાં **નાયકની** ઇચ્છાનુસાર **મેઘને** આશીર્વચન કહેવરાવ્યું છે.



મંદાક્રાન્તા.

તે અદ્રિથી નિકળિ, અલકા આવિને, જાણિ માર્ગ,
શોધી, શોભા રહિત સઘળાં ચિહ્નથી યક્ષધામ;
કા'વ્યું જે જે પ્રણયમધુરું, ગુહ્યકે કામિનીને,
તે તે એને તહિં જઈ કહ્યું, કામરૂપી પયોદે. ૧

તે સંદેશો લઈ, જલધરે દિવ્યવાચા ધરીને,
ઉગારીને જીવ, જઈ કહ્યો યક્ષની કામિનીને;
જાણી, આવી ખબર પિઉની, તેય આનંદ પામી,
કોને નિત્યે ફળતી નથી કો', પ્રાર્થના સજ્જનોની. ૨

સંદેશાની જલધરતણા, વાત જાણી કુબેરે,
રીઝી, લાવી મનમહિં દયા, શાપ ઉત્થાપિદેને;
ભેગાં કીધાં ફરિથી, વિખુટાં દંપતિ હર્ષઘેલાં,
નાના ભોગો વિધ વિધ સુખો, બેઉને ભોગવાવ્યાં. ૩

મેઘને સંદેશ કહી વિદાય કર્યા પછી, ત્યાં શું થયું, એ વિષે કવિએ કંઈ પણ લખ્યું નથી, તેથી એ સઘળો વૃત્તાંત પૂર્ણ કરવાને માટે તથા વિખુટાં થયેલાં નાયિકા નાયકને ભેગાં જોવાના ઉત્સાહથી, કોઈ વિદ્વાનોએ એમાં કેટલાએક ક્ષેપક ઉમેર્યા છે, જેમાંના ત્રણ મુખ્ય અને સંદેશાની સમાપ્તિ બતાવનારા હોવાથી, સંયોગમાં ગ્રંથની સમાપ્તિ જોવા ઇચ્છનાર વાચકોને માટે ઉપર આપ્યા છે.

